નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

તા.૧૪-૧૦-૨૦૧૯ સોમવાર

AHMEDABAD ESTABLISHED-1991

Regd. No.Guj.168/2018-2019 Valid up to Dt. 31-12-2019 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 • વર્ષ-૨૯ અંક-૭૫ • ૧૪ સફર હિજરી ૧૪૪૧ • 14 OCTOBER- 2019 • PAGES 12 • મૂલ્ય ₹૫.૦૦

વર્લ્ડ બેંકે ભારતના વૃદ્ધિ દરનું અનુમાન ઘટાડીને ૬ ટકા કર્યું, ભયંકર મંદીની ચેતવણી આપી

માગમાં ઘટાડા અને સરકાર ખર્ચમાં કાપ મૂકાતા એપ્રિલ-જૂનના ત્રિમાસિક સમયગાળામાં વૃદ્ધિ દર ઘટીને પાંચ ટકા થઈ ગયો, છેલ્લા ૬ વર્ષમાં આ સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો, સતત બીજા વર્ષે પણ આર્થિક વિકાસ દર ઘટ્યો, ૨૦૨૧માં ભારતનો વૃદ્ધિ દર ૬.૯ ટકા ફરી થઈ શકે છે : વર્લ્ડ બેંક

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

આંતરરાષ્ટ્રી નાણા ભંડોળ (આઈએમએફ)અને મૂડીઝ બાદ હવે વર્લ્ડ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો વૃદ્ધિ દર ઘટાડી દીધો છે. વિશ્વ બેંકે ભારતના વૃદ્ધિ દરનું અનુમાન ૭.૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી દેતા ભારતને વધુ એક આંચકો લાગ્યો છે. વિશ્વ બેંકે ભારતને એવી પણ ચેતવણી આપી છે કે ભયંકર મંદી દેશના ડગમગી રહેલા નાણાકીય સેક્ટરને વધુ નબળું બનાવી શકે છે. વિશ્વ બેંકે એપ્રિલના તેના છેલ્લા અનુમાનમાં જણાવ્યું હતું કે ભારતનો આર્થિક દેખાવ મજબૂત છે અને એપ્રિલથી શરૂ થયેલા ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતનો વૃદ્ધિ દર ૭.૫ ટકા રહેવાની ધારણા છે પરંતુ ગ્રાહક માગમાં ઘટાડા અને સરકાર ખર્ચમાં કાપ મૂકાતા એપ્રિલ-જૂનના ત્રિમાસિક સમયગાળામાં વૃદ્ધિ દર ઘટીને પાંચ ટકા થઈ ગયો છે અને છેલ્લા છ વર્ષમાં આ સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે.

મૂડીઝે ગત સપ્તાહે ભારતનો વૃદ્ધિ દર ૬.૨ ટકાથી ઘટાડીને ૫.૮ ટકા કર્યો, આરબીઆઈએ પણ ચાલુ મહિનાના પ્રારંભમાં ભારતના વૃદ્ધિ દરનું અનુમાન ૬.૯ ટકાથી ઘટાડીને ૬.૧ ટકા કર્યું

નોંધનીય છે કે આઈએમએફ અને વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠક ટૂંક સમયમાં જ યોજાવાની છે ત્યારે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવતા ભારત માટે ગંભીર બાબત હોવાનું માનવામાં આવી રહ્યું છે.

વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતનો ગ્રોથ રેટ ૬.૯ ટકા રહ્યો હતો. જોકે સાઉથ એશિયાની ઈકોનોમિક ફોકસની લેટેસ્ટ એડિશનમાં વિશ્વ બેંકે એમ પણ કહ્યું છે વર્ષ ૨૦૨૧માં ભારત તેનો ગ્રોથ રેટ ૬.૯ ટકા ફરીથી રિકવર કરી શકે છે.

વિશ્વ બેંકે કહ્યું છે કે સતત બીજા વર્ષે પણ આર્થિક વિકાસ દરની ગતિ ઘટી રહી છે. ૨૦૧૭-૧૮માં તે ૭.૨% હતો, જે ૨૦૧૮-૧૯માં ઘટીને ૬.૮% થયો હતો. જોકે મેન્યુફેકચરિંગ અને કન્સ્ટ્રકશન વધવાથી ઈન્ડસ્ટ્રિયલ આઉટપુટ ગ્રોથ વધીને ૬.૯ ટકા થયો છે જ્યારે એગ્રીકલ્ચર અને સર્વિસ સેકટરમાં ગ્રોથ ૨.૯ ટકા અને ૭.૫ ટકા રહ્યો હતો.

ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝે ભારતના જીડીપી ગ્રોથનું અનુમાન એક વાર ફરીથી ઘટાડ્યું છે. મૂડીઝનું અનુમાન છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ભારતનો જીડીપી ગ્રોથ ૫.૮ ટકા રહી શકે છે. અગાઉ મૂડીઝનું જીડીપી ગ્રોથ અનુમાન ૬.૨ ટકા હતું. આ કારણે મૂડીઝે જીડીપી ગ્રોથ અનુમાનમાં ૦.૪ ટકાના ઘટાડો કર્યો છે. મૂડીઝે ભારતીય અર્થવ્યવસ્થાને લઈને ગંભીર ચેતવણી પણ આપી છે. મૂડીઝે કહ્યું કે અર્થવ્યવસ્થામાં મંદી ચાલુ રહેશે તો સરકારની ફિસ્કલ કન્સોલિડેશન ઘટાડવાની કોશિશને ઝટકો લાગશે. તેની સાથે જ લોનનો બોજો પણ વધતો જશે.

મૂડીઝની જેમ જ દેશની કેન્દ્રીય બેંક આરબીઆઈએ પણ ચાલુ નાણાકીય વર્ષ માટે ગ્રોથ રેટનું અનુમાન ઘટાડ્યું છે. આરબીઆઈના અનુમાન મુજબ, આ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૬.૧ ટકા રહી શકે છે. અગાઉ આરબીઆઈએ ૬.૯ ટકાના દરથી જીડીપી ગ્રોથ થશે એવું અનુમાન કર્યું હતું. એટલે કે થોડા મહિનાઓમાં જ આરબીઆઈએ જીડીપી ગ્રોથના અનુમાનિત આંકડાઓમાં ૦.૮ ટકાનો ઘટાડો કર્યો.

બ્બાંગ્લાદેશ અને નેપાળનો પણ ભારત કરતા વધુ ઝડપથી આગળ વધવાનો અંદાજ : વર્લ્ડ બેંક

વર્લ્ડ બેંકે જણાવ્યું છે કે ૨૦૧૯માં ભારત કરતા બાંગ્લાદેશ અને નેપાળના વધુ ઝડપથી આગળ વધવાનો અંદાજ છે. વર્લ્ડ બેંકના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષમાં સમગ્ર વિશ્વની જેમ દક્ષિણ એશિયાના દેશોમાં પણ આર્થિક મંદી ચાલુ રહેવાનો અંદાજ છે. પાકિસ્તાન વિશે આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષમાં નાણાકીય નીતિ ટાઈટ રહેવાને કારણે પાકિસ્તાનનો આર્થિક વૃદ્ધિ દર માત્ર ૨.૪ ટકા રહેશે. પાકિસ્તાન વિશે એવું પણ કહેવામાં આવ્યું છે કે રાજકોષીય દબાણને કારણે પાકિસ્તાનમાં ઘરેલું માગમાં ઘટાડો ચાલુ રહેશે. વર્લ્ડ બેંકે તેના અહેવાલમાં એવું પણ જણાવ્યું છે કે દક્ષિણ એશિયામાં ૨૦૧૯માં વૃદ્ધિનો અંદાજ ઘટીને ૫.૯ ટકા થશે. એપ્રિલ ૨૦૧૯થી ૧.૧ ટકાનો ઘટાડો થયો છે. ટૂંકા સમયગાળામાં તેજી વિશે અનિશ્ચિતતા દર્શાવવામાં આવી છે. આર્થિક મંદીને કારણે દક્ષિણ એશિયામાં આયાત પર પણ માઠી અસર થઈ છે. સૌથી વધુ પાકિસ્તાન અને શ્રીલંકાની આયાત પર અસર પડી છે. બંને દેશોની કુલ આયાતમાં ૧૫થી ૨૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. ભારતની ઘરેલું માગમાં ઘટાડાને કારણે ગત ક્વાર્ટરમાં ખાનગી વપરાશ ૩.૧ ટકા રહ્યો છે. ગયા વર્ષની સમાન અવધિમાં આ ૭.૩ ટકા હતો.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓ : "ચૂંટણી ઢંઢેરામાં કલમ ૩૭૦ પુનઃ સ્થાપિત કરવાનું વચન આપી બતાવે" વડાપ્રધાન મોદીનો વિપક્ષોને પડકાર

જલગાંવ, તા.૧૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદાનના એક સપ્તાહ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જલગાંવથી પોતાના પક્ષ માટે પ્રચારનો શંખ ફૂંક્યો હતો. પીએમ મોદીએ પોતાની આગવી અદાથી આક્રમક રીતે ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા અનુચ્છેદ ૩૭૦, ૩૫એ, ટ્રિપલ તલાક જેવા મુદ્દાઓને ટાંકીને વાકબાણ છોડ્યા હતા. વિપક્ષને પડકાર ફેંકતા પીએમ મોદીએ જણાવ્યું કે, કોંગ્રેસમાં હિંમત હોય તો પોતાના ચૂંટણી ઢંઢેરામાં એવું લખીને બતાવે કે તેઓ આ ઐતિહાસિક નિર્ણયોને પરત ખેંચશે. મોદીએ જણાવ્યું કે, વિપક્ષ મગરના આંસુ સારી રહ્યો છે. પાકિસ્તાનનું નામ લીધા વગર જ તેમણે કોંગ્રેસ પર પાડોશી દેશની ભાષા બોલવાનો આક્ષેપ લગાવ્યો હતો. પીએમ મોદીએ ભાષણના પ્રારંભમાં જણાવ્યું કે નવા ભારતનો નવો જોશ સમગ્ર દુનિયા જોઈ રહી છે અને મજબૂતીથી સાંભળી પણ રહી છે.

વડાપ્રધાને જણાવ્યું કે આજે હું વિરોધીઓને પડકાર ફેંકું છું કે જો તમારામાં હિંમત હોય તો આ ચૂંટણીમાં તમે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ અને ૩૫એ નાબૂદ કરવાના નિર્ણય પર તમારૂં વલણ સ્પષ્ટ કરી બતાવો. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ વિશે એલફેલ બોલતા લોકોમાં હિંમત હોય તો આ ચૂંટણીમાં અને આગામી ચૂંટણીમાં પણ પોતાના મેનીફેસ્ટોમાં જાહેર કરો કે તમે આ નિર્ણયો પરત પલટી નાંખશો. જો વિપક્ષમાં આટલું કરવાની તાકાત હોય તો જાહેરાત કરે અન્યથા તેઓ મગરના આંસુ સારવાનું બંધ કરે.

વડાપ્રધાને પાંચમી ઓગસ્ટના ભાજપ-એનડીએ સરકારના અભૂતપૂર્વ નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે પ્રજાની લાગણી મુજબ આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ આ મુદ્દે વિચાર કરવો પણ અસંભવ હતો. કલમ ૩૭૦ પૂર્વેની સ્થિતિમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના ગરીબો, બહેનો-દીકરીઓ, દલિતો, શોષિતો માટે વિકાસની સંભાવના ના બરાબર હતી. આજે વાલ્મિકી જયંતીની ઉજવણી થઈ રહી છે. ૭૦ વર્ષમાં જમ્મુ-કાશ્મીર, લદ્દાખમાં રહેતા વાલ્મિકી સમાજના લોકોને માનવાધિકારથી પણ વંચિત રાખવામાં આવ્યા હતા.

વડાપ્રધાને ભાષણમાં જણાવ્યું કે અગાઉ ફક્ત અલગતાવાદનો જ વિકાસ થતો હતો. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ અમારા માટે માત્ર જમીનનો ટુકડો નથી, ભારતનું માથું છે. આ ક્ષેત્રનું સમગ્ર જીવન, કણ-કણ ભારતના વિચારો અને શક્તિને મજબૂત કરે છે. પાડોશી દેશોની ગીધ દૃષ્ટિથી જમ્મુ-કાશ્મીરની શાંતિ ભંગ થતી રોકવા અને ત્યાં ખુંવારી અટકાવવા માટે અમે જરૂરી સુરક્ષાના પગલાં લીધા છે.

મોદીએ વધુમાં કહ્યું કે, ટ્રિપલ તલાક પર કોંગ્રેસ સહિત તમામ વિપક્ષોએ ભારે ધમપછાડા કર્યા પરંતુ અમે મુસ્લિમ માતા-બહેનોને જે વચન આપ્યું હતું તે નિભાવ્યું. હું વિપક્ષને પડકાર ફેંકું છું કે હિંમત હોય તો તેઓ જાહેર કરે કે ટ્રિપલ તલાકને ફરીથી તેઓ અમલમાં લાવશે. મુસ્લિમ પુરૂષોને એક પિતા અને ભાઈની દૃષ્ટિએ આ કાયદો બિલકુલ યોગ્ય લાગે છે.

પીએમનાં નિશાના પર વિરોધી પક્ષ એનસીપી-કોંગ્રેસ ગઠબંધન રહ્યું. પીએમ મોદીએ એક જૂનો વિડીયોનાં સહારે એનસીપી શરદ પવાર પર જોરદાર નિશાન સાધ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરદ પવારનું નામ લીધા વગર કહ્યું કે, એક મોટા નેતાનું મન એટલું નાનું છે કે તેમણે એક કાર્યક્રમમાં એક કાર્યકર્તાને કોણી મારીને ખસેડી દીધો, જેથી ફોટો સારો આવે.

પીએમ મોદીએ કહ્યું કે, એક રેલીમાં ત્રણ-ચાર લોકોએ પકડીને આ નેતાને ઉભા કર્યા. ત્યારબાદ માળા પહેરાવવામાં આવી અને ફોટોગ્રાફર આ દરમિયાન તેમની તસવીરો લેવા લાગ્યા. એક નાની જગ્યાંથી એક નૌજવાને પોતાનું મોઢું બહાર નીકાળ્યું. આના પર આ આટલા મોટા નેતા જેમની જિંદગીભર સમાચારપત્રોમાં તસવીરો છપાતી રહી છે, પરંતુ તેમનું મન એટલું નાનું હતુ કે તેમણે કોણી મારીને તે નૌજવાનનો હટાવી દીધો.

નિર્મલા સીતારમણ પાસે ન તો સમસ્યાથી પીડાતા લોકો કે પછી ટીકાકારો માટે ટાઈમ જ નથી

(એજન્સી) તા.૧૩

હું એ નથી જાણતો કે વર્તમાન કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના રાજકીય પક્ષ તરફથી એકલા પડી ગયા છે કે તે પછી તેમને કંઈ સૂઝતું નથી. તે ક્લૂલેસ જણાય છે. જોકે આ સરકારમાં તો ખાસ કરીને મહિલા મંત્રીઓ કરુણા અને સહાનુભૂતિની કમી દર્શાવે છે. કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ પાસે ન તો સમસ્યાથી પીડાતા લોકો કે પછી તેમના ટીકાકારો માટે સમય છે. તેમણે પોતાને રાજકારણમાં સારી રીતે ચલાવ્યા છે જેના લીધે એવું કોઈ કારણ દેખાતું નથી જેથી કહી શકાય કે મહિલાઓ માટે રાજકારણ બંધબેસતું નથી કે તે તેના માટે અયોગ્ય છે. જોકે ભાજપની વાત તો એકદમ જુદી જ છે. આપણે મેનકા ગાંધીની

વાત કરીએ જે ઈન્દિરા ગાંધીની પૌત્રી છે તે અભિમાની અને બેફામ બોલનાર છે, સ્મૃતિ ઈરાનીની વાત કરીએ તો તે પણ અભિમાની છે અને તેઓ ડિગ્રીના વિવાદમાં સંપડાઈ ચૂક્યા છે. જોકે નિર્મલા સીતારમણની વાત કરીએ તો તે પણ એક રીતે અભિમાની અને અયોગ્ય જ જણાય છે. આ લોકો પાસે ન તો પૂરતું શિક્ષણ છે ન તો તેમને લોકોની સમસ્યા સમજાય છે અને તેમની તમામ નીતિઓ મોટાપાયે નિષ્ફળ જ રહી છે. જેના કારણે લોકો વધુને વધુ સમસ્યાથી પીડાતા જઈ રહ્યાં છે. તાજેતરના દિવસોમાં સોશિયલ મીડિયા પર બે ફોટા વાઈરલ થયા હતા અને તેમાં બે ઘૃણાસ્પદ પાત્રોને ચિતરાયા હતા. એક વ્યક્તિ કિંડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવા માગણી હતી પરંતુ પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકમાં તેણે પોતાના પૈસા ગુમાવી દીધા. હવે તેની પાસે દવા કે સારવાર માટે પૈસા નથી. પરંતુ આવા નેતાઓ તેને પણ સાંભળવા તૈયાર નથી. બીજી ઘટનાની વાત કરીએ તો જીએસટીએ કેવી રીતે હજારો બિઝનેસને ધ્વસ્ત કરી નાખ્યા અને અર્થતંત્ર મંદીમાં સરી ગયું તેના વિશે તેઓ લોકોની વાતો સાંભળવા જ તૈયા રનથી. તેઓ લોકોને કોઈ ઉપાયો આપવા માટે પણ તૈયાર નથી.

રાહુલ ગાંધીએ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પરત આવી જવું જોઈએ : સલમાન ખુર્શીદ

Lkðe rËÕne, íkk.13

કોંગ્રેસ નેતા સલમાન ખુરશીદ કહ્યું કે રાહુલ ગાંધીને પાર્ટીના અધ્યક્ષના તરીકે પરત આવવું જોઈએ. તેમણે કહ્યું લોકસભા ચૂંટણીમાં પાર્ટી હારનું આત્મવિશ્લેષણ પણ કરી ન શકી. કારણ કે તેમના નેતા ચૂંટણી બાદ અધ્યક્ષ પદ છોડીને ક્યાંક ચાલ્યા ગયા હતા. આ અંગે પાર્ટી નેતા પવન ખેડાએ કહ્યું ખુર્શીદ આ પ્રકારની ટિપ્પણી કરવાથી બચવું જોઈએ. ખેડાએ ચૂંટણી બાદ રાહુલ ગાંધીને અધ્યક્ષ પદેથી હટાવવાની વાતને ફગાવી હતી. તેમણે કહ્યું કે ખુર્શીદ આવી ટિપ્પણી કરવાના સ્થાને ભાજપ સરકારની

ગુંડાગર્દીને બહાર લાવવાની દિશામાં કામ કરવું જોઈએ. ખુર્શીદે તેમની ફેસબુક પોસ્ટમાં લખ્યું કે હું ખૂબ જ હેરાન છું, મને એવા લોકો સમજણ આપી રહ્યાં છે, જે વિશ્વસનીયતાની રણનીતી અંગે કઈ જાણતા જ નથી. હું તેમને કહેવું માંગુ છું કે વિશ્વાસ અને નિષ્ઠા મારી પસંદગી છે. આ સમય કાલ્પનિક ભય અને મતભેદોમાંથી નીકળીને આગળ વધવાનો છે.

કોંગ્રેસના તેમના સાથીઓને સંબોધિત કરતા ખુરશીદે કહ્યું હું ગાંધી પરિવારનું સમર્થન કરું છું, કારણ કે ભારતીય લોકતંત્ર વિશે મારી સમજ આમ કરવાનું કહે છે. કઠણ સમયમાં સ્ટ્રેટેજિક મૌન એ સમજદારી છે, જોકે ભવિષ્ય માટે બોલવું પણ એટલું જ જરૂરી છે. પાણી ઉપર માત્ર મરેલી માછલીઓ જ તરે છે. કોંગ્રેસ ભાજપ જેવી નથી અને એમણે થવું પણ નહીં જોઈએ.

માનવ અધિકારોના પશ્ચિમી ધોરણો ભારતમાં લાગુ પડતા નથી : ગૃહમંત્રી અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ભારતમાં માનવ અધિકારોની નીતિ ઘડતી વખતે ત્રાસવાદીઓ દ્વારા નાગરિકોની

કરાયેલ હત્યાઓને ધ્યાનમાં લેવી જોઈએ જે રીતે પોલીસ દ્વારા કસ્ટડીમાં થયેલ મૃત્યુની ઘટનાઓને માનવ અધિકારો સાથે જોડવામાં આવે છે. શાહે કહ્યું કે, ત્રાસવાદી અને માઓવાદી સંગઠનો દ્વારા કરાયેલ હત્યાઓને માનવ અધિકારોનો ભંગ ગણવું જોઈએ જે આપણા દેશ સાથે સુસંગત છે.

શાહે કહ્યું કે, માત્ર પશ્ચિમી દેશો દ્વારા માનવ અધિકારો માટે ઘડાયેલ ધોરણોને જ ભારતમાં બનતી ઘટનાઓ સાથે લાગુ કરવા નહીં જોઈએ આપણા દેશમાં મહિલાઓને શૌચાલયોની સગવડ નથી મળતી, રસોઈ કરવા સુરક્ષિત પ્રક્રિયા અને ઈંધણ ઉપલબ્ધ નથી જે પણ આપણા દેશમાં માનવ અધિકારનો જ ભાગ છે.

ગૃહમંત્રી રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશનના ૨૬માં સ્થાપના દિવસે સંબોધન કરી રહ્યા હતા એમણે કહ્યું મોદી સરકાર લાખો વ્યક્તિઓને આ પરિસ્થિતિમાંથી બહાર કાઢવા પ્રતિબદ્ધ છે. મોદીની આગેવાની હેઠળ આગામી સમયમાં માનવ અધિકાર ભંગની ઘટનાઓ નહીં બને એ જોવામાં આવશે. એમણે કહ્યું કે, ભારતીય મૂલ્યો મુજબ બાળકો, મહિલાઓનું રક્ષણ કરવું અને આર્થિક રીતે પછાત ગામડાઓનો વિકાસ કરવોએ આપણી ફરજ છે.

અમિત શાહે કહ્યું કે, માનવ અધિકારો માટે પારંપરિક ખ્યાલ સાથે નવા ખ્યાલનો પણ ઉમેરો કરવો પડશે. એમણે કહ્યું જ્યારે હું માનવ અધિકારોની વાત કરૂં છું ત્યારે મોટા ભાગે લોકો પોલીસ અત્યાચારો અને કસ્ટડીમાં થયેલ મૃત્યુ તરફ ધ્યાન આપે છે, જે ખરૂ છે. એમાં અમને કોઈ વાંધો નથી. પ્રત્યેક નાગરિકને બંધારણમાં અપાયેલ રક્ષણ મેળવવાનો અધિકાર છે પણ એ ઉપરાંત બીજા પણ અનેક પાસાઓ છે જેમને પણ આપણે માનવ અધિકાર તરીકે ગણવા જોઈએ. ગયા મહિને શાહે કહ્યું હતું કે, ફોનની સગવડ નહીં હોવી એ માનવ અધિકારનું ભંગ નથી. સરકારે કાશ્મીરમાં સંચારબંધી લાગુ કરી હતી અમે ફોન અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી હતી જેને માનવ અધિકાર ભંગ ગણાયું હતું. સરકારની દલીલ હતી કે, કાયદો વ્યવસ્થા જાળવવા માટે અને ત્રાસવાદી પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ મેળવવા સંચારબંધી લાગુ કરી છે. એમાં કોઈ માનવ અધિકાર ભંગ થતો નથી.

મીડિયા, મોદી-શાહ મૂળ મુદ્દાઓથી લોકોનું ધ્યાન હટાવી રહ્યા છે : રાહુલ ગાંધીએ કહ્યું

યુવાઓ નોકરી માગે છે ત્યારે સરકાર તેમને ચંદ્ર જોવાનું કહે છે, ચંદ્ર પર રોકેટ મોકલવાથી યુવાઓના પેટમાં ભોજન જશે નહીં : રાહુલ ગાંધી : ૧૫ ધનિકોના ૫.૫ લાખ કરોડ રૂપિયાનું દેવું મોદી સરકારે માફ કરી દીધું હોવાનો પણ રાહુલે આરોપ મૂક્યો, નોકરીઓની અછત અને ખેડૂતોની પીડાઓ અંગે મીડિયા મૌન : કોંગ્રેસના નેતા

(એજન્સી) લાતુર (મહારાષ્ટ્ર), તા.૧૩

કોંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું આપ્યાના પાંચ મહિનાથી પણ વધુ સમય બાદ રાહુલ ગાંધી મહારાષ્ટ્રના લાતુરમાં જાહેરમાં દેખાયા હતા અને અર્થતંત્રની હાલત અંગે સરકાર સામે પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તેમ જ મીડિયા સામે મૂળ મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવાનો આરોપ મૂક્યો છે. મહારાષ્ટ્રમાં યોજાનારી વિધાનસભાની આગામી ચૂંટણીઓ માટે લાતુર જિલ્લામાં ઔસા ખાતે યોજવામાં આવેલી એક ચૂંટણી સભાને સંબોધતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે યુવાઓ નોકરી માગે છે ત્યારે સરકાર તેમને ચંદ્ર જોવાનું કહે છે, દેખીતી રીતે રાહુલ ગાંધીએ ઈસરોના તાજેતરના ચંદ્ર મિશન, ચંદ્રયાન-૨નો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ચંદ્ર પર રોકેટ મોકલવાથી યુવાઓના પેટમાં ભોજન જશે નહીં. તેમણે એવું પણ જાણવા માગ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની પીએમ મોદીની તાજેતરની બેઠકમાં શું પીએમ મોદીએ ૨૦૧૭ની ડોકલામ કટોકટી વિશે જિનપિંગને પૂછ્યું હતું કે કેમ ? રાહુલ ગાંધીએ ૨૦૧૭માં ભારતીય પ્રદેશમાં ચીનના સૈનિકોની ઘૂસણખોરીનો ઉલ્લેખ કર્યો હતો. રાહુલ ગાંધીએ મોદી સરકાર સામે એવો પણ આરોપ મૂક્યો કે ૧૫ ધનિક લોકોના ૫.૫ લાખ કરોડ રૂપિયાનું દેવું મોદી સરકારે માફ કરી દીધું છે. મીડિયા સામે પ્રહાર કરતા તેમણે જણાવ્યું કે નોકરીઓની અછત અને ખેડૂતોની પીડાઓ અંગે મીડિયા મૌન છે.

હરિયાણાના પાણીપતમાં ચાલકને હૃદય રોગનો હુમલો આવ્યા બાદ નિયંત્રણ ગુમાવતા બસ તળાવમાં ખાબકી : બેનાં મોત

(એજન્સી) પાણીપત, તા.૧૩

હરિયાણામાં પાણીપતમાં ચાલકને હૃદયરોગનો હુમલો આવ્યા બાદ બસ તળાવમાં ખાબકતા બે મુસાફરોનાં મોત થયા હતા અને ૧૪ લોકોને ઈજા થઈ હતી. બસના ચાલકને હાર્ટએટેક આવતા સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેથી બસ રસ્તા પરથી ઉતરી ગઈ હતી અને તળાવમાં ખાબકી હતી. મુસાફરોથી ખિચોખીચ ભરેલી ખાનગી માલિકીની આ બસ બરસાતથી આવી રહી હતી જે જિલ્લામાં સ્થિત હતી. આ અકસ્માત ક્રિપાલ આશ્રમ નજીક બન્યો હતો જ્યાં બસ તળાવમાં પડી હતી નજરે જોનારાઓના જણાવ્યા મુજબ આ બસમાં ૧૦૦ જેટલા મુસાફરો હતા કેટલાક લોકો બસની છત પર બેઠા હતા.

PMC બેંકને લૂંટવા જોય થોમસ કઈ રીતે જુનૈદખાન બન્યો

(એજન્સી) મુંબઈ, તા.૧૩

પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો.ઓપરેટિવ બેંકના ૪૩૩૫ કરોડના કૌભાંડના મુખ્ય આરોપી પૂર્વ ડાયરેક્ટર જોય થોમસ પુણેમાં એમની બીજી પત્ની સાથે સંયુક્ત રીતે ૧૦ મિલકતો ધરાવે છે. જોયે મુસ્લિમ ધર્મ સ્વીકારી પોતાનું નામ બદલી જુનૈદખાન રાખ્યું અને બીજી પત્ની સાથે લગ્ન કર્યા હતા. જોય થોમસે પુણેના કોંધાના વિસ્તારમાં ૯ ફ્લેટો અને દુકાન ૨૦૧૨ના વર્ષથી ખરીદી હતી. આ બધી મિલકતો બીજી પત્ની સાથે મળી ખરીદી હતી. કેસની તપાસ કરી રહેલ આર્થિક ગુનાઓની પાંખના અધિકારીએ જણાવ્યું કે, જે વર્ષમાં આરોપી રાકેશ અને એમના પુત્ર સારંગે બેંકમાં લોનની રકમો જમા કરાવવી બંધ કરી હતી, તે જ સમયગાળામાં થોમસે મિલકતો ખરીદી છે. આ બધી મિલકતોની ખરીદી કઈ રીતે થઈ હતી, એની તપાસ હજુ ચાલુ છે. આ મિલકતો સંયુક્ત માલિકીની છે, જેથી જપ્ત કરવામાં થોડી મુશ્કેલી છે, પણ જો એ પૂરવાર થાય કે, ગુનાહિત ષડયંત્ર કરી મિલકતો ખરીદાયેલ છે, તો એ જપ્ત કરી શકાય. જોય થોમસે પોતાના જ બેંક કર્મચારી સાથે લગ્ન કર્યા હતા, જે હાલ એમની બીજી પત્ની છે. લગ્ન કરવા એમણે મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો અને નામ પણ બદલી નાખ્યું. પહેલી પત્ની સાથે હજુ છુટાછેડા થયા નથી, પણ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. પુણેમાં જે મિલકતો ખરીદી છે. એ એમણે નવા નામ જુનૈદખાનના નામથી ખરીદી છે. જોય થોમસની ધરપકડ ચોથી ઓકટોબરના રોજ કરાઈ હતી અને બીજા દિવસે એમને પોલીસ રિમાન્ડમાં મોકલાયો હતો.

અસ્પષ્ટ ધમકી બાદ કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ બખ્તરબંદ કોટ પહેર્યો

(એજન્સી) ટોરેન્ટો, તા.૧૩

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો શનિવારે એક મોટી ચૂંટણી સભામાં બખ્તરબંદ કોટ અને ભારે સુરક્ષા વચ્ચે જોવા મળ્યા હતા. સત્તાવાળાઓએ ધમકી અંગે કોઈ ખુલાસો કર્યો ન હતો. ચૂંટણી સભામાં જસ્ટિન ટ્રુડો ૯૦ મિનિટ મોડા પડ્યા હતા. ચૂંટણી સભામાં ર હજાર ટેકેદારો તેમની રાહ જોતા હતા. રેલીમાં પહોંચેલા જસ્ટિન ટ્રુડોએ પરંપરાગત ટાઈસૂટના બદલે બખ્તરબંદ જેકેટ પહેર્યો હતો. જસ્ટિન ટ્રુડોને રોયલ કેનેડિયન પોલીસ દ્વારા ભારે સલામતી વચ્ચે સભાસ્થળે દોરી જવાયા હતા.

જીવંત કારતૂસ સાથે બેંગ્લુરૂ એરપોર્ટ પર ઝડપાયેલ શખ્સ સામે ગુનો દાખલ કરાયો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૩

બેંગ્લુરૂના કેમ્પગોવડા વિમાની મથકે મૈસુરનો ૨૭ વર્ષનો યુવક બેગમાં જીવંત કારતૂસો લઈ જતો ઝડપાઈ ગયો હતો, તે બેંગ્લુરૂથી નવી દિલ્હી જઈ રહ્યો હતો. મુસાફર અભિષેક જ્યારે સિક્યોરિટી ગેટ પાસે પહોંચ્યો કે, તરત જ તેની હેન્ડબેગ સ્કેન થતાં તેમાં જીવંત કારતૂસ મળી આવ્યા હતા. મુસાફરે આ અંગે અગાઉ એરલાઈન્સને કંઈ જણાવ્યું ન હતું. મુસાફરને વિમાની મુસાફરી કરતો રોકી દઈ પોલીસના હવાલે કરાયો હતો. મળી આવેલ કારતૂસ ૫.૫૬ એમએમના હતા, જે ઈન્સાસ રાઈફલમાં વપરાય છે, જે ભારતીય આર્મીનું શસ્ત્ર છે. મુસાફર સેના કે સુરક્ષામાં નોકરી કરતો નથી. પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

મિત્રનું આઈપેડ લેવા બદલ ઠપકો અપાતા પિતાની રિવોલ્વરથી ૧૮ વર્ષીય વિદ્યાર્થીએ ગોળી મારી આપઘાત કર્યો

(એજન્સી) જમ્મુ, તા.૧૩

જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં પંજાબના એક કિશોરે પોતાને ગોળી મારી આપઘાત કર્યો હતો. મિત્રનું આઈપેડ લેવા બદલ પિતાએ ઠપકો આપ્યો હતો. જેથી લાગી આવતા પિતાની લાયસન્સવાળી રિવોલ્વરથી ગોળી ચલાવી આત્મહત્યા કરી લીધી હતી એમ પોલીસે જણાવ્યું હતું.

ધોરણ-૧૨માં અભ્યાસ કરતો રણવીરસિંહ અમૃત્તસરના સુલ્તાનપીંડ ગામનો વતની હતો તેણે જમ્મુ-શ્રીનગર હાઈ-વેના રામસૂ નજીક માથામાં ગોળી મારી લીધી હતી એમ પોલીસે જણાવ્યું હતું. રણવીરને જિલ્લા હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત ઘોષિત કર્યો હતો.

રણવીરના પરિવારે જણાવ્યું હતું કે, શનિવારે બપોર બાદ તે ઘરેથી નીકળી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મિત્રનું આઈપેડ લેવા બદલ પિતાએ ઠપકો આપતાં રણવીરે અંતિમ પગલું ભર્યું હતું એમ રામસૂ પોલીસ સ્ટેશનના એસએચઓ જાવેદ ઈકબાલે જણાવ્યું હતું.

મુખ્ય સમાચાર સારાંશ

ચાર માસમાં કાશ્મીરમાં સ્થિરતા આવશે : મોદીનો દાવો, તે સાથે અન્ય નવ મહત્ત્વના સમાચારો

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૩

૧. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો છે કે આગામી ચાર માસમાં રાજ્યમાં સ્થિરતા આવશે. તેમણે વિપક્ષોને કલમ ૩૭૦ પાછી લાવવા પડકાર ફેંક્યો હતો.
૨. મુંબઈમાં આદિત્ય આર્કેડ ખાતે આગ ફાટી નીકળતા ત્રણને ઈજા, ફસાયેલા લોકોને બચાવી લેવાયા.
૩. ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમના ધોરણ મુજબના માનવીય અધિકારો ભારતમાં લાગુ કરી શકાય નહીં.
૪. વિશ્વ બેન્કે ભારતમાં આર્થિક મંદી વચ્ચે વિકાસદર ઘટાડીને ૬ ટકા રજૂ કર્યો.
૫. વડાપ્રધાન મોદીની ભત્રીજીનું પર્સ લૂંટનાર બે આરોપીઓમાંથી એકની ધરપકડ, મુદ્દામાલ કબજે કરાયો.
૬. આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું છે કે, હિન્દુઓના કારણે સુખી મુસ્લિમો ભારતમાં જોવા મળે છે.
૭. જાપાનમાં હેગીબીસ વાવાઝોડાએ ૨૬નો ભોગ લીધો, પૂર અને ભૂસ્ખલન થયું.
૮. ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગે કહ્યું છે કે ડ્રેગનનો અને હાથીનો ડાન્સએ ભારત-ચીન માટે સારી પસંદગી હતી.
૯. પૂર્વ રિઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજને કહ્યું છે કે ભારતની નાણાકીય ખાધ ઘણી છુપી છે, જે અર્થતંત્રને ચિંતાજનક સ્થિતિમાં લઈ જશે.
૧૦. સ્થાનિકોની ફરિયાદ બાદ આસામ પોલીસે હેલાકાન્ડીમાં ટોળાના હુમલા અંગે ૯ શખ્સે ધરપકડ કરી હતી.

મોદી સરકારનો એક મુદ્દાનો એજન્ડા રાજકીય બદલો : કોંગ્રેસ

દેશનું અર્થતંત્ર મંદીમાંથી આર્થિક કટોકટીમાં આવી ગયું અને રાજકોષીય ખાધ સરકારના ૩.૩ ટકાના દાવાથી વિપરીત ૮ ટકાથી પણ વધુ થઈ ગઈ છે ત્યારે સરકાર પર તેના રાજકીય વિરોધીઓને ટાર્ગેટ કરવાનું ઝનૂન સવાર છે : આનંદ શર્મા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર ખાતેની નરેન્દ્ર મોદી સરકાર સામે આકરા પ્રહાર કરતા કોંગ્રેસે રવિવારે જણાવ્યું કે દેશનું અર્થતંત્ર મંદીમાંથી આર્થિક કટોકટીમાં આવી ગયું છે અને રાજકોષીય ખાધ સરકારના ૩.૩ ટકાના દાવાથી વિપરીત ૮ ટકાથી પણ વધુ થઈ ગઈ છે ત્યારે સરકાર પર તેના રાજકીય વિરોધીઓને ટાર્ગેટ કરવાનું ઝનૂન સવાર છે. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન આનંદ શર્માએ જણાવ્યું કે હાલની કેન્દ્ર સરકારને તેના રાજકીય વિરોધીઓને લક્ષ્યાંક બનાવવાનું વળગણ છે. મનમાં રાજકીય બદલાની ભાવના રાખીને પસંદગીની રીતે રાજકીય વિરોધીઓને ઓળખી પાડીને તેમને નિશાન બનાવે છે. આનંદ શર્માએ એવું પણ કહ્યું કે સરકારના નિશાન પર માત્ર કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓ જ નથી પરંતુ તાજેતરના વર્ષમાં કેન્દ્ર સરકારે અન્ય રાજકીય પક્ષો અને તેમના નેતાઓને પણ નિશાન બનાવ્યા છે. સરકાર તેનો વિરોધ કરનારા રાજકીય પક્ષો અને તેમના નેતાઓને નિશાન બનાવે છે પછી એ રાજકીય પક્ષ તૃણમૂલ કોંગ્રેસ કે તેલગુ દેશમ પાર્ટી, બસપા કે સમાજવાદી પાર્ટી કેમ ન હોય. આ બાબતે સરકાર પાસે તેના વિરોધીઓની યાદી લાંબી છે. વિશ્વની સૌથી ધનિક રાજકીય પાર્ટી ભાજપની વાત આવે છે ત્યારે તેની કોઈ જવાબદારી નથી.

નિર્મલા સીતારમણ પાસે સમસ્યાથી પીડાતા લોકો કે પછી ટીકાકારો માટે ટાઈમ જ નથી

(એજન્સી) તા.૧૩

હું એ નથી જાણતો કે વર્તમાન કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના રાજકીય પક્ષ તરફથી એકલા પડી ગયા છે કે તે પછી તેમને કંઈ સૂઝતું નથી. તે ક્લુલેસ જણાય છે. જોકે આ સરકારમાં તો ખાસ કરીને મહિલા મંત્રીઓ કરુણા અને સહાનુભૂતિની કમી દર્શાવે છે. કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ પાસે ન તો સમસ્યાથી પીડાતા લોકો કે પછી તેમના ટીકાકારો માટે સમય છે. તેમણે પોતાને રાજકારણમાં સારી રીતે ચલાવ્યા છે જેના લીધે એવું કોઈ કારણ દેખાતું નથી જેથી કહી શકાય કે મહિલાઓ માટે રાજકારણ બંધબેસતું નથી કે તે તેના માટે અયોગ્ય છે. જોકે ભાજપની વાત તો એકદમ જુદી જ છે. આપણે મેનકા ગાંધીની વાત કરીએ જે ઈન્દિરા ગાંધીની પૌત્રી છે તે અભિમાની અને બેફામ બોલનાર છે, સ્મૃતિ ઈરાનીની વાત કરીએ તો તે પણ અભિમાની છે અને તેઓ ડિગ્રીના વિવાદમાં સંપડાઈ ચૂક્યા છે. જોકે નિર્મલા સીતારમણની વાત કરીએ તો તે પણ એક રીતે અભિમાની અને અયોગ્ય જ જણાય છે. આ લોકો પાસે ન તો પૂરતું શિક્ષણ છે ન તો તેમને લોકોની સમસ્યા સમજાય છે અને તેમની તમામ નીતિઓ મોટાપાયે નિષ્ફળ જ રહી છે. જેના કારણે લોકો વધુને વધુ સમસયાથી પીડાતા જઈ રહ્યાં છે. તાજેતરના દિવસોમાં સોશિયલ મીડિયા પર બે ફોટા વાઈરલ થયા હતા અને તેમાં બે ઘૃણાસ્પદ પાત્રોને ચિતરાયા હતા. એક વ્યક્તિ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવા માગણી હતી પરંતુ પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક્રમાં તેણે પોતાના પૈસા ગુમાવી દીધા. હવે તેની પાસે દવા કે સારવાર માટે પૈસા નથી. પરંતુ આવા નેતાઓ તેને પણ સાંભળવા તૈયાર નથી. બીજી ઘટનાની વાત કરીએ તો જીએસટીએ કેવી રીતે હજારો બિઝનેસને ધ્વસ્ત કરી નાખ્યા અને અર્થતંત્ર મંદીમાં સરી ગયું તેના વિશે તેઓ લોકોની વાતો સાંભળવા જ તૈયા રનથી. તેઓ લોકોને કોઈ ઉપાયો આપવા માટે પણ તૈયાર નથી.

આર્થિક મંદી નકારવા રવિશંકર પ્રસાદે બોલિવૂડનો દાખલો રજૂ કરતા સુબ્રમણ્યમ સ્વામીનો હુમલો "સમ્રાટ વસ્ત્રો નથી પહેરતા"

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ભાજપના રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ આડકતરી રીતે પોતાના જ પક્ષના મંત્રી ઉપર હુમલો કર્યો છે. કેન્દ્રીય મંત્રીએ આર્થિક મંદી નકારતા બોલિવૂડ ફિલ્મોનો દાખલો આપ્યો હતો. જેનાથી નારાજ થયેલ સ્વામીએ પ્રસાદને ટોણો મારતા કહ્યું કે, જેમને મંદી દેખાતી નથી, એવા જ છે, જે એ જોઈ શકતા નથી કે, સમ્રાટ વસ્ત્રો નથી પહેરતા. એમણે ટ્વીટર ઉપર લખ્યું, આ સરકારના નિયંત્રક કરી રહ્યા છે. હવે અમને એવા લોકો પાસેથી વધુ ટિપ્પણીઓની જરૂર નથી, જે લોકો એ જોઈ શકતા નથી કે, "સમ્રાટ" વસ્ત્રો નથી પહેરતા." સ્વામી એક સમાચાર પ્રત્યે પોતાના મંતવ્યો જણાવી રહ્યા હતા. જેમાં બેંકના વિકાસ દરની વાત હતી. પ્રથમ વખત આ વિકાસ દર એક આંકડામાં નોંધાયો છે. આ દેશના અર્થતંત્રની મંદી દર્શાવે છે. સ્વામીએ આ પ્રકારના કટુ વચનો પોતાના જ પક્ષના મંત્રી સામે કહ્યા છે. કારણ કે, એમણે જે સરખામણી કરી હતી, એ બિલકુલ અયોગ્ય હતી. આર્થિક મંદીની સરખામણી ફિલ્મોના ધંધા સાથે કરી જ નહીં શકાય. આ પહેલાં નિર્મલા સીતારમણે ઓટો ઉદ્યોગની મંદી મોટા ઉબેર-ઓલા ટેક્સી સેવાને દોષી ગણાવ્યા હતા, જે પણ હાસ્યાસ્પદ નિવેદન હતું.

ગાઝીપુર કચરાના ઢગલાં ધસી પડવાનો મામલો : રાજકીય આક્ષેપબાજી શરૂ : આપએ ઘટનાને માનવસર્જીત આફત ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ગાઝીપુરમાં કચરાના ઢગલા ધસી પડવા બદલ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરી આ ઘટનાને માનવસર્જીત આફત ગણાવી હતી. આ મામલે કેજરીવાલે ભાજપ પર પ્રહારો કર્યા હતા. દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરિટી અને પૂર્વ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનનું નેતૃત્વ ભાજપ કરે છે. દરમિયાન ભાજપે આંતરિક એજન્સી સમન્વયની વાત કરી હતી. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા સાથે ગાઝીપુર પહોંચેલા કેજરીવાલે જણાવ્યું હતું કે, મારૂં માનવું છે કે, કચરાના નિકાલનો આ તદ્દન અવ્યવહારૂ માર્ગ છે. સમગ્ર વિશ્વમાં કચરાના નિકાલ માટે આધુનિક પદ્ધતિ અપનાવવામાં આવે છે. કેજરીવાલે જણાવ્યું હતું કે, આ કચરા મામલે સંબંધિત વિભાગ દ્વારા દિલ્હી પોલ્યુશન કંટ્રોલ કમિટી દ્વારા અનેક નોટિસો ફટકારવામાં આવી હતી. આ ઘટના અંગે હું રાજ્યપાલને વાત કરીશ તથા દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન પર કચરાના નિકાલ માટે આધુનિક વિકલ્પ અપનાવવા દબાણ કરીશું. દરમિયાન ભાજપે આ અંગે પોતાનો બચાવ કરતાં રાજ્યપાલને જવાબદાર ઠેરવ્યા હતા.

બ્રુકલિનમાં ગોળીબારની ઘટના ચારનાં મોત, ત્રણને ઈજા

(એજન્સી) ન્યુયોર્ક, તા.૧૩

બ્રુકલિનમાં શનિવારે સવારે થયેલા ગોળીબારમાં ચાર વ્યક્તિનાં મોત થયા હતા અને ત્રણ જણને ઈજા પહોંચી હતી એમ પોલીસે જણાવ્યું હતું. સવારે સાત વાગ્યા પહેલાં શૂટ આઉટની આ ઘટના બની હતી. ઘટના સ્થળેથી ચાર વ્યક્તિ મૃત હાલતમાં મળી આવી હતી. આ ઘટનામાં એક મહિલા તથા બે પુરૂષોને ઈજા પહોંચી હતી જેમની હાલત સ્થિર છે. પોલીસે જણાવ્યું હતું કે ગોળીબારની આ ઘટના બ્રુકલિનના ક્રાઉન હાઈટસ ખાતે બની હતી. આ ઘટનામાં હજુ સુધી કોઈ ધરપકડ થઈ નથી. હાલ તપાસ તેના પ્રાથમિક તબક્કામાં છે. પોલીસે નાકાબંધી કરી તપાસ હાથ ધરી છે.

સરકારની સરમુખત્યારશાહી અને બહુમતીવાદ ભારતને અંધકાર તરફ લઈ જઈ રહ્યા છે : રઘુરામ રાજન

તેમણે સરકાર પર સંસ્થાનોને નબળી પાડવાનો પણ આરોપ મૂક્યો હતો તેમણે કહ્યું હતું કે, લોકોને ખુશ રાખવા માટે મોદી સરકારની નીતિઓના કારણે ભારત લેટિન અમેરિકન દેશોના રસ્તા પર આગળ વધી રહ્યું છે દેશના અર્થતંત્રના ધીમા પડી ગયેલા વેગ માટે તેમણે સરકારે જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે, ખોટી રીતે લાગુ કરાયેલી નોટબંધી અને GSTના કારણે આ સ્થિતિ પેદા થઈ છે ● ૨૦૦૫માં વૈશ્વિક મંદીની આગાહી કરનારા રઘુરામ રાજને કહ્યું હતું કે, ફાઈનાન્સ અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં જે સ્લોડાઉન જોવા મળી રહ્યું છે તે મંદીનો સંકેત છે જો કે આર્થિક વિકાસને આગળ વધારવામાં સફળતા નથી મળી તે જ બાબત મંદીનું મુખ્ય કારણ છે સાથે-સાથે તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ ઈકોનોમીના મોરચે પહેલી ટર્મમાં સંતોષકારક દેખાવ કર્યો નહોતો તેનું કારણ એ હતું કે, આર્થિક નિર્ણયો લેવા માટે જેમણે નિર્ણય લેવાના હાત તેમની પાસે ગ્રોથ કેવી રીતે ટકાવી રાખવો તેનું વિઝન જ નહોતું

(એજન્સી) તા.૧૩

જિંદલ લેક્ચર દરમિયાન પ્રખ્યાત અર્થશાસ્ત્રી રઘુરામ રાજને આ ટિપ્પણી કરી.

રિઝર્વ બેંકના પૂર્વ ગર્વનર રઘુરામ રાજને મોદી સરકાર પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. રાજને અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાં યોજાયેલા એક વકતવ્યમાં કહ્યું હતું કે, સરકારની તાનાશાહી દેશને અંધકાર અને અનિશ્ચતતાઓના રસ્તા પર લઈ જઈ રહી છે. સરકારની નીતિઓ ભારતના અર્થતંત્રને લાંબા ગાળાઓની સમસ્યા તરફ ધકેલી રહી છે. તેમણે કહ્યું કે સરકારનો બહુમતીવાદ અને સરમુખત્યારશાહી ભારતને અંધકારમય રસ્તા તરફ લઈ જઈ રહ્યું છે. તેમણે સરકાર પર સંસ્થાનોને નબળી પાડવાનો પણ આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, લોકોને ખુશ રાખવા માટે મોદી સરકારની નીતિઓના કારણે ભારત લેટિન અમેરિકન દેશોના રસ્તા પર આગળ વધી રહ્યું છે. દેશના અર્થતંત્રના ધીમા પડી ગયેલા વેગ માટે તેમણે સરકારે જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે, ખોટી રીતે લાગુ કરાયેલી નોટબંધી અને જીએસટીના કારણે આ સ્થિતિ પેદા થઈ છે. રાજને કહ્યું હતું કે, દેશનો આર્થિક વિકાસ દર ઓછો થઈ રહ્યો છે છતાં પણ સરકાર વેલફેર સ્કીમોને આગળ ધપાવી રહી છે. આ માટે સરકાર પર દબાણ છે તે વાત સમજી શકાય તેવી છે પણ આ રીતે સરકાર સતત ખર્ચો કરી શકે નહીં. ૨૦૦૫માં વૈશ્વિક મંદીની આગાહી કરનારા રઘુરામ રાજને કહ્યું હતું કે, ફાઈનાન્સ અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં જે સ્લોડાઉન જોવા મળી રહ્યું છે તે મંદીનો સંકેત છે. જો કે આર્થિક વિકાસને આગળ વધારવામાં સફળતા નથી મળી તે જ બાબત મંદીનું મુખ્ય કારણ છે. સાથે-સાથે તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ ઈકોનોમીના મોરચે પહેલી ટર્મમાં સંતોષકારક દેખાવ કર્યો નહોતો. તેનું કારણ એ હતું કે, આર્થિક નિર્ણયો લેવા માટે જેમણે નિર્ણય લેવાના હાત તેમની પાસે ગ્રોથ કેવી રીતે ટકાવી રાખવો તેનું વિઝન જ નહોતું. આ પહેલા ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને દેશની રાજકોષીય ખોટના મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ચેતવણી આપતા કહ્યું હતું કે વધી રહેલી રાજકોષીય ખાધ, એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા માટે ચિંતાજનક છે. બ્રાઉન યુનિવર્સિટીમાં ઓપી રઘુરામ રાજને કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થાના ગંભીર સંકટનું કારણ અર્થવ્યવસ્થાના દ્રષ્ટિકોણમાં અનિશ્ચિતતા છે. તેમણે કહ્યું કે ગત વર્ષ સુધી સારૂં પ્રદર્શન કર્યા બાદ ભારતીય અર્થવ્યવસ્થામાં ઉલ્લેખનીય સ્તર પર સુસ્તી આવી છે. વર્ષ ૨૦૧૬ના પહેલા ત્રિમાસિકમાં વિકાસ દર ૯% રહ્યો હતો. ભારતીય અર્થવ્યવસ્થા સુસ્તીના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. અત્યારના નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં વિકાસ દર ૬ વર્ષના નિમ્નસ્તર ૫% પર પહોંચી ગયો છે અને બીજા ત્રિમાસિકમાં વિકાસ દર ૫.૩%ની આસપાસ રહેવાની આશા છે. તેમણે કહ્યું કે સૌથી મોટી સમસ્યા એ છે કે વિકાસના નવા સાધન શોધવામાં ભારત નિષ્ફળ રહ્યું છે. રઘુરામ રાજને કહ્યું કે ભારતના નાણાકીય સંકટને એક લક્ષણ તરીકે જોવામાં આવી રહ્યું છે, નહીં કે મૂળ કારણ તરીકે. તેમણે વિકાસના દરમાં ઘટાડા માટે રોકાણ, ખપત અને નિકાસમાં સુસ્તી તથા એનબીએફસી ક્ષેત્રના સંકટને જવાબદાર ગણાવ્યું. રઘુરામ રાજને કહ્યું હતું કે આર્થિક સુસ્તી માટે નોટબંધી અને તેના પછી ઉતાવળે લાગુ કરવામાં આવેલો જીએસટી જવાબદાર છે. જો આ બંને ના હોત તો અર્થવ્યવસ્થાનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ હોત. સરકારે કોઈની સલાહ લીધા વિના જ નોટબંધી સમગ્ર દેશ પર થોપી દીધી. આ પ્રકારના પરીક્ષણો કરતા પહેલા સંપૂર્ણપણે વિચાર વિમર્શ કરવાની જરૂર હોય છે. નોટબંધીથી લોકોને નુકસાન થયું અને તેને કરવાથી કંઈ પણ હાંસલ ના થયું ફક્ત નુકસાન જ થયું. તેમણે કહ્યું કે નોટબંધી પાછળ કયો વિઝન હતો તે સમજાતું જ નથી.

કર્ણાટકના પૂર્વ નાયબ મુખ્યમંત્રી જી.પરમેશ્વરના અંગત સચિવે આત્મહત્યા કરતા કોંગ્રેસ કાર્યકરોએ વિરોધ પ્રદર્શનો કર્યા

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૩

અમારા નેતાઓ સામે ગંદી રાજ રમત રમી રહી છે. પરમેશ્વરના સચિવ રમેશે આવકવેરા વિભાગના અધિકારીઓના ત્રાસના લીધે આત્મ હત્યા કરી હતી. એમણે રમેશને ત્રાસ આપનાર અધિકારીઓની ધરપકડ કરવા માગણી કરી હતી.

કર્ણાટકના પૂર્વ નાયબ મુખ્યમંત્રી જી. પરમેશ્વરના અંગત સચિવે આવકવેરા વિભાગમાં દરોડા દરમિયાન કથિત ત્રાસના બદલે આત્મહત્યા કરી હતી. જેના વિરોધમાં કોંગ્રેસ કાર્યકરોએ વિરોધ પ્રદર્શનો કરી ન્યાયની માગણી કરી હતી. એમણે કહ્યું કે, સરકાર તપાસ એજન્સીઓનો દુરૂપયોગ કરી રાજકીય બદલો લઈ રહી છે.

પ્રદર્શનો દરમિયાન કાર્યકરોના હાથમાં બેનરો હતા જેમાં સરકાર તરફે રોષ જણાઈ આવતો હતો. કોંગ્રેસ કાર્યકર નવીન ચંદ્રે કહ્યું કે, કેન્દ્ર સરકાર આવકવેરા વિભાગ, એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ અને સીબીઆઈનો દુરૂપયોગ કરી

યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની વિરૂદ્ધ મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે ચેતવણી જારી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

એઆઈપીએલબીએ શનિવારે યુસીસીને દેશની વિવિધતાની ભાવનામાં એકતા માટે જોખમ બતાવતા યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની ચેતવણી આપી અને જણાવ્યું કે, આ ટ્રિપલ તલાક વિરોધી કાયદાની બંધારણીય કાયદેસરતાને પણ પડકાર આપશે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ પોતાની કાર્યકારી સમિતિની બેઠકમાં પોતાના પ્રમુખ રાબે હસન નદવીની અધ્યક્ષતામાં નિર્ણય લીધો, જે દરમિયાન આપણી આશા વ્યક્ત કરવામાં આવી કે, સુપ્રીમ કોર્ટે ૨૭૭ એકર વિવાદિત રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન પર સુપ્રીમ કોર્ટમાં જે નિર્ણય સંભળાવવામાં આવશે તે મુસ્લિમોના પક્ષમાં હોય.

AIMPLBએ સખ્ત ચેતવણી જારી કરી

એઆઈએમપીએલબીની બેઠકમાં ઉપાધ્યક્ષ ફખરૂદ્દીન અશરફ કિછોછવી, મહાસચિવ મૌલાના વલી રહમાની અને ખાલિદ રશિદ ફિરંગી મહાલી અને જમાતે ઉલેમા હિંદના પ્રમુખ મૌલાના અરૂદ્ધ મહત સહિત વરિષ્ઠ પદાધિકારી હાજર હતા. યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માટે ભાવી પગલાંનો વિરોધ કરતા એઆઈએમપીએલબીએ સખ્ત ચેતવણી જારી કરતા જણાવ્યું કે, અદાલતો પછી કેન્દ્રીય હોય કે, રાજકીયએ આ દેશ વિરોધી કૃત્યને કરવાથી બચવું જોઈએ.

વિવિધતાને નષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે

એઆઈએમપીએલબીએ પોતાના નિવેદનમાં જણાવ્યું કે, "ભારત બહુ-સાંસ્કૃતિક, બહુ-ધાર્મિક લોકો દ્વારા વસેલો છે અને પ્રત્યેક સમૂહને પોતાની ઓળખ જાળવી રાખવાનો બંધારણીય અધિકાર છે. યુનિફોર્મ સિવિલ કોડની અવધારણા તેની વિવિધતા માટે જોખમ છે.

બંધારણીય કાયદેસરતાને પણ પડકાર આપશે એઆઈએમપીએલબી

બોર્ડ પોતાના નિવેદનમાં જણાવ્યું કે, આ ખરડો કાયદાની બંધારણની કાયદેસરતાને પણ પડકાર આપશે જેને ટ્રિપલ તલાક પર પ્રથાગત કાયદાને દંડનીય અપરાધ બનાવી દીધો છે. એઆઈએમપીએલબીએ જણાવ્યું કે, મુસ્લિમ મહિલાઓ (વિવાહ પર અધિકારોનું સંરક્ષણ) કાયદો ૨૦૧૯ના સંબંધમાં, બોર્ડે પોતાની બંધારણીય કાયદેસરતાને આધારે પડકાર આપવાનો નિર્ણય કર્યો છે. નિવેદનમાં જણાવ્યું કે, મુસ્લિમ મહિલાઓ અને બાળકોના અધિકારોની સુરક્ષાથી ૨૦૧૯નો કાયદો લગ્નને સંપૂર્ણપણે નષ્ટ કરી દેશે અને મુસ્લિમ મહિલાઓને નિશ્ચિત કરી દેશે.

ટોક્યોમાં વાવાઝોડાથી થયેલ તબાહી સંદર્ભે જાપાને બચાવ દળો મોકલ્યા, ૨૩નાં મોત

(એજન્સી) ટોક્યો, તા.૧૩

દેશમાં આવેલ પ્રચંડ વાવાઝોડા અને પૂરના લીધે ભારે નુકસાન થયો છે અને ૨૩ વ્યક્તિનાં મોત થયા છે. સરકારે બચાવ કામગીરી માટે બચાવ ટીમોને મોકલી છે, જેથી પૂરમાં ફસાયેલ લોકોને મદદ કરી સુરક્ષિત સ્થળે મોકલી શકાય. વાવાઝોડાથી સમગ્ર ટોક્યોમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. મધ્ય અને પૂર્વ જાપાનમાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. ૧૬ લોકો હજુ ગુમ છે. સરકારે લાખો ઘરોનો વીજ પુરવઠો બંધ કર્યો છે. જો કે, ટોક્યો એરપોર્ટ ઉપર વિમાનોને ઊતારવાની મંજૂરી આપવામાં આવી છે, પણ ૮૦૦થી વધુ ફ્લાઈટો રદ્દ કરાઈ હતી. એ સાથે બુલેટ ટ્રેન સેવાઓને પણ અસર થઈ હતી. સત્તાવાળાઓએ ટોક્યો પાસે આવેલ કાન્ટો વિસ્તારમાંથી વરસાદની ચેતવણી ઊઠાવી લીધી છે. સ્ટોરો ધીમે-ધીમે ખૂલી રહ્યા છે, પણ એમને ચેતવણી અપાઈ છે કે, પૂર્વ જાપાનમાં નદીઓમાં પૂર આવી શકે છે અને એ નુકસાન પહોંચાડી શકે છે. વડાપ્રધાન શિન્ઝો અબેએ મંત્રીઓ સાથે આકસ્મિક મીટિંગ ગોઠવી હતી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના મંત્રીને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે.

સાગર સાથે સંવાદ કરવામાં ખોવાઈ ગયો હતો : મહાબલીપુરમની મુલાકાત પછી વડાપ્રધાન મોદીએ કવિતા લખી

(એજન્સી) તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના પ્રેસિડન્ટ શી જિનપિંગ સાથે અનૌપચારિક મુલાકાત માટે તમિળનાડુના મહાબલીપુરમને પસંદ કર્યું હતું. બે દિવસ સુધી તેમણે ચીનના પ્રેસિડન્ટ સાથે ત્યાં લાંબી વાતચીત કરવા ઉપરાંત આ ઐતિહાસિક સ્થળથી તેમને પરિચિત પણ કરાવ્યા. રવિવારે પીએમએ મહાબલીપુરમમાં લખેલી પોતાની એક કવિતા શેર કરી છે. તેમણે લખ્યું કે, 'ગઈકાલે મહાબલીપુરમમાં સવારે કિનારે ફરતા-ફરતા સાગર સાથે સંવાદ કરવામાં ખોવાઈ ગયો. આ સંવાદ મારૂં ભાવ-વિશ્વ છે.' તેમણે આગળ લખ્યું કે, આ સંવાદ ભાવને શબ્દબદ્ધ કરી તમારી સાથે શેર કરી રહ્યો છું. પીએમ મોદીની 'હેપ સાગર !! તને મારા પ્રણામ !' કવિતાને જાણીતા ભજન ગાયક પંકજ ઉદાસે વખાણી છે. તેમણે લખ્યું કે, 'અદ્ભૂત સંદેશની સાથે અદ્ભૂત અભિવ્યક્તિ. સોશિયલ મીડિયા પર લોકો પીએમની કવિતાને ઘણી પસંદ કરી રહ્યા છે. લોકો મહાબલીપુરમ બીચ પર શનિવારે સવારે પીએમ મોદીએ પ્લોગિંગ કર્યું તે સમયની તસવીરો શેર કરી રહ્યા છે.

સરકાર ગ્રામ્ય વિકાસ માટે ૨૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે : વડાપ્રધાન મોદી

(એજન્સી) ભંડારા,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચૂંટણી સભામાં સંબોધન કરતા જણાવ્યું હતું કે ગામડાઓના માળખાકીય સંસાધનોને મજબૂત કરવા સરકાર ૨૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે જેનાથી સમગ્ર ભારતના ગામડાઓનો વિકાસ થશે. મોદીએ કહ્યું ગ્રામ્ય અર્થતંત્ર તરફ ક્યારે ધ્યાન નહીં અપાયું હોય એનાથી વધુ ધ્યાન હાલમાં અમે આપી રહ્યા છીએ. ગામડાઓમાં વિકાસના કાર્યો શરૂ થઈ ગયા છે. આગામી વર્ષોમાં ગામડાઓમાં માળખાકીય વિકાસને વેગ આપવા ૨૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આ નાણાં પાક માટેના સંગ્રહ સ્થળો માટે પણ ખર્ચવામાં આવશે. સડોલીમાં ચૂંટણી સભાને સંબોધન કરતા મોદીએ કહ્યું કે ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખી કાર્ય કરવામાં આવશે. અમે ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા પ્રતિબધ્ધ છીએ અને એ માટે અમે પગલાં લીધા છે. મોદીએ કહ્યું કે પાણીનો સંગ્રહ કરવા માટે સંગ્રહાલયોના નિર્માણ માટે ૩.૫ લાખ કરોડ રૂપિયાની યોજના છે અમે જયારે બીજી વખત સરકારની રચના કરી હતી ત્યારે જલ જીવન મિશનની શરૂઅત કરી હતી. જયારે શુધ્ધ પાણી બધાને ઉપલબ્ધ થશે. ત્યારે લોકો અને એમના પશુઓ સ્વસ્થ થશે ઔદ્યોગિક વિકાસ થશે. પાણીની પૂરતી ઉપલબ્ધતાથી દુકાળગ્રસ્ત વિસ્તારોની મુશ્કેલીઓ ઘટશે જેનાથી રોજગારીની નવી તકોનું સર્જન થશે.

૨૦૨૦માં ક્યારે આવશે ગ્રહણ, નોંધી લો આ તારીખો

(એજન્સી) તા.૧૩

અમદાવાદ : પૃથ્વી પરથી બે પ્રકારના ગ્રહણ જોઈ શકાય છે. એક ચંદ્રગ્રહણ અને બીજું સૂર્યગ્રહણ. ગ્રહણની વૈજ્ઞાનિક વ્યાખ્યાની વાત કરીએ તો જ્યારે પૃથ્વી અને સૂર્ય વચ્ચે કે પૃથ્વી કે ચંદ્ર વચ્ચે કોઈ અન્ય ગ્રહ આવે છે તો તેને ગ્રહણ કહેવાય છે. વર્ષ ૨૦૧૯માં હવે એક ગ્રહણ સર્જાશે. આ છેલ્લું ગ્રહણ ૨૬ ડિસેમ્બરના રોજ લાગશે. આ વર્ષનું છેલ્લું ગ્રહણ હશે. ડિસેમ્બર માસમાં થનાર આ ગ્રહણ સૂર્યગ્રહણ હશે. વર્ષ ૨૦૧૯ની શરૂઆત ચંદ્રગ્રહણથી થઈ હતી જે ૨૧ જાન્યુઆરીના રોજ સર્જાયું હતું જે સાડા ત્રણ કલાક ચાલ્યું હતું.

૨૦૨૦માં થનાર ચંદ્રગ્રહણ
પ્રથમ ચંદ્રગ્રહણ ૧૦ જાન્યુઆરી
બીજું ૫ જૂન
ત્રીજું ચંદ્રગ્રહણ ૫ જુલાઈ
૩૦ નવેમ્બરના રોજ ચોથું ચંદ્રગ્રહણ
૨૦૨૦માં થનાર સૂર્યગ્રહણ
પ્રથમ સૂર્યગ્રહણ ૨૧ જૂન
બીજું ગ્રહણ ૧૪ ડિસેમ્બર.

હોલસેલ ફુગાવા અને રિટેલ ફુગાવા પર નજર

પીએસબી બેંકોના વડા સાથે આજે નાણાપ્રધાનની મીટિંગ

ટ્રેડ ડેફિસિટના આંકને લઈને નિષ્ણાતોમાં ચર્ચા શરૂ થઈ

મુંબઈ, તા. ૧૩

માઈક્રો ઈકોનોમિક ડેટાના આંકડા પણ જારી કરવામાં આવનાર છે. સપ્ટેમ્બર મહિના માટેના ડબલ્યુપીઆઈ અને સીપીઆઈ ફુગાવાના આંકડા આગામી સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે. વધુમાં સપ્ટેમ્બર મહિના માટેના વેપાર આંકડાના ભારતના સંતુલનની પણ રાહ જોવામાં આવી રહી છે. આ આંકડા ૧૫મી ઓક્ટોબરના દિવસે જારી કરવામાં આવનાર છે. ભારતની વેપાર ખાધ અથવા ટ્રેડ ડેફિસિટનો આંકડો ઓગસ્ટ મહિનામાં ઘટીને ૧૩.૪૫ અબજ ડોલર થઈ ગયો હતો જે ગયા વર્ષે આજ મહિનાના ગાળામાં ૧૭.૯૨ અબજ ડોલરનો રહ્યો હતો. અપેક્ષા કરતા આ આંકડો ઓછો રહ્યો છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે, આ આંકડો ૧૩.૯૦ અબજ ડોલરનો રહેશે. બીજી બાજુ નાણામંત્રાલય દ્વારા આવતીકાલથી ૨૦૨૦-૨૧ માટેની બજેટ કવાયત શરૂ કરવામાં આવનાર છેજે નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી ચાલનાર છે. જુદા જુદા મંત્રાલયોના નાણાંકીય સલાહકારો નાણાંકીય વર્ષ માટેના સુધારેલા અંદાજને તૈયાર કરશે. નાણામંત્રી પોતે આવતીકાલે જાહેર ક્ષેત્રની બેંકોના સીઈઓ સાથે ચર્ચા કરશે.

સામાજિક કાર્યકરોએ કાશ્મીરની મુલાકાત લીધી, અહેવાલ રજૂ કર્યો

(એજન્સી) તા.૧૩

જમ્મુ-કાશ્મીરની સ્થિતિ અંગે વધુ એક અહેવાલ હવે સામાજિક કાર્યકરોએ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધા પછી જાહેર કર્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, કાશ્મીરના નાગરિકો હવે શાંતિપૂર્ણ રીતે કાશ્મીરમાં પ્રતિકાર કરવા તરફ ભણી રહ્યાં છે. જે કાશ્મીરી નાગરિકો દરેક મુદ્દે દેખાવો કરવાનું પસંદ કરતાં હતા હવે તેઓ હવે દરેક મુદ્દે શાંતિપૂર્ણ રીતે મૌન બેઠા છે અને આ મુદ્દો જ સરકાર માટે ચિંતાનો વિષય બની ગયો છે. શબનમ હાસમીના નેતૃત્વ

હેઠળ સામાજિક કાર્યકરોની ટીમે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી અને તેઓ અહીં અઠવાડિયા સુધી રોકાયા હતા. આ ટીમમાં અનિરુધ કાલા, રેવાંતી લુલા અને બી. ડીસુઝા સામેલ હતા. તેમણે પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે એક પત્રકાર પરિષદને પણ સંબોધી હતી અને આ દરમિયાન જમ્મુ-કાશ્મીરની વર્તમાન સ્થિતિ અંગે એક અહેવાલ પણ રજૂ કર્યો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે કાશ્મીરી નાગરિકો મોદી સરકારના કલમ ૩૭૦ રદ કરવાના અને રાજ્યના બે ભાગલા પાડી દેવાના નિર્ણયનો વિરોધ કરવા માટે શાંતિપૂર્ણ પ્રતિકારનો માર્ગ અપનાવી રહ્યાં છે. તેઓ આ મુદ્દે મૌન સાધી બેઠા છે. પત્રકાર પરિષદને સંબોધતાં શબનમ હાસમીએ કહ્યું હતું કે જો આતંકવાદ વધશે તો તેના માટે હવે વડાપ્રધાન મોદી અને અમિત શાહ જ જવાબદાર ગણાશે. તેમણે કહ્યું કે, રાજ્યની મુલાકાત વખતે અમે ૪૦૦ જેટલા કાશ્મીરી નાગરિકોની મુલાકાત લીધી હતી અને તેઓએ મોદી અને અમિત શાહની નીતિઓની આકરી ટીકા જ કરી હતી. તેમણે કહ્યું કે મોદી સરકારે પાકિસ્તાની આતંકીઓ કરતાં પણ વધુ નુકસાન કાશ્મીરીઓને પહોંચાડ્યું છે. તેમને છેલ્લા ૭૦ વર્ષમાં આટલું નુકસાન વેઠવું પડ્યું નથી.

કાશ્મીરીઓ શાંતિપૂર્ણ રીતે આજ્ઞાનો ભંગ કરવાની પ્રેક્ટિસ કરી રહ્યાં છે : નવો સત્યશોધક અહેવાલ

(એજન્સી) તા.૧૩

ચાર એકેડમિક, એક્ટિવિસ્ટ અને પત્રકારોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલો નવો અહેવાલ રજૂ કરાયો હતો જેમાં જાણ થઈ હતી કે કાશ્મીરી નાગરિકો છેલ્લે ૫ ઓગસ્ટથી કલમ ૩૭૦ હટાવ્યા બાદથી લાદવામાં આવેલી લોકડાઉનની સ્થિતિને શાંતિપૂર્ણ રીતે પડકારી રહ્યાં છે. તેમણે એક નવો જ માર્ગ શોધી કાઢ્યો છે સરકારના આ નિર્ણય સામે વિરોધ કરવાનો. ઉદાહરણ તરીકે સત્યશોધક સમિતિના અહેવાલમાં કહેવાયું છે કે મોટાભાગની દુકાનો અને ઓફિસો બંધ રહે છે પરંતુ આ વખતે તેમને કોઈ આતંકીઓ, હુર્રિયત નેતાઓ કે રાજનેતાઓ તરફથી આહ્વાન કરાયું નથી.

તેઓ હવે ભારત વિરૂદ્ધ પોતાનો પ્રતિકાર કરી રહ્યાં છે. ટીમે એવા ત્રણ ઉદાહરણો નોંધ્યા જ્યાં એવા પોસ્ટર લગાવાયા છે જેમાં લોકોને આતંકીઓ દ્વારા કહેવાયું છે કે, તેઓ દુકાનો બંધ રાખે. જોકે કેટલીક જગ્યાએ એવો દાવો કરાયો કે ભારતીય સુરક્ષાદળો દ્વારા તેમને પોતાની દુકાનો ખુલ્લી રાખવા માટે દબાણ કરવામાં આવે છે. બધા કાશ્મીરી નાગરિકો સમાન રીતે ભયભીત છે. કેમ કે મોટાભાગના લોકોની ધરપકડ કરવામાં આવી રહી છે. કાશ્મીરી નાગરિકોને એ સમજાતું નથી કે તેઓ આવા સરમુખત્યારપૂર્ણ નિર્ણય સામે વિરોધ કરતાં દુકાનો બંધ રાખે કે ખુલ્લી. તેમને આર્મી દ્વારા દુકાનો ખુલ્લી રાખવા દબાણ કરાય છે. જોકે કાશ્મીરીઓએ શાંતિપૂર્ણ રીતે આજ્ઞાનો ભંગ કરવાનો માર્ગ જાતે જ શોધી કાઢ્યો છે. અહેવાલમાં જણાવાયું હતું કે કાશ્મીરી નાગરિકો તરફથી કોઈપણ પ્રકારની હિંસા આચરવામાં આવી રહી નથી. દરરોજ આવી જ રીતે કાશ્મીરીઓ દ્વારા એકબીજાને સહયોગ કરવામાં આવી રહ્યો છે. તેઓ હવે ભારત સરકાર દ્વારા છેતરાયેલા અનુભવી રહ્યાં છે. હવે તેઓએ પડકાર ફેંકવાનો રસ્તો અપનાવ્યો છે. જોકે તેના માટે તેઓ અહિંસાનો માર્ગ અપનાવવા પણ તૈયાર છે. જેવું ભૂતકાળમાં થતું આવ્યું છે તેવું હવે હિંસા આચરીને તેઓ દેખાવ કરવા માગતા નથી. તેઓ હવે ભારત સાથે વાતચીત કરવાનો વિકલ્પ અપનાવવા માગતા નથી.

કલમ ૩૭૦ રદ કરવાના પગલે કાશ્મીરમાં વધુ રોજગારો આવવાના બદલે બેરોજગારી વધી

કસ્ટમર કેર સર્વિસ સાથે કામ કરનાર એક બહુરાષ્ટ્રીય કંપનીએ શ્રીનગર બ્રાન્ચ બંધ કરી દેતાં કંપનીના ૭૦ કર્મચારીઓ બેરોજગાર બની ગયા

(એજન્સી) તા.૧૩

જમ્મુ-કાશ્મીરમાં બંધારણના અનુચ્છેદ ૩૭૦ને રદ કરવાના મોદી સરકારના નિર્ણયના પગલે કાશ્મીર ખીણમાં નવી વ્યાવસાયિક તકો અને શાંતિ ઊભી થશે એવો મોદી સરકારે દાવો કર્યો હતો પરંતુ વાસ્તવમાં આ નિર્ણયના પગલે કેટલાય લોકોએ તેમની પાસે જે નોકરીઓ કે રોજગારો હતાં તે ગુમાવી દીધાં છે. સતત લોકડાઉન અને સંચારબંધીને કારણે કેટલીક કંપનીઓને કાશ્મીર ખીણમાં તેમના એકમો સમેટી લેવાની ફરજ પડી છે. ઘણી કંપનીઓએ ૫૦ ટકા જેટલા પોતના કર્મચારીઓની છટણી કરી છે કારણકે ૫ ઓગસ્ટ બાદ તેમની પાસે કોઇ બિઝનેસ

નથી. તેમાની એક કંપની એઈજીઆઈએસ છે. આ બહુરાષ્ટ્રીય કંપની કસ્ટમર કેર સર્વિસનું કામ કરે છે. ૨૦૦૬માં તેણે શ્રીનગરના રંગરેઠમાં કાર્યાલય ખોલ્યું હતું. કંપનીએ હવે આ શાખા બંધ કરી દેવાનો નિર્ણય કર્યો છે જેમાં ૭૦ લોકોને નોકરી પર રાખવામાં આવ્યાં હતા. આ કંપનીના કસ્ટમર કેર એક્ઝિક્યુટીવ ૨૬ વર્ષના યુનિસ તારીકે જણાવ્યું હતું કે કંપનીની જાહેરાતથી અમને આઘાત લાગ્યો હતો. કંપનીના સીઈઓએ વિડિયો કોલ કરીને પોતાના કાર્યાલયને બંધ કરવાની જાહેરાત કરી હતી. તેમણે અમને જણાવ્યું હતું કે કંપની અમને દોઢ મહિનાનો પગાર આપશે જે પાછળથી ત્રણ મહિનાનો કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ શાખા દ્વારા તેમને કોઈ આવક થતી નથી. કંપનીએ તેનું શ્રીનગર ઓપરેશન લખનૌ અને ભોપાલ શાખામાં તબદિલ કરાવનો નિર્ણય કર્યો હતો. કાશ્મીરમાં લોકડાઉનને કારણે અનેક બિઝનેસો ઠપ થઈ ગયાં છે. છેલ્લા ૬૪ દિવસથી કોઈ આવક નહીં થવાથી હોટલ અને હાઉસ બોટના માલિકોએ તેમના સ્ટાફને છૂટા કર્યા છે. શ્રીનગરમાં ૨૦૦ જેટલી હાઉસ બોટ રજીસ્ટર્ડ છે અને પ્રત્યેક હાઉસબોટમાં બે હેલ્પર હતાં હવે આ હાઉસ બોટ પર ૯૦ ટકા કામદારોએ તેમની નોકરી ગુમાવી છે. સ્થિતમાં કોઈ સુધારો નહી થતો હોવાથી ઘણા સામાહિક, સમાચાર સામયિકો અને ઓનલાઈન પોર્ટલ્સ પણ દૈનિક ધોરણે જંગી ખોટનો સામનો કરી રહ્યાં છે.

કાશ્મીરમાં લોકો ઘરોમાં કેદ, રસ્તાઓ પર સન્નાટો, વેપાર ઠપ, આ બધાની વચ્ચે કેવી રીતે સામાન્ય સ્થિતિ હોઈ શકે

(એજન્સી) તા.૧૩

જમ્મુ-કાશ્મીર પરથી કલમ ૩૭૦ સમાપ્ત થયા પછી પાછલા બે મહિનામાં કંઈ બદલાયું નથી. સુરક્ષા દળ એ જ રીતે ઘેરાબંધી કરી રહ્યા છે. લોકો ઘરોમાં કેદ છે. જનજીવન અસ્તવ્યસ્ત છે. સ્કૂલ-કોલેજ બંધ છે. મોબાઈલ ફોન બંધ છે અને તેમ છતાં સરકાર દાવો કરી રહી છે કે, બધુ સામાન્ય છે. સરકાર અને ટીવી ચેનલો માટે સામાન્ય સ્થિતિનો શું અર્થ છે, અહીંના લોકોને સમજમાં આવી રહ્યો નથી. કલમ ૩૭૦ સમાપ્ત થવાની વિરૂદ્ધ લોકોનો પ્રતિરોધ બીજી રીતે પ્રકટ થઈ રહ્યો છે. આ સામાન્ય રીતે થતાં વિરોધ પ્રદર્શનોની જેમ નથી. પ્રતિબંધ થોડાક સમય માટે હટાવ્યા છતાં લોકો સામાન્ય રીતે જીવન જીવવાથી ઈનકાર કરી રહ્યા છે. દરરોજની જરૂરી વસ્તુનું ખરીદ-વેચાણ સવારે ૬થી ૯ વાગ્યાની વચ્ચે થાય છે. બજાર અને દુકાનો ત્યારબાદ બંધ થઈ જાય છે. પછી તે સાંજે થોડીવાર માટે ખુલે છે. જાહેર પરિવહન તદ્દન ઠપ છે. હાં કેટલાક ખાનગી વાહન દિવસે ચોક્કસ જોવા મળે છે. કાંટેદાર તાર શહેરના તમામ મહત્વપૂર્ણ રસ્તાઓ અને ચાર રસ્તાઓ પર ફેલાયેલા છે. પાંચ ઓગસ્ટથી જ જગ્યા-જગ્યા સીઆરપીએફ જવાનોના ચેક પોઈન્ટ્સ અને બાલુના બોરોથી બનેલા બેકર્સ વધુ સંખ્યામાં જોવા મળે છે. જુલાઈ અંતથી જ પહોંચી રહેલા જવાનો માટે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં જગ્યા બનાવવામાં આવી છે, તેની પર તેનો કબજો છે. દક્ષિણી કાશ્મીરમાં જાહેર અવર-જવર ઓછી છે અને બંધ ઘણું કારણ પણ છે. અહીં ઘણા બધા યુવકોને મોડી રાત્રે દરોડા પાડીને ધરપકડ કરવામાં આવી છે. આ કારણે સ્થાનિક યુવાનોમાં ભયનું વાતાવરણ છે. પથ્થરબાજીના મામલાઓમાં શંકાસ્પદ કેટલાક યુવાનોને જાહેર સુરક્ષા કાયદા હેઠળ પકડી લેવામાં આવ્યા છે. પુલવામા જિલ્લાના કેટલાક ગામડાઓમાં લોકો સશસ્ત્ર દળો દ્વારા ઊભા કરવામાં આવેલા ભયની વાત કરે છે. તેમનો આરોપ છે કે, સુરક્ષા દળોના જવાન સ્થાનિક યુવકોને માર મારે છે. તેમના ઓળખપત્ર છિનવી લે છે અને વિસ્તારના સૈન્ય કેમ્પોમાં બોલાવીને ઢોરમાર માર્યા પછી જ તેમને મુક્ત કરે છે. આ લેખકે લગભગ બે મહિના પહેલાં પુલવામાના કેટલાક યુવાનો સાથે વાત કરી. તેમનું કહેવું હતું કે, તે રાત્રે પહેલાં દરોડાથી ભયભીત છે. રાત્રે પેટ્રોલિંગ કરનારા સુરક્ષા દળના જવાન તેમની સાથે નિયમિત રીતે મારામારી કરે છે. આ કારણે અનેક લોકોએ પોતાના ઘર છોડી દીધા છે અને તે બીજા સ્થળે જઈને રહે છે. શ્રીનગરના વરિષ્ઠ પત્રકાર હારૂન રેશી જણાવે છે. સરકારના સામાન્ય સ્થિતિના દાવા જમીની વાસ્તવિકતાથી ખૂબ જ દૂર છે અને કોઈ પણ જોઈ શકે છે કે, મીડિયા શરૂઆતથી જ આ પ્રકારના દાવા રજૂ પણ કરી રહ્યું છે. લોકો અસહાય છે અને સંચાર વ્યવસ્થા તદ્દન ઠપ કરી દેવાના કારણે લોકો હેરાન છે.

પ્રેસનું મોં બંધ છે

જ્યારે સ્થિતિ આવી હોય, ત્યારે પ્રેસનું કામ સત્યના પડો ઉજાગર

કરવાનું હોવું જોઈતું હતું, પરંતુ સ્થાનિક મીડિયાએ મૌન સાધ્યું છે. સરકાર પાસેથી કોઈ પ્રકારની સંભવિત મુશ્કેલીથી બચવા માટે તેણે પોતે જ પોતાની ઉપર સેંસરશીપ લાગુ કરી લીધી છે. સ્થાનિક પ્રેસમાં શું છાપવું જોઈએ નહીં, તેની પર વધુ ભાર છે, લગભગ તમામ પ્રમુખ વર્તમાનપત્રોએ સંચાર વ્યવસ્થા તદ્દન બંધ કરી દેવાના કારણે માનવીય અને આરોગ્ય સમસ્યાઓ અંગે તંત્રીલેખ કોલમ છાપવાનું બંધ રાખ્યું છે. રોચક આ છે કે, ખીણમાંથી છપાતા પ્રમુખ વર્તમાનપત્ર ગ્રેટર કાશ્મીરમાં વર્તમાન રાજનીતિક સ્થિતિ અંગે કોઈ તંત્રીલેખ અથવા ટિપ્પણી તો બે મહિના દરમિયાન છપાણી નથી, પરંતુ તેમાં પ્રથમ પાના પર અનેક વખત આ સરકારી જાહેરાત ચોક્કસ છપાણી છે કે, કલમ ૩૭૦ હટાવવાના શું લાભ છે.

વેપાર, પર્યટનને ગંભીર નુકસાન

કાશ્મીરના વેપારને સમય-સમયે થતાં વિરોધ પ્રદર્શનોથી નુકસાન થતું જ રહ્યું છે, પરંતુ ૨૦૦૮, ૨૦૧૦ અને ૨૦૧૬ પછી આ વર્ષે બધુ ઠપ છે. કાશ્મીર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અંદાજિત આંકડાઓ મુજબ પાછલા બે મહિના દરમિયાન ખીણની અર્થવ્યવસ્થાને લગભગ ૮૦૦૦થી ૧૦૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. વેપારી અને વ્યવસાયી સમુદાયે તમામ પ્રતિબંધોને હટાવવા, નજરકેદ રાખવામાં આવેલા વેપારી નેતાઓને મુક્ત કરવા, ઈન્ટરનેટ સહિત તમામ સંચાર વ્યવસ્થાઓને ફરી શરૂ કરવાની માંગ કરી છે. કેસીસીઆઈના અધ્યક્ષ શેખ આશિકે પણ જણાવ્યું કે, તમામ લોકોમાં અસુરક્ષાની ભાવના છે અને તેમાં વ્યવસાયી સમુદાય પણ છે, જ્યાં સુધી પ્રતિબંધ હટાવવામાં નથી આવતા અને સંચાર વ્યવસ્થાઓ શરૂ કરવામાં નથી આવતી. આપણે સ્થાનિક વેપાર અને અર્થવ્યવસ્થાને થતાં નુકસાનનો અંદાજ પણ લગાવી શકતા નથી. અમારૂં માનવું છે કે, ખેતી અર્થવ્યવસ્થાના સફરજન ઉદ્યોગ સહિત તમામ વેપારનો સરકારને પોતાના લાભ માટે રાજનીતિકરણ કરવું જોઈએ નહીં.

ભાજપે પશ્ચિમ બંગાળમાં તેના કાર્યકરોની હત્યાઓના વિરોધમાં પ્રદર્શન યોજ્યા

(એજન્સી) કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળ ભાજપે તેના કાર્યકરોની હત્યાના વિરોધમાં શનિવારે ધરણા યોજ્યા હતા. ભાજપે દાવો કર્યો કે, તેના ૮ કાર્યકરોની બંગાળમાં હત્યા કરાઈ છે. જેમાં મુર્શિદાબાદનો ત્રેવડો હત્યાકાંડ સામેલ છે. શાળાના શિક્ષક બંધુપ્રકાશ પાલની જીયાગંજમાં તેમના ઘરમાં હત્યા કરાઈ હતી, જે અંગે દાવો કરાયો હતો કે, તેઓ આરએસએસ-ભાજપના કાર્યકર હતા. બંગાળ પોલીસે આ હત્યાકાંડ અંગે દાવો કર્યો

છે કે, આ ત્રેવડી હત્યા અંગત અદાવતના કારણે થઈ છે. જેનો રાજકારણ સાથે કોઈ સંબંધ નથી. રોજ ભાજપના એકાદ-બે કાર્યકરોની હત્યા કરાય છે. ટીએમસીની રાજ્ય સરકાર રાજ્યમાં ત્રાસવાદી ઢબે શાસન કરે છે, પરંતુ અમે તેમ નહીં કરવા દઈએ. સરકારનો બહુમતિ સાથે સંબંધ કપાઈ ગયો છે. સરકારને સત્તા પરથી ફેંકી નહીં દઈએ, ત્યાં સુધી જંપીશું નહીં, તેમ પ્રદેશ ભાજપના અધ્યક્ષ દિલીપ ઘોષે જણાવ્યું હતું.

મુર્શિદાબાદ ત્રિપલ હત્યાકાંડ : પરિવારે રાજકીય જોડાણનો ઈન્કાર કર્યો, નજરે જોનારાઓએ નવી વિગતો જાહેર કરી

(એજન્સી) કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદમાં ત્રેવડા હત્યાકાંડ પર રાજકીય રોટલી શેકનાર ભાજપને એ સમયે ધક્કો લાગ્યો જ્યારે મૃતકના પરિજનોને સ્પષ્ટ કહ્યું કે હત્યા કરાયેલ શખ્સ બંધુ પ્રકાશ પાલનો સંબંધ આરએસએસ સાથે ન હતો. બંધુ પ્રકાશપાલની હત્યા બાદ ભાજપના નેતાઓ તેમને આરએસએસના કાર્યકર બતાવી રાજ્યમાં મમતા સરકારને ઘેરવામાં લાગ્યા હતા. આ ઘટનાને રાજનીતિક રંગ આપવા ભાજપના નેતાઓ ભડકાઉ નિવેદનો કરી રહ્યો હતો. ખૂન કા બદલા ખૂનથી લેવાની વાતો કરી રહ્યા હતો આ હત્યાકાંડ બાદ બંગાળમાં

રાષ્ટ્રપતિ શાસન લગાવવાની વાત કરી રહ્યા હતા. પરંતુ હજુ બંધુ પ્રકાશના પરિયોજના નિવેદનથી ભાજપનો બોલ બગડી ચૂક્યો છે. બંધુ પ્રકાશપાલની ૬૮ વર્ષની માતા માયા પાલે ભાજપના નેતાઓના દાવાઓને ફગાવી દેતા કહ્યું કે તેઓ કોરા કાગજ જેવા હતા. તેઓ ભાજપ કે આરએસએસના સભ્ય નહતા. તેઓ ટીએમસી સાથે પણ ન હતા. આ બધુ જૂઠ ફેલાવાઈ રહ્યું છે. પાલના ભાઈ કૃષ્ણ ઘોષે પણ ભાજપના દાવાઓને ખોટા બતાવ્યા. દિલીપ ઘોષનું નિવેદન ખોટું છે. તેમને રાજનીતિમાં રસ ન હતો. ત્રણ દિવસ પહેલા ૪૦ વર્ષીય સ્કૂલ ટીચર બંધુપ્રકાશ પાલ સહિત પત્ની બ્યુટી અને પુત્ર અંગનની જીયાગંજના બેલુ વિસ્તારમાં ગળું કાપી હત્યા કરાઈ હતી.

મુર્શિદાબાદ ત્રિપલ હત્યાકાંડમાં વધુ બે શખ્સોની અટકાયત, ભાજપે તેના કાર્યકરની હત્યાના વિરોધમાં દેખાવો કર્યા

(એજન્સી)

મુર્શિદાબાદ, તા.૧૩

મુર્શિદાબાદમાં શિક્ષક પરિવારના ત્રિપલ હત્યાકાંડમાં પોલીસે એક શિક્ષક સહિત બે શખ્સોની અટકાયત કરી છે. ઓકટોબર ૯ના રોજ એક શાળાના શિક્ષક અને તેમની ગર્ભવતી પત્ની તેમજ પુત્રની નિર્મમ હત્યા થઈ હતી. આ હત્યા મુર્શિદાબાદ જિલ્લાના જિયાગંજ વિસ્તારમાં થઈ હતી. મૃતકમાં બંધુપ્રકાશ પાલ (૩૫), પત્ની બ્યુટી (૩૧) અને પુત્ર અંગન (૮)નો સમાવેશ થાય છે. પોલીસે ત્રિપલ મર્ડરના કેસની ઝડપી તપાસ હાથ ધરી

હતી. ત્યારબાદ હત્યાના આરોપીને હુગલી રામપુર હટથી એક શખ્સને ઝડપી લેવાયો હતો. બીજો શૌભિક ભૌમિક છે. જેને બીરભૂમિમાંથી ઝડપી લેવાયો છે. હત્યા કરવાના આરોપીઓની ભૂમિકા હજુ સ્પષ્ટ થઈ હતી. પાલે સ્થાનિક રીયલ એસ્ટેટ માલિક પાસેથી જંગી લોન લીધી હતી, તેમજ પત્ની સાથે કડવાશ ભર્યા સંબંધ હતા. તપાસમાં લગ્ન સંબંધો લોન પેમેન્ટ વગેરે મુદ્દા આવરી લેવાયા છે. પાલના ઘરેથી મળેલ ડાયરીમાં પતિ-પત્ની વચ્ચે ખરાબ સંબંધોનો ઉલ્લેખ છે. પાડોશીઓએ કહ્યું કે, એક યુવક પાલના ઘરમાં જતો જોયો હતો. મિલકતો અંગે પરિવારમાં વિવાદ હતો. પાલ ગોસરીગામ પ્રા.શાળામાં શિક્ષક હતા. બંગાળ આરએસએસે પાલને તેમના કાર્યકર બતાવ્યા છે, પરંતુ પરિવારે ઈનકાર કર્યો છે.

મુર્શીદાબાદ હત્યાકાંડને રાજનીતિ સાથે કોઈ નિસ્બત નથી : બંગાળ પોલીસ

મૃતક શિક્ષકના માતાએ પણ એક અખબાર સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, તેમનો પુત્ર કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલ ન હતો

(એજન્સી) તા.૧૩

પ.બંગાળ પોલીસે શ્રેણીબદ્ધ ટ્વીટ કરીને જણાવ્યું છે કે મુર્શીદાબાદના ટ્રીપલ હત્યાકાંડને રાજનીતિ સાથે કોઈ નિસ્બત નથી. ભાજપે જો કે જણાવ્યું છે કે આ હત્યાકાંડમાં મૃત્યુ પામેલ ભગવા બ્રિગેડ સાથે સંકળાયેલ હતા. પ.બંગાળના મુર્શીદાબાદમાં આ સપ્તાહે ૩૫ વર્ષના એક શિક્ષક, તેમના પત્ની અને તેમના છ વર્ષના બાળકને તેમના જ ઘરે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યાં હતા. મૃત્યુ પામેલ મહિલા સગર્ભા હોવાનું જણાય છે. ત્યાર બાદ ૪૨ વર્ષના એક સાધુ પણ નાદીયા નદીની નજીક મૃત હાલતમાં મળી આવ્યાં હતા. આ હત્યાને કોમવાદી રંગ આપવાના વધતાં

જતાં પ્રયાસો વચ્ચે પ.બંગાળ પોલીસે આ સપ્તાહે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે શાળાના શિક્ષક એક વિમા એજન્ટ હતાં અને ગંભીર નાણાકીય સંકટનો સામનો કરી રહ્યાં હતા. તેમને પોતાના પરિવાર સાથે પણ કેટલાક મતભેદો હતા. પ્રથમદર્શીય રીતે આ કેસ અંગત અદાવતનો જણાય છે અને તેને રાજનીતિ સાથે કોઈ નિસ્બત નથી એવું બંગાળ પોલીસે જણાવ્યું હતું. એ જ રીતે ઈન્ડિયન એક્સપ્રેસે મૃતક શાળાના શિક્ષકના માતાની મુલાકાત લીધી હતી. તેમના માતાએ પણ પોતાનો પુત્ર કોઇ રાજકીય પક્ષ સાથે સંકળાયેલ હોવાનો ઈનકાર કર્યો હતો. તેમના માતાએ પ્રતિપ્રશ્ન કર્યો હતો કે તે ભાજપનો સભ્ય છે એવું તમને કોણે કહ્યું? તે ક્યારેય ભાજપ કે તૃણમૂલ સાથે સંકાયેલ ન હતો. તે કોંગ્રેસ કે આરએસએસ સાથે પણ સંકળાયેલ ન હતો. આ બધા જૂઠાણા ફેલાવવામાં આવી રહ્યા છે. જ્યારે ભાજપે એવો દાવો કર્યો હતો કે આ શાળાના શિક્ષકે તાજેતરમાં આરએસએસ જોઈન્ટ કર્યુ હતું અને તે કેટલાક સામાહિક કાર્યક્રમોમાં હાજરી પણ આપતો હતો. તેમણે એવું પણ જણાવ્યું હતું કે મૃત્યુ પામેલ સંત પણ પક્ષના કાર્યકર હતા. કેન્દ્રીય પ્રધાન બાબુલ સુપ્રીયોએ પણ જણાવ્યું હતું કે મૃતકો વાસ્તવમાં ભાજપના કાર્યકરો હતા. બાબુલ સુપ્રીયોએ વધુમાં જણાવ્યું હતું કે પ.બંગાળમાં છેલ્લા ચાર દિવસમાં ૮ લોકો માર્યા ગયાં છે અને બંગાળની પ્રજા તેનું વેર લેશે.

વિરમગામ શહેરમાં ડેન્ગ્યુનો કહેર છતાં નગરપાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં !

(સંવાદદાતા દ્વારા) વિરમગામ,તા.૧૩

વિરમગામમાં વરસાદના વિરામ બાદ છેલ્લા કેટલાક દિવસથી રોગચાળાએ ભરડો લીધો છે. ત્યારે પ્રજા ત્રસ્ત અને પ્રમુખ અને ચીફ ઓફિસર લોકોની હાલાકી જોવામાં મસ્ત બન્યા છે ! ત્યારે અન્ય માંદગી સાથે સૌથી વધુ માત્રામાં ડેન્ગ્યુના કેસો નોંધાયા છે.



(તસવીર :- રઉફ તાઈ, વિરમગામ)

વિરમગામ શહેરમાં નુરી સોસાયટી, રૈયાપુર, તાઈવાડા, મંડલીવાસ, પાનચકલા, ભરવાડી દરવાજા સહિત દરેક વિસ્તારમાં ડેન્ગ્યુના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. હાલ વરસાદના વિરામ બાદ શહેરમાં ગંદકીના કારણે મચ્છર તથા માખીઓનો ઉપદ્રવ વધવા લાગ્યો છે. પ્રજાના આરોગ્ય સાથે ચેડાં થતાં જણાય છે. ઉપરોક્ત દરેક વિસ્તારોમાં તેમજ શહેરના અન્ય વિસ્તારોમાં ભૂગર્ભ ગટરોના ગંદા પાણી સતત જાહેર માર્ગ પર વહેતા હોય છે. જેના કારણે લોકોને ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. સતત આ દુર્ગંધ મારતા ગંદા પાણીના લીધે ડેન્ગ્યુના મચ્છરનો ઉપદ્રવ વધ્યો હોય તેમ લાગી રહ્યું છે. વહેલીતકે નગરપાલિકા તંત્ર નક્કર પગલા નહીં લે તો આવનાર સમયમાં શહેરમાં રોગચાળો ફેલાય તેવી દહેશત પ્રવર્તે છે. શહેરમાં નગરપાલિકા દ્વારા દવાનો છંટકાવ કરવો અતિ જરૂરી બની ગયો છે. તો શું નગરપાલિકાના સત્તાધિશો વહેલામાં વહેલી તકે આ ગંભીર પ્રશ્નનો ઉકેલ લાવશે ખરા ?

હરમડિયા ગામના રેલવે સ્ટેશને

મીટરગેજ રેલવેના સમયમાં ફેરફાર કરતાં લોકોને મુશ્કેલી : ધરણાની ચીમકી

કોડીનાર, તા.૧૩

કોડીનાર તાલુકાના હરમડિયા ગામના રેલવે સ્ટેશન પર અપ-ડાઉન કરતી મીટરગેજ રેલવેના સમયમાં ફેરફાર કરવામાં આવતા આ વિસ્તારની આસપાસના ગામોના લોકો જે રેલવેમાં અપ-ડાઉન કરતા હતા તેને પારાવાર મુશ્કેલી પડતી હોઈ રેલવે સત્તાવાળાને પત્ર પાઠવી હરમડિયા ગામના રેલવે સ્ટેશન પર ચાલતી ટ્રેનોનો સમય જૂનો હતો તે મુજબ ચલાવવાની માગણી કરવામાં આવી છે. અન્યથા આગામી તા. ૧૫/૧૦થી ગ્રામજનો દ્વારા હરમડિયા ગામના રેલવે સ્ટેશન પર ધરણા-ઉપવાસ આંદોલન કરવા ચીમકી અપાઈ છે.

હરમડિયા ગામના સામાજિક કાર્યકર બટુકભાઈ લાલભાઈ ચાવડાએ રેલવે સત્તાવાળાને એકપત્ર પાઠવી જણાવ્યું છે કે, હરમડિયા રેલવે સ્ટેશન ઉપર દિવસમાં ચાર વખત ટ્રેન આવે-જાય છે જેમાં જૂનાગઢ-દેલવાડા તથા વેરાવળ દેલવાડાનો સમાવેશ થાય છે. આ બંને ટ્રેનના સમય પત્રકમાં રેલવે સત્તાવાળાએ મનસ્વી ફેરફાર કરતાં ટ્રેનમાં મુસાફરી કરતા નાના તથા મજૂર વર્ગના લોકોને ખૂબ જ અગવડતા પડી રહી છે. જેથી ટ્રેનનો સમય જે અગાઉ હતો તે પ્રમાણે ટ્રેન ચલાવવા માગણી કરી છે. જેથી મુસાફરોની સગવડ વધે અને રેલવે સત્તાવાળાને આવક થાય જો જૂના સમય પ્રમાણે ટ્રેન નહીં ચલાવાય તો આગામી તા.૧૫ ઓક્ટોબરના રોજ રેલવે સ્ટેશને ઉપવાસ આંદોલન સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે.

મધુર સોશિયલ ગ્રુપ દ્વારા આરોગ્યમંત્રીને રજૂઆત

જૂનાગઢ સિવિલમાં એક્ષ-રે સહિતની સુવિધાઓના અભાવે દર્દીઓને હાડમારી

જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કથળેલી એક્ષ-રે, લેબોરેટરી અને રેડિયોલોજીસ્ટ સહિતની સુવિધાઓના અભાવે દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જે સમસ્યાને ધ્યાને લઈ શહેરની એક એનજીઓ મધુર સોશિયલ ગ્રુપ દ્વારા રાજ્યમાં આરોગ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

મધુર ગ્રુપના પ્રમુખ સલીમ ગુજરાતીએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવ્યાનુસાર, જૂનાગઢ સિવિલના સત્તાવાળાઓની વહીવટી અણ આવડત અને કોઠા સૂઝના અભાવે સાધન સુવિધા હોવા છતાં એક્ષ-રે, સોનોગ્રાફી સહિતની તબીબી સારવાર માટે આવશ્યક સેવાઓ અંશતઃ બંધ અથવા તો સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે.

જૂનાગઢ સિવિલમાં દરરોજના ૨૫૦થી ૩૦૦ દર્દીઓને એક્ષ-રે સહિતની તપાસની આવશ્યકતા વચ્ચે લાંબા સમયથી રેડિયો લોજીસ્ટની ખાલી જગ્યાના કારણે રોજમદાર રેડિયો લોજીસ્ટ બે કલાક આવતા હોવાથી દર્દીઓને સમયસર એક્ષ-રે મળતા નથી. તેથી મોટા ભાગના દર્દીઓને બહાર જવું પડે છે. વળી સાદા એક્ષ-રે ચાલુ હોવા છતાં દર્દીઓ પાસે ડિજિટલ એક્ષ-રેનો આગ્રહ રાખવામાં આવે છે અને દર્દીઓને ખાનગી એક્ષ-રે વિભાગમાં મોકલવામાં આવે છે. ઉપરાંત સોનોગ્રાફી, સિટીસ્કેન, કલર ડોપ્લર, આઈવીપી, ઈકોની સુવિધા મંજૂર હોવા છતાં સિવિલમાં આ સુવિધા બંધ છે. એમસીઆઈની ચેકિંગ દરમ્યાન હંગામી ધોરણે બધી જગ્યાઓ ભરી લેવામાં આવે છે અને ચેકિંગ પૂરી થાય એટલે માગણી મુજબ બદલીનો ઓપચારિક પેપરવર્ક પુરૂં કરીને તંત્રને શિસ્તપૂર્વક આંખે પાટા બાંધી દેવાય છે. જૂનાગઢ સિવિલ અને મેડિકલ કોલેજ અનેકો માટે લાઈફલાઈનની ગરજ સારે છે ત્યારે આ હોસ્પિટલની નજીવી અવ્યવસ્થા દૂર કરી દર્દીઓને આ સુવિધાઓ મળી રહે તેની માગણી મધુર ગ્રુપ દ્વારા કરાઈ છે.

સુરતમાં મોબાઈલ સ્નેચરોનો આતંક એક જ દિવસમાં ૧૧ મોબાઈલ લૂંટાયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૩

શહેરમાં મોબાઈલ સ્નેચીંગ, રીક્ષાઓમાં ચોરી કરતી ગેંગ અને ઘરોમાં ઘુસીને મોબાઈલ ચોરતી ગેંગ ઘણી સક્રિય બની છે. આ ગેંગો મોબાઈલ અને રોકડ સહિતની કિંમતી ચીજ વસ્તુઓને ટારગેટ કરી લુંટ કરતા હોવાનું સામે આવી રહ્યા છે. મોટા ભાગના કિસ્સાઓમાં પોલીસ મથકોમાં માત્ર અરજી પછી કોઈ કાર્યવાહી ન થતાં મોબાઈલના ગુના ઉકેલાતા નથી. જેના કારણે શહેરમાં આવી ટોળકીઓ ખુબ જ સક્રિય બનતાં લોકોને ઘરોમાંથી બહાર નિકળવું અને રીક્ષામાં બેસવું ભારે પડી ગયુ છે. જો કે પોલીસ અવાર નવાર આવી ટોળકીએ પકડી પાડ્યા બાદ પણ શહેરમાં ગુના ઓછા થવાના બદલે વધી રા છે. ફરી એકવાર શહેરના વિવિધ પોલીસ મથકોમાં રૂા.૧.૦૭ લાખના ૧૧ મોબાઈલ , રોકડ , ડેબીટ કાર્ડ , પાન કાર્ડ સહિતની કિંમતી ડોક્યુમેન્ટની ચોરી થઈ હોવાની ફરીયાદો અલગ અલગ પોલીસ મથકોમાં નોંધાઈ છે.

શહેરમાં એક જ દિવસમાં વરાછા, પુણા, લિંબાયત, સલાબતપુરા, ઉમરા, ખટોદરા અને પાંડેસરા પોલીસ મથકની હદમાં રૂા.૧.૦૭ લાખની મત્તાના ૧૧ મોબાઈલ, રોકડ અને કિંમતી ડોક્યુમેન્ટો ચોરાયા હોવાની ૧૧ ફરીયાદો નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી આજુબાજુ લાગેલા સીસીટીવી ફેમેરાના આધારે આરોપીઓને પકડવા માટે ચક્રોગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં નવરાત્રિ અને દિવાળીનો તહેવાર હોવાના કારણે આવી ટોળકીઓ સક્રિય બની છે. લોકોને પણ તહેવારોના દિવસે પોતાની માલ મત્તા સાચવવા માટે સતર્ક રહેવાની ખુબ જ જરૂર છે. આમ છેલ્લાં ૧ મહિનામાં શહેરમાં રોજના બે લાખથી વધુના મોબાઈલ ફોન લૂંટાયા છે. તેમ છતાં પોલીસ હજુ પણ નિષ્ક્રીય દેખાઈ રહી છે.

જૂનાગઢના ભવનાથ ખાતે ટૂંક સમયમાં આધુનિક હોસ્પિટલ કાર્યરત થશે

જૂનાગઢ,તા.૧૩

શ્રી ગિરનાર રાજેન્દ્ર શાંતિ સેવા ટ્રસ્ટ દ્વારા જૂનાગઢના ભાવનાથ ખાતે સર્વ સંત સમાજની પ્રેરણાથી શ્રી નાકોડા ભૈરવ ચિકિત્સાલયનો પ્રારંભ થશે. આ હોસ્પિટલ ચાર માળની અને આધુનિક સાધન સુવિધા સંપન્ન બનાવવામાં આવી છે. આ હોસ્પિટલમાં કોઈપણ વ્યક્તિને સારવાર અને સાથે-સાથે દવાઓ પણ મફતમાં જ આપવામાં આવશે. ટૂંક સમયમાં જ શરૂ થનાર આ ચિકિત્સાલય ભવનાથની સૌ પ્રથમ હોસ્પિટલ બનશે. જે યાત્રાળુઓ અને જૂનાગઢની જનતા માટે રાહતરૂપ બનશે.

બુટલેગરો દ્વારા દારૂનું વેચાણ થાય છે

ચાંચકવડ ગામે બેફામ ધમધમતી દારૂની હાટડીઓ બંધ કરવા ગ્રામજનોની માંગ

(સંવાદદાતા દ્વારા) ઉના, તા.૧૩

ઉના તાલુકાના ચાંચકવડ ગામમાં બુટલેગરો દ્વારા બેફામ રીતે દારૂનું વેચાણ કરી રહ્યા હોય જેને લીધે ગ્રામજનોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. ચાંચકવડ ગામે બુટલેગર છેલ્લા ઘણા સમયથી અને મોડી રાત્રીના દેશી દારૂ પોતાના અડ્ડામાં ઉતારવામાં આવતો હોય છે અને ચોવીસ કલાક આ દારૂનું વેચાણ કરતા જેના કારણે દારૂની લતથી ગરીબ મજૂર વર્ગના લોકોના પરિવારજનોની જીંદગી બરબાદ થઈ રહી છે અને દારૂના સેવનથી ગંભીર રોગોથી પણ થઈ રહ્યા છે તેમજ તેમના પરિવારજનોની હાલત કફોડી બની જતી હોય છે. ઉપરાંત આજુબાજુના ગામના લોકો અહીં દારૂ પીવા આવતા હોય છે. દેશી દારૂની રેલમછેલ બોલતી હોય તેમ ગામમાં જયાં જોઈએ ત્યાં દારૂની કોથળીઓ નજરે પડે છે. આ બાબતે ગ્રામ પંચાયત અને ગ્રામજનો દ્વારા અનેકવાર રજૂઆત કરવામાં આવેલ હોવા છતાં ખુલ્લે આમ દારૂ વેચાણ થઈ રહ્યુ છે. આ દારૂનું વેચાણ બંધ કરાવવા ગ્રામ સરપંચ માલાભાઈ કરશનભાઈ વિઝુંડા સહિત ગ્રામજનો દ્વારા માગણી ઉઠવા પામી છે.

સુરત : વેપારી સાથે પાંચ ઈસમોએ ૪૩.૪૦ લાખની છેતરપિંડી કરી

સુરત, તા.૧૩

પરવટ પાટીયા ખાતે આવેલ અભિલાશા હાઈટ્સમાં અનિલભાઈ રાઠી કાપડનો વ્યવસાય છે. રિંગરોડ ખાતે આવેલી આરકેટી માર્કેટમાં કાપડનો વેપાર કરતા હેમંત શર્મા, અજય શર્મા, નરેન્દ્ર ચૌધરી, અનિલ તથા રાજેશ યાદવ સહિત ૫ જેટલા ચીટરોએ વર્ષ ૨૦૧૮માં કાપડ વેપારી અનિલ રાઠી સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ ચીટરોએ વેપારીને સમયસર પૈસા આપવાની બાંહેધરી આપી તેમની પાસેથી ઉધારીમાં રૂા.૪૩.૪૦ લાખની કિંમતનો કાપડનો જથ્થો ખરીદ્યો હતો. જોકે પાંચેય ચીટરોએ સમયસર પૈસા આપવાની વાત કરવા છતાં પણ પૈસાની ચૂકવણી ન કરી નાસી છૂટ્યા હતા. બનાવ સંદર્ભે અનિલભાઈની ફરિયાદના આધારે સલાબતપુરા પોલીસે પાંચેય ચીટરો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલિતાણા

પાલિતાણા : ચૂંટણી વેરીફિકેશન કેમ્પ યોજાયો

પાલિતાણા શહેરનાં વોર્ડ નં.૩માં ચૂંટણી ઓળખકાર્ડ વેરીફીકેશન કેમ્પનું આયોજન સિપાહી જુમાતની વાડીમાં કરવામાં આવ્યું હતો. જેમા મધ્યમવર્ગ તથા ગરીબ પરીવારનાં ભાઈઓ બહેનો એ બહોળી સંખ્યામાં હાજરી આપેલ જેમાં ચૂંટણીકાર્ડમાં નામ સુધારવા જેવા અનેક કિસ્સાઓમાં અરજદારોને સંતોષકારક રીતે કામ કરાવી આપેલ આ કાર્યક્રમનું નગરસેવક રૂમીભાઈ શેખ આયોજન કરેલ અને નગરસેવક સોહિલ કાઝી, નગરસેવક યાસ્મીનબેન ઠીમ, મહેબુબભાઈ કુરેશી, દિનેશભાઈ મારૂ, આરીફભાઈ શેખ મહેબુબભાઈ બેલીમ, કાદરભાઈ સૈયદ, જીભાઈ કુરેશી વગેરેએ ભારે જહેમત ઉઠાવેલ હતી. આ કાર્યક્રમમાં ૯૩૬ લોકોનાં વેરીફિકેશન કરવામાં આવેલ હતા.

(તસવીર :- આરીફ શેખ, પાલીતાણા)

ધ્રાંગધ્રા-માલવણ રોડ પર ટ્રેલરમાંથી ૯ લાખના સળિયા ચોરી કરતો ઈસમ ઝડપાયો

સુરેન્દ્રનગર, તા.૧૩

ધ્રાંગધ્રા-માલવણ રોડ પર ટ્રેલરમાંથી લોખંડના સળિયાની ચોરી કરતા ઈસમને લોકલ કાઈમ બ્રાંચ, સુરેન્દ્રનગરે ઝડપી પાડ્યો છે. આશરે ૩૦ ટન સળિયા કિં.રૂા.૯,૦૦,૦૦૦ અને ટ્રેલર સહિતના મુદ્દામાલ સાથે આરોપી ઈસમની અટકાયત કરાઈ છે.

એલ.સી.બી. ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ધ્રાંગધ્રા-માલવણ હાઈવે, ગોકુલ પેટ્રોલપંપ તથા ગોકુલ હોટલની સામે આવેલ એસ્સાર પેટ્રોલપંપ પાસે તા. ધ્રાંગધ્રા ખાતેથી ટ્રેલર નં.જીજે-૧૨-એઝેડ-૦૩૭૫માંથી આરોપી અમજદ અબ્દુલભાઈ પઠાણ (ઉ.વ.૩૪) (રહે.ધ્રાંગધ્રા, મેળાના મેદાન સામે, પુનીતનગર) ટ્રેલરમાં ભરેલ લોખંડના સળિયાની ચોરી કરતો હતો. ત્યારે પોલીસ દ્વારા સળિયા વજન ૩૦,૦૦૦ કિલો કિં.રૂા.૯,૦૦,૦૦૦, ટ્રેલર રજી. નં.જીજે-૧૨-એઝેડ-૦૩૭૫ કિં.રૂા.૧૦,૦૦,૦૦૦ સહિત કુલ રૂા.૧૯,૧૦,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી અમજદ ઝડપાયો હતો. ટ્રેલર ચાલક નાસી જઈ ગુનો કરેલ હોય ધ્રાંગધ્રા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સંસ્થા સમાચાર

એક હી આવાજ ચેરિટેબલ ટ્રસ્ટ ભૂજ દ્વારા આઈ.જી. ધર્મેન્દ્રસિંહજી વાઘેલાનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો

એક હી આવાજ ચેરિટેબલ ટ્રસ્ટે કચ્છના આઈ.જી. ધર્મેન્દ્રસિંહજી વાઘેલા અમદાવાદ ખાતે પ્રમોશન સાથે બદલી થતાં તેઓનો વિદાય સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ.

આ કાર્યક્રમમાં એક હી આવાજ ચેરિટેબલ ટ્રસ્ટ, લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ, માનવ જ્યોત સંસ્થા, કચ્છ રાજપુત (ક્ષત્રિય) સભા વગેરે સામાજિક સંસ્થાઓ દ્વારા સન્માન કરી વિદાયમાન પ્રસંગે શુભેચ્છાઓ આપવામાં આવી હતી તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા શાલ, બુકે અને સન્માનક પત્ર આપી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં જોરૂભા રાઠોડ, શંકર સચદે (ધારાશાસ્ત્રી), સાવજસિંહ જાડેજા, હેમેન્દ્ર જણસારી, ડો.કશ્યપ બુચ, મુંજાવર અનવર શેખ, કાસમ ચાકીએ ધર્મેન્દ્રસિંહજી વાઘેલાની કાર્યપદ્ધતિની સરાહના કરી હતી. અકીલ મેમણ, રફીક નોતિયાર, અકબર ખોજા, દર્શક અંતાણી, બળવંતસિંહજી જાડેજા, મણીલાલ વગેરે હાજર રહેલ.

આ કાર્યક્રમનું સંચાલન કચ્છ ઈતિહાસ પરિષદના ઉપપ્રમુખ શંભુ જોષીએ કરેલ હતું તેમજ આભાર દર્શન ઝહીર સમેજાએ કરેલ હતું.

ધોળકા પોલીસે બે મોટર સાયકલ ચોરનાર બે ઈસમોની અટક કરી

ધોળકા, તા.૧૩

ધોળકા પોલીસ મથકના એ.એસ.આઈ. રાજેન્દ્રકુમાર, અહે.કો.લગધીરસિંહ, અ.પો.કો. રણધીરસિંહ, ભગીરથસિંહ ધોળકા ટાઉનમાં પ્રહલાદગેટ ચોકી વિસ્તારમાં વાહન ચેકિંગમાં હતા. તે દરમ્યાન અ.પો.કો. રણધીરસિંહને બાતમી મળેલ કે દિપકભાઈ ઉર્ફે ભાઈજી નટવરભાઈ ઠાકોર (રહે. ધોળકા ક્ષત્રિય ઠાકોર સમાજ) તથા રોહિતભાઈ રાનાભાઈ ઠાકોર (રહે.રેલવે સ્ટેશન રોડ ધોળકા) બંને જણા ચોરીના મોટર સાઈકલો લઈને ક્ષત્રિય ઠાકોર સમાજની સામે રોડ ઉપર ઊભેલ છે. જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ જતા બે ઈસમો રોડ ઉપર બે મોટર સાઈકલ લઈ ઊભેલ હતા. જેઓ પાસેના બાઈકના આર.ટી.ઓ.ના કાગળો માંગતા તેઓ પાસે નહીં હોવાનું જણાવતા બંને બાઈક સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ બંને ઈસમોને અટક કરી હતી. જેમાં હીરો સ્પેન્ડર મોટર સાઈકલ નં.જી.જે.૦૧.પી.ક્યુ ૩૦૬૯નું ધોળકા ટાઉન પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૯/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ હોય તથા હીરો પેશન પ્રો મોટર સાઈકલ નં.જી.જે.૨.બી.આર.૩૨૫૭ને પોકેટ કોપ એપ્લિકેશનમાં સર્ચ કરતા વાહનના માલિકનું નામ નીકુલજી ઠાકોર (રહે.શોભાસણ તા.વડનગર)નું સરનામું મળતા અને સદરી ઈસમોની પૂછપરછ કરતા સદર બાઈક વિસનગરથી ચોરી કરેલ હોવાનું જણાવતા વિસનગર પો.સ્ટે. જાણ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

દિવાળીના તહેવારો દરમ્યાન

સુરતથી ૧૨૦૦ એક્સ્ટ્રા બસો દોડાવવાનો એસટી તંત્રનો નિર્ણય

માંગરોળ, તા.૧૩

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, સુરત વિભાગ દ્વારા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકની સુચનાથી તારીખ ૨૨/૧૦/૨૦૧૯થી તારીખ ૨૭/૧૦/૨૦૧૯ દરમ્યાન દિવાળીનાં તહેવારને ધ્યાનમાં લઈ, સુરત સહીત આસપાસનાં વિસ્તારમાં રહેતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મહારાષ્ટ્ર, દાહોદ, ગોધરા, ઝલોર, પંચમહાલ, અમરેલી, ભાવનગર, બોટાદ, સાવરકુંડલા, અમદાવાદ વગેરે રૂટ ઉપર એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવનાર છે.

આ માટે મુસાફરો એડવાન્સમાં પણ ગ્રુપબુકીંગ કરાવી શકશે,અત્યાર સુધીમાં ૧૦૦ બસોનું બુકીંગ થઈ ગયું છે, જ્યારે મુસાફર ટીકીટોનું એડવાન્સ બુકીંગમાં ૬૦ બસોનું બુકીંગ થઈ ચૂક્યું છે,જો કોઈ સોસાયટી કે એપાર્ટમેન્ટ કે એક જ વિસ્તારમાં નજીક - નજીક સોસાયટીના લોકો એક સાથે ૫૧ કે તેથી વધુ મુસાફરો ગ્રુપબુકીંગ કરાવશે તો એસ. ટી.તેઓને જે તે સોસાયટીથી પોતાનાં વતનના ગામ સુધી લઈ જશે, જ્યારે મહારાષ્ટ્ર તરફનાં મુસાફરો માટે નિગમ તરફથી એક્સ્ટ્રા બસો નવાપુરા, નંદરબાર, ધુલિયા, શહદા સુધી દોડાવવામાં આવનાર છે,એક્સ્ટ્રા ઉપડનાર બસોનું બુકીંગ એસ.ટી.સેન્ટ્રલ બસ સ્ટેન્ડ, અડાજણ બસ સ્ટેન્ડ, સુરત, લીનીયર બસ સ્ટેન્ડ, કામરેજ બસ સ્ટેન્ડ સહિત તમામ બસ સ્ટેન્ડ ઉપરથી કરવામાં આવી રહીયું છે, તદ્દ ઉપરાંત એસ.ટી.નિગમ તરફથી નીમવામાં આવેલ, બુકીંગ એજન્ટો પાસે એડવાન્સ બુકીંગ કરી શકાશે, વધારાનાં ટ્રાફિકને ધ્યાનમાં લઈ તારીખ ૨૨/૧૦/૨૦૧૯ થી તારીખ ૦૧/૧૧/૨૦૧૯ લાભપાંચમ સુધી અમદાવાદ સુધી એક્સ્ટ્રા બસનું સંચાલન કરવામાં આવનાર છે., મુસાફર જનતાને આ એક્સ્ટ્રા બસોનો લાભ લેવા સુરત, એસ.ટી.વિભાગનાં વિભાગ્ય એસ.ટી.વડાએ જણાવ્યું છે.

નખત્રાણાના દેશલપરથી હાજીપીર જતાં રોડનું ખાતમુહૂર્ત કરાયું

ભૂજ,તા.૧૩

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુતલી)થી હાજીપીરની દરગાહે જતા રોડનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના હસ્તે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ રોડ રૂા.૨૨.૫૦ કરોડના ખર્ચે પહોળો તથા મજબૂત કરાશે અને લુડબાય સુધી ૧૬ કિ.મી. બનશે.

આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્યો ડો.નીમાબેન આચાર્ય તથા પ્રધુમનસિંહ જાડેજા તથા નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નયનાબેન પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર રહેલા મુસ્લિમ રાષ્ટ્રીય મંચ (શિક્ષા પ્રકોષ્ટ)ના રાષ્ટ્રીય સહ સંયોજક મીરખાન પી. મુતવા-નદવીનું હાજર મુસ્લિમ અગ્રણીઓ દ્વારા શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.મુતવાએ રોડનું આ કામ શરૂ થવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી છે અને લાંબા સમયથી બાકી રહેલું આ કામ હાથ પર લેવા બદલ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો છે.

માંગરોળના નાનીફળી ગામે ખૂખાર દીપડી પાંજરે પુરાઈ

મોસાલી, તા.૧૩

માંગરોળ તાલુકાનાં નાનીફળી ગામે, છેલ્લા દશ દિવસથી હેરાન કરતી દીપડીને વનવિભાગે પાંજરે પુરી, દિપડીના ગળામાં કોલોરાઈડ ચીપ બેસાડી નજીકનાં જંગલમાં છોડી મુકવામાં આવી છે.

માંગરોળ તાલુકાના નાનીફળી ગામે રહેતા સુરેશ એન.ગામીતના ઘરની બહાર પાંજરામાં પુરેલા પંદર જેટલી મરઘીઓ છેલ્લાં દશ દિવસમાં શિકાર કરીને દીપડી ખાઈ જતાં, સુરેશભાઈએ આ પ્રશ્ને માંગરોળ સામાજિક વનીકરણ કચેરીને જાણ કરતાં વનવિભાગે નાનીફળી ગામે પાંજરૂ મુકતા ગત રાત્રી દરમિયાન દીપડી પાંજરે પુરાઈ જવા પામી હતી, વનવિભાગે આજે સવારે દીપડીનો કબજો લઈ દીપડીને કોલોરાઈડ ચીપ પહેરાવી નજીકનાં જંગલમાં છોડી મૂકી છે, દીપડી પાંજરે પુરાતાં ગ્રામજનોએ રાહતનો દમ લીધો છે.

મહુવા પોલીસ આજે લોક જાગૃતિ શિબિર યોજશે

મહુવા, તા.૧૩

મહુવા પોલીસ મથકના પી.આઈ. દિપક મિશ્રા તેમજ ડી.વાય.એસ.પી. જાડેજા દ્વારા તા.૧૪/૧૦/૧૯ના રોજ ભભાદ્રોડ ગેટ વિસ્તારમાં રાત્રીના ૮:૩૦ કલાકે વિદ્યાર્થીઓ યુવાન મિત્રોને માર્ગદર્શન આપશે. કોઈ સાથે સંબંધ બગાડવો નહીં, હળીમળીને બધા લોકો સાથે રહે તેવુ આ શિબિરમાં માર્ગદર્શન આપશે. આ શિબિરના કાર્યક્રમમાં લોકોને હાજર રહેવા જણાવાયું છે.

ધંધુકાના કોઠડિયામાં ૧૯મીએ સેવાસેતુ

ધંધુકા, તા.૧૩

રાજ્યમાં પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ત્યારે ધંધુકા તાલુકામાં પણ આ પાંચમા તબક્કાના આ કાર્યક્રમનો પ્રારંભ ૧૯મીએ શનિવારના રોજ કોઠડિયા ખાતે થશે. પ્રથમ તબક્કામા તાલુકાના છ ગામોને લેવામાં આવ્યા છે. જેમાં ખરડા કોઠડિયા, રોજકા, ઉમરગઢ, પડાણા અને જસ્કાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધંધુકા મામલતદાર આઈ.આર.પરમારે પ્રસિદ્ધ કરેલા કાર્યક્રમ મુજબ તા.૧૯મીના શનિવારે કોઠડિયા મુકામે આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ડોમિસાઈલ પ્રમાણપત્ર, આધાર કાર્ડ સહિતના વિવિધ દાખલાઓ રેશન કાર્ડમાં નામ કમી કરવું, નામ દાખલ કરવું, મા અમૃતમ કાર્ડ, વાત્સલ્ય કાર્ડ વગેરે કામગિરી કરવામાં આવનાર છે.

ડેન્ગ્યુના રોગને ડામવા

કાણોદર ખાતે જામિઆ ગરીબ નવાઝમાં ભણતા બાળકોને ઉકાળાનું વિતરણ

છાપી, તા.૧૩

કાણોદર ગામમાં છેલ્લા દસ દિવસમાં ડેન્ગ્યુ તાવના કારણે બે માસૂમ બાળકનું મોત થતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે જ્યારે ગામની જ કેટલીક સેવાકીય સંસ્થાઓ દ્વારા સર્વે કરાતાં હજુ પણ ગામમાં ૪૫થી વધુ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો હોવાનું તેમજ વિવિધ દવાખાનાઓમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે જેથી ગામની જ સામાજિક સંસ્થાઓ સહિતના લોકો દ્વારા અવાર નવાર દેશી ઉપચાર કરવામાં આવી રહ્યો છે.ડેન્ગ્યુને અંકુશમાં લેવા માટે દેશી ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન ગુરુવારે કાણોદર ના સેવાભાવી ગણાતા અને લોકોના આરોગ્યની ચિંતા કરી ગામના જાગૃત નાગરિકમુનિશ અલી શેલિયા અને અશરફભાઈ કરીમભાઈ હસન વાલા (ગોટા વાળા)તેમજ અન્ય લોકો દ્વારા પોતાના સ્વખર્ચે જામીઆ ગરીબ નવાજ માં ભણતા ૧૦૦ બાળકોને ઉકાળો પીવડાવી ડેન્ગ્યુ જેવા જીવલેણ વાયરસ ને અંકુશમાં લાવવા પ્રયત્નો કર્યા હતા. જે બદલ દારૂલ ઉલુમના સદર મૌલાના હુસેન અને એ.એન.સૈયદ અને દારુલ ઉલુમ પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

વડોદરામાં કૂતરા કરડવાનાં બનાવો રોકવા મનપા નક્કર કાર્યવાહી કરશે ?

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૩

શહેરમાં રખડતા કૂતરાઓનો ત્રાસ ખૂબ વધી ગયો છે. મહાનગર પાલિકા દ્વારા કૂતરાઓનાં રસીકરણનો કાર્યક્રમ છેલ્લાં પાંચેક વર્ષથી ચાલે છે. પરંતુ તેની કોઇ અસર જોવા મળતી નથી. મહાનગર પાલિકામાં નોંધાયેલા કેસોનાં આંકડા મુજબ ગયા વર્ષે ૨૦૧૮માં ૨૪૪૪૪ કેસો નોંધાયા હતા. ચાલું વર્ષે ૯ મહિનામાં જ ૨૧૦૦૦ થી વધુ કેસો નોંધાઇ ચુક્યા છે. લાખો રૂપિયાનો ખર્ચો કરીને રસીકરણનો કાર્યક્રમ ચલાવવામાં આવે છે. પરંતુ તેની કોઇ અસર જોવા મળતી નથી.

વડોદરા શહેરનાં મોટાભાગનાં વિસ્તારોમાં કૂતરાઓનાં ટોળે ટોળાં જોવા મળી રહ્યાં છે. કૂતરા કરડયા બાદ હરકવા વિરોધી રસી મહાનગર પાલિકા વિનામૂલ્યે આપે છે. મહાનગર પાલિકા દ્વારા ચાર સ્થળે ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વોર્ડ નં.૧૧, વોર્ડ નં.૮ અને વોર્ડ નં.૪ ની કચેરીનો સમાવેશ થાય છે. આ ચારેય કેન્દ્રો પર માત્ર એક મહિનામાં જ કૂતરા કરડવાનાં કુલ-૨૩૦૮ કેસો નોંધાયા છે. માત્ર ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ ખાતે આવેલા રસી કેન્દ્રમાં જ માત્ર ૯ મહિનામાં ૧૯૦૧૩ કેસો નોંધાયા હતા. એટલે કે, આટલા લોકોએ હરકવા વિરોધી રસી લીધી હતી. જોકે, વોર્ડ નં.૪,૮ અને ૧૧નો આંકડો મળ્યો નથી.

શહેરમાં ગોત્રી મેડીકલ કોલેજ, જમનાબાઇ સરકારી હોસ્પિટલ અને સયાજી હોસ્પિટલમાં પણ રસી મુકવાની કામગીરી કરવામાં આવે છે. તેના આંકડા પણ આમા ઉમેરતા આંકડો ૨૧૦૦૦ પર પહોંચે તેવું લાગી રહ્યું છે. કૂતરા કરડયા બાદ લોકો સરકારીને બદલે ખાનગી હોસ્પિટલમાં પણ રસી મુકાવવા જાય છે. આમ, કૂતરા કરડવાનાં બનાવો પણ વધી રહ્યાં હોવાથી રસીકરણની કામગીરી સામે શંકા સેવાઇ રહી છે.

ગોધરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સભા તા.૧૯મીએ યોજાશે

ગોધરા,તા.૧૩

ગોધરા તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા.૧૯/૧૦/૧૯ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સ્વામીનારાયણ મંદિર, રામનગર (એસ.ટી. નગર) પાસે ગોધરા મુકામે કરવામાં આવ્યું છે. આ સભામાં પ્રમુખ સ્થાને ફતેસિંહ એસ. બારિયા (પ્રમુખ તાલુકા નિવૃત કર્મચારી મંડળ) અને મુખ્ય મહેમાન તરીકે રતનસિંહ રાઠોડ, સંસદ સભ્ય, ધારાસભ્ય સી.કે. રાઉલજી , રમેશભાઈ પટેલ (આર.બી. કાસ), મણિલાલ સુથાર (કન્વિનર ગુજરાત સ્ટેટ ફેડરેશન, વડોદરા) શિવપ્રસાદ જોષી (પ્રમુખ ગુજરાત પેન્શનર સમાજ, અમદાવાદ) તથા બિપીનભાઈ શાહ (અધ્યક્ષ નિવૃત કર્મચારી મંડળ, ગોધરા) ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પેન્શનરોના પ્રશ્નો અંગે ચર્ચા અને ઠરાવો તથા ૭૦ વર્ષ પૂરા કર્યા હોય તેવા પેન્શનરો ભાઈ-બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવનાર છે. એમ મહામંત્રી અ.મુનાફ એચ. શેખ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

પ્રાંતિજના વોર્ડ નં.૫માં ગેસલાઈન સંદર્ભે સ્થાનિક રહીશોને અપાયું માર્ગદર્શન

પ્રાંતિજ, તા.૧૩

પ્રાંતિજ નગરના વોર્ડ નંબર-૫ ના નવાઘરા સ્ટ્રીટ (વ્હોરવાડ) ખાતે સાબરમતી ઓનલાઈન પીએનજી ગેસ લાઈન બાબતની સંપૂર્ણ જાણકારી તેમજ તેના ફાયદાઓ વિશે એક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અત્યારે પ્રાંતિજના વોર્ડ નંબર-૫ માં સાબરમતી પીએનજી ગેસની લાઈનનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે જેથી સાબરમતી ગેસના એન્જીનિયર અને એક્સપર્ટ ધ્વારા સ્થાનિક ભાઈઓ અને બેહનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વોર્ડના ઉપસ્થિત રહીશોઓ જાગૃતા બતાવી એન્જિનિયર અને એક્સપર્ટ ને ફાયર સેફટી, ભાવ આ કામ પૂર્ણ કર્યા પછી ખાડાઓ પુરવા તથા ગેસના આવતા બિલો બાબતે પ્રશ્નનો પૂછી માર્ગદર્શન મેળવ્યું હતું. સાબરમતી ગેસના એન્જિનિયરશ્રી રાહુલસિંહ તથા મનીષભાઈ ચૌહાન દ્વારા વૉર્ડ નંબર -૫ના વિસ્તારોમાં જલ્દીથી જલ્દી અને વ્યવસ્થિત રીતે કામ પુરૂ કરવાનું તથા શક્ય હોય તે પ્રમાણે ઘરે ઘર કનેકશન આપવાનું આશ્વાસન આપ્યું હતું. વોર્ડ નં.૫ના વિકાસ અને પ્રગતિમાં સ્થાનિક રહીશો સાથે સહકાર આપી રહ્યા છે. તેમજ વોર્ડ નંબર-૫ અને પ્રાંતિજના વિકાસ અને પ્રગતિ માટે નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન એસ.પટેલ.ચીફ ઓફિસર વિશાલ બી.પટેલ તેમજ પાલિકા તંત્ર સહયોગ આપવામાં આવેલ છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન કોર્પોરેટર મોહસીન એમ.છાલોટિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

પાટણમાં મતદાર વેરિફીકેશનનો કેમ્પ યોજાયો

ચુંટણીપંચ દ્વારા મોબાઈલમાં વોટર હેલ્પલાઈન એપ થકી મતદાર વેરિફકેશન તથા સુધારા-વધારા, નામાની ખરાઈ તથા એકજ એપમાં પરીવારનાં અન્ય સભ્યોના નામ ઉમેરવાનો કેમ્પ પાટણ ખાતે ઈકબાલ ચોક યંગ કમિટીના સભ્યો દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં મતદારોએ પોતાના મતદાર કાર્ડની ખરાઈ કરી ચૂંટણીપંચ દ્વારા અપાતા સર્ટિફીકેટો પોતાના મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કર્યા હતા. ઈકબાલચોક યંગ કમિટીના સભ્યોએ મતદારોના નામની ખરાઈ સાથે કેટલાક મતદારોનાં નામ, સરનામા વગેરેની ભૂલો પણ સુધારી હતી. (તસવીરઃ ઈલ્મુદીન સૈયદ, પાટણ)

હરસોલ ખાતે હઝરત તાજશાહ બાવાના ઉર્સ પ્રસંગે કવ્વાલી

હરસોલ, તા.૧૩

તલોદ તાલુકાના હરસોલ ગામે હજરત તાજશાહ બાવાનો સંદલ શરીફ મું ચાંદ ૧૪ને તા.૧૪/૧૦/૧૯ને સોમવારે સવારે ૪ વાગે ચઢાવવામાં આવશે. કુર્આન ખ્વાની તથા ન્યાજ ઈશાની નમાજ પછી રાખેલ છે. ઉર્ષનું જુલુસ તા.૧૫/૧૦/૧૯ને મંગળવારે જોહરની નમાજ પછી અલુજુ પીરથી નિકળી મગરીબની નમાજે તાજશાહ બાવાના કમ્પાઉન્ડમાં પહોંચશે. જયારે રાત્રે જાણીતા કવ્વાલ અનીસ નવાબની કવ્વાલીનો પ્રોગ્રામ થશે. તેવુ યંગ કમિટીના ચેરમેન પરમાર લિયાકતમિયાં તથાસભ્યશ્રી આરીફમિયાં એ પરમારે એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

એફ્લુએન્ટને દરિયા સુધી લઈ જતી

ઝઘડિયા GIDCની એનસીટી પાઈપલાઈનમાં ભંગાણ પડતાં ઉદ્યોગોને કરોડોનું નુકસાન

પાઈપલાઈનમાં ભંગાણને લીધે GIDC એકમોને એફ્લુએન્ટ પાસ કરવાની મોટી સમસ્યા ઊભી થઈ

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૧૩

ઝઘડિયા જીઆઈડીસીના એફ્લુએન્ટને દરિયા સુધી લઈ જતી એનસીટીની પાઈપલાઈનમાં એક માસથી વધુ સમયથી વારંવાર ભંગાણ સર્જાતા પાઈપલાઈનની કામગીરી સામે પ્રશ્ન ઊભો થયો છે. વારંવાર પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ઝઘડિયા જીઆઈડીસીના ઔદ્યોગિક એકમોને એફ્લુએન્ટ પાણી પાસ કરવાની મોટી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. વારંવાર આ લાઈનમાં ભંગાણ પડતાં તેની કામગીરીની ગુણવત્તા સામે અને તેના ભવિષ્ય સામે ખતરો ઉભો થયો છે. ભંગાણ સર્જાવાના કારણે ઝઘડિયાના ઉદ્યોગોને ડિસ્ચાર્જ બંધ કરવાની ફરજ પડતા ઉત્પાદન પર અસર પડવાથી કરોડોનું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

ઝઘડિયા જીઆઈડીસીને આ લાઈનના એન.સી.ટી. અને આ.રો.યુ. મેળવવામાં પણ ઘણો સમય નીકળી ગયો હતો. આ લાઈન અનેક વિવાદોમાં ઘેરાયેલી છે. હાલમાં આ પાઈપલાઈનના પણ ''એક સાંધે ને તેર તૂટે'' જેવી પરિસ્થિતિ છે. આ પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા લાઈન બંધ કરવાની ફરજ પડી હતી. ભંગાણને લીધે ઝઘડિયા જીઆઈડીસીના સભ્ય એકમોને લાઈનમાં એફ્લુએન્ટ પાસ કરવાનું બંધ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. જીઆઈડીસી દ્વારા હજી સુધી સમારકામ થયું નથી. વારંવાર આ લાઈનમાં ભંગાણ સર્જાય છે ત્યારે તેની ગુણવત્તા અને થયેલ કામગીરી સામે પણ એકમો દ્વારા પ્રશ્નો ઉભા કરાઈ રહ્યા છે. એક માસથી વધુ સમયથી ભંગાણ પડતાં જીઆઈડીસી એકમોને એફ્લુએન્ટ પાસ કરવાની મોટી સમસ્યા ઊભી થઈ છે. ઝઘડિયાના ઉદ્યોગોને ડિસ્ચાર્જ બંધ કરવાની ફરજ પડતા ઉત્પાદન પર અસર પડવાથી કરોડોનું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ બાબતે ઝઘડિયા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા ગાંધીનગર ખાતે રજૂઆત કરી છે. પરંતુ આ એનસીટી પાઈપલાઈનનો કોઈ ઉકેલ આવ્યો નથી. તેમજ જાણવા મળતી માહિતી મુજબ છેલ્લા દોઢ માસ દરમ્યાન પાંચથી વધુ વખત આ લાઈનમાં ભંગાણ સર્જાયું છે અને હાલમાં પણ આ લાઈન બંધ હાલતમાં જ છે.

પ્રાંતિજ ખાતે ચૂંટણીકાર્ડ વેરીફિકેશન કેમ્પ :-

પ્રાંતિજ ખાતે સુન્ની પટણી કૌમે બવાહીર જમાત દ્વારા ચૂંટણીકાર્ડ વેરિફિકેશન માટેના અઠવાડીક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સુન્ની વ્હોરા જમાતખાનામાં પ્રાંતિજ શહેરના તમામ જ્ઞાતિ અને સમાજના મુસ્લિમ બિરાદરોના ચૂંટણી કાર્ડનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. સુન્ની વ્હોરા જમાત તથા જાગૃત યુવાનો દ્વારા કરાયેલા આ આયોજનનો મોટી સંખ્યામાં મુસ્લિમ સ્ત્રી-પુરૂષ મતદારોએ લાભ લીધો હતો. ગત ગુરૂવારથી નિત્ય રાત્રે તેમજ રવિવારે આખો દિ'આ કામગીરી યુવાનો દ્વારા ઉત્સાહભેર કરવામાં આવી હતી. જે આગામી બે દિવસ સુધી આ કામગીરી ચાલનાર હોવાનું જાણવા મળ્યું છે.

ભાલેજ પીએચસી સેન્ટરમાં સ્ટાફનર્સ અને લેબ ટેકનિશિયનની જગ્યા ભરવા માંગ

(સંવાદદાતા દ્વારા) ભાલેજ, તા.૧૩

ઉમરેઠ તાલુકાના ભાલેજ ખાતે પી.એચ.સી. સેન્ટરમાં ઘણાં સમયથી સ્ટાફનર્સ અને લેબટેકનિશિયનની જગ્યા ખાલી પડેલ છે. આ બાબતે અવારનવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નિમણૂંક કરવામાં આવી નથી. જેથી લોકોએ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ભાલેજ ખાતે પી.એચ.સી. સેન્ટરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટાફનર્સ અને લેબટેકનિશિયનની જગ્યા ખાલી પડેલ છે. જે આજદિન સુધી ભરવામાં આવી નથી. આ પી.એચ.સી. સેન્ટરનો લાભ આજુબાજુના ૧૨ ગામોને મળતો હોવાથી તેનું મહત્વ ઘણું છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સ્ટાફનર્સ, લેબટેકનિશિયન અને કાયમી મેડિકલ ઓફિસરના અભાવે ક્રિટિકલ કેસ, ડીલીવરી તથા શિશુઓના રસીકરણ જેવા મહત્વના કામોને લઈ મોટી અસર પડી રહી છે. જેને કારણે લોકોએ મજબૂરીમાં ખાનગી દવાખાનાનો આશરો લેવો પડે છે. આ અંગે ઘણીવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી આરોગ્ય તંત્ર દ્વારા આ ખાલી જગ્યાઓ ઉપર કર્મીઓની નિમણૂંક કરાઈ નથી. જેથી વહેલી તકે તંત્ર દ્વારા ઘટતી કાર્યવાહી કરી ખાલી પડેલ જગ્યા ભરવામાં આવે. તેવી ગ્રામજનો દ્વારા માંગ કરાઈ છે.

હિંમતનગરના માર્કેટયાર્ડમાં મગફળીની એક દિ'માં ૮૦૦ બોરીની આવક

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે પાછોતરા વરસાદે ખેડૂતોના પાકને ભલે નુકસાન પહોચાડ્યુ હોય તેમ છતા જે ખેડૂતોએ મગફળીનું આગોતરૂ વાવેતર કર્યું હતું. તે ખેડૂતોની મગફળી પાકી જતા તેને જમીનમાંથી બહાર કાઢીને તૈયાર કરી દિવાળી અગાઉ બજારમાં વેચવા માટે ઘસારો શરૂ કરી દીધો છે. ત્યારે શનિવારે હિંમતનગર માર્કેટયાર્ડમાં એક જ દિવસમાં ૮૦૦ બોરીની આવક થવા પામી હતી. ઉપરાંત ગુણવત્તાવાળી મગફળીના ભાવ પણ ખેડૂતોને પ્રતિ ૨૦ કિલોના રૂા.૧૫૭૬ મળ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને ઈડર તાલુકામાં રહેતા ખેડૂતો દર વર્ષે ચોમાસુ મગફળીનું આગોતરૂ વાવેતર કરી દે છે. એક અંદાજ મુજબ હિંમતનગર તાલુકામાં સૌથી વધુ ૭૦૦૦ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં ખેડૂતોએ ચોમાસુ મગફળી વાવી હતી. દર વર્ષે જિલ્લામાં આવેલા માર્કેડયાર્ડોમાં મગફળીની આવક દિવાળીના બે દિવસ અગાઉ શરૂ થાય છે પરંતુ આ વર્ષે વેપારીઓના અનુમાન કરતા વહેલી મગફળી બજારમાં આવી ગઈ છે. જેના લીધે હિંમતનગર તલોદ સહિતના અન્ય માર્કેટયાર્ડોમાં ખેડૂતોએ મગફળી વેચવા વાહનો લઈને ધસારો કરી માર્કેટયાર્ડમાં પરિસર વાહનો તથા ખેડૂતોના કોલાહલથી ગુંજી રહ્યા છે.

માર્કેટયાર્ડના સૂત્રોના જણાવાયા મુજબ શનિવારે હિંમથનગર તાલુકાના ગામડાઓમાં રહેતા ખેડૂતોએ પોતાના ટ્રેક્ટરની ટ્રોલીમાં છૂટી મગફળી ભરી માર્કેટયાર્ડમાં ધસારો કરતા લાંબી લાઈનો લાગી ગઈ હતી. બીજી તરફ હરાજીમાં ખેડૂતોને પ્રતિ ૨૦ કિલોના ભાવ રૂા.૮૦૦થી ૧૫૭૬ ઉપજયા હતા.

વડોદરા મનપાના કર્મીઓની હાજરી માટેના ફેસરીડિંગ મશીન શોભાના ગાંઠિયા સમાન !

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૩

વડોદરા મહાનગર પાલિકાના કર્મચારીઓ સમયસર ઓફિસમાં આવે અને નોકરીનો સમય પુરો થયા બાદ ઘરે જાય તે માટે ફેસ રીડીંગ મશીનો મુકવામાં આવ્યા છે. પરંતુ પાલિકાના અંધેર વહીવટને કારણે આ મશીનો શોભાના ગાઠીયા સમાન પુરવાર થઈ રહ્યાં છે.મહાનગર પાલિકાના ૨૪૯ જેટલા વિભાગો છે. જેમાં ૬૫૦૦ કર્મચારીઓ નોકરી કરે છે. પાલિકાના કર્મચારીઓ મનફાવે ત્યારે નોકરી પર આવતા હતા અને મનફાવે ત્યારે ઘરે રવાના થઈ જતાં હતા. જેથી ૩ વર્ષ પૂર્વે કોર્પોરેશન દ્વારા હાજરી પુરવા માટે ફેસ રીડીંગ મશીનો મુકવામાં આવ્યા હતા. મશીનમાં પુરાતી હાજરીનાં ધોરણેજ પગાર ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. શરૂઆતનાં દિવસોમાં કર્મચારીઓ દ્વારા ઉત્સાહભેર ફેસ રીડીંગ મશીન દ્વારા હાજરી પુરવાની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ પાલિકા દ્વારા ફેસ રીડીંગ દ્વારા હાજરી પુરવા માટે કડક નિયમો બનાવવામાં આવ્યા ન હતા. જે કર્મચારીઓ હાજરી પુરાવે કે ન પુરાવે અથવા ગમે ત્યારે ઓફિસમાં આવે અને જાય તો પણ તેઓનો પગાર કાપવામાં આવતો ન હતો. જેનાં કારણે કર્મચારીઓએ લોલમ લોલ શરૂ કરી દીધી હતી.

પાલિકા દ્વારા લાખોનો ખર્ચ કરી ફેસ રીડીંગના મશીનો મુકવામાં આવ્યા હતા. પરંતુ જે તે વિભાગ સાથે સંકલન ન હોવાથી અને તેનું મોનીટરીંગ ન હોવાને કારણે આ મશીનો શોભાના ગાઠીયા જેવા પુરવાર થયા છે. કેટલાક કર્મચારીઓ નિયમિત રીતે ફેસ રીડીંગ મશીનનો ઉપયોગ કરી રહ્યાં છે. જ્યારે મોટાભાગનાં કર્મચારીઓ ઈચ્છા થાય ત્યારે હાજરી પુરી રહ્યાં છે. આ બાબતે પાલિકાના આઈ.ટી. વિભાગના મનીષ ભટ્ટે જણાવ્યું હતું કે, ફેસ રીડીંગ મશીન વ્યવસ્થિત ચાલી રહ્યાં છે. જે લોકો ઓફિસમાં કામ કરે છે તેમનું ફેસ રીડીંગથી મોનિટરીંગ થાય છે અને તે પ્રમાણે તેમનો પગાર ચુકવવામાં આવે છે.

રાષ્ટ્રીય-આં.રા. મહિલા ખેલાડીઓની ઉપસ્થિતિ

હિંમતનગર ખાતે રમાયેલ બહેનોની ફૂટબોલ ફાઈનલમાં પાટણ ચેમ્પિયન

હિંમતનગર,તા.૧૩

હિંમતનગર ખાતે ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત-ગાંધીનગર અંતર્ગત જિલ્લા વહિવટી તંત્ર અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સાબરકાંઠા દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૯ રાજ્યકક્ષાની બહેનો માટેની અંડર-૧૭ ફુટબોલ સ્પર્ધા સ્વામી વિવેકાનંદ જન શક્તિ સ્ટેડીયમ ખાતે ત્રણ દિ' રમાઈ હતી.

આ સ્પર્ધામાં આજે શનિવારે ફાઈનલ સ્પર્ધા એસ.એ.જી. હિંમતનગર અને પાટણની ટીમ વચ્ચે યોજાઇ હતી. જેમાં બે ગોલ કરી પાટણની ટીમનો વિજય થયો હતો. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી અંતર ઠાકોરે પોતાની ટીમને વિજેતા બનાવી હતી. આ સ્પર્ધામાં માત્ર બે ગોલ પાટણની ટીમ દ્વારા થયા હતા. જેથી ટીમ પાટણને વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પાટણ અને દ્વિતિય વિજેતા એસ.એ.જી. હિંમતનગરની ટીમ હતી. આ ટીમમોને મહાનુભવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી અને ખેલાડીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ રેફરીઓનુ ખેલ મહાકુંભ સ્ટોલ અને મોમેન્ટોથી સન્માનિત કરાયા હતા.

આ સ્પાર્ધામાં ખેલાડીનું મનોબળ વધારવા ડારેક્ટર જનરલ એસ.એ.જી. શ્રી સી.વી.સોમે (આઇ.એ.એસ) ખેલાડી બહેનોને ભવિષ્યમાં ભારતનું નામ ફુટબોલની રમતમાં સુવર્ણ અક્ષરે લખાય તે માટે ખુબ મહેનત કરવા અને વધુ સારૂ પ્રદર્શન કરવા પ્રેરણા આપી હતી.

આ સ્પર્ધામાં મહિલા ફુટબોલ ઈન્ડિયા ટીમના ખેલાડી કુમારી અંજુ તમંગે બહેનોને પ્રેરણાત્મક શીખ આપી હતી.

આ પ્રસંગે પ્રોજેક્ટ મેનેજર ફિફા અંડર-૧૭ મહિલા વર્લ્ડ કપ ઈન્ડિયા ૨૦૨૦ના શ્રી મનદિપ સાહરન, મહિલા ફૂટબોલ ખેલાડી સંજુ ઈન્ડિયન કમીશ્નર ડી.ડી. કાપડિયા, નયન થોરાટ બલદેવભાઈ દેસાઈ તથા અધિકારી હર્શાબેન ઠાકોર, કોચ પરેશભાઈપટેલ, ફુટબોલ એસોશિયેસનના ગુલાબસિંહ ચૌહાન, સિનિયર કોચ સાબરકાંઠા પુનમબેન ફુમાકીયા તથા મોટી સંખ્યામાં ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

લુણાવાડા વિધાનસભાની પેટા ચૂંટણી પહેલાં કોંગ્રેસને ફટકો

વીરપુર તાલુકા પંચાયતના કોંગ્રેસના ચાર સભ્યોએ કેસરિયો ખેસ પહેર્યો

(સંવાદદાતા દ્વારા) વીરપુર, તા.૧૩

લુણાવાડા વિધાનસભાની પેટાચૂંટણીને હવે ગણતરીનાં દિવસો બાકી રહી ગયા છે, તે પૂર્વે કોંગ્રેસને એક ફટકો પડ્યો છે. વીરપુર તાલુકા પંચાયતના કોંગ્રેસના ચાર સભ્યો કેસરિયો ખેસ ધારણ કરી લેતા જિલ્લાનું રાજકરણ ગરમાયું છે. હવે તાલુકા પંચાયતમાં સત્તાનું સુકાન ભાજપ હસ્તક આવશે.

(તસવીર : શેખ નબીજી, વીરપુર)

પ્રાપ્ત માહિતી મુજબ કડાચલા ગામે પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ નાઘાણીના અધ્યક્ષ સ્થાને એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી અને મહીસાગર જિલ્લા પંચાયતના સભ્ય પિનાકીન શુકલની આગેવાનીમાં વીરપુર તાલુકા પંચાયતના સભ્યો નાનસિંહ સોલંકી, પ્રદિપ શેઠ સોનલબેન જવાનસિંહ પરમાર અને નવનીત પટેલ તથા કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. આ અગાઉ પિનાકીન શુકલ વર્ષ ૨૦૧૫માં સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ લીડ ૭૭૦૦ સાથે ખેડા જિલ્લા પંચાયતમાં જીત મેળવી હતી અને ત્યારબાદ મહીસાગર જિલ્લા પંચાયતમાં ૫૮૦૦ની સૌથી વધુ લીડ સાથે વિજયી થયા હતા. આ કોંગી સભ્યો એકાએક ભાજપમાં જોડાતા કોંગ્રેસમાં રાજકીય ભૂકંપ આવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈછે. જેના પગલે તા.૫ ભાજપ હસ્તગત કરશે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ.મનિષ ફેન્સીનો વિદાય સમારંભ

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા જિલ્લાના પૂર્વ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનિષ ફેન્સીનો ભવ્ય વિદાય કાર્યક્રમ તમામ આરોગ્ય કર્મચારીઓની તથા ડૉ.મનિષ ફેન્સીના પરિવારજનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સાબરકાંઠા જિલ્લામાં લાંબા સમય સુધી ફરજ અદા કરી સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય સેવાઓને જન-જન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરનાર અને તમામ કર્મચારીઓના માર્ગદર્શક બની સતત પ્રેરણા પૂરી પાડનાર ડૉ.મનિષકુમાર ફેન્સીની પાલનપુર ખાતે બદલી થતાં સત્કાર-વિદાય કાર્યક્રમ કાંકણોલ સ્વામીનારાયણ મંદિર સત્સંગ હોલમાં યોજાયો હતો. પ્રમુખ આશિષકુમાર બારોટ અને હોદ્દેદારો દ્વારા ડૉ.ફેન્સીને સન્માનિત કરાયા હતા અને તેમની સેવાઓ, વર્તણૂક જેવા ગુણોની પ્રસંશા કરવામાં આવી હતી. ડૉ.ફેન્સીએ સન્માનના પ્રત્યુતરમાં ખુશી વ્યક્ત કરી ફરજના ભાગરૂપ બની કર્મચારીઓને સેવાની શીખ આપી હતી.

વડોદરામાં વકરી રહેલો રોગચાળોઃ ચેપીરોગ હોસ્પિ.માં કમળાના દર્દીઓ ઊભરાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૩

વડોદરા શહેરમાં રોગચાળો ધીરે-ધીરે વધી રહ્યો છે. કારેલીબાગ સ્થિત ચેપીરોગ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓની સંખ્યા એક મહિનાથી ઘટવાનું નામ ન લઇ વધુ રહી હોવાથી આરોગ્ય તંત્ર દોડતું થયું છે. જ્યારે સારવાર લઇ રહેલા દર્દીઓમાં ૮૦ ટકા દર્દીઓ કમળાના છે.શહેરમાં છેલ્લાં ઘણાં સમયથી દૂષિત પાણી, કિચડ, વરસાદ અને ડ્રેનેજની સમસ્યાના કારણે મચ્છરોના ઉપદ્રવને પગલે રોગચાળો વકરી રહ્યો છે. ખાનગી હોસ્પિટલો સહિત સરકારી હોસ્પિટલોમાં કમળા, ટાઇફોઇડ, ડેન્ગ્યુ જેવા રોગોના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. કારેલીબાગ ખાતે આવેલ ચેપીરોગ દવાખાનામાં ૫૦ ખાટલાની સુવિધા છે. પરંતુ છેલ્લાં એક મહિનાથી ચેપીરોગ હોસ્પિટલમાં દર્દીઓ ઘટવાનું નામ લઇ રહ્યા નથી. આ દર્દીઓ પૈકી ૮૦ ટકા દર્દીઓ કમળાના છે. દૂષિત ખોરાક તથા પાણીથી કમળા ઉપરાંત ટાઇફોઇડથી પીડાતા પણ દર્દીઓ અહીં સારવાર લઇ રહ્યા છે. ઓપીડીમાં પણ રોજના ૧૬૦થી ૧૭૦ જેટલા નવા-જૂના દર્દીઓ સારવાર માટે આવે છે.આ અંગે ચેપીરોગ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.સી.પી. પરીખે જણાવ્યું હતું કે, હાલમાં ઓપીડીમાં જુદા-જુદા વિસ્તારમાં વાયરલ કેસો વધુ જોવા મળી રહ્યા છે. વાયરલ ચેપને પગલે લોકો વધુ બિમાર પડી રહ્યા છે. ૫૦થી વધુ દર્દીઓને દાખલ કરવામાં આવતા નથી. આ અંગે ડૉ.પરીખે જણાવ્યું હતું કે, સ્ટાફની અછત સૌથી મોટું કારણ છે. જો અમે વધુ દર્દીઓ લઇએ અને પૂરતી સુવિધા આપી ના શકીએ તો રાજકીય લોકો અહીં આવીને હોબાળો મચાવે છે.

ડીસા ખાતે સેવા સેતુ કાર્યક્રમ સંપન્ન

ડીસા, તા.૧૩

ડીસા નગરપાલિકા દ્વારા ડીસા નગરપાલિકા સંચાલીત એસ.સી.ડબલ્યુ.હાઈસ્કૂલ ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનોને એક જ સ્થળ પરથી તમામ સરકારી યોજના અંગે સમજણ આપવા ઉપરાંત સરકારી પુરાવા પણ નીકળી આપવામાં આવ્યા હતા. લોકોને એક જ સ્થળે સરળતાથી સરકારી પુરાવા નીકળી જાય તે માટે યોજાયેલા આ કાર્યક્રમનો લાભ પણ મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લીધો હતો.

જમીનો પચાવનારા ત્રણ આરોપી મોંઘી કારમાંથી પિસ્તોલ સાથે ઝડપાયા

સોલા પોલીસે પિસ્તોલ અને કાર્ટીઝ કબજે કરી ત્રણેય આરોપીની ધરપકડ કરી

અમદાવાદ,તા.૧૩

લોકોની જમીન પચાવનારા ત્રણ આરોપીને મોંઘી કાર સાથે સોલા પોલીસે ઝડપી પાડયા છે. જો કે, આરોપીઓ પાસેથી એક પિસ્તોલ પણ કબજે લેવાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરની સોલા પોલીસે પ્રજ્ઞેશ પટેલ, જીતેન્દ્રગીરી ગોસ્વામી અને માલદેવ ભરવાડ નામના ત્રણ શખ્સોને પકડી લીધા હતા. ત્રણેય શખ્સો મર્સિડીઝ કારમાં દારૂ પીતા-પીતા સોલા વિસ્તારમાંથી જતા હતા ત્યારે પોલીસે ત્રણેયને પકડી પાડયા હતા. ત્યાર બાદ તપાસ કરતા આરોપી જીતેન્દ્રગીરી પાસેથી પોલીસને એક પીસ્તોલ અને કાર્ટીઝ મળી આવ્યા હતા.

ત્યારે પોલીસે પીસ્તોલ અને કાર્ટીઝ પણ કબજે કરી તપાસ આદરી હતી. ત્રણેય આરોપીઓ સામે અનેક ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું. આરોપીઓ બિલ્ડીંગ કન્ટ્રકશનની સાથે સાથે જમીન દલાલી સાથે પણ સંકળાયેલા હતા. ઉપરાંત તેઓએ અનેક લોકોની જમીનો પણ પચાવી પાડી હતી અને હત્યાની કોશિશ પણ કરી ચૂકયા છે. સોલા પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી તેમની સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈસનપુરમાં અકસ્માતની હારમાળા : સગીર કારચાલકે અનેક વાહનોને અડફેટે લીધા

સગીર પૂરપાટ ઝડપે કાર ચલાવતો હોવાથી સમગ્ર ઘટના ઘટી : સદ્નસીબે જાનહાનિ ટળી

અમદાવાદ,તા.૧૩

ઘણીવાર માતા-પિતા પોતાના બાળકોની જીદ પૂરી કરવામાં એવું પગલુ ભરી દે છે કે પછી પાછળથી પસ્તાવા સિવાય કશું કરી શકે નહીં. પરંતુ પહેલેથી તકેદારી રાખવામાં આવે તો દુર્ઘટનાથી દૂર રહી શકાય છે. અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં એક સગીર કારચાલકે અનેક વાહનોને અડફેટે લઈને અકસ્માતની હારમાળા સર્જી હતી. જો કે સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થતા સગીર કારને પૂરપાટ ઝડપે લઈને નીકળ્યો હોવાનું લાગી રહ્યું છે. ત્યારે આ સમગ્ર કેસમાં સગીરને કાર ચલાવવા માટે માતા-પિતાએ મંજૂરી આપી હતી કે કેમ ? સહિતના સવાલો ઉઠવા પામ્યા છે.

અમદાવાદ શહેરમાં બપોરના સમયે પૂરપાટ ઝડપે આવી રહેલ સ્વિફ્ટ કારચાલકે ઈસનપુર બસ સ્ટેન્ડથી લઈને ઘોડાસર ચાર રસ્તા સુધીમાં અનેક વાહનો અડફેટે લીધા હતાં. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ ઘટનાના સીસીટીવી ફુટેજ પરથી અંદાજ આવી જાય છે કે, કારની સ્પીડ કેટલી હોઈ શકે છે.

અકસ્માત બાદ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, કાર સગીર ચલાવી રહ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરાતા જ ડિવિઝન ટ્રાફિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી હતી અને કારના રજીસ્ટ્રેશન નંબરના આધારે વધુ તપાસ શરૂ કરી છે. કાર ચલાવનાર સગીરની પૂછપરછ પણ શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે, આ સમગ્ર ઘટનામાં સગીરના વાલીની પણ પૂછપરછ કરવામાં આવશે અને તપાસના અંતે જો તેમની બેદરકારી બહાર આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ સમગ્ર ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાનિ જોવા મળી નથી. પરંતુ સવાલ અહીં એ ઊભો થાય છે કે જો કોઈ વ્યક્તિએ જીવ ગુમાવવાનો વખત આવ્યો હોત તો જવાબદાર કોણ હોત? શા માટે માતા-પિતા સગીર વયના બાળકોને ગાડીની ચાવી આપી દે છે. શું આ માતા પિતાને બીજાના જીવની કોઈ ચિંતા નથી. પોલીસે પણ આ સમગ્ર મામલે સમાજમાં દાખલો બેસે તેવી કડક કાર્યવાહી કરવી જોઈએ. જેથી આવનારા સમયમાં આ પ્રકારના બનાવો બનતા અટકાવી શકાય.

ચોમાસાની વિદાયની ઘડીઓ વચ્ચે રાજ્યમાં ઠંડીએ ધીમા પગલે દસ્તક દીધી

લઘુત્તમ તાપમાનમાં ઘટાડા સાથે મોડી રાત્રે અને વહેલી સવારે હળવી ઠંડીનો અનુભવ

અમદાવાદ, તા.૧૩

દક્ષિણ પશ્ચિમ મોનસુનની આજે ઉત્તર અરેબિયન દરિયાકાંઠાના કેટલાક વધુ વિસ્તારો અને ગુજરાતમાંથી વિદાય છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન હવે પૂર્ણ થઈ રહ્યું છે. બીજી બાજુ ધીમી ગતિથી ઠંડીની શરૂઆત પણ થઈ ચૂકી છે. સવારના ગાળામાં હળવી ઠંડીનો અનુભવ લોકો કરવા લાગી ગયા છે. પશ્ચિમ ભારતના કેટલાક વધુ ભાગોમાંથી દક્ષિણ પશ્ચિમ મોનસુનની વિદાય હવે થશે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હળવા ઝાપટાં પડ્યા છે. બીજી બાજુ હવામાન વિભાગના અંદાજ મુજબ દક્ષિણ ગુજરાતના વલસાડ, દાદરા નગર હવેલીમાં હળવો વરસાદ થઈ શકે છે. અમદાવાદ શહેરમાં સવારના ગાળામાં ઠંડા પવનો ફૂંકાવવાની શરૂઆત થઈ ચૂકી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૫.૪ અને લઘુત્તમ તાપમાન ૨૦.૨ નોંધાયું હતું. મહત્તમ તાપમાન આવતીકાલે ૩૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા દેખાઈ રહી છે. આવનાર દિવસોમાં ઠંડીમાં ધીમી ગતિએ હવે વધુ વધારો થનાર છે અને ગરમ વસ્ત્રબજારમાં તેજી આવનાર છે. ગુજરાતમાં આ વખતે અંદાજ કરતા વધુ વરસાદના કારણે ઘણા વિસ્તારમાં ભારે નુકસાન પણ થયું છે. અમદાવાદ શહેરમાં પણ આ વખતે સતત વરસાદી માહોલ રહ્યો હતો. ગુજરાતમાં ૧૦૦ ટકાથી પણ વધુ વરસાદ મોટાભાગના વિસ્તારોમાં થતાં પાણીની સમસ્યા દૂર થઈ છે પરંતુ મોનસુની વર્તમાન સિઝનમાં આ વખતે ભારે વરસાદ અને પૂર સંબંધિત બનાવોમાં ૧૩૦થી પણ વધુ લોકોનાં મોત થયા હતા. ગુજરાતમાં આ વર્ષે ૧૪૭ ટકા કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે. મોટાભાગના જળાશયો ૧૦૦ ટકા સુધી ભરાયા હોવાની માહિતી સરકાર તરફથી આપવામાં આવી ચૂકી છે.

શહેરના ચાણક્યપુરી વિસ્તારનો બનાવ

સાડી ખરીદવામાં રકઝક થતાં વેપારીએ ગ્રાહક દંપતિને મારમાર્યો

અમદાવાદ, તા.૧૩

શહેરના ચાણક્યપુરી વિસ્તારમાં સાડી ખરીદી કરવા ગયેલા દંપતીને દુકાનદાર દંપતીએ માર માર્યો હોવાનો કિસ્સો બન્યો છે. સાડીઓનું બિલ વધુ થતા ઓછા પૈસા ગ્રાહકે આપતા બોલાચાલી બાદ મારામારી થઈ હતી. સોલા પોલીસે દુકાનદાર દંપતી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઘાટલોડિયાના પ્રીત હોમ્સમાં રહેતા સંતોષ શર્મા તેમની પત્ની મોનિકાને લઈ શનિવારે સાંજે ચાણક્યપુરી ડમરૂ સર્કલ નજીક આવેલી ભાવના સિલેક્શન નામની સાડીની દુકાનમાં ગયા હતા. બે સાડીઓનું ૧૩૦૦ રૂપિયા બિલ થતા સંતોષે ૧૦૦૦માં આપવા કહ્યું હતું. જે માટે દુકાનદારે પોષાતું નથી તેમ કહી ના પાડી અને ટાઈમપાસ કેમ કરો છો તેમ કહ્યું હતું. સંતોષે ભાવ નથી પોષાતો એટલે નથી લેવી કહતા દુકાનદારે ગાળાગાળી કરી માર માર્યો હતો. દુકાનદારની પત્નીએ પણ મોનિકા સાથે ઝપાઝપી કરી હતી. સોલા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ભડિયાદ દરગાહની મુલાકાતે સ્વામીનારાયણ મંદિરના સ્વામી

ભાલના શહેનશાહ અને ભડિયાદના પીર હઝરત મહેમૂદ શાહ બુખારી (રહમતુલ્લાહ અલયહ)ની દરગાહ પર તાજેતરમાં બોલિવુડના સ્ટાર ગોવિંદાએ મુલાકાત લીધી હતી. ત્યારે રવિવારના રોજ અમદાવાદના સ્વામીનારાયણ મંદિરના સ્વામીએ પણ ભડિયાદ દરગાહમાં હાજરી આપી ચાદર પેશ કરી હતી. ત્યાર બાદ દરગાહના ગાદીપતી બાબામિંયા બાપુ સહિતના ખાદીમોએ શાલ ઓઢાડી સ્વામીનું સન્માન કર્યું હતું.

ગીર પંથકમાં યુવાનો દ્વારા દીપડાના બચ્ચાની પજવણીની વીડિયો વાયરલ

બચ્ચાને બોચીથી પકડી ઝાડની વચ્ચે દબાવી પજવણી કરાઈ હતી

અમદાવાદ, તા.૧૩

ગીર પંથકમાં દીપડાના બચ્ચાની પજવણીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી ગઈ છે. વન્ય પ્રાણી અધિનિયમની જોગવાઈઓનો ભંગ કરી અને હાઈકોર્ટના નિર્દેશોના ઉલ્લંઘન થાય તે રીતે આ યુવકોએ મજાકમાં મજાકમાં દીપડાના બચ્ચાઓની પજવણી કરવાનો ગંભીર ગુનો આચરતાં અને આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્ર પણ દોડતું થયું હતું. ખાસ કરીને દીપડાના બચ્ચાઓને બોચીથી પકડી ઝાડ વચ્ચે દબાવી પજવણી કરનાર યુવકો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરાઈ છે તો આ સમગ્ર બનાવને લઈ વન્ય પ્રેમી જનતામાં ઉગ્ર આક્રોશ ફેલાયો હતો અને યુવકો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહીની જોરદાર માગણી ઉઠવા પામી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગીર, અમરેલી સહિતના પંથકોમાં સિંહોની પજવણી અને શિકાર આપી તેઓને હેરાન કરવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા બાદ ભારે ચકચાર મચી હતી અને સમગ્ર મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો, જેમાં ખુદ હાઈકોર્ટે રાજય સરકાર અને સ્થાનિક વનવિભાગ અને તંત્રને મહત્ત્વના નિર્દેશો જારી કર્યા હતા પરંતુ તેમ છતાં ગીર પંથકમાં ફરી એકવાર દીપડાના બચ્ચાને પજવણી કરવાનો કિસ્સો સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આ વીડિયોમાં ચારથી વધુ યુવાનો લાકડી સાથે જોવા મળી રહ્યા છે. જેમાં એક યુવાન દીપડાના બચ્ચાને બોચીથી પકડી ઝાડના થડિયા વચ્ચે દબાવી રહ્યો છે તેમજ યુવાનો હસી મજાક કરી બચ્ચાની પજવણી કરી રહ્યા છે. આ વીડિયોમાં યુવાનો ગુજરાતી બોલી રહ્યા છે અને ઢોર ચરાવતા હોય તેવું જોવા મળી રહ્યું છે. દીપડાનું બચ્ચું પણ ગુસ્સે ભરાયેલું જોવા મળી રહ્યું છે.

ક્રાઈમ ડાયરી

બે કર્મચારીઓએ ફેકટરીના ખર્ચાના નામે રૂા.૧.૪૧ કરોડની છેતરપિંડી

અનિલભાઈ શંકરલાલ પટેલ (ઉ.વ.૬૭, રહે. ઈન્દ્રપ્રસ્થ-૬ સુરધારા બંગલોઝ પાસે, સ્કાય હેરીટેઝ પાછળ, પ્રહલાદનગર ગાર્ડન સામે, સેટેલાઈટ)એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, સને ૨૦૧૪થી ૨૦૧૭ દરમ્યાન પીપળજ અર્જુન વે-બ્રિજ સામે પ્લોટ નં.૩૩૧, ડોકટર ઓકઝીલીરી પ્રાઈવેટ લિમિટેડ નામની ફેકટરી ખાતે આવેલી પોતાની કંપનીમાંથી આરોપી ફેકટરીને લગતી પ્રોડકશન કામગીરી સંભાળતા કિશોરભાઈ શંકરભાઈ પટેલ (રહે. શિવગંગા બંગલોઝ, સેલબી હોસ્પિટલ પાસે, કર્ણાવતી કલબની સામે સેટેલાઈટ) અને ચીફ એકાઉન્ટર જગદીશ શાંતિલાલ પટેલ (રહે. સુર્યવંશી ટાવર, વસ્ત્રાપુર) તથા અન્ય મળતિયાઓએ ભેગા મળી અનિલભાઈની કંપની ઘણા ખર્ચાઓ અને બીલો કોઈપણ આધાર પુરાવા વગર કંપનીના ખાતામાં ખોટી રીતે ઉધારી હતી. તેમજ ફેકટરીમાં ચેડાં કરી પેન્ટા નામનો રો-મટિરીયલ જે કંપનીમાં પ્રોડકટ બનાવવામાં ઉપયોગ થતો ન હોવા છતાં પોતાના અંગત ઉપયોગમાં વાપરી કુલ રૂપિયા ૧,૪૧,૯૮,૪૧૦/-જેટલી રકમ મેળવી લઈ અનિલભાઈ સાથે છેતરપિંડી કરી છે.

મહિલાની સોનાની બોરમાળા તોડી ગઠિયો રફુચક્કર

ચંદ્રાવતીબહેન રમણલાલ પરમાર (ઉ.વ.૬૧, રહે. નૌતમનગર ગણપત સોસાયટી સામે શાહીબાગ) તા.૧૨-૧૦-૧૯ના રોજ શાહીબાગ અમિષેક એસ્ટેટ-૨ સામે આવેલા રોડ ઉપરથી પસાર થતા હતા ત્યારે એકિટવા ઉપર આવેલા અજાણ્યા પુરૂષે ચંદ્રાવતીબહેનના ગળામાંથી સોનાની બોરમાળા કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-મતાની ખેંચી તોડી લઈ નાસી ગયો છે. આ અંગેની ફરિયાદ ચંદ્રાવતીબહેન પરમારએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.

કારનો કાચ તોડી મોબાઈલ અને રોકડની ચોરી

રાજેશભાઈ હરજીવનભાઈ દેત્રોજા (ઉ.વ.૩૩, રહે. પ્રસીલ એપાર્ટમેન્ટ, ગૌતમ સોસાયટી, રવાપર રોડ, મોરબી)એ તા.૧૨-૧૦-૨૦૧૯ બપોરના દરમ્યાન એસ.જી. હાઈવે ગોતા બ્રિજ પાસે આવેલ રોક સ્ટુડિયો નામની પથ્થરની દુકાન આગળ પાર્ક કરેલી પોતાની ટાટા હેક્ષા ગાડીની ખાલી સાઈડના દરવાજાનો કાચ તોડી, કોઈ અજાણી વ્યકિત કારમાંથી એપલ-૬ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૯૦,૦૦૦/-, અને અગત્યના દસ્તાવેજો ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરિયાદ રાજેશભાઈ દેત્રોજાએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.

ટ્રાફિકના નવા નિયમો બાદ પોલીસ સાથે ઘર્ષણના બનાવો વધ્યા

વાહન ટોઈંગ મામલે બે મહિલા અને પોલીસ વચ્ચે ઘર્ષણ

અમદાવાદ, તા.૧૩

કેન્દ્ર સરકારના ટ્રાફિકનાં નવા નિયમો બાદ રાજયની પોલીસ હરકતમાં આવી છે. તો બીજી તરફ રાજયની પોલીસ પર જ હુમલાની ઘટના અથવા તો પોલીસ દ્વારા શહેરીજનો સાથે ઝપાઝપીની ઘટના સામે આવી રહી છે. આવી જ એક ઘટના અમદાવાદનાં પ્રહલાદ નગરમાં સામે આવી છે. જયાં બે યુવતીઓ ટોઈંગ કરેલા પોતાનું વાહન છોડાવા ગઈ હતી ત્યારે પોલીસકર્મીએ તેમને લાફા માર્યા હોવાનો આક્ષેપ થયો છે.

રાજય સરકારનાં નવા ટ્રાફિકના નિયમો બન્યા બાદ રાજયની પોલીસ અને પ્રજા આમને સામને આવી ગઈ હોય તેવી એક બાદ એક ઘટનાઓ સામે આવી રહી છે. પોલીસ પર હુમલો તો ક્યાંક પોલીસ દ્વારા પ્રજા ઉપર હુમલો કરવામાં આવી રહ્યો છે. થોડા દિવસો પહેલા નરોડામાં ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ સાઈડમાં આવી રહેલા બે યુવકોને પકડી મેમો ભરાવી રહી હતી. તે દરમિયાન બંને યુવકોએ પોલીસ સાથે હાથપાઈ અને બંને યુવકોએ પોલીસને મારી નાખવાની ધમકી પણ આપી હતી. ત્યારે હવે પોલીસ દ્વારા પ્રહલાદનગર વિસ્તારમાં બે યુવતીઓ ખરીદી કરવા ગઈ હતી તે દરમિયાન ત્યાં અડચણ રૂપ એક્ટિવા પાર્ક કરેલ હતું જેથી પોલીસે તેને જવાબદારીના ભાગરૂપે ત્યાંથી વાહન ટોઈંગ કરી પ્રહલાદનગર ટોઈંગ સ્ટેશન લઈ ગઈ હતી. તે દરમિયાન બન્ને યુવતીઓ વાહન છોડાવવા માટે ટ્રાફિક બૂથ સુધી ગઈ હતી. જયાં બંને યુવતીઓએ પોલીસને શરૂઆતમાં ત્યાં પડેલ ફોર વ્હીકલ શા માટે ન ઉપાડ્યા તેવું કહી બંને યુવતીઓ આક્રોશમાં આવી પોલીસકર્મી સાથે હાથપાઈ કરી અને બંને આમને સામને આવી ગયા હતા.

બંને યુવતીઓના આક્ષેપ પ્રમાણે પોલીસે બંને યુવતીઓ સાથે હાથપાઈ કરી બિભત્સ વર્તન કર્યું અને ગાળો પણ બોલી. ત્યારે સમગ્ર ઘટનામાં હાલ પોલીસ સામે બંને યુવતીઓ પર આક્ષેપ કરતા જણાવ્યું કે, શરૂઆતમાં બંને યુવતીઓને સમજાવવામાં આવી કે ફોર વ્હીકલ ટોઈંગ કરવાની જવાબદારી અન્ય વિભાગની આવે છે. આ ઉપરાંત આપનું વાહન અડચણ રૂપ હતું. જેથી અમે વાહન ટોઈંગ કર્યું હતું. નિયમો પ્રમાણે ૭૫૦ રૂપિયા દંડ ભરવાનો હતો. આ સાંભળીને બંને યુવતીઓ આવેશમાં આવી ગઈ હતી અને મારી ઉપર એટલે પોલીસ ઉપર હુમલો કર્યો. જેમાં બેઝ અને ટ્રેસ ફાડી નાખ્યો હતો. જોકે, હાલ પોલીસકર્મીએ પણ બંને યુવતીઓ સામે ફરિયાદ નોંધાવવાની તૈયારીઓ દર્શાવી છે.

સમગ્ર ઘટનામાં હાલ પોલીસ અને બંને યુવતીઓ આમને સામને છે. આક્ષેપ પ્રતિ આક્ષેપો પણ થઈ રહ્યા છે ત્યારે હવે પોલીસ સમગ્ર ઘટનામાં બુથની આજુબાજુના સીસીટીવી મેળવી ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરશે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીની વાતો માત્ર કાગળ પર !!

સરદારનગરના દારૂના અડ્ડાઓ પર પોલીસનો જોરદાર હલ્લાબોલ

મહિલા બુટલેગરોએ પોલીસને અપશબ્દો કહેતાં થયો વિખવાદ : મહિલા પોલીસે ૩ બુટલેગરોને પકડ્યા

અમદાવાદ, તા.૧૩

અમદાવાદના સરદારનગરમાં દારૂના અડ્ડાઓ પર પોલીસે આજે અચાનક દરોડા પાડ્યા ત્યારે સ્થાનિક મહિલા બુટલેગરો અને લોકોએ પોલીસ સાથે જોરદાર ઘર્ષણ ઊભું કર્યું હતું. મહિલા બુટલેગરોએ પોલીસને અપશબ્દો અને બિભત્સ ગાળો પણ આપી હતી પરંતુ પોલીસે મહિલા પોલીસ કર્મચારીઓની મદદથી મહિલા બુટલેગરોને પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી અને સબક સમાન કાર્યવાહી કરી હતી તો કૃષ્ણનગર વિસ્તારમાં પણ બુટલેગરોએ મકાનમાં રૂમની દીવાલમાં ચોરખાનું બનાવી તેમાં દારૂ છૂપાવ્યા હોવાનો દરોડા દરમ્યાન પર્દાફાશ થયો હતો. પોલીસે દરોડા દરમ્યાન દેશી દારૂનો મોટો જથ્થો જપ્ત કરી તેનો નાશ કર્યો હતો. રાજય પોલીસવડાની સૂચનાથી શહેરના વિવિધ વિસ્તારોમાં દારૂઓના અડ્ડા પર ડ્રાઈવ થઈ રહી છે. આજે સરદારનગર પોલીસે છારાનગરમાં ૮૦થી વધુ પોલીસ કર્મચારીઓની છ જુદી-જુદી ટીમો મારફતે દારૂને લઈ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન પોલીસ અને સ્થાનિક મહિલાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસની કામગીરીને રોકવાનો કેટલીક સ્થાનિક મહિલા બુટલેગરોએ પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે મહિલા બુટલેગરોએ સ્થાનિક મહિલાઓનો આશરો લઈ પોલીસ પર ગાળાગાળી કરી વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે સખત વલણ અપનાવી મહિલા પોલીસ કર્મચારીઓની મદદથી ઘર્ષણ કરનારી અને પોલીસની કામગીરીમાં રૂકાવટ પેદા કરનારી ત્રણ મહિલાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. સરદારનગરમાં આજે પોલીસની ડ્રાઈવ દરમ્યાન ઘર્ષણના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને સ્થાનિક લોકોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. સમગ્ર ડ્રાઈવ દરમ્યાન પોલીસે દારૂનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો અને તેનો નાશ કર્યો હતો. કેટલાક ઘરોમાં ભૂગર્ભ ટાંકા બનાવી છૂપી રીતે દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાની વાત સામે આવી હતી. ડીજીના હુકમ બાદ સરદારનગરમાં પોલીસે આજે મેગા પ્રોહિબિશનની ડ્રાઈવ ચલાવી હતી. ઉલ્લેખનીય છે કે, સરદારનગર, છારાનગર, કુબેરનગર સહિતના વિસ્તારોમાં પોલીસ દ્વારા વારંવાર દોરડા પાડવામાં આવે છે. પરંતુ પોલીસના ગયા પછી ફરીવાર સરદારનગરમાં દારૂના અડ્ડાઓ ધમધમે છે તેને લઈને ગંભીર સવાલો ઊઠી રહ્યા છે.

ગુનેગારો બેખૌફ : રામોલ બાદ હવે નિકોલમાં આરોપીને પકડવા ગયેલી પોલીસ પર હુમલો

આરોપી પોતાની કારથી પોલીસની ગાડીને ટક્કર મારીને ભાગી ગયો : પોલીસે પીછો કર્યો પણ આરોપી ફરાર

અમદાવાદ,તા.૧૩

રાજયમાં ગુનાનો ગ્રાફ ઊંચે જઈ રહ્યો છે તેની સાથે સાથે ગુનેગારોનો ગુનો કરવાનો આત્મવિશ્વાસ પણ વધી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. અમદાવાદ શહેરમાં જ ગુનેગારો બેફામ બન્યા છે. કેમ કે જે રીતે શહેરમાં પોલીસ પર હુમલાના બનાવો બની રહ્યા છે, તેને જોતા ગુનેગારોને જાણે પોલીસનો ખૌફ જ નથી તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. તાજેતરમાં રામોલમાં બુટલેગરોએ પીએસઆઈ પર હુમલો કર્યાના બનાવની હજુ શાહી સુકાઈ નથી ત્યાં નિકોલમાં આરોપીને પકડવા ગયેલી પોલીસની ગાડીને ટક્કર મારીને આરોપી કાર લઈને ભાગી ગયો હતો. ત્યારે નિકોલ પોલીસે ફરાર આરોપીને પકડવા તપાસ આદરી છે. શહેરના રામોલ પોલીસે સ્ટેશનના પીએસઆઈ અર્જુન ભરવાડ પર બુટલેગરોએ હુમલો કરવાના કેસમાં હજુ આરોપી પકડાયા નથી. ત્યાં હવે નિકોલ પોલીસ એક આરોપીને પકડવા જતા પોલીસની ગાડી સાથે અન્ય ગાડી અથડાવી આરોપી ભાગી ગયો હતો. આરોપીને પકડવા પોલીસે પીછો કર્યો પણ આરોપી પકડાયો ન હતો. જેથી પોલીસે આરોપી સામે હત્યાના પ્રયત્નનો ગુનો નોંધ્યો છે. નિકોલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોર્ડમાં હે.કો. ચંદુભાઈ ફરજ બજાવે છે. થોડા દિવસ પહેલા લૂંટ અને ધમકીની ફરિયાદને પગલે પોલીસ આરોપી વિરાટનગરમાં રહેતા જયસિંગ રાજપૂતને પકડવા ગઈ હતી. જયસિંગના ઘરે પોલીસ પહોંચી તો તે કાર લઈને ફલેટની નીચે ઉભો હતો. જેવી પોલીસની ગાડી જોઈ કે તેણે ગાડી રોંગ સાઈડમાં ભગાવી મુકી હતી. પોલીસે મુબો મારી તેને ઉભો રાખવાનો પ્રયાસ કર્યો પણ તે ઉભો રહ્યો ન હતો. ત્યાં પોલીસની ગાડી સાથે ટક્કર મારી તે ત્યાંથી રોંગ સાઈડમાં જ કાર લઈને ભાગી ગયો હતો. પોલીસે વિરાટનગરથી છેક ઓઢવ બીઆરટીએસ બસ સ્ટેન્ડ સુધી પીછો કર્યો હતો પણ આરોપી પકડાયો ન હતો. આખરે પોલીસે આરોપી જયસિંગ રાજપૂત સામે ગુનો નોંધી આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

સીરિયામાં તુર્કીની સૈન્ય કાર્યવાહી, સીરિયાના મહત્ત્વના સરહદી શહેર રાસ-અલ-ઐન કબજે કર્યાનો તુર્કીનો દાવો

તુર્કી દળો અને તેમના સીરિયન સહયોગી દળોએ સીરિયાના સુલુક શહેરનો વિશાળ ભાગ કબજે કરી લીધો, દાઇશ પરિવારો કેમ્પમાંથી ભાગ્યા, ભીષણ લડાઈને કારણે ૧,૩૦,૦૦૦ લોકોને હિજરત કરવી પડી

તુર્કી સેનાની કાર્યવાહીનો હેતુ સરહદી વિસ્તારોમાંથી કુર્દીશના નેતૃત્ત્વવાળા દળોને હાંકી કાઢવા અને સીરિયાના લાખો શરણાર્થીઓ પાછા ફરી શકે તેના માટે સલામત ઝોન બનાવવાનો : એર્દોગન

(એજન્સી) અંકારા, તા.૧૩

સીરિયામાં કુર્દીશ ઉગ્રવાદીઓ સામે તુર્કીની સૈન્ય કાર્યવાહીની ભારત, ફ્રાન્સ, અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશો દ્વારા ટીકા કરવામાં આવી હોવા છતાં તુર્કી સેનાએ પાંચમા દિવસે પણ સીરિયામાં તેની કાર્યવાહી ચાલુ રાખીને સીરિયાના મહત્વના સરહદી શહેર રાસ-અલ-ઐન કુર્દીશના નેતૃત્વવાળા સીરિયન ડેમોક્રેટિક ફોર્સ (એસડીએફ) પાસેથી છીનવીને તેના પર કબજો જમાવી લીધો છે અને શહેરમાંથી ૧,૩૦,૦૦૦થી વધુ લોકોને હિજરત કરવી પડી હોવાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે. રાસ અલ-ઐન શહેર કબજે કર્યાનો તુર્કી સૈન્ય દ્વારા દાવા કરવામાં આવ્યા બાદ શહેરમાંથી સફેદ ધુમાડા નીકળતા જોવામાં આવ્યા છે. જોકે, એક અહેવાલમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે એસડીએફે રાસ-અલ-ઐન શહેર કબજે કરવાનો દાવો ફગાવી દીધો છે અને જણાવ્યું કે બંને દેળો વચ્ચે ભીષણ યુદ્ધ ચાલુ છે. તુર્કીના લડાયક વિમાનો દ્વારા રાસ-અલ-ઐનમાં ભારે બોમ્બમારો અને ભૂમિદળ દ્વારા ભારે તોપમારો કરવામાં આવ્યો છે. તુર્કી સૈન્ય અને સીરિયાના બળવાખોરો વચ્ચે ભીષણ લડાઈ ચાલુ છે અને ઉત્તરના ઘણા ગામો કબજે

કરાયાના બંને દેળો દ્વારા દાવા કરવામાં આવ્યા છે. તુર્કી દળો અને તેમના સીરિયન સહયોગી દળોએ સીરિયાના ઉત્તરીય શહેર સુલુકનો વિશાળ ભાગ કબજે કરી લીધો છે. સુલુક શહેર તુર્કી અને સીરિયાની સરહદેથી આશરે ૧૦ કિલોમીટર દૂર આવેલું છે. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ ભીષણ લડાઈને કારણે બજારો, સ્કૂલો અને હોસ્પિટલો બંધ થઈ ગઈ છે અને સહાય કરનારી એજન્સીઓએ આશરે પાંચ લાખ લોકોના જીવ સામે ભય હોવાનું લાગે છે. તુર્કી સેનાની કાર્યવાહીનો કુર્દીશ ઉગ્રવાદીઓ દ્વારા ભારે પ્રતિકાર કરવામાં આવી રહ્યો છે અને બંને દેળો વચ્ચે ચાલી રહેલી ભીષણ લડાઈમાં તુર્કી સૈનિકનું મોત થયું હોવાની તુર્કીના સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે. તુર્કીના રાષ્ટ્રપતિ રેસપ તૈયબ એર્દોગને જણાવ્યું કે તુર્કી સેનાની કાર્યવાહીનો હેતુ સરહદી વિસ્તારોમાંથી કુર્દીશના નેતૃત્વવાળા દળોને હાંકી કાઢવા અને સીરિયાના લાખો શરણાર્થીઓ પાછા ફરી શકે તેના માટે સલામત ઝોન બનાવવાનો છે. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રની માનવતાવાદી સંસ્થા ઓસીએચએના પ્રવક્તા જેન્સ લાર્કેએ જણાવ્યું કે તુર્કી સેના અને કુર્દીશ ઉગ્રવાદીઓ વચ્ચેની ભીષણ લડાઈમાં ચાર લાખ લોકો વિસ્થાપિત થઈ શકે છે. આ લોકોને સુરક્ષા અને સહાયની જરૂર પડશે.

ઈરાને સીરિયન કુર્દ, દમાસ્કસ અને તુર્કીને સાથે લાવવાની ઓફર કરી

(એજન્સી) તહેરાન, તા.૧૩

ઈરાનના વિદેશમંત્રીએ સીરિયન કુર્દો તુર્કી, અને દમાસ્કસને સાથે લાવવાની ઓફર કરી છે. બીજી તરફ સીરિયા અને તુર્કી સરહદે સલામતી સ્થાપના પ્રયાસો કરી રહ્યા છે.

ઈરાનના વિદેશમંત્રી જાવેદ ઝરીફે તુર્કી ટીવીને આપેલ મુલાકાતમાં મધ્યસ્થીની ઓફર કરી હતી. તુર્કીના વિમાનોએ ઉત્તર સીરિયામાં કુર્દીશ લડાકુઓ પર ભીષણ બોમ્બ વર્ષા કરી હતી.

તેમણે કહ્યું કે સીરિયન કુર્દોને એકઠા કરવા મદદ માટે ઈરાન તૈયાર છે. જેથી

સીરિયન સેને અને તુર્કી ભેગા મળી સરહદનું રક્ષણ કરી શકે.

તુર્કી સરહદ પર જમા પીપલ્સ પ્રોટેકશન આર્મી(વાયપીજી)ના કુર્દીશ લડાકુઓને નેસ્તનાબૂદ કરવા તુર્કી સેના અને તુર્કીના સમર્થન પણ ઉગ્રવાદી જૂથોએ ઉત્તર-સીરિયામાં મોટા પાયે હવાઈ હુમલા કર્યા હતા.

તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગને કહ્યું કે તેઓ કુર્દીશ ઉગ્રવાદીઓ સામે સૈન્ય કાર્યવાહી નહીં થંભાવે. યુરોપિયન યુનિયન ટેકો નહીં આપે તો લાવો શરણાર્થીઓ યુરોપ તરફ આગળ વધશે.

તુર્કીના હવાઈ હુમલાઓ બાદ ઉત્તર સીરિયામાં ૧,૯૧,૦૦૦ લોકોએ સ્થળાંતર કર્યું હતું. ઈરાનના વિદેશમંત્રી ઝરીફે કહ્યું કે ૨૧ વર્ષ અગાઉ ૧૯૯૮માં તુર્કી અને સીરિયા વચ્ચે ત્રાસવાદના સફાયા માટે એક સહમતિ બની હતી. જેનો અમલ કરવાથી સલામતી વધુ સારી રીતે મેળવી શકાશે. જેમાં ઉલ્લેખ છે કે દમાસકસ સરકાર કુર્દીશ ઉગ્રવાદી જૂથોને સીરિયાની ધરતી પર કોઈ ત્રાસવાદી પ્રવર્તીઓ કરવા નહીં દે. જે તુર્કીની સાર્વભૌમત્વ માટે ખતરારૂપ હોય.

ઈરાકી વડાપ્રધાને ઘાતક પ્રદર્શનો અંગે તપાસના આદેશ આપ્યા

(એજન્સી) બગદાદ, તા.૧૩

આ મહિને ઈરાકના બગદાદમાં થયેલા જીવલેણ પ્રદર્શનો દરમ્યાન ડઝનેક લોકોનાં મોત નિપજ્યા હતા જ્યારે હજારો લોકો ઘાયલ થયા હતા. તેવા સમાચાર સામે આવ્યા હતા. આ પ્રદર્શનો બાદ હવે ઈરાકી વડાપ્રધાન અદેલ અબ્દુલ મહેંદીએ આ અંગે તપાસ સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે.

શનિવારે આપેલા એક નિવેદનમાં અબ્દુલ મહેંદીએ કહ્યું કે આ તપાસ સમિતિ દ્વારા પ્રદર્શનકારીઓનાં મોત માટે જવાબદાર વ્યક્તિ કે અધિકારીને ન્યાયના કઠેરામાં ઊભા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પ્રદર્શનકારીઓ દ્વારા દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા, બેરોજગારી દૂર કરવા અને દેશની કથળતી જતી સ્થિતિમાં સુધારો કરવાની માગણીઓ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું. આ મહિને એક ઓક્ટોબરથી શરૂ થયેલા આ પ્રદર્શનમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૬૫ લોકો મોતને ભેટ્યા છે. તેમ ઈરાકી સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું. નોંધનીય છે કે શુક્રવારે અગ્રણી શિયા ધર્મગુરૂ અલી અલ-સિસ્તાનીએ આરોપ મૂક્યો હતો કે બગદાદમાં થયેલા વિરોધ પ્રદર્શન દરમ્યાન પ્રદર્શનકારીઓ પર જે હુમલાઓ કરવામાં આવ્યા તે માટે અને ત્યાં જે રક્તપાત થયો તે માટે ઈરાકી સરકાર અને સુરક્ષા દળો જવાબદાર છે. તેમણે એવો પણ આરોપ મૂક્યો હતો કે પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાના આદેશ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યા હતા.

અરબ દેશોના વિદેશમંત્રીઓ કૈરોની બેઠકમાં સીરિયામાં તુર્કીની સૈન્ય કાર્યવાહીનો અરબ દેશોએ વિરોધ કર્યો

(એજન્સી) કૈરો, તા.૧૩

સીરિયામાં ફાટી નીકળેલા યુદ્ધની સમીક્ષા કરવા અરબદેશોના વિદેશમંત્રીઓની એક તાકીદથી બેઠક ઈજિપ્તના પાટનગર કૈરોમાં મળી હતી.

તુર્કીએ સીરિયા ઉત્તર સરહદે કુર્દીશ લડાકુઓના કબજાવાળા વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા હતા. તેમજ સીરિયાના તુર્કી ખાતેના શરણાર્થીઓને સલામત પરત મોકઈવાનો માર્ગ મોકળો કરવા પ્રયાસ કર્યો હતો.

સીરિયાનું ૨૦૧૧થી અરબ લીગનું સભ્યપદ રદ કરાયું છે. જ્યારથી સીરિયામાં ગૃહયુદ્ધ ચાલુ થયું. કૈરો ખાતે મળેલ અરબ દેશોના વિદેશમંત્રીઓની બેઠકમાં તુર્કીને તાકિદે સીરિયા પર હુમલા રોકવા અને સીરિયા સાથે સંઘર્ષનો રાજકીય ઉકેલ લાવવા આહવાન કરાયું હતું.

આ બેઠકમાં લેબેનોનના વિદેશમંત્રી ગેબ્રોન બેસીલે કહ્યું કે સીરિયાને પુનઃ અરબલીગનું સભ્યપદ આપવું જોઈએ. બેઠકમાં ઈજિપ્ત, સઉદી અરેબિયા, યુએઈના વિદેશમંત્રીઓએ ભાગ લીધો હતો. કુર્દો દ્વારા સ્વાયત્તાની માગ અંગે તુર્કીના હુમલાની ચર્ચા કરવા અરબલીગની બેઠક યોજાઈ હતી. તુર્કીના હુમલા અરબ રાષ્ટ્રોની સુરક્ષા સામે સીધો ખતરો છે. તુર્કીના હુમલાનો સામનો કરવા તેઓ જરૂરી ઉપાયો અંગે વિચાર કરશે. જેમાં રાજનીતિક અને આર્થિક કાર્યવાહી સામેલ છે. જેમાં સૈનાય સહયોગ પણ સામેલ છે. સીરિયા પર હુમલા બાદ જર્મની-ફ્રાન્સે તુર્કીને હથિયારનો પુરવઠો રોકી દીધો છે.

અરબ લીગે કહ્યું કે તુર્કી કોઈપણ શરત વગર સીરિયાની ભૂમિ પરથી પીછેહઠ કરે.

ઈરાનના નેતાઓ સાથે વાતચીત કરવા વડાપ્રધાન ઈમરાનખાન તહેરાન પહોંચ્યા

(એજન્સી) તહેરાન, તા.૧૩

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાન ઈરાનની એક દિવસની મુલાકાતે રવિવારે પાટનગર તહેરાન પહોંચ્યા હતા. મધ્ય-પૂર્વમાં તણાવની સ્થિતિને હળવી કરવાના પ્રયાસના ભાગરૂપે તેમણે ઈરાનના નેતાઓ સાથે બેઠક યોજી હતી. ઈમરાનખાન સાથે વિદેશ મંત્રી શાહ મહેમુદ કુરેશી તેમજ ઈમરાન ખાનના મદદગાર ઝુલ્ફીકાર બુખારી પણ તહેરાન પહોંચ્યા હતા. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે આ મુલાકાતનો હેતુ આ વિસ્તારમાં શાંતિ અને સલામતી સ્થાપવાનો છે. ઈમરાનખાન ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનાઈને પણ મળશે તેમજ રાષ્ટ્રપતિ રૂહાની સાથે ચર્ચા કરશે. ત્યારબાદ ઈમરાનખાન સઉદી અરેબિયા રવાના થશે. ઈમરાનખાનની આ બીજી ઈરાન યાત્રા છે. ઈમરાન ખાને યુનોની બેઠકમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને સઉદી રાજકુમાર મોહમ્મદ બિન સલમાને તેમને ઈરાન સાથે મધ્યસ્થી માટે જણાવ્યું હતું. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અબ્બાસ મોસાવીએ કહ્યું કે તેમનો દેશ સઉદી અરેબિયા સાથે મધ્યસ્થી કે તેના વગર વાતચીત કરવા તૈયાર છે. પાકિસ્તાનના વિદેશમંત્રી કુરેશીએ કહ્યું કે આ વિસ્તારમાં યુદ્ધ હવે સહી શકાય તેમ નથી. સઉદી અરેબિયા અમારો વ્યૂહાત્મક ભાગીદાર દેશ છે. જ્યારે ઈરાન પાડોશી મિત્ર છે. બંને મુસ્લિમ દેશો વચ્ચે વાતચીત દ્વારા ગેરસમજ દૂર કરી શકાશે.

અવકાશયાત્રી હઝઝા વતનમાં પરત ફરતાં ભવ્ય સ્વાગત કરાયું

(એજન્સી) દુબઈ, તા.૧૩

આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશનમાં પહોંચનારા પ્રથમ અમીરાતી અવકાશયાત્રી બનનાર હઝઝા જ્યારે શનિવારે તેમના દેશમાં પરત ફર્યા હતા. ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજધાનીના એરપોર્ટ પર અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયેદ અલ-નહયાન દ્વારા યુનાઈટેડ અરબ અમીરાતના હઝઝા અલ-મન્સુરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રાજધાનીના એરપોર્ટ પર જ્યારે હઝઝા અલ-મન્સુરી આવ્યા ત્યારે તેમનું અને તેમના સાથી સુલતાન અલ-નેયાદી (કે જેઓએ સહાયક અવકાશયાત્રીની ભૂમિકા ભજવી હતી)નું મહિલાઓ, પુરૂષો અને બાળકો દ્વારા રેડ કાર્પેટ પાથરીને ભવ્ય સ્વાગત કરાયું હતું. જ્યારે તેઓ એરપોર્ટ પર આવ્યા ત્યારે બાળકો આ પ્રથમ અમીરાતી અવકાશયાત્રી તરફ દોડી આવ્યા હતા અને તેમને ભેટીને, શુભેચ્છા પાઠવવાની સાથે ફૂલો પણ આપી રહ્યા હતા. બીજી તરફ તેમના સ્વાગત દરમિયાન પુરૂષોના એક સમૂહ દ્વારા પરંપરાગત યોલા નૃત્ય પણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, મનસુરીનું અવકાશ મિશન ટૂંકા ગાળાનું એટલે કે માત્ર ૮ દિવસનું હતું. તેઓ ૨૫ સપ્ટેમ્બરે અવકાશમાં પહોંચ્યા હતા અને ૩ ઓક્ટોબરે પરત ફર્યા હતા. ત્યારબાદ તેઓ તબીબી તપાસ માટે મોસ્કો ગયા હતા.

ઈઝરાયેલ ટૂંક સમયમાં અલ-અક્સા મસ્જિદમાં યહુદીઓને તેમની પ્રાર્થના કરવાની પરવાનગી આપશે

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૩

ઈઝરાયેલના જાહેર સુરક્ષામંત્રી ગિલાદ એર્દેને શુક્રવારે જણાવ્યું હતું. કે ઈઝરાયેલ અલ-અક્સા મસ્જિદની અંદર યહુદીઓને સ્વતંત્ર રીતે તેમની પ્રાર્થના કરવાની પરવાનગી આપી શકે છે. આ બાબતની શક્યતા વિશે જ્યારે માકોર રિશોને પૂછ્યું ત્યારે એર્દને પુષ્ટી કરી હતી કે મને ખાતરી છે કે આવું ટૂંક સમયમાં જ બનશે, ઈન્શાહઅલ્લાહ. તેમણે ઉમેર્યું કે વર્તમાન સમયમાં જેરૂસલેમમાં જે સ્થિતિ ઊભી થઈ છે, તેને નાબૂદ કરવા માટે

જેરૂસલેમવાસીઓ દ્વારા તેમના સાર્વભૌમત્વને પાછું મેળવવાના અને પોતાના સ્થળો (જમીનો, ખેતરો અને ઘરો) પર પુનઃ કબજો મેળવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે વધુ યહુદીઓ એકજૂથ થઈને ટેમ્પલ માઉન્ટ (પવિત્ર અલ-અક્સા મસ્જિદ)માં જઈને પ્રાર્થના કરવાની પોતાની ઈચ્છાને વ્યક્ત કરશે. ત્યારે અમે ચોક્કસપણે અમારા લક્ષ્ય (અલ-અક્સા મસ્જિદના દ્વાર યહુદીઓ માટે ખુલ્લા મૂકવાનું લક્ષ્ય) સુધી પહોંચી જઈશું. જ્યારે અમે અમારા લક્ષ્ય સુધી પહોંચવા માટે પ્રબળ માગણીઓ કરીશું, ત્યારે ચોક્કસપણે અમને સફળતા મળશે એવી મને આશા છે. એર્દને જણાવ્યું કે જ્યારે અમે આ સ્તરે પહોંચી જઈશું, ત્યારે અમે જેરૂસલેમની ઐતિહાસિક સ્થિતિને બદલવા માટે દબાણ કરીશું કે જેથી ઈઝરાયેલ માટેના આંતરરાષ્ટ્રીય હિતોનું સન્માન કરવામાં આવે.

ગાઝામાં પેલેસ્ટીની પ્રદર્શનકારીઓ પર ઈઝરાયેલી દળોનો હુમલો, ૪૯ ઘાયલ

(એજન્સી) ગાઝા,તા.૧૩

ઘેરાયેલા દરિયાઈ વિસ્તારમાં ઈઝરાયેલના કબજાના વિરોધમાં સાપ્તાહિક વિરોધ પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન દરમ્યાન ઈઝરાયેલી દળોએ ૪૯ પેલેસ્ટીનીઓને ઘાયલ કર્યા હતા તેમ ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

મંત્રાલયના પ્રવક્તા અશરફ અલ-કેદ્રાએ એક ટ્વીટમાં જણાવ્યું કે, પૂર્વીય ગાઝામાં શુક્રવારના વિરોધ પ્રદર્શન દરમ્યાન ઘાયલ થયેલા લોકોમાં ૨૨ બાળકોનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું

કે, ઘાયલ થયેલા લોકોમાંના ૨૧ લોકો ઈઝરાયેલી દળોની જીવતી કારતૂસોથી ઘાયલ થયા હતા. નાકાબંધીથી ઘેરાયેલા ગાઝાપટ્ટીમાં દર શુક્રવારે એ પેલેસ્ટીનીઓ દ્વારા પોતાના વતનમાં પાછા ફરવાની માંગણી કરવા માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવે છે કે, જેઓ ૧૯૪૮માં પેલેસ્ટીન પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હુમલામાં વિસ્થાપિત થયા હતા. ગત શુક્રવારે ગાઝા પટ્ટીમાં સતત ૭૮મા સપ્તાહે આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૩૦ માર્ચ, ૨૦૧૮ના રોજ ધ ગ્રેટ માર્ચ ઓફ રિટર્નના નામે આ સાપ્તાહિક પ્રદર્શનની શરૂઆત થઈ હતી. આ વિરોધ પ્રદર્શન દરમ્યાન પ્રદર્શનકારીઓ પર ઝાયોની સૈનિકોએ કરેલા ગોળીબારમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૦૭ પેલેસ્ટીનીઓ મોતને ભેટ્યા છે, જ્યારે ૧૮,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
સોમવાર ૧૪ ઓક્ટોબર ૨૦૧૯
૧૪ સફર હિજરી ૧૪૪૧
આસો સુદ એકમ સંવત ૨૦૭૫

વિશ્વશાંતિ માટે દુનિયાને અબી એહમદ જેવા નેતાની જરૂર

વિશ્વના પરમાણુ સજ્જ દેશો તેમની મસ્તીમાં મસ્ત રહી સમગ્ર વિશ્વની શાંતિને ગમે ત્યારે મોટો પલિતો ચાંપી શકે છે. એમાં વળી એક-બીજાથી સુપર પાવર રહેવાની જાણે હોડ જામી છે. આવા સંજોગોમાં આર્થિક તેમજ અંદરોઅંદર, પાડોશી દેશો સાથ બાથંબાથી કરતા આફ્રિકન દેશોનો ઈથોપિયાનો એક નરબંકો અબી એહમદ અલીએ તેના પાડોશી દેશ ઈરિટ્રિયા સાથે બે દાયકા જૂના સંઘર્ષનો એમ કહીને અંત આણ્યો કે, 'હથિયાર નહીં વિચાર'થી સંબંધ મજબૂત કરીએ. સરહદના જે વિસ્તાર માટે ઈથોપિયા-ઈરિટ્રિયા વચ્ચે સતત બે દાયકાની લડાઈનો અંત તેઓ શાંતિપૂર્ણ રીતે લાવ્યા. અને જે પ્રદેશ માટે બંને દેશો વચ્ચે સતત ઝઘડો હતો. તે પ્રદેશ અબી એહમદે ઈરિટ્રિયાને આપી દીધો. એમના શાંતિ માટેના આ કદમ માટે જ ૨૦૧૯ નોબેલ શાંતિ પુરસ્કાર નોબેલ સમિતિએ જાહેર કર્યો. જે ડિસેમ્બર ૧૦, ૨૦૧૯ના રોજ તેમને એનાયત કરવામાં આવશે. એમની આ પહેલે આફ્રિકન દેશોની અંદરોઅંદર સશસ્ત્ર લડાઈનું નાળચું શાંતિ તરફ ફેરવી દીધું. એમને મળેલા નોબેલ પીસ પ્રાઈઝથી સમગ્ર આફ્રિકાખંડના સંઘર્ષમાં ઓટ આવશે એ નક્કી. એટલે જ નોબેલ સમિતિ પાસે ૩૦૦ જેટલા નામ જેમાં પર્યાવરણ પ્રેમી એવી ૧૬ વર્ષીય ગ્રેટા થન્બર્ગ પણ હતી. એવી બધી અસાધારણ હસ્તીઓમાંથી અબી એહમદ અલીને નોબેલ શાંતિ પુરસ્કાર આપીને નોબેલ સમિતિએ નોબેલનું સન્માન વધારી દીધું. અબી એહમદ અલીની ઉંમર ફક્ત ૪૩ વર્ષ છે. જોકે તેમની કામકિર્દીમાં તેઓ અન્યાય સામે સશસ્ત્ર લડતથી ઝઝૂમેલા. ફક્ત ૧૦ વર્ષની તેમની રાજકીય કારકિર્દીમાં તેમણે 'હથિયાર નહીં પણ વિચાર' પર જબરદસ્ત કામ કરી સમગ્ર આફ્રિકા ખંડને જ નહીં વિશ્વના સાતે ખંડોના નેતાઓ, પ્રજાઓને ભાઈચારાનો, ભાતૃભાવનો સ્પષ્ટ સંદેશ આપ્યો.

વિશ્વ આજે પરમાણુ હથિયારોની કાતિલાના હરિફાઈમાં જાણે જૂની સામ્રાજ્યવાદી વિચારસરણીમાં ફસાયા હોય તે રીતે જુદી-જુદી ધરીઓ બનાવીને પોતાનું કૌવત બતાવવાનું કામ કરી રહ્યા છે. એનું મુખ્ય કારણ પોતે જ સુપર પાવર છે. એ તો ખરૂં જ પણ સાથે પોતાના હથિયારોનું વેચાણ વધારી આર્થિક લાભ લેવા માટે એક-બીજા દેશોથી દોસ્તી, દુશ્મની કરી રહ્યા છે, કરાવી રહ્યા છે. જેમાં જે દેશો વિપક્ષને માર્ગે પોતાના દેશનું ભલું કરવા આકાશ-પાતાળ એક કરે છે તેમને ઊગતા જ ડામી તેમના દેશને આર્થિક ગુલામ બનાવવાની તક તેઓ છોડતા નથી.

વિશ્વના રાજકીય પ્રવાહો પર જેઓ બારીક નજર લગાવીને બેઠા છે તેમને ખબર છે કે, એક તરફ અમેરિકા અને એના મિત્ર દેશો યુરોપ, ઈઝરાયેલ, જાપાન વગેરે છે. તે બીજી તરફ ચીન અને તેની ધરી, રશિયા, ઉ.કોરિયા. સૌની સાથે, નજીક રહીને વિકાસના પંથ પર કામ કરી રહેલા ભારત, તુર્કી, ઈરાન વગેરે દેશો જેઓ મોટે ભાગે પોતાની રીતે તટસ્થ છે. તેમને પોતાની તરફ ખેંચવાની સંપન્ન દેશો હરિફાઈ કરી રહ્યા છે. બાકી વિશ્વના દેશોને એક બીજા વચ્ચે એવો કોઈ મોટો પ્રશ્ન નથી કે, તેનો વાટાઘાટોના ટેબલ પર બેસીને સૂલઝાવવા કોશિષ કરે તો તરત ઉકલી જાય, પણ ઘણાં દેશોના પ્રશ્નો ન ઉકલે અને સળગતા રહે તેમાં જ સંપન્ન દેશોને રસ હોય છે. એક તો પેલો વિકાસશીલ દેશ પોતાની પડખે રહે અને એમના શસ્ત્રો ખરીદી તેમની તિજોરી તગડી કરે.

એક તરફ સર્વ દેશો વાતો તો શાંતિની કરે છે પણ કોઈ પણ દેશે અબી એહમદ અલીએ જે માનવતાવાદી સાહસિક કદમ ભર્યું તેવું કદમ ભરતાં તેમનો અહમ્ કે પછી જમીન-પ્રદેશ પચાવી પાડવાની ભૂખ તેમને તેમ કરવા દેતી નથી. શસ્ત્રોની ભાષા એટલે વિનાશનો માર્ગ; જ્યારે અબી એહમદ અલીએ પાડોશી દેશ ઈરિટ્રિયા સાથે જે મૈત્રીના દ્વાર ખોલ્યા તે માનવતાવાદી વિચારનું કદમ છે. એટલે જ દુનિયાને આજે 'વિશ્વ શાંતિ' માટે ઈથોપિયાના રાષ્ટ્રધ્યક્ષ જેવા નેતાની જરૂર છે. જે આ સદીનું સૌથી મોટું નજરાણું બની રહેશે.

ધર્મ કોમની સાંકડી સમજના દાયરાથી મુક્ત અને ઝુઝારુ ગાંધીનો એમને (ભાજપને)ખપ નથી

વાત ગાંધીની જ નીકળી છે તો આપણને સમજાઈ રહેવું જોઈતું વાનું એ છે કે હાલ 'ગાંધી ગાંધી' એમ ગાઈવગાડીને બોલવા સિવાય કોઈ વિકલ્પ નથી એવી વ્યૂહાત્મક સમજ સાથે સત્તામંડળી આગળ વધી રહી છે. પણ એમણે જે ગાંધીને આગળ કર્યા છે તે એક પ્રકારના સાફસૂતરા (કહો કે સૂતકમાં રાખેલા સેનિટાઈઝડ) ગાંધી છે.

હજુ તો એ કૌતુક અને અચરજને બેચાર દા'ડા જ માંડ થયા હશે જ્યારે લાગેલું કે સત્તાપ્રતિષ્ઠાને સહસા ડહાપણની દાઢ ફૂટવામાં છે : મુજફ્ફરપુર પોલીસે મણિરત્નમ, શ્યામ બેનેગલ, અનુરાગ કશ્યપ, અપર્ણા સેન, શુભા મુદ્ગલ અને રામચંદ્ર ગુહા આદિ પ્રતિભાવંત શખ્સિયતો પરથી રાજદ્રોહના આરોપસરની ફરિયાદ પડતી મૂકી અને વધુમાં કહ્યું કે આ ફરિયાદ મૂળ કશીક મેલી મુરાદવશ અને તશકરી હતી. ખરૂં જોતાં આ પ્રતિભાવંતોએ વડાપ્રધાન જોગ પત્રમાં કહી કહીને કહ્યું'તું તો એટલું જ કે 'જય શ્રી રામ'નું સૂત્ર સહજ ધાર્મિકતાને વટીને મોબ લિંચિંગના રાહે એક યુદ્ધોન્માદી નારો બની ગયું છે. જાહેર ટીકાટિપ્પણીના લોકશાહી ધારાધોરણની ચોખૂટમાં રહીને લખાયેલો આ પત્ર હતો, અને એને 'રાજદ્રોહ'માં ખતવવાનું કોઈ જ કારણ નહોતું.

પણ ડહાપણની દાઢ ફૂટી રહ્યાનું લાગે અને કશીક વિધાયક વ્યામોહ વ્યાપવા લાગે એ પહેલાં જ (અલબત્ત નાગરિક સદ્ભાગ્યે) ભડાકાભેર એ સમાચાર બહાર આવ્યા કે વર્ધાસ્થિત આંતરરાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયે ત્રણ દલિત અને ત્રણ ઓબીસી છાત્રોને ખાસ તારવીને ખારિજ કર્યા છે. (આશરે સોએક છાત્રો ધરણા પર બેઠા હતા.) એમની માગણી અને લાગણી સામાન્યપણે જેને લિંચિંગ વિરોધી કહીએ તે પ્રકારની એટલે કે માનવીય ધારાધોરણો માટેની હતી. આ કેસમાં યુનિ. સત્તાવાળાઓએ જાદુપેટીમાં કાઢેલો મુદ્દો એ છે કે વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ હોય ત્યારે અપેક્ષિત સંહિતાનો આ ભંગ છે. ભાઈ, તમે વિધિવત નોટિસ આપી શક્યા હોત, ન્યાયિક પ્રક્રિયા યથાક્રમ ચાલી હોત, ખરાઈને ધોરણે બેઉ પક્ષે ન્યાય કે અન્યાય પુરવાર થઈ શક્યા હોત... પણ પરવારા રદબાતલને ખારિજ ? સંઘમાન્ય નવી નિમણૂકો વાસ્તે પ્રોબેશન તબક્કેથી કન્ફર્મેશન તબક્કા સારૂં આવી કોઈ વિશેષ જરૂરત હશે ? ન જાને.

પાછા 'રાજદ્રોહ'ના મુદ્દા પર જઈશું જરી ? આ પ્રકારના સાંસ્થાનિક કાયદાકાનૂન (અને એવી જ માનસિકતા)થી રાજવટને રોડવવાનું વલણ જેઓ કટોકટી સામે લક્ષાનું ગૌરવ લે છે એમને કેમ ફાવતું આવતું હશે ? ગાંધી સામે શતાબ્દીના સત્તાવાળા શોરમાં ક્યાંયે ડૂબી જતું ગાંધીવિધાને તો એ છે કે ઈન્ડિયન પીનલકોડની કલમ ૧૨૪એ (રાજદ્રોહ) તો નાગરિકની સ્વાધિનતાને દાબવા સારૂં થયેલી, જોગવાઈઓમાં સૌથી મોખરે છે. બીજી પાસ, હજુ જુલાઈ ૨૦૧૯માં જ ગૃહરાજ્યમંત્રી નિત્યાનંદ રાવે કહ્યું છે કે ૧૨૪ એને પડતી મૂકવા માટેની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી, કેમ કે રાષ્ટ્રવિરોધી, ભાગલાવાદી અને આતંકવાદી તત્ત્વો સામે અસરકારક કારવાઈ માટે આવી જોગવાઈ જરૂરી છે.

હશે, ભાઈ, મુઝફ્ફરપુર પંથકમાં સિરિયલ લિટિગન્ટ તરીકે સુપ્રતિષ્ઠ (ઉર્ફે નામીચા) ધારાશાસ્ત્રી સુધીર ઓઝાએ તો ફરિયાદ નોંધાવતા નોંધાવી, પણ પ્રતિભાવંતોના પત્રમાં કોઈ રાષ્ટ્રવિરોધી કે ભાગલાવાદી અગર તો આતંકવાદી હિમાયત નહોતી એ પાયાનો મુદ્દો પોલીસ સ્તરે વિચારવા લાયક જણાયો જ નહીં. એ કહીશું. સર્વોચ્ચ અદાલતે 'રાજદ્રોહ'ની આરોપશ્રેણી (સિવાય કે તે સીધી હિંસક સંડોવણી સાથે હોય) ગ્રાહ્ય નહીં રાખવાની અને લોકશાહી ધારાધોરણોની મર્યાદામાં એક ટિપ્પણી તરીકે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના ખાનામાં ખતવવાની જે ભૂમિકા આ વર્ષોમાં લીધી છે એની સન્માન્ય સ્થાનિક જજને લગરીકે સુધબુધ ન હોય એ ચોક્કસ જ ચિંતા જગવે છે.

આ પ્રક્રિયા એક લોશાહી રાજવટ અને સમાજને નાતે આપણને કઈ દિશામાં કિયે છેડે લઈ જઈ શકે છે. એના ઓસાણ હોવા જરૂરી છે. સ્થાનિક પોલીસ અને સ્થાનિક ન્યાયધીશોનો આ રવૈયો ચાલુ રહ્યો'તો ક્રમે ક્રમે પ્રજામાનસમાંથી સમગ્ર તંત્ર અને એકંદર રાજવટ અંગેની સ્વીકૃતિ (લેજિટિમસી) ખડી પડશે. ૧૯૪૭ અને ૧૯૭૭ (હા ૧૯૭૭)ની કમાણી ખોઈ બેસીએ એવી આ પ્રક્રિયાને વળી જો વિચારાધારાકીય વાત અને આમળો ચઢતા રહેશે. અને એવું નથી થઈ રહ્યું એવું તો નથી. એ સંજોગોમાં જેનું કાયદાનું શાસન કહેવાય છે તે લુપ્તપ્રાય થઈ જશે.

તવલીનસિંહ જેવા અન્યથા મોદી નેતૃત્વના ચાહક પણ જે વાતે ચિંતિત છે તે વિચારધારાકીય મૂઢગ્રાહવશ કાયદાના શાસન સાથેની હરકત અને એથી અમાનુષ અત્યાચારોને મળી રહેતી પનાહનો મુદ્દો છે. સાર્ધ શતાબ્દીના શોર વચ્ચે ન્યુસવીક પાકિસ્તાન'ના કનસલ્ટિંગ ઓડિટર ખાલેદ અહમદે એક મુદ્દો સરસ કીધો છે કે ભાગલાના જવરથી ગ્રસ્ત માનસિકતામાંથી બહાર આવી રહેલા મુસ્લિમોનો એક મોટો વર્ગ ગાંધીને આજે એક શહીદ રૂપે જોઈ રહ્યા છે, એક એવી શખ્સિયતરૂપે જેને હજુ બાકી ઈનિંગ્ઝ રમવા મળી હોત તો આઝાદ હિંદને અત્યારે જે પાકિસ્તાન પ્રકારના ગોથાનો અનુભવ થઈ રહ્યો છે. એમાંથી ઉગારી ઉપખંડ આખામાં શાંતિ અને સૌહાર્દ (એન એથી સહભાગી સમૃદ્ધિ)નો પથ પ્રશસ્ત કરત.

વાત ગાંધીની જ નીકળી છે તો આપણને સમજાઈ રહેવું જોઈતું વાનું એ છે કે હાલ 'ગાંધી ગાંધી' એમ ગાઈવગાડીને બોલવા સિવાય કોઈ વિકલ્પ નથી એવી વ્યૂહાત્મક સમજ સાથે સત્તામંડળી આગળ વધી રહી છે. પણ એમણે જે ગાંધીને આગળ કર્યા છે તે એક પ્રકારના સાફસૂતરા (કહો કે સૂતકમાં રાખેલા સેનિટાઈઝડ ગાંધી છે. ધર્મકોમની સાંકડી સમજના દાયરાથી મુક્ત અને ઝુઝારુ ગાંધીનો એમને ખપ નથી. ઈસ્લામ, ખ્રિસ્તી સૌનો સમીક્ષક અને ચાહક એક શ્રદ્ધાળુ હિન્દુ પણ જીર્ણમતિ શાસ્ત્રોનો એવો જ ઉત્કટ ટીકાકાર આવી ન ભૂતો ન ભવિષ્યતિ શખ્સિયત અને ભાજપ બ્રાન્ડ રાષ્ટ્રવાદ વચ્ચે મેળ નથી તે નથી.

દરમ્યાન નીતિશકુમારની પોલીસને સુદ્ધા ભૂલસુધારમાં જે વિલંબ થયો તે લક્ષમાં લઈ એનડીએના બિનભાજપી સાથીઓએ કશોક પુનર્વિચાર કરવો જોઈએ એટલું ચોક્કસ કહેવું રહે છે.

prakash.nireekshak.@gmail.com

મુઝફ્ફરપુરના માનનીય મેજિસ્ટ્રેટ તિવારીજીએ FIRને પરવારી ગ્રાહ્ય રાખી, એને વિશે શું કહીશું. સર્વોચ્ચ અદાલતે 'રાજદ્રોહ'ની આરોપશ્રેણી (સિવાય કે તે સીધી હિંસક સંડોવણી સાથે હોય) ગ્રાહ્ય નહીં રાખવાની અને લોકશાહી ધારાધોરણોની મર્યાદામાં એક ટિપ્પણી તરીકે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના ખાનામાં ખતવવાની જે ભૂમિકા આ વર્ષોમાં લીધી છે એની સન્માન્ય સ્થાનિક જજને લગરીકે સુધબુધ ન હોય એ ચોક્કસ જ ચિંતા જગવે છે.

પરિપેક્ષ્ય

- પ્રકાશ ન.શાહ

અમે સ્વતંત્રતા માટે લડીશું, દેશને અંધકારયુગમાં ઉતરવા દઈશું નહીં

નેશનલ હેરાલ્ડ સ્વતંત્રતા, વ્યક્તિગત આઝાદી અને અસંમતિના અધિકાર માટે પ્રતિબદ્ધ છે. અમે ૪૫ સાંસ્કૃતિક હસ્તીઓ કે જેમણે વડાપ્રધાનને ખુલ્લો પત્ર લખ્યો હતો તેમને દેશદ્રોહી અને દેશ વિરોધી તરીકે વર્ણવવાના પ્રયત્નોને વખોડી કાઢીએ છીએ.

શું આપણે એક રાષ્ટ્ર તરીકે અંધકારયુગમાં આગળ વધી રહ્યા છીએ ? જો નહીં તો આખા દેશમાં વાયરસની જેમ ફેલાયેલા નફરતના ગુનાઓ વિરૂદ્ધ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા ખુલ્લા પત્રને કારણે આ લોકો પર લગાવેલા રાજદ્રોહના આરોપનો કેસ કોર્ટે કેવી રીતે સ્વીકારી લીધો ? સુપ્રીમ કોર્ટે નિયમ મૂક્યો છે કે ફક્ત દેશ વિરૂદ્ધ હિંસા માટેની ઉશ્કેરણીને જ રાજદ્રોહ ગણી શકાય તેમ છતાં.

હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટ તરફથી નિંદા કે નામંજૂર જેવો શબ્દ પણ નથી ઉચ્ચારાયો, પરંતુ સરકારના એકેય વ્યક્તિએ એક વકીલની ફરિયાદને આધારે મુઝફ્ફરપુરની કોર્ટે લીધેલા વાહિયાત સ્ટેન્ડ માટે જાહેરમાં આલોચના કરી નથી. કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે શાસકપક્ષ અને સરકારને આ મામલાથી દૂર કર્યા અને કહ્યું કે કોર્ટની કાર્યવાહી સાથે તેમને કોઈ લેવાદેવા નથી. તકનિકી રીતે યોગ્ય છે. પરંતુ જે પક્ષ અને સરકાર રામજન્મભૂમિ વિશે સુપ્રીમકોર્ટ ઉપર ટિપ્પણી કરવા અને ચેતવણી આપતા બે વખત વિચાર પણ નથી કરતા તેઓ આ મામલા માટે એક સંદેશ પહોંચાડવા અવાજ પણ ઉઠાવતા નથી ?

કોઈને પણ શંકા જશે કે રવિવારે દશેરાના સંબોધનમાં આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના મનમાં આ ખુલ્લા પત્રનો વિચાર હશે, જ્યારે એમણે એવા લોકો સામે આંખ લાલ કરી જેઓ તેમના મતે પશ્ચિમી શબ્દાવલી લિંચિંગનો ઉપયોગ ભારતને બદનામ કરવા કરે છે. તેમના સરખામણી વિહિન શાણપણ દ્વારા તેઓ અદાલતની કાર્યવાહીને મંજૂરી આપતા દેખાઈ રહ્યા હતા અને સૂચવ્યું કે ખુલ્લો પત્ર લખવાનું કૃત્ય એક રીતે 'દેશદ્રોહી' હતું.

પરંતુ ખુલ્લા પત્રમાં શું હતું ? તેમાં લખ્યું છે કે અમે શાંતિચાહક અને ગૌરવપૂર્ણ ભારતીય તરીકે આપણા દેશમાં હાલના સમયમાં બનતી અનેક દુ:ખદ ઘટનાઓ વિશે ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ. અને તેમણે માંગ કરી કે ૧) મુસ્લિમ, દલિતો અને બીજી લઘુમતીઓનું લિંચિંગ તરત બંધ થવું જોઈએ. ૨) અસંમતિ વિના લોકશાહી નથી. સરકાર સાથે મતભેદ હોવાને કારણે લોકોને દેશવિરોધી અથવા અર્બન નક્સલ તરીકે ઓળખાવા જોઈએ નહીં અને અટકાયતમાં રાખવા જોઈએ નહીં. માત્ર એક જંગલી અને બેજવાબદાર કલ્પના દ્વારા આ માગણીઓને દેશ વિરૂદ્ધનો ગુનો માનવામાં આવી શકે ? ગૌરવપૂર્ણ ભારતીયો તરીકે તેઓએ માત્ર ધ્યાન દોર્યું હતું કે બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાકમાં, લઘુમતીઓ અને દલિતો સામે ભેદભાવ ન રાખવો જોઈએ અને સરકાર સામે અસંમતિને રાજદ્રોહ માનવામાં ન આવે. શું આ બંને માગણીઓ સાથે ખુલ્લો પત્ર લખવાથી તેમની ધરપકડ કરાશે ? જો હા, તો આ લોકશાહી ધોરણોની મૂળભૂત વિધિઓની વિરૂદ્ધ નથી ? લોકશાહી જે તે સમયની સરકાર સામે નારાજ થવાની અને ટીકા કરવાના નાગરિકોના અધિકારને સ્વીકારે છે.

દૃષ્ટિકોણ

- ઝફર આગા

કિસે, વકીલ કહે, કિસ સે મુનસીફી ચાહેં,
તુમ્હી વકીલ, તુમ હી મુદ્દઈ, તુમ્હી મુનસીફ
(આપણે કોને વકીલ કહીએ, કોના દ્વારા ન્યાય મેળવીએ/ તમે જ વકીલ છો, તમે જ ફરિયાદી અને તમે જ જજ પણ)

ફૈઝે ૧૯૬૦ના દાયકામાં પાકિસ્તાની ન્યાયતંત્રના સંદર્ભમાં આ લાઈનો લખી હતી. આ ભારતીય ન્યાયતંત્રને ૨૦૧૯માં વિચિત્ર રીતે લાગુ પડે છે એવું લાગે છે. આપણને વધુને વધુ પાકિસ્તાન જેવું લાગે છે.

લોકશાહીને આ દિવસોમાં નેવે મૂકી દેવાઈ છે. મોબલિંચિંગના કેસોના આરોપીઓને કેન્દ્રીય મંત્રીઓ દ્વારા હાર પહેરાવવામાં આવે છે અને તેઓ પોલીસના રક્ષણનો આનંદ માણે છે. જ્યારે જે લોકો સંવાદિતાની વાત કરે છે, ટોળાની હિંસાનો અંત લાવવા પ્રયાસ કરે છે, તેમના પર રાજદ્રોહનો આરોપ છે.

સંદેશ મોટેથી અને સ્પષ્ટ રીતે મોકલવામાં આવે છે કે તે એ છે કે કૃપા કરીને, પ્રશ્નો પૂછશો નહીં કારણ કે જો તમે પૂછશો, તો તમને પણ ધરપકડનું વોરંટ મળી શકે છે.

પરંતુ આ સમય સત્ય અને ન્યાય માટે ઊભા રહેવાનો અને લોકશાહીને બચાવવાનો છે. કારણ કે જો આપણે હમણાં નહીં બોલીએ તો આપણને હિટલરના સમયના જર્મનો જેવું ભાગ્ય મળશે. હિટલરના જર્મનીમાં લખાયેલી એ પ્રખ્યાત લાઈનો યાદ કરો. પહેલા તેઓ યહુદીઓ માટે આવ્યા અને હું ચૂપ રહ્યો. પછી તેઓ ટ્રેડ યુનિયનિષ્ટ માટે આવ્યા, હું ચૂપ રહ્યો, પછી તેઓ સામ્યવાદીઓ માટે આવ્યા, અને ચૂક રહ્યો. જ્યારે તેઓ મારા માટે આવ્યા તો મારા માટે બોલવાવાળું કોઈ ન હતું.

તેથી નેશનલ હેરાલ્ડમાં અમે લિચંગ અને ટોળાની હિંસાના પીડિતો માટે ન્યાયની માંગ સાથે વડાપ્રધાનને પત્ર લખનારા લોકોના સમર્થનમાં ઊભા છીએ, જેઓ અસંમતિ વ્યક્ત કરવામાં માનેછેઅનેસરકારની વિરૂદ્ધ હિંમત કરેછે. અમારા સ્થાપક જવાહરલાલ નહેરૂએ પ્રખ્યાતપણે કહ્યું હતું કે સ્વતંત્રતા જોખમમાં મુકાઈ છે તમારી પાસેની બધી શક્તિથી તેનો બચાવ કરો.

આ અમારૂં સૂત્ર રહેશે અને મથાળા પર લખાયેલું રહેશે. સ્વતંત્રતા, ખરેખર પ્રવર્તમાન સંજોગોમાં જોખમમાં છે. આપણે આપણી તમામ શક્તિઓ દ્વારા તેનો બચાવ કરવો જોઈએ.(સૌ.: નેશનલ હેરાલ્ડ)

શા માટે ઈલેક્શન કમિશન 'અધિકૃત' ૨૦૧૯ના લોકસભાના પરિણામો જાહેર કરતું નથી ?

ઈલેક્શન કમિશન ધ ક્વિંટના રિપોર્ટ બાદ મેળ ન ખાતા આંકડાઓને બદલે છે.

જો તમે ભારતના ઈલેક્શન કમિશનની વેબસાઈટ પર લોકસભાની ચૂંટણીમાં મતદાન કરેલા મતની સંખ્યાનો "પ્રમાણિત ડેટા" શોધશો તો પણ તમને તે મળશે નહીં !

જોતમેઈલેક્શન કમિશનની વેબસાઈટ પર, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ગણાયેલા મતોની સંખ્યાનો પ્રમાણિત ડેટા શોધશો, તો ફરી એકવાર તમને તે મળશે નહીં !

શા માટે ?

કારણ કે પરિણામ જાહેર થયાના ચાર મહિના પછી પણ, ઈલેક્શન કમિશન હજીપણ તેની વેબસાઈટ પરની માહિતી અને ડેટાને 'કામચલાઉ' ગણાવે છે.

ઠીક છે, હવે તમે પૂછી શકો છો કે 'કામચલાઉ' અને 'પ્રમાણિત' ડેટા વચ્ચે શું તફાવત છે, અને તે શા માટે મહત્વપૂર્ણ છે ?

જવાબ સરળ છે. ઈલેક્શન કમિશન દ્વારા મત ગણતરીના દિવસે દરેક મતદાર ક્ષેત્રના પરિણામો આવતાની સાથે જ જાહેર કરવામાં આવે છે.

૨૦૧૯માં, ૨૩ મેના અંત સુધીમાં, ૩૦૩ લોકસભા બેઠકો પર ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ને વિજેતા જાહેર કરવામાં આવી હતી. જોકે, તે દિવસે, ઈલેક્શન કમિશનની વેબસાઈટ પર, દેશભરના લાખો ઈવીએમ દ્વારા નોંધાયેલા તમામ મતદાન ડેટાને હજી પણ 'કામચલાઉ' માનવામાં આવે છે.

આગામી થોડા દિવસોમાં, ઈલેક્શન કમિશન તેના તમામ ચૂંટણી ડેટાને ફરીથી ચેક કરવાની નિર્ણાયક પ્રક્રિયાને અનુસરે છે, અને એકવાર તેની ખાતરી થઈ જાય કે તેમાં કોઈ ભૂલો નથી, તો તે તેની વેબસાઈટ પર ચૂંટણીના ડેટાને 'પ્રમાણિત' જાહેર કરે છે.

પરંતુ ૨૦૧૯ની ચૂંટણીના કિસ્સામાં, હજી સુધી આવું બન્યું નથી, અને અમે, ધ ક્વિન્ટ, આશ્ચર્ય પામીએ છીએ કે શા માટે.

મતદાન ડેટાને પ્રમાણભૂત કરવાની ઈલેક્શન કમિશનની પ્રક્રિયા

૧ જૂન ૨૦૧૯ના રોજ જારી થયેલા એક પ્રેસ રીલીઝમાં, ચૂંટણીપંચે સમજાવ્યું હતું કે દરેક લોકસભા મતદાર ક્ષેત્ર માટે મતદારના મતદાનનું આખરી વિવરણ આપતું એક 'ઈન્ડેક્સકાર્ડ' રીટર્નિંગ અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવે છે.

પ્રશ્નાર્થ

એક વાર બધા રીટર્નિંગ અધિકારીઓ પાસેથી ઈલેક્શન કમિશનને ઈન્ડેક્સ કાર્ડ્સ મળી જાયપછી, એનું સંકલન કરીને, ચકાસવામાં આવે છે, અને ચૂંટણી પરિણામનો અંતિમ પ્રમાણિત ડેટા જાહેર કરવામાં આવે છે.

ઈલેક્શન કમિશને ઉમેર્યું કે, બધા રીટર્નિંગ અધિકારીઓને ગણતરીના દિવસ પછી ૧૫ દિવસની અંદર તેમના ઈન્ડેક્સ કાર્ડો સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. ૨૩ મેના રોજ પરિણામ જાહેર થયા ત્યારથી, ઈલેક્શન કમિશને ૧૦ જૂન સુધીમાં આ બધા ઈન્ડેક્સ કાર્ડ્સ મેળવી લેવા જોઈતા હતા.

તેના ૧લી જૂનના પ્રેસ રીલીઝમાં, ઈલેક્શન કમિશને એમ પણ કહ્યું હતું કે પ્રમાણિત ડેટા બેથી ત્રણ મહિનામાં રિલીઝ થશે. પરંતુ ચાર મહિના પછી પણ, હજુ થયા નથી.

પ્રસંગવશાત, ચૂંટણી કમિશનની ૧લી જૂનની પ્રેસ રિલીઝને સ્વૈચ્છાએ પ્રકાશિત કરવામાં આવી ન હતી.

હકીકતમાં, તે ૩૧ મેના રોજ ધ ક્વિન્ટ દ્વારા પ્રકાશિત એક લેખનો જવાબ હતો જેમાં ૩૭૦થી વધુ લોકસભા મત ક્ષેત્રોમાં ઈલેક્શન કમિશનની વેબસાઈટ પર ગણવામાં આવેલા અને ઈવીએમના મતોની મતદાન ગણતરીમાં તફાવત હોવાનું બહાર આવ્યું - જેમાં ૨૨૦ મતક્ષેત્રોમાં વધારાના મતની ગણતરી કરવામાં આવી હતી અને બાકીમાં, ઓછા મતો નોંધવામાં આવ્યા હતા.

ઈલેક્શન કમિશને પોતાની પ્રેસ રીલીઝમાં સમજાવ્યું કે "આ બધા આંકડા કામચલાઉ છે, ડેટા અંદાજિત છે અને બદલાવને પાત્ર છે."

અને તે પછી, રહસ્યમય રીતે, થોડા દિવસો પછી, બધા મેળ ન ખાતા આંકડાઓ અદ્રશ્ય થઈ ગયા... અને મેળ ખાતા આંકડાઓ તેમની જગ્યાએ અપલોડ કરવામાં આવ્યા હતા.

જો ધ ક્વિન્ટે ૩૦ મેના રોજ મેળ ન ખાતા જે આંકડાઓ જોયા હતા તે કામચલાઉ ડેટાનો ભાગ હતો, તો શું ઈલેક્શન કમિશનની વેબસાઈટ પર ૧ જૂનના રોજ મુકાયેલા મેળ ખાતા આંકડાઓ પ્રમાણિત છે ?

જો હા હોય, તો શા માટે ઈલેક્શન કમિશન હજુ સુધી આ આંકડાઓને "કામચલાઉ" ડેટા તરીકે વર્ણવતું હતું ? આ પણ અન્ય ઘણા પ્રશ્નો ઉઠાવે છે:

- ઈલેક્શનકમિશન શા માટે માત્ર રાજ્ય મુજબના મતદાનનો ડેટા પ્રદાન કરી રહ્યું છે અને મતદાર ક્ષેત્ર મુજબના મતદાન ડેટા કેમ નથી આપતું ?
- અને ૩૭૦થી વધુ મતદાર ક્ષેત્રોમાં મેળ ખાતા ન હોય તેવા ડેટા પાછળનું કારણ શું હતું ? આપણી ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા સાથે જોડાયેલા તમામ ગંભીર પ્રશ્નો છે.
- તેથી, આપણે ફરીથી પૂછી એ કે, ઈલેક્શન કમિશને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના અંતિમ પરિણામો તેની વેબસાઈટ પર કેમ અપલોડ કર્યા નથી ? કઈ વસ્તુ રોકે છે ?
- વિશ્વની સૌથી મોટી લોકશાહીના લોકોને અધિકૃત ચૂંટણી પરિણામોથી શા માટે વંચિત રાખ્યા છે ?
- તેફક્ત 'સરકારી' તુમારશાહી છે, અથવા તેનાથી વધુ છે ?

ધ ક્વિન્ટે ઈલેક્શન કમિશનને આ બધા પ્રશ્નો પૂછ્યા છે - પરંતુ હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી.

(સૌ. ધ ક્વિન્ટ.કોમ)

સંસ્કાર સૌરભ

તમે તમારા સગા સંબંધીઓથી અળગા રહેશો નહિ. (હદીસ બોધ)

બોધ વચન

નવા મિત્ર અને જૂના દુશ્મનથી હંમેશા સાવધ રહેવું. -કબીર

આજની આરસી

૧૪ ઓક્ટોબર સોમવાર ૨૦૧૯	
૧૪ સફર હિજરી	૧૪૪૧
આસો સુદ એકમ સંવત	૨૦૭૫
સુબ્હ સાદિક	૫-૨૧
ખત્મે ઝવાલ	૧૨-૨૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય)	૬-૩૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૬-૧૬

ગુદગુદિયું

ટીચર : મન્કીનો સ્પેલિંગ બોલ.
સ્ટુડન્ટ : Monkae
ટીચર : ચોપડીમાંથી જોઈને બોલ્યો ?
સ્ટુડન્ટ : ના તમારી સામે જોઈને બોલ્યો....
(બન્ને જવાબો સાચા હોવા છતાં ટીચરે તેને આખો પિરિયડ ઊભો રાખ્યો)

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

બીજી ઈનિંગ્સમાં દ.આફ્રિકા ૧૮૯એ ઓલઆઉટ, ઉમેશ યાદવ-જાડેજાની ત્રણ-ત્રણ વિકેટ

ભારતે બીજી ટેસ્ટમાં દ.આફ્રિકાને એક ઈનિંગ અને ૧૩૭ રનથી હરાવી સિરીઝ જીતી

બેવડી સદી ફટકારનાર કોહલી મેન ઓફ ધ મેચ, ઘર આંગણે સતત ૧૧ ટેસ્ટ શ્રેણી જીતવાનો વર્લ્ડ રેકોર્ડ, ૨૦૧૨ બાદ ભારત એકપણ ટેસ્ટ શ્રેણી નથી હાર્યું, ત્રણ ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ ૧૯ ઓક્ટોબરના રોજ રાંચી ખાતે રમાશે

પૂણે, તા.૧૩

ભારતે પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે એક ઈનિંગ અને ૧૩૭ રનથી ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ ત્રણ ટેસ્ટ મેચની સીરિઝ ૨-૦થી જીતી લીધી છે. એક ઈનિંગથી જીતની બાબતે આફ્રિકા સામે ભારતનો આ સૌથી મોટી જીત રહી છે. અગાઉ ૨૦૦૮માં ભારતે દક્ષિણ આફ્રિકાને ઈનિંગ અને ૯૦ રને હરાવ્યું હતું. આ સાથે જ ભારતે ઘરઆંગણે સતત ૧૧મી ટેસ્ટ શ્રેણી જીતી છે. આ સાથે જ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયાના નામે બે વખત ઘરઆંગણે ૧૦-૧૦ ટેસ્ટ શ્રેણી જીતવાનો રેકોર્ડ હતો. ઓસ્ટ્રેલિયાએ ૧૯૯૪ થી ૨૦૦૧ અને ૨૦૦૪થી ૨૦૦૮ દરમિયાન આ સિદ્ધિ મેળવી હતી. ૨૦૧૨માં ઈંગ્લેન્ડમાં ભારતે ટેસ્ટ સીરિઝ ગુમાવી હતી ત્યારબાદ ભારત એકપણ ટેસ્ટ સીરિઝમાં હાર્યું નથી. મેચમાં બેવડી સદી ફટકારનાર ભારતના કેપ્ટન વિરાટ કોહલીને મેન ઓફ ધ મેચનો એવોર્ડ અપાયો હતો. ભારત કોહલીની કપ્તાનીમાં આઠમી વાર એક ઈનિંગ્સના માર્જિનથી મેચ જીત્યું છે. કોહલીએ મોહમ્મદ અઝહરની બરોબરી કરી છે. ધોની ૯ વાર એક ઈનિંગ્સના માર્જિનની જીત સાથે ભારતીય કપ્તાનોની સૂચિમાં પ્રથમ સ્થાને છે.

પુણેમાં બીજી ટેસ્ટમાં ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. કેપ્ટન કોહલીની રેકોર્ડ ઈનિંગ (૨૫૪) અને મયંક અગ્રવાલની સદીની મદદથી ભારતે ૬૦૧ રનનો જંગી સ્કોર ખડકી દીધો હતો. ત્યારબાદ દક્ષિણ આફ્રિકા પ્રથમ ઈનિંગમાં ૨૭૫ રનમાં તેમજ બીજી ઈનિંગમાં ૧૮૯માં ઓલઆઉટ થઈ જતા ભારતનો એક ઈનિંગ અને ૧૩૭ રને ભવ્ય વિજય થયો છે. બન્ને ટીમો વચ્ચે સીરિઝની છેલ્લી મેચ ૧૯ ઓક્ટોબરના રાંચીમાં રમાશે.ભારતીય ફાસ્ટ બોલર ઉમેશ યાદવે બીજી ઈનિંગમાં પણ ત્રણ વિકેટ લીધી હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ પણ પ્રથમ ઈનિંગ બાદ બીજી ઈનિંગમાં ત્રણ વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં આફ્રિકા તરફથી ડીન એલ્ગરે સૌથી વધુ ૪૮ રન ફટકાર્યા હતા. ભારતીય બોલર્સની ઘાતક બોલિંગ સામે આફ્રિકન બેટ્સમેનોએ ઘૂંટણિયા ટેકવી દીધા હતા. અશ્વિને બીજી ઈનિંગમાં બે વિકેટ ઝડપી હતી જ્યારે ઈશાંત અને મોહમ્મદ શમીએ એક-એક વિકેટ ઝડપી હતી.

ભારતીય ટીમે જંગી સ્કોર ખડક્યા બાદ આફ્રિકાને ફોલોઓન રમાડ્યું હતું અને આ સાથે જ આફ્રિકાને ૨૦૦૮ પછી પ્રથમ વખત ફોલોઓન આપનાર ભારત પ્રથમ ટીમ બની છે. અગાઉ લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે જુલાઈ ૨૦૦૮માં આફ્રિકાને ફોલોઓન રમાડ્યું હતું. આ મેચ ડ્રો રહી હતી.

અશ્વિને લિલી અને વાસને પાછળ છોડ્યા

ડિન એલ્ગર ૪૮ રને અશ્વિનની બોલિંગમાં યાદવના હાથે કેચ આઉટ થયો હતો. આ વિકેટ સાથે અશ્વિને પોતાની ૬૭મી ટેસ્ટમાં ૩૫૬મી ટેસ્ટ વિકેટ લીધી છે. ડેનિસ લિલી અને ચામિંડા વાસે ૭૦ અને ૧૧૧ ટેસ્ટમાં ૩૫૫ વિકેટ ઝડપી હતી. અશ્વિને પ્રથમ ઈનિંગ્સમાં ચાર અને બીજી ઈનિંગ્સમાં બે વિકેટ લીધી હતી.

રશિયન ખેલાડી સામે પડકાર રજૂ કરવામાં ફ્લોપ

વર્લ્ડ બોક્સિંગ : ફાઈનલમાં મંજુ રાનીની અંતે થયેલ હાર

સિલ્વર મેડલથી સંતોષ માનવા મંજુ રાનીને પડેલી ફરજ

ઉલાનઉદે, તા. ૧૩

ભારતની યુવા બોક્સર મંજુ રાનીને વિશ્વ મહિલા બોક્સિંગ ચેમ્પિયનશીપની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. આની સાથે જ મંજુ રાનીને સિલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી છે. મેરી કોમની પણ અગાઉ અહીં હાર થયા બાદ મંજુ રાની પાસેથી અપેક્ષા રાખવામાં આવી રહી હતી. જો કે, આજે ફાઈનલમાં રશિયાની પાલ્ટસેવાએ ૪૮ કિલોગ્રામ વર્ગમાં મંજુ રાની પર ૪-૧થી જીત મેળવી હતી. આની સાથે જ મંજુ રાનીને સિલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી હતી. તે ટુર્નામેન્ટમાં છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરી હતી. બાઉટનો નિર્ણય ૨૮-૨૯, ૨૮-૨૯, ૨૯-૨૮, ૨૮-૨૯થી રશિયન બોક્સરની તરફેણમાં ગયો હતો. મંજુ રાનીની રમત શાનદાર રહી હતી અને સહેજમાં તેની હાર થઈ હતી. આ ટુર્નામેન્ટમાં ભારત ૪ ચંદ્રક સાથે ઉલ્લેખનીય દેખાવ ધરાવે છે. આ પહેલા ભારતના ત્રણ બોક્સરોએ બ્રોન્ઝ મેડલ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ રહેલી છઠ્ઠી ક્રમાંકિત મંજુએ શનિવારના દિવસે સેમિફાઈનલમાં ૪૮ કિલોગ્રામ વર્ગમાં પૂર્વ બ્રોન્ઝ મેડલ વિજેતા થાઈલેન્ડની કાકસાત ઉપર ૪-૧તી જીત મેળવી હતી અને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી જ્યા તેની ટક્કર આજે બીજી ક્રમાંકિત ખેલાડી રશિયાની પાલ્ટસેવાએ જોરદાર રમત રમી હતી. ભારતીય બોક્સર રશિયન બોક્સરની સામે પોતાનો દાવો મજબૂતરીતે રજૂ કરી શકી ન હતી અને તેની હાર થઈ હતી. ૧૮ વર્ષ બાદ પ્રથમ વખત થયું છે જ્યારે ભારતીય મહિલા બોક્સર એન્ટ્રીની સાથે જ ફાઈનલમાં પહોંચી છે. સ્ટ્રાન્જા કપની રજત વિજેતા મંજુએ મેરી કોમ જેવો જ દેખાવ કર્યો હતો. મંજુ પહેલા મેરીકોમ વર્ષ ૨૦૦૧માં પ્રથમ વખત જ વિશ્વ ચેમ્પિયનશીપની ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. મંજુ ઉપરાંત ત્રણ અન્ય ભારતીય મેરી કોમ (૫૧ કિલોગ્રામ), જમુના બોરો (૫૪ કિલોગ્રામ), લવલીના (૬૯ કિલોગ્રામ)એ સેમિફાઇનલમાં એન્ટ્રી કરી હતી. જો કે, સેમિફાઈનલમાં હારી જતાં તેમને રજત ચંદ્રકથી સંતોષ માનવાની ફરજ પડી હતી. લંડન ઓલિમ્પિકમાં કાસ્ય જીતનાર મેરી કોમને તુર્કીની બુસેનાજની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારની સાથે જ છ વખતની વિશ્વ ચેમ્પિયન મેરી કોમને આ વખતે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવાની ફરજ પડી હતી.

લુણાવાડા તાલુકામાં યોજાયેલ

‘પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ’ વક્તૃત્વ સ્પર્ધામાં શેખ નસરીન પ્રથમ સ્થાને

ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં ‘ઈકો એમ્બેસેડર’ નિમવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેના ભાગરૂપે પર્યાવરણ બચાઓ ઝુંબેશ હેઠળ મહિસાગર જિલ્લામાં એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલા તાલુકા કક્ષાની સ્પર્ધા તા.૧૦/૧૦/૨૦૧૯ના રોજ યોજાઈ હતી. લુણાવાડા તાલુકાની આ સ્પર્ધામાં ‘પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ’ વિષય હેઠળ શાળાની ધો.૧૧ની તેજસ્વી વિદ્યાર્થિની કુ. શેખ નસરીન અબ્દુલ્લાહે ભાગ લીધો હતો. નસરીન પોતાના વિષયને ધારદાર રીતે રજૂ કરી તાલુકામાં પ્રથમ નંબર મેળવીને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં નામાંકિત થયેલ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ શેખ નસરીને પોતાની આગવી વક્તૃત્વ શૈલી સાથે પોતાના વિષયને અસરકારક રજૂઆત કરી હતી અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ નસરીને ડંકો વગાડીને પ્રથમ નંબર મેળવીને પોતાના કુટુંબ સાથે સમગ્ર સમાજ અને શાળાનું નામ રોશન કરેલ છે. નસરીન હવે મહિસાગર જિલ્લા ઈકો એમ્બેસેડર તરીકે સેવા આપશે અને જિલ્લામાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતી આવે તે માટે પ્રયત્નો કરશે.

મહેસાણામાં ૨૦૦થી વધુ દલિતોએ ધર્મ પરિવર્તન કરી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો

(સંવાદદાતા દ્વારા) મહેસાણા,તા.૧૩

મહેસાણા શહેરમાં આવેલ ચિત્રોડીપુરા વસાહત ખાતેના સમ્યક બૌદ્ધ વિહારમાં મહેસાણા સહિત વિવિધ સ્થળોમાંથી પહોંચેલા દલિત સમાજના ૨૧૦ જેટલા લોકોએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો.

મહેસાણાના ચિત્રોડીપુરા વસાહતમાં કાર્યરત સમ્યક બૌદ્ધ વિહારમાં વિજયાદશમીના દિવસે જ મોટાભાગે અનુસુચિત જાતીના ૨૧૦ જેટલા વ્યક્તિઓએ પોતાનો ધર્મપરિવર્તન કરીને ધમ્મ દિક્ષા સમારોહમાં સ્વયંભૂ સામુહિક રીતે બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો હતો. આ પ્રસંગે બુદ્ધીષ્ટ સોસાયટી ઓફ ઈન્ડિયાના પ્રદેશ અધ્યક્ષ ડો.બોધીરાજ વિશ્વાસ, મહેસાણા જિલ્લાના પ્રમુખ પી.એમ. પરમાર સહિત રાજ્યભરમાંથી ૪૫૦થી વધુ લોકો હાજરી આપી હતી. અહીં યોજાયેલ ધમ્મ દિક્ષા સમારોહમાં મહેસાણા સહિત જુદા-જુદા વિસ્તારમાંથી પહોંચેલા ૨૧૦ જેટલા લોકોએ સ્વૈચ્છાએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મને અપનાવ્યો હતો. વર્તમાન સંજોગો ગુજરાત દેશભરમાં દલીતો પરના વધેલા અત્યાચારની ઘટનાઓને પગલે સમાજના લોકો બૌદ્ધ ધર્મ તરફ વળ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. નોંધપાત્ર છે કે, ૧૯૫૬માં નાગપુર ખાત દેશના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. જેના કારણે વર્ષોથી અનુસુચિત જાતીના લોકોમાં ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવવાનું આકર્ષણ વધ્યું હોવાનું જાણવા મળે છે.

ઉકેલ-(૩)-૭૪૧

આડી ચાવી

(૧) ધૂમકેતુ, (૪) વરઘોડો, (૭) તાક, (૮) કુરાન, (૯) વ્યાધિ, (૧૦) સરળ, (૧૧) ઝેર, (૧૨) જકાત, (૧૫) રહેમ, (૧૭) સરપંચ, (૨૦) ખતરનાક, (૨૨) રમકે (૨૩) રજક, (૨૫) તારા, (૨૭) લદાખ, (૨૯) રાજીવ, (૩૦) રીતરસમ

ઊભી ચાવી

(૨) મતાધિકાર, (૩) કેક, (૪) વરાળ, (૫) રન, (૬) ડોલર, (૮) કુરતું, (૯) વ્યાજ, (૧૩) તહે, (૧૪) ગિરનાર, (૧૬) મખમલ, (૧૭) સર, (૧૮) પંકજ, (૧૯) સાપુતારા, (૨૧) તકેદારી, (૨૪) કરમ, (૨૬) રાજી, (૨૮) ખત

સુરેન્દ્રનગર જિલ્લામાં લીલો દુકાળ જાહેર કરવા ખેડૂતોની માંગ

વઢવાણ, લીંબડી અને ધ્રાંગધ્રા સહિતના તાલુકાઓમાં જે ખેડૂતે પાક વીમો નથી લીધો તેવાને પણ વળતર ચૂકવવાની રજૂઆત. સુરેન્દ્રનગર જિલ્લામાં પાક નુકસાનીના ફોર્મ સ્વીકારવાની મુદતમાં બે દિવસનો વધારો કર્યા બાદ હજુ પણ અનેક ખેડૂતો અરજી કરવાથી વંચીત રહે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે વઢવાણ, લીંબડી અને ધ્રાંગધ્રા સહીતના તાલુકાના ખેડૂતો કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા અને જિલ્લામાં લીલો દુકાળ જાહેર કરી તમામ ખેડૂતોને તાત્કાલીક વળતર ચૂકવવા માંગ કરી હતી.

(તસવીરઃ- ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

(તસવીર : નઝીર પાંડોર-માંગરોળ)

તરસાડી ખાતે આયુષ્યમાન જાગૃતિ રેલી બાદ કાર્ડ કાઢવાની કામગીરી

માંગરોળ,તા.૧૩

માંગરોળ તાલુકા આરોગ્ય કચેરી તરફથી, તાલુકામાં આવેલ એક માત્ર તરસાડી અર્બન આરોગ્ય કેન્દ્ર ખાતે, આયુષમાન દિવસ અંતર્ગત, આયુષમાનનાં પ્રચાર અને પ્રસાર માટે, આંગણવાડી બહેનો દ્વારા તરસાડીમાં જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી, ત્યારબાદ નગરપાલિકાના પ્રમુખની ઉપસ્થિતિમાં કોમ્યુનીટી હોલ ખાતે બે દિવસ સુધી, લાભાર્થીઓને આયુષમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા, જેનો ખૂબ મોટી સંખ્યામાં પ્રજાજનોએ લાભ લીધો હતો, આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન માંગરોળ તાલુકા આરોગ્ય કચેરીનાં ડો. આર. પી.શાહીનાં માર્ગદર્શન અંતર્ગત તરસાડી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસર ડો.મિલનભાઇ પટેલનાં નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.

દીવમાં એનઆરઆઈના મકાનમાં આગ ફાટી નીકળતા અફરાતફરી

ઉના, તા.૧૩

દીવના બુચરવાડા કસ્તલ વિસ્તારમાં હાલ વિદેશ લંડનમાં વસવાટ કરતા જીવન ગોવિંદ વાઢેરના રહેણાક મકાનમાં સાંજે ૬ વાગ્યે અચાનક આગ લાગતા લોકોમાં અફરા તફરી મચી ગઈ હતી.

એક ફોર વ્હીલ કાર નં. DD024146 માલિક જીવન ગોવિંદ વાઢેર અને બાઈક નં.DD02C2743 મકવાણા પ્રેમલત્તા કાનજી તેમજ અન્ય એક બાઈક બળીને ખાખ થઈ ગઈ હતી. મોટી જાન હાની ટળી બાજુમાં ગેસના બે બાટલા પણ સળગી ઉઠ્યા હતા. મકાનની છતને ભારે નુકશાન થતાં સિમેન્ટ કોંક્રીટના પપોડા છત ઉપરથી નીચે પડી ગયા હતા. અચાનક આગ લાગતા રાહદારીયોઓએ સ્થાનિક પોલિસને જાણ કરતા લોકોને સમય સર મકાન બહાર કાઢતા મોટી જાન હાની ટાળીહતી. ફાયરબ્રિગેડની બે ગાડીએ આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાની કાનુની કાર્યવાહી દીપક વાજાની આગેવાની હેઠળ જમાદાર જીતેન્દ્ર બાવા સોલંકી ચલાવી રહ્યા છે.

ઠેર-ઠેર માંદગીના ખાટલા ખડકાતા

જૂનાગઢ જિલ્લામાં રોગચાળાને ડામવા ફોગીંગ મશીનથી દવા છાંટવા માગણી

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૩

સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસાની વિદાયની સાથે હવામાનમાં ફેરફાર થયો છે. સવારના ભાગે ઠંડકભર્યું વાતાવરણ અને ત્યારબાદ બપોરે ગરમી-ઉકળાટના માહોલ વચ્ચે ઝેરી તાવ, મેલેરિયા, વાઈરલ ફીવર, શરદી, ઉધરસઘ કળતર, ઉલ્ટી, ઉબકા, ચક્કર આવવા જેવા રોગોથી લોકો પીડાઈ રહ્યા છે. જૂનાગઢ જિલ્લાની અને આસપાસના જિલ્લાઓને પણ લાગુ પડતી જૂનાગઢની સિવિલ હોસ્પિટલ કે જ્યાં એકાંતરા ૧૫ જેટલા કેસો ડેન્ગ્યુના આવતાં હોય છે. આ સિવિલ હોસ્પિટલમાં પણ ઝેરી મેલેરિયા, તાવ, ડેન્ગ્યુના કેસો સામે જરૂરી સારવાર કરવામાં આવી રહી છે. જિલ્લા આરોગ્ય તંત્ર પણ આરોગ્ય વિષયક પગલા રોગચાળાને કાબુમાં લેવા તત્કાલ પગલાં લે તેવી માગણી ઉઠી છે અને ડીડીટી છંટકાવ ફોગીંગના મશીન દ્વારા તત્કાલ કામગીરી કરવામાં આવે તેવી માગણી ઉઠી છે. તો બીજી તરફ ગંભીર પ્રકારના રોગચાળા ફેલાવવામાં મહત્વની ભૂમિકા જેની છે તેવા મચ્છરને કોઈપણ પ્રકારની દવાની અસર થતી નથી. તેને પણ આધુનિકતાનો રંગ લાગી ગયો હોય તેમ એકે હજારા જેવું કામ કરી વધુને વધુ લોકોને સકંજામાં લેવા માંગતું હોય તેમ રોગચાળો ઝડપથી વકરી રહ્યો છે. સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાની વાત કરીએ તો જૂનાગઢ જિલ્લામાં ૭૦૦ ઉપર કેસ, રાજકોટ ૪૦૦, ગીરસોમનાથ ૪૦૦, પોરબંદર ૬૦૦, દેવભૂમિ દ્વારકા ૫૦૦, જામનગર, ભાવનગર, ભૂજ-કચ્છ, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓમાં પણ ૪૦૦ ઉપરાંત વિવિધ પ્રકારના કેસો નોંધાયેલા છે. રસ્તા ઉપર સોસાયટી વિસ્તારમાં ઠેર-ઠેર પાણીના હોજ ભરેલા છે અને યોગ્ય પાણીનો નિકાલ ન થવાના કારણે પણ ઝેરી મચ્છરનો ઉપદ્રવ વધી ગયો છે.

ઉના : ઉપભોક્તા અધિકાર સંગઠનમાં નિમણૂક

ઉના, તા.૧૩

ઉપભોક્તા અધિકાર સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષની સૂચનાથી પ્રદેશ પ્રમુખ અરણબ દેસાઈ અને ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ અલતાફ બલોચ દ્વારા ઉનાના યુવા સામાજિક આગેવાન અને લોક પ્રશ્ને લડનાર રસિક ચાવડાની ઉપભોક્તા અધિકાર સંગઠનમાં ઉના તાલુકા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ઉપભોક્તા અધિકાર સંગઠન દેશનું સૌથી મોટું ૨૫ રાજ્યમાં સક્રિય સંગઠન છે. જે સક્રિય રહી ઉપભોક્તાના હિત અને તેના અધિકારો માટે કામ કરતી સંસ્થા છે. આગામી સમયમાં આ સંગઠન આખા તાલુકામાં ગ્રાહક જાગૃતિ માટે કાર્યક્રમ કરશે અને તાલુકામાં સંગઠનના હોદ્દેદારોની નવી નિમણૂક કરવામાં આવશે. ગીરગઢડા તાલુકા પ્રમુખ તરીકે શોયબ ઝવેરીની નિમણૂક કરાવવામાં આવી છે.

સુરેન્દ્રનગરમાં BSNLની લેન્ડલાઈન તથા ઈન્ટરનેટ સેવાના ધાંધિયા

સુરેન્દ્રનગર, તા.૧૩

સુરેન્દ્રનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી બીએસએનએલ તંત્ર ખાડે ગયું છે. ત્યારે તેના અસંખ્ય ગ્રાહકોમાં કથળતી સેવાને લઈ બૂમો ઉઠી છે. બીએસએનએલમાં મોબાઈલ નેટવર્કથી લઈને લેન્ડલાઈન સુધીની સમસ્યા સર્જાઈ છે. સવારથી ઈન્ટરનેટની સમસ્યા રહે છે અને ફોન ચાલુ પણ તેનો ઉપયોગ બંધ રહે છે. તેથી બીએસએનએલ સેવા ખાડે ગઈ છે.લેન્ડલાઈનના ડબલા વેપારીઓ દિવાળીના સમયે પરત કરવા અને મોબાઈલના કાર્ડ પણ ટ્રાન્સફર કરવા માટે જણાવી રહ્યા છે. જો આ નિગમ નહીં જાગે તો તેને મોટું નુકસાન વેઠવાનો વારો પણ આવી શકે છે.

ગીર-સાસણ સફારી પાર્ક તા.૧૬મી ઓક્ટોબરથી પ્રવાસી માટે ખુલ્લો મૂકાશે

જૂનાગઢ, તા.૧૩

ગીર-સાસણ સફારી પાર્ક વરસાદના કારણે છેલ્લા ચાર મહિનાથી બંધ રાખવામાં આવ્યો હતો. જેને ૧૬મી ઓક્ટોબરથી ખુલ્લો મુકવામાં આવશે વનવિભાગ દ્વારા પાર્ક અંગે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવેથી પ્રવાસીઓને સફારી પાર્કની તથા જંગલ વિચરણ કરવાની મુલાકાત લેવા માટે ઓનલાઈન પરમીટ લેવી પડશે. સિંહના સંવનન કાળ અને વરસાદના કારણે ગીર-સાસણ સફારી પાર્ક ૪ મહિના માટે બંધ રખાયો હતો. જે આગામી તા.૧૬ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ખોલવામાં આવશે. હવેથી સાસણ આવતાં પ્રવાસીઓને વન વિભાગ દ્વારા શરૂ કરાયેલી ઓનલાઈન પરમીટ કઢાવવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મેંદરડા સાસણ વચ્ચે આવેલો પુલ થોડા દિવસ અગાઉ ધરાશાયી થયો હતો. જેથી સાસણ આવતાં પ્રવાસીઓને ૫૦ કિલોમીટર વધુ અંતર કાપવું પડતું હતું. જેના કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. છતાં પણ પ્રવાસીઓના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો ન હતો.

સંસ્કાર સૌરભ

તમે તમારા સગા સંબંધીઓથી અળગા રહેશો નહિ. (હદીસ બોધ)

બોધ વચન

નવા મિત્ર અને જૂના દુશ્મનથી હંમેશા સાવધ રહેવું. -કબીર

આજની આરસી

૧૪ ઓક્ટોબર સોમવાર ૨૦૧૯
૧૪ સફર હિજરી ૧૪૪૧
આસો સુદ એકમ સંવત ૨૦૭૫
સુબ્હ સાદિક ૫-૨૧
ખત્મે ઝવાલ ૧૨-૨૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૧૬

ગુજરાતી

ટીચર : મન્કીનો સ્પેલિંગ બોલ.
સ્ટુડન્ટ : Monkae
ટીચર : ચોપડીમાંથી જોઈને બોલ્યો ?
સ્ટુડન્ટ : ના તમારી સામે જોઈને બોલ્યો....
(બન્ને જવાબો સાચા હોવા છતાં ટીચરે તેને આખો પિરિયડ ઊભો રાખ્યો)

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

બીજી ઈનિંગ્સમાં દ.આફ્રિકા ૧૮૯એ ઓલઆઉટ, ઉમેશ યાદવ-જાડેજાની ત્રણ-ત્રણ વિકેટ

ભારતે બીજી ટેસ્ટમાં દ.આફ્રિકાને એક ઈનિંગ અને ૧૩૭ રનથી હરાવી સિરીઝ જીતી

બેવડી સદી ફટકારનાર કોહલી મેન ઓફ ધ મેચ, ઘર આંગણે સતત ૧૧ ટેસ્ટ શ્રેણી જીતવાનો વર્લ્ડ રેકોર્ડ, ૨૦૧૨ બાદ ભારત એકપણ ટેસ્ટ શ્રેણી નથી હાર્યું, ત્રણ ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ ૧૯ ઓક્ટોબરના રોજ રાંચી ખાતે રમાશે

પૂણે, તા.૧૩

ભારતે પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે એક ઈનિંગ અને ૧૩૭ રનથી ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ ત્રણ ટેસ્ટ મેચની સીરિઝ ૨-૦થી જીતી લીધી છે. એક ઈનિંગથી જીતની બાબતે આફ્રિકા સામે ભારતનો આ સૌથી મોટી જીત રહી છે. અગાઉ ૨૦૦૮માં ભારતે દક્ષિણ આફ્રિકાને ઈનિંગ અને ૯૦ રને હરાવ્યું હતું. આ સાથે જ ભારતે ઘરઆંગણે સતત ૧૧મી ટેસ્ટ શ્રેણી જીતી છે. આ સાથે જ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયાના નામે બે વખત ઘરઆંગણે ૧૦-૧૦ ટેસ્ટ શ્રેણી જીતવાનો રેકોર્ડ હતો. ઓસ્ટ્રેલિયાએ ૧૯૯૪ થી ૨૦૦૧ અને ૨૦૦૪થી ૨૦૦૮ દરમિયાન આ સિદ્ધિ મેળવી હતી. ૨૦૧૨માં ઈંગ્લેન્ડમાં ભારતે ટેસ્ટ સીરિઝ ગુમાવી હતી ત્યારબાદ ભારત એકપણ ટેસ્ટ સીરિઝમાં હાર્યું નથી. મેચમાં બેવડી સદી ફટકારનાર ભારતના કેપ્ટન વિરાટ કોહલીને મેન ઓફ ધ મેચનો એવોર્ડ અપાયો હતો. ભારત કોહલીની કમાનીમાં આઠમી વાર એક ઈનિંગ્સના માર્જિનથી મેચ જીત્યું છે. કોહલીએ મોહમ્મદ અઝહરની બરોબરી કરી છે. ધોની ૯ વાર એક ઈનિંગ્સના માર્જિનની જીત સાથે ભારતીય કમાનોની સૂચિમાં પ્રથમ સ્થાને છે.

પુણેમાં બીજી ટેસ્ટમાં ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. કેપ્ટન કોહલીની રેકોર્ડ ઈનિંગ (૨૫૪) અને મયંક અગ્રવાલની સદીની મદદથી ભારતે ૬૦૧ રનનો જંગી સ્કોર ખડકી દીધો હતો. ત્યારબાદ દક્ષિણ આફ્રિકા પ્રથમ ઈનિંગમાં ૨૭૫ રનમાં તેમજ બીજી ઈનિંગમાં ૧૮૯માં ઓલઆઉટ થઈ જતા ભારતનો એક ઈનિંગ અને ૧૩૭ રને ભવ્ય વિજય થયો છે. બન્ને ટીમો વચ્ચે સીરિઝની છેલ્લી મેચ ૧૯ ઓક્ટોબરના રાંચીમાં રમાશે.ભારતીય ફાસ્ટ બોલર ઉમેશ યાદવે બીજી ઈનિંગમાં પણ ત્રણ વિકેટ લીધી હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ પણ પ્રથમ ઈનિંગ બાદ બીજી ઈનિંગમાં ત્રણ વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં આફ્રિકા તરફથી ડીન એલ્ગરે સૌથી વધુ ૪૮ રન ફટકાર્યા હતા. ભારતીય બોલર્સની ઘાતક બોલિંગ સામે આફ્રિકન બેટ્સમેનોએ ઘૂંટણિયા ટેકવી દીધા હતા. અશ્વિને બીજી ઈનિંગમાં બે વિકેટ ઝડપી હતી જ્યારે ઈશાંતા અને મોહમ્મદ શમીએ એક-એક વિકેટ ઝડપી હતી.

ભારતીય ટીમે જંગી સ્કોર ખડક્યા બાદ આફ્રિકાને ફોલોઓન રમાડ્યું હતું અને આ સાથે જ આફ્રિકાને ૨૦૦૮ પછી પ્રથમ વખત ફોલોઓન આપનાર ભારત પ્રથમ ટીમ બની છે. અગાઉ લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે જુલાઈ ૨૦૦૮માં આફ્રિકાને ફોલોઓન રમાડ્યું હતું. આ મેચ ડ્રો રહી હતી.

અશ્વિને લિલી અને વાસને પાછળ છોડ્યા

ડિન એલ્ગર ૪૮ રને અશ્વિનની બોલિંગમાં યાદવના હાથે કેચ આઉટ થયો હતો. આ વિકેટ સાથે અશ્વિને પોતાની ૬૭મી ટેસ્ટમાં ૩૫૬મી ટેસ્ટ વિકેટ લીધી છે. ડેનિસ લિલી અને ચામિંડા વાસે ૭૦ અને ૧૧૧ ટેસ્ટમાં ૩૫૫ વિકેટ ઝડપી હતી. અશ્વિને પ્રથમ ઈનિંગ્સમાં ચાર અને બીજી ઈનિંગ્સમાં બે વિકેટ લીધી હતી.

રશિયન ખેલાડી સામે પડકાર રજૂ કરવામાં ફ્લોપ

વર્લ્ડ બોક્સિંગ : ફાઈનલમાં મંજુ રાનીની અંતે થયેલ હાર

સિલ્વર મેડલથી સંતોષ માનવા મંજુ રાનીને પડેલી ફરજ

ઉલાનઉદે, તા. ૧૩

ભારતની યુવા બોક્સર મંજુ રાનીને વિશ્વ મહિલા બોક્સિંગ ચેમ્પિયનશીપની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. આની સાથે જ મંજુ રાનીને સિલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી છે. મેરી કોમની પણ અગાઉ અહીં હાર થયા બાદ મંજુ રાની પાસેથી અપેક્ષા રાખવામાં આવી રહી હતી. જો કે, આજે ફાઈનલમાં રશિયાની પાલ્ટસેવાએ ૪૮ કિલોગ્રામ વર્ગમાં મંજુ રાની પર ૪-૧થી જીત મેળવી હતી. આની સાથે જ મંજુ રાનીને સિલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી હતી. તે ટુર્નામેન્ટમાં છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરી હતી. બાઉટનો નિર્ણય ૨૮-૨૯, ૨૮-૨૯, ૨૯-૨૮, ૨૮-૨૯થી રશિયન બોક્સરની તરફેણમાં ગયો હતો. મંજુ રાનીની રમત શાનદાર રહી હતી અને સહેજમાં તેની હાર થઈ હતી. આ ટુર્નામેન્ટમાં ભારત ૪ ચંદ્રક સાથે ઉલ્લેખનીય દેખાવ ધરાવે છે. આ પહેલા ભારતના ત્રણ બોક્સરોએ બ્રોન્ઝ મેડલ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ રહેલી છઠ્ઠી ક્રમાંકિત મંજુએ શનિવારના દિવસે સેમિફાઈનલમાં ૪૮ કિલોગ્રામ વર્ગમાં પૂર્વ બ્રોન્ઝ મેડલ વિજેતા થાઈલેન્ડની કાકસાત ઉપર ૪-૧ની જીત મેળવી હતી અને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી જ્યા તેની ટક્કર આજે બીજી ક્રમાંકિત ખેલાડી રશિયાની પાલ્ટસેવાએ જોરદાર રમત રમી હતી. ભારતીય બોક્સર રશિયન બોક્સરની સામે પોતાનો દાવો મજબૂતરીતે રજૂ કરી શકી ન હતી અને તેની હાર થઈ હતી. ૧૮ વર્ષ બાદ પ્રથમ વખત થયું છે જ્યારે ભારતીય મહિલા બોક્સર એન્ટ્રીની સાથે જ ફાઈનલમાં પહોંચી છે. સ્ટ્રાન્જા કપની રજત વિજેતા મંજુએ મેરી કોમ જેવો જ દેખાવ કર્યો હતો. મંજુ પહેલા મેરીકોમ વર્ષ ૨૦૦૧માં પ્રથમ વખત જ વિશ્વ ચેમ્પિયનશીપની ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. મંજુ ઉપરાંત ત્રણ અન્ય ભારતીય મેરી કોમ (૫૧ કિલોગ્રામ), જમુના બોરો (૫૪ કિલોગ્રામ), લવલીના (૬૯ કિલોગ્રામ)એ સેમિફાઈનલમાં એન્ટ્રી કરી હતી. જો કે, સેમિફાઈનલમાં હારી જતાં તેમને રજત ચંદ્રકથી સંતોષ માનવાની ફરજ પડી હતી. લંડન ઓલિમ્પિકમાં કાસ્ય જીતનાર મેરી કોમને તુર્કીની બુસેનાજની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારની સાથે જ છ વખતની વિશ્વ ચેમ્પિયન મેરી કોમને આ વખતે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવાની ફરજ પડી હતી.

લુણાવાડા તાલુકામાં યોજાયેલ

'પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ' વક્તૃત્વ સ્પર્ધામાં શેખ નસરીન પ્રથમ સ્થાને

ગ્રીન ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં 'ઈકો એમ્બેસેડર' નિમવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેના ભાગરૂપે પર્યાવરણ બચાઓ જુંબેશ હેઠળ મહિસાગર જિલ્લામાં એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલા તાલુકા કક્ષાની સ્પર્ધા તા.૧૦/૧૦/૨૦૧૯ના રોજ યોજાઈ હતી. લુણાવાડા તાલુકાની આ સ્પર્ધામાં 'પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ' વિષય હેઠળ શાળાની ધો.૧૧ની તેજસ્વી વિદ્યાર્થિની કુ. શેખ નસરીન અબ્દુલ્લાહે ભાગ લીધો હતો. નસરીન પોતાના વિષયને ધારદાર રીતે રજૂ કરી તાલુકામાં પ્રથમ નંબર મેળવીને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં નામાંકિત થયેલ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ શેખ નસરીને પોતાની આગવી વક્તૃત્વ શૈલી સાથે પોતાના વિષયને અસરકારક રજૂઆત કરી હતી અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ નસરીને ડંકો વગાડીને પ્રથમ નંબર મેળવીને પોતાના કુટુંબ સાથે સમગ્ર સમાજ અને શાળાનું નામ રોશન કરેલ છે. નસરીન હવે મહિસાગર જિલ્લા ઈકો એમ્બેસેડર તરીકે સેવા આપશે અને જિલ્લામાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતી આવે તે માટે પ્રયત્નો કરશે.

ગટરમાં ઉતરેલા સફાઈ કામદારાનાં મોતનો મામલો

પ્રાંતિજ પોલીસે ચીફ ઓફિસર સામે ફરિયાદ ન નોંધતા અનેક તર્ક વિતર્કો

પોલીસે કોન્ટ્રાકટર અને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટરને આરોપી બનાવ્યા

ચીફ ઓફિસર સામે ફરિયાદ દાખલ ન કરી પોલીસે હાઈકોર્ટના આદેશ અને સરકારના પરિપત્રનું ઉલ્લંઘન કર્યું : પરસોત્તમ વાઘેલા

અમદાવાદ,તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં એક સફાઈ કર્મચારીનું ગટરમાં ગુંગળાઈ જવાથી મોત નીપજયા બાદ હાઈકોર્ટે રાજય સરકારની ઝાટકણી કાઢી. પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર સામે પગલાં લેવા આદેશ જારી કર્યો હતો. તેમ છતાં પ્રાંતિજ પોલીસ દ્વારા કોન્ટ્રાકટર અને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર સામે ફરિયાદ નોધતા વિવાદ ઉભો થયો છે.

આ અંગે માનવગરીમા સંસ્થાના પરસોત્તમ વાઘેલાએ જણાવ્યું હતું કે પ્રાંતિજમાં ગટર કામદારના મૃત્યુ કેસમાં પ્રાંતિજ પોલીસ દ્વારા ગુજરાત હાઈકોર્ટના આદેશ અને ગુજરાત સરકારના પરિપત્રનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. રાજય સરકારે તા.૧૬-૧૨-૨૦૧૬ના રોજ પરિપત્ર જારી કરી નિશ્ચિત કર્યું હતું કે કોઈ સફાઈ કર્મીને ગટર સાફ કરવા ગટરમાં ઉતારવામાં નહીં આવે જો સફાઈ કર્મીને ગટરમાં ઉતારવામાં આવશે અને તેનું મોત થશે તો સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસર કે મહાનગરપાલિકાના નોડલ ઓફિસર સામે ફોજદારી કાર્યવાહી કરવાની રહેશે.

પ્રાંતિજના કેસમાં સરકાર દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરાતા હાઈકોર્ટે રાજય સરકારની ઝાટકણી કાઢી જણાવ્યું હતું કે સરકાર આ વ્યકિતના મૃત્યુના કેસમાં જવાબ અથવા સોગંદનામું રજૂ કરે ઉપરાંત પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર સામે પગલાં ભરે તેવો આદેશ કર્યો હતો. જો કે પ્રાંતિજ પોલીસની કામગીરી સામે શંકા ઉભી કરી પરસોત્તમ વાઘેલાએ જણાવ્યું છે કે આ કેસમાં ચીફ ઓફિસર સામે ફોજદારી ગુનો દાખલ કરવાને બદલે આરોપી તરીકે કોન્ટ્રાકટર કનુભાઈ રામાભાઈ પરમાર અને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર પ્રિયાંક પટેલને આરોપી બનાવાયા છે જે ગંભીર ભૂલ છે જેમની સામે સેકશન ૩૦૪, ૩૩૭,૧૧૪, એસસી, એસટી એકટની કલમ ૩ (૨) (૫) અને મેન્યુઅલ સ્કવેન્જિંગ એકટ કલમ ૭.૯ (૨) ડી લગાવવામાં આવેલ છે. પરંતુ પોલીસ તરફથી સેકશન ૩ (૧) (જે) લગાવવામાં આવી નથી આ અંગે ડીવાયએસપી પી.સી. બારોટ અને એસ.પી. સાથે પણ મારે સંઘર્ષમાં ઉતરવું પડયું હતું તેમ તેમણે જણાવ્યું હતું.

મહેસાણામાં ૨૦૦થી વધુ દલિતોએ ધર્મ પરિવર્તન કરી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો

(સંવાદદાતા દ્વારા) મહેસાણા,તા.૧૩

મહેસાણા શહેરમાં આવેલ ચિત્રોડીપુરા વસાહત ખાતેના સમ્યક બૌદ્ધ વિહારમાં મહેસાણા સહિત વિવિધ સ્થળોમાંથી પહોંચેલા દલિત સમાજના ૨૧૦ જેટલા લોકોએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો.

મહેસાણાના ચિત્રોડીપુરા વસાહતમાં કાર્યરત સમ્યક બૌદ્ધ વિહારમાં વિજ્યાદશમીના દિવસે જ મોટાભાગે અનુસુચિત જાતીના ૨૧૦ જેટલા વ્યક્તિઓએ પોતાનો ધર્મપરિવર્તન કરીને ધમ્મ દિક્ષા સમારોહમાં સ્વયંભૂ સામુહિક રીતે બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો હતો. આ પ્રસંગે બુદ્ધીષ્ટ સોસાયટી ઓફ ઈન્ડિયાના પ્રદેશ અધ્યક્ષ ડો.બોધીરાજ વિશ્વાસ, મહેસાણા જિલ્લાના પ્રમુખ પી.એમ. પરમાર સહિત રાજ્યભરમાંથી ૪૫૦થી વધુ લોકો હાજરી આપી હતી. અહીં યોજાયેલ ધમ્મ દિક્ષા સમારોહમાં મહેસાણા સહિત જુદા-જુદા વિસ્તારમાંથી પહોંચેલા ૨૧૦ જેટલા લોકોએ સ્વૈચ્છાએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મને અપનાવ્યો હતો. વર્તમાન સંજોગો ગુજરાત દેશભરમાં દલીતો પરના વધેલા અત્યાચારની ઘટનાઓને પગલે સમાજના લોકો બૌદ્ધ ધર્મ તરફ વળ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. નોંધપાત્ર છે કે, ૧૯૫૬માં નાગપુર ખાત દેશના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. જેના કારણે વર્ષોથી અનુસુચિત જાતીના લોકોમાં ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવવાનું આકર્ષણ વધ્યું હોવાનું જાણવા મળે છે.

ઉકેલ-(૩)-૭૪૧

આડી ચાવી

(૧) ધૂમકેતુ, (૪) વરઘોડો, (૭) તાક, (૮) કુરાન, (૯) વ્યાધિ, (૧૦) સરળ, (૧૧) ઝેર, (૧૨) જકાત, (૧૫) રહેમ, (૧૭) સરપંચ, (૨૦) ખતરનાક, (૨૨) રમકે (૨૩) રજક, (૨૫) તારા, (૨૭) લદાખ, (૨૯) રાજીવ, (૩૦) રીતરસમ

ઊભી ચાવી

(૨) મતાધિકાર, (૩) કેક, (૪) વરાળ, (૫) રન, (૬) ડોલર, (૮) કુરતું, (૯) વ્યાજ, (૧૩) તહે, (૧૪) ગિરનાર, (૧૬) મખમલ, (૧૭) સર, (૧૮) પંકજ, (૧૯) સાપુતારા, (૨૧) તકેદારી, (૨૪) કરમ, (૨૬) રાજી, (૨૮) ખત

વડોદરા બેસીલ સ્કૂલનો વિદ્યાર્થી સૈયદ દાનીશ બુખારી ખેલ મહાકુંભમાં રેસ્લિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. જે પ્રસ્તુત તસવીરમાં દશ્યમાન થાય છે.

નવરાત્રિ પૂર્ણ થતાં જ જીએસટી વિભાગ એકશનમાં

હેરિટેજ ગરબા તથા યુનાઈટેડ-વેની ઓફિસ ખાતે GST વિભાગના દરોડાથી આયોજકોમાં ફફડાટ

એકાઉન્ટ તથા અન્ય મહત્ત્વના દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી સર્વે શરૂ કરાયું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

નવરાત્રી પુર્ણ થતાની સાથે જ જીએસટી વિભાગ એકશનમાં આવી ગયું છે. શહેરમાં યોજાયેલા વિશાળ ગરબા હેરીટેજ ગરબા તેમજ યુનાઈટેડ-વેની ઓફિસ ખાતે જીએસટી વિભાગ દ્વારા એકાઉન્ટ તથા અન્ય મહત્વનાં દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી સર્વે શરૂ કરવામાં આવતા ગરબા આયોજકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

વડોદરા શહેરમાં નવરાત્રી દરમ્યાન મોટા રાજવી પરિવાર દ્વારા શહેરમાં પ્રથમ વખત નવલખી મેદાન ખાતે હેરીટેજ ગરબાનાં નામે મોટાપાયે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ વિશ્વભરમાં પ્રખ્યાત વડોદરાના ગરબા યુનાઈટેડ-વે ના ગરબા આયોજકો દ્વારા મોટાપાયે કમાણી કરવામાં આવી હોવાનું લાગતા જીએસટી વિભાગ દ્વારા હેરીટેજ ગરબા આયોજકો સામે સર્ચની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સર્ચ દરમ્યાન આયોજકો પાસેથી ગરબાની શરૂઆતથી લઈ તમામ ક્ષેત્રે આપેલા કોન્ટ્રાકટ, ખરીદ-વેચાણનાં બીલો, ઈલેક્ટ્રોનીક રેકોર્ડસ સહિતનાં દસ્તાવેજોની કડક ચકાસણી કરવામાં આવી રહી છે. આયોજકો દ્વારા પણ અધિકારીઓને તમામ માહિતી પુરી પાડી વિગતો સોંપવામાં આવી હતી.

બીજી બાજુ પ્રખ્યાત યુનાઈટેડ-વે ઓફ બરોડાનાં આયોજકોની અલકાપુરી ખાતે આવેલી ઓફિસ ખાતે જીએસટી વિભાગની સર્ચ ટીમ પહોંચી હતી. પરંતુ રવિવાર હોવાથી ઓફિસ બંધ હોવાને પગલે સર્ચની કામગીરી સોમવારથી શરૂ કરવામાં આવશે.

નવરાત્રી દરમ્યાન વિવિધ ગરબા આયોજકો દ્વારા ગરબા મેદાન ખાતે ગ્રાહકો પાસેથી ઉંચી રકમ વસુલીને ચીજવસ્તુઓ આપવામાં આવી છે કે કેમ અને માલ-સામાનની ખરીદીમાં કે અન્ય કોન્ટ્રાકટમાં ગેરરીતિઓ આચરવામાં આવી છે કે કેમ તે અંગે પણ સર્ચ જીએસટી વિભાગ દ્વારા શરૂ કરાતા અન્ય ગરબા આયોજકો દ્વારા પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

(તસવીરઃ- આસીફ ખત્રી, પાવીજેતપુર)

પાવીજેતપુરમાં ઉ.મા. શાળાના કર્મીઓ કો.ઓ. સોસાયટી લિમિટેડની સાધારણ સભા મળી

પાવીજેતપુર, તા.૧૩

પાવીજેતપુર તાલુકા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડની વાર્ષિક સાધારણસભા રણજીતસિંહ રાઠવાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ પ્રસંગે ૨૦૦ સભાસદોની ઉપસ્થિતિમાં નિવૃત્ત થતાં સભાસદોને વિદાય તથા નવા નિમાયેલ આચાર્યોઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડી.એન.રાજપૂતનું વિશિષ્ટ રીતે તમામ સભાસદો, કારોબારી સભ્યો અને તમામ ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માનપત્ર શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ૧૯૯૦માં મંડળીની સ્થાપના રૂા.૩૦ ફરજિયાત ભરવતથી ફક્ત ૬૧ સભાસદોથી કરાઈ હતી. આજે મંડળીમાં ૭૦૦ જેટલી મહિને ફ.બ. છે. અને ત્રણ લાખ જેટલું ધિરાણ મંડળી દ્વારા કરવામાં આવે છે. જે સારા, સ્વચ્છ અને સુઘડ વહીવટને કારણે છે. શિક્ષકોની આર્થિક જરૂરિયાતો સાથે શિક્ષણ અંગેના પ્રશ્નો હોય તો તેના પણ ઉકેલ લાવવામાં મદદરૂપ બનતા રહેલા છે. સદર પ્રસંગે મંડળીના પ્રમુખ આર.ઝેડ. પાઠક, મંડળી સ્થાપનમાં સહકાર આપનાર બંસીલાલ શાહ, જી.કે.શાહ, આચાર્ય સંઘના પ્રમુખ ડી.એફ.પરમાર, કન્વીનર સંજય શાહ, મંડળના ઉપપ્રમુખ હર્ષદ શાહ, મંત્રી ધવલ દેસાઈ, મહેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્કાર સૌરભ

તમે તમારા સગા સંબંધીઓથી અળગા રહેશો નહિ. (હદીસ બોધ)

બોધ વચન

નવા મિત્ર અને જૂના દુશ્મનથી હંમેશા સાવધ રહેવું. -કબીર

આજની આરસી

૧૪ ઓક્ટોબર સોમવાર ૨૦૧૯
૧૪ સફર હિજરી ૧૪૪૧
આસો સુદ એકમ સંવત ૨૦૭૫
સુબ્હ સાદિક ૫-૨૧
ખત્મે ઝવાલ ૧૨-૨૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૧૬

કુતુહલ

ટીચર : મન્કીનો સ્પેલિંગ બોલ.
સ્ટુડન્ટ : Monkae
ટીચર : ચોપડીમાંથી જોઈને બોલ્યો ?
સ્ટુડન્ટ : ના તમારી સામે જોઈને બોલ્યો....
(બન્ને જવાબો સાચા હોવા છતાં ટીચરે તેને આખો પિરિયડ ઊભો રાખ્યો)

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ લિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

બીજી ઈનિંગ્સમાં દ.આફ્રિકા ૧૮૯એ ઓલઆઉટ, ઉમેશ યાદવ-જાડેજાની ત્રણ-ત્રણ વિકેટ

ભારતે દ.આફ્રિકાને એક ઈનિંગ, ૧૩૭ રનથી હરાવ્યું, ૨-૦થી શ્રેણી જીતી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

બેવડી સદી ફટકારનાર કોહલી મેન ઓફ ધ મેચ, ઘર આંગણે સતત ૧૧ ટેસ્ટ શ્રેણી જીતવાનો વર્લ્ડ રેકોર્ડ, ૨૦૧૨ બાદ ભારત એકપણ ટેસ્ટ શ્રેણી નથી હાર્યું, ત્રણ ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ ૧૯ ઓક્ટોબરના રોજ રાંચી ખાતે રમાશે

પૂણે, તા.૧૩

ભારતે પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે એક ઈનિંગ અને ૧૩૭ રનથી ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ ત્રણ ટેસ્ટ મેચની સીરિઝ ૨-૦થી જીતી લીધી છે. એક ઈનિંગથી જીતની બાબતે આફ્રિકા સામે ભારતનો આ સૌથી મોટી જીત રહી છે. અગાઉ ૨૦૦૮માં ભારતે દક્ષિણ આફ્રિકાને ઈનિંગ અને ૯૦ રને હરાવ્યું હતું. આ સાથે જ ભારતે ઘરઆંગણે સતત ૧૧મી ટેસ્ટ શ્રેણી જીતી છે. આ સાથે જ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયાના નામે બે વખત ઘરઆંગણે ૧૦-૧૦ ટેસ્ટ શ્રેણી જીતવાનો રેકોર્ડ હતો. ઓસ્ટ્રેલિયાએ ૧૯૯૪ થી ૨૦૦૧ અને ૨૦૦૪થી ૨૦૦૮ દરમિયાન આ સિદ્ધિ મેળવી હતી. ૨૦૧૨માં ઈંગ્લેન્ડમાં ભારતે ટેસ્ટ સીરિઝ ગુમાવી હતી ત્યારબાદ ભારત એકપણ ટેસ્ટ સીરિઝમાં હાર્યું નથી. મેચમાં બેવડી સદી ફટકારનાર ભારતના કેપ્ટન વિરાટ કોહલીને મેન ઓફ ધ મેચનો એવોર્ડ અપાયો હતો. ભારત કોહલીની કપ્તાનીમાં આઠમી વાર એક ઈનિંગ્સના માર્જિનથી મેચ જીત્યું છે. કોહલીએ મોહમ્મદ અઝહરની બરોબરી કરી છે. ધોની ૯ વાર એક ઈનિંગ્સના માર્જિનની જીત સાથે ભારતીય કપ્તાનોની સૂચિમાં પ્રથમ સ્થાને છે.

પુણેમાં બીજી ટેસ્ટમાં ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. કેપ્ટન કોહલીની રેકોર્ડ ઈનિંગ (૨૫૪) અને મયંક અગ્રવાલની સદીની મદદથી ભારતે ૬૦૧ રનનો જંગી સ્કોર ખડકી દીધો હતો. ત્યારબાદ દક્ષિણ આફ્રિકા પ્રથમ ઈનિંગમાં ૨૩૫ રનમાં તેમજ બીજી ઈનિંગમાં ૧૮૯માં ઓલઆઉટ થઈ જતા ભારતનો એક ઈનિંગ અને ૧૩૭ રને ભવ્ય વિજય થયો છે. બન્ને ટીમો વચ્ચે સીરિઝની છેલ્લી મેચ ૧૯ ઓક્ટોબરના રાંચીમાં રમાશે.ભારતીય ફાસ્ટ બોલર ઉમેશ યાદવે બીજી ઈનિંગમાં પણ ત્રણ વિકેટ લીધી હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ પણ પ્રથમ ઈનિંગ બાદ બીજી ઈનિંગમાં ત્રણ વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં આફ્રિકા તરફથી ડીન એલ્ગરે સૌથી વધુ ૪૮ રન ફટકાર્યા હતા. ભારતીય બોલર્સની ઘાતક બોલિંગ સામે આફ્રિકન બેટ્સમેનોએ ઘૂંટણિયા ટેકવી દીધા હતા. અશ્વિને બીજી ઈનિંગમાં બે વિકેટ ઝડપી હતી જ્યારે ઈશાંતા અને મોહમ્મદ શમીએ એક-એક વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમે જંગી સ્કોર ખડક્યા બાદ આફ્રિકાને ફોલોઓન રમાડ્યું હતું અને આ સાથે જ આફ્રિકાને ૨૦૦૮ પછી પ્રથમ વખત ફોલોઓન આપનાર ભારત પ્રથમ ટીમ બની છે. અગાઉ લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે જુલાઈ ૨૦૦૮માં આફ્રિકાને ફોલોઓન રમાડ્યું હતું. આ મેચ ડ્રો રહી હતી.

અશ્વિને લિલી અને વાસને પાછળ છોડ્યા

ડિન એલ્ગર ૪૮ રને અશ્વિનની બોલિંગમાં યાદવના હાથે કેચ આઉટ થયો હતો. આ વિકેટ સાથે અશ્વિને પોતાની ૬૭મી ટેસ્ટમાં ૩૫૬મી ટેસ્ટ વિકેટ લીધી છે. ડેનિસ લિલી અને ચામિંડા વાસે ૭૦ અને ૧૧૧ ટેસ્ટમાં ૩૫૫ વિકેટ ઝડપી હતી. અશ્વિને પ્રથમ ઈનિંગ્સમાં ચાર અને બીજી ઈનિંગ્સમાં બે વિકેટ લીધી હતી.

વૃદ્ધિમાન સાહાનો અદભૂત કેચ : તે શા માટે શ્રેષ્ઠ વિકેટ-કીપર છે ?

પૂણેમાં દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં વૃદ્ધિમાન સાહાને બેટિંગ કરવાની તક મળી ન હતી પણ તે મેચમાં પોતાની હાજરી નોંધાવવાનું ચૂક્યો ન હતો. સ્ટમ્પ પાછળ સાહાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. મેચના ત્રીજા દિવસે સાહાએ એક અદભૂત કેચ ઝીલ્યો હતો. ચોથા દિવસે પણ સાહાએ સ્ટમ્પ પાછળ સારૂં કામ કર્યું હતું. બંને વખત ઉમેશ યાદવ બોલર હતો અને થ્યુનિસ દ બ્રુયન બેટ્સમેન હતો. ઉમેશ યાદવનો બોલ સારો ન હતો પણ સાહા બોલ તરફ લપકી પડ્યો હતો. આ મેચમાં ઈશાંતે પ્રથમ સફળતા અપાવી હતી અને ઓપનર જોડીને તોડી હતી. અશ્વિનની બોલિંગમાં પણ વિકેટકીપર સાહાએ કેચ ઝડપ્યો હતો.

એમ.એસ.ધોનીને પાછળ પાડતાં વિરાટ કોહલીએ કેપ્ટન તરીકે ૫૦ ટેસ્ટમાંથી ૩૦માં વિજય મેળવ્યો

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીની યશકલગીમાં વધુ એક ઉમેરો થયો છે. પૂણે ખાતે રમાયેલી ટેસ્ટ મેચમાં વિરાટે દક્ષિણઆફ્રિકા સામે ભારતને વિજય અપાવ્યો હતો. ભારતે દક્ષિણઆફ્રિકાને એક ઈનિંગ અને ૧૩૭ રનથી પરાજીત કર્યું હતું. ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે આ ભારતનો સૌથી લાંબા અંતરનો વિજય હતો. ૫૦ ટેસ્ટમાં વિજય મામલે કેપ્ટનોની યાદીમાં વિરાટ ત્રીજા ક્રમે પહોંચ્યો છે. આ યાદીમાં ૩૭ વિજય સાથે સ્ટીવ વો પ્રથમ જ્યારે ૩૫ વિજય સાથે રિકી પોન્ટિંગ બીજા ક્રમે છે. કોહલીના પુરોગામી એમ.એસ. ધોનીએ પોતાની પ્રથમ ૫૦ ટેસ્ટ મેચમાં ૨૬ મેચો જીતી હતી. જે આ યાદીમાં માઈકલ વોન અને માર્ક ટેયલર સાથે પાંચમાં ક્રમે છે.

લુણાવાડા તાલુકામાં યોજાયેલ

'પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ' વક્તૃત્વ સ્પર્ધામાં શેખ નસરીન પ્રથમ સ્થાને

ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં 'ઈકો એમ્બેસેડર' નિમવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેના ભાગરૂપે પર્યાવરણ બચાઓ જુંબેશ હેઠળ મહિસાગર જિલ્લામાં એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલા તાલુકા કક્ષાની સ્પર્ધા તા.૧૦/૧૦/૨૦૧૯ના રોજ યોજાઈ હતી. લુણાવાડા તાલુકાની આ સ્પર્ધામાં 'પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ' વિષય હેઠળ શાળાની ધો.૧૧ની તેજસ્વી વિદ્યાર્થિની કુ. શેખ નસરીન અબ્દુલ્લાહે ભાગ લીધો હતો. નસરીન પોતાના વિષયને ધારદાર રીતે રજૂ કરી તાલુકામાં પ્રથમ નંબર મેળવીને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં નામાંકિત થયેલ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ શેખ નસરીને પોતાની આગવી વક્તૃત્વ શૈલી સાથે પોતાના વિષયને અસરકારક રજૂઆત કરી હતી અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ નસરીને ડંકો વગાડીને પ્રથમ નંબર મેળવીને પોતાના કુટુંબ સાથે સમગ્ર સમાજ અને શાળાનું નામ રોશન કરેલ છે. નસરીન હવે મહિસાગર જિલ્લા ઈકો એમ્બેસેડર તરીકે સેવા આપશે અને જિલ્લામાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતી આવે તે માટે પ્રયત્નો કરશે.

રશિયન ખેલાડી સામે પડકાર રજૂ કરવામાં ફલોપ

વર્લ્ડ બોક્સિંગ : ફાઈનલમાં મંજુ રાનીની અંતે થયેલ હાર

સિલ્વર મેડલથી સંતોષ માનવા મંજુ રાનીને પડેલી ફરજ

ઉલાનઉદે, તા. ૧૩

ભારતની યુવા બોક્સર મંજુ રાનીને વિશ્વ મહિલા બોક્સિંગ ચેમ્પિયનશીપની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. આની સાથે જ મંજુ રાનીને સિલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી છે. મેરી કોમની પણ અગાઉ અહીં હાર થયા બાદ મંજુ રાની પાસેથી અપેક્ષા રાખવામાં આવી રહી હતી. જો કે, આજે ફાઈનલમાં રશિયાની પાલ્ટસેવાએ ૪૮ કિલોગ્રામ વર્ગમાં મંજુ રાની પર ૪-૧થી જીત મેળવી હતી. આની સાથે જ મંજુ રાનીને સિલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી હતી. તે ટુર્નામેન્ટમાં છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરી હતી. બાઉટનો નિર્ણય ૨૮-૨૯, ૨૮-૨૯, ૨૯-૨૮, ૨૮-૨૯થી રશિયન બોક્સરની તરફેણમાં ગયો હતો. મંજુ રાનીની રમત શાનદાર રહી હતી અને સહેજમાં તેની હાર થઈ હતી. આ ટુર્નામેન્ટમાં ભારત ૪ ચંદ્રક સાથે ઉલ્લેખનીય દેખાવ ધરાવે છે. આ પહેલા ભારતના ત્રણ બોક્સરોએ બ્રોન્ઝ મેડલ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ રહેલી છઠ્ઠી ક્રમાંકિત મંજુએ શનિવારના દિવસે સેમિફાઈનલમાં ૪૮ કિલોગ્રામ વર્ગમાં પૂર્વ બ્રોન્ઝ મેડલ વિજેતા થાઈલેન્ડની કાકસાત ઉપર ૪-૧ની જીત મેળવી હતી અને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી જ્યા તેની ટક્કર આજે બીજી ક્રમાંકિત ખેલાડી રશિયાની પાલ્ટસેવાએ જોરદાર રમત રમી હતી. ભારતીય બોક્સર રશિયન બોક્સરની સામે પોતાનો દાવો મજબૂતરીતે રજૂ કરી શકી ન હતી અને તેની હાર થઈ હતી. ૧૮ વર્ષ બાદ પ્રથમ વખત થયું છે જ્યારે ભારતીય મહિલા બોક્સર એન્ટ્રીની સાથે જ ફાઈનલમાં પહોંચી છે. સ્ટ્રાન્જા કપની રજત વિજેતા મંજુએ મેરી કોમ જેવો જ દેખાવ કર્યો હતો. મંજુ પહેલા મેરીકોમ વર્ષ ૨૦૦૧માં પ્રથમ વખત જ વિશ્વ ચેમ્પિયનશીપની ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. મંજુ ઉપરાંત ત્રણ અન્ય ભારતીય મેરી કોમ (૫૧ કિલોગ્રામ), જમુના બોરો (૫૪ કિલોગ્રામ), લવલીના (૬૯ કિલોગ્રામ)એ સેમિફાઈનલમાં એન્ટ્રી કરી હતી. જો કે, સેમિફાઈનલમાં હારી જતાં તેમને રજત ચંદ્રકથી સંતોષ માનવાની ફરજ પડી હતી. લંડન ઓલિમ્પિકમાં કાસ્ય જીતનાર મેરી કોમને તુર્કીની બુસેનાજની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારની સાથે જ છ વખતની વિશ્વ ચેમ્પિયન મેરી કોમને આ વખતે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવાની ફરજ પડી હતી.

મહેસાણામાં ૨૦૦થી વધુ દલિતોએ ધર્મ પરિવર્તન કરી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો

(સંવાદદાતા દ્વારા) મહેસાણા,તા.૧૩

મહેસાણા શહેરમાં આવેલ ચિત્રોડીપુરા વસાહત ખાતેના સમ્યક બૌદ્ધ વિહારમાં મહેસાણા સહિત વિવિધ સ્થળોમાંથી પહોંચેલા દલિત સમાજના ૨૧૦ જેટલા લોકોએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો.

મહેસાણાના ચિત્રોડીપુરા વસાહતમાં કાર્યરત સમ્યક બૌદ્ધ વિહારમાં વિજ્યાદશમીના દિવસે જ મોટાભાગે અનુસુચિત જાતીના ૨૧૦ જેટલા વ્યક્તિઓએ પોતાનો ધર્મપરિવર્તન કરીને ધમ્મ દિક્ષા સમારોહમાં સ્વયંભૂ સામુહિક રીતે બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો હતો. આ પ્રસંગે બુદ્ધીષ્ટ સોસાયટી ઓફ ઈન્ડિયાના પ્રદેશ અધ્યક્ષ ડો.બોધીરાજ વિશ્વાસ, મહેસાણા જિલ્લાના પ્રમુખ પી.એમ. પરમાર સહિત રાજ્યભરમાંથી ૪૫૦થી વધુ લોકો હાજરી આપી હતી. અહીં યોજાયેલ ધમ્મ દિક્ષા સમારોહમાં મહેસાણા સહિત જુદા-જુદા વિસ્તારમાંથી પહોંચેલા ૨૧૦ જેટલા લોકોએ સ્વૈચ્છાએ ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મને અપનાવ્યો હતો. વર્તમાન સંજોગો ગુજરાત દેશભરમાં દલીતો પરના વધેલા અત્યાચારની ઘટનાઓને પગલે સમાજના લોકો બૌદ્ધ ધર્મ તરફ વળ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. નોંધપાત્ર છે કે, ૧૯૫૬માં નાગપુર ખાત દેશના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. જેના કારણે વર્ષોથી અનુસુચિત જાતીના લોકોમાં ધર્મ પરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવવાનું આકર્ષણ વધ્યું હોવાનું જાણવા મળે છે.

ઉકેલ-(૩)-૭૪૧

આડી ચાવી

(૧) ધૂમકેતુ, (૪) વરઘોડો, (૭) તાક, (૮) કુરાન, (૯) વ્યાધિ, (૧૦) સરળ, (૧૧) ઝેર, (૧૨) જકાત, (૧૫) રહેમ, (૧૭) સરપંચ, (૨૦) ખતરનાક, (૨૨) રમકે (૨૩) રજક, (૨૫) તારા, (૨૭) લદાખ, (૨૯) રાજીવ, (૩૦) રીતરસમ

ઊભી ચાવી

(૨) મતાધિકાર, (૩) કેક, (૪) વરાળ, (૫) રન, (૬) ડોલર, (૮) કુરતું, (૯) વ્યાજ, (૧૩) તહે, (૧૪) ગિરનાર, (૧૬) મખમલ, (૧૭) સર, (૧૮) પંકજ, (૧૯) સાપુતારા, (૨૧) તકેદારી, (૨૪) કરમ, (૨૬) રાજી, (૨૮) ખત

વડોદરા બેસીલ સ્કૂલનો વિદ્યાર્થી સૈયદ દાનીશ બુખારી ખેલ મહાકુંભમાં રેસ્લિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. જે પ્રસ્તુત તસવીરમાં દશ્યમાન થાય છે.

(તસવીરઃ- આસીફ ખત્રી, પાવીજેતપુર)

પાવીજેતપુરમાં ઉ.મા. શાળાના કર્મીઓ કો.ઓ. સોસાયટી લિમિટેડની સાધારણ સભા મળી

પાવીજેતપુર, તા.૧૩

પાવીજેતપુર તાલુકા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડની વાર્ષિક સાધારણસભા રણજીતસિંહ રાઠવાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ પ્રસંગે ૨૦૦ સભાસદોની ઉપસ્થિતિમાં નિવૃત્ત થતાં સભાસદોને વિદાય તથા નવા નિમાયેલ આચાર્યોઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડી.એન.રાજપૂતનું વિશિષ્ટ રીતે તમામ સભાસદો, કારોબારી સભ્યો અને તમામ ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માનપત્ર શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ૧૯૯૦માં મંડળીની સ્થાપના રૂા.૩૦ ફરજિયાત બચતથી ફક્ત ૬૧ સભાસદોથી કરાઈ હતી. આજે મંડળીમાં ૩૦૦ જેટલી મહિને ફ.બ. છે. અને ત્રણ લાખ જેટલું ધિરાણ મંડળી દ્વારા કરવામાં આવે છે. જે સારા, સ્વચ્છ અને સુઘડ વહીવટને કારણે છે. શિક્ષકોની આર્થિક જરૂરિયાતો સાથે શિક્ષણ અંગેના પ્રશ્નો હોય તો તેના પણ ઉકેલ લાવવામાં મદદરૂપ બનતા રહેલા છે. સદર પ્રસંગે મંડળીના પ્રમુખ આર.ઝેડ. પાઠક, મંડળી સ્થાપનમાં સહકાર આપનાર બંસીલાલ શાહ, જી.કે.શાહ, આચાર્ય સંઘના પ્રમુખ ડી.એફ.પરમાર, કન્વીનર સંજય શાહ, મંડળના ઉપપ્રમુખ હર્ષદ શાહ, મંત્રી ધવલ દેસાઈ, મહેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

એકાઉન્ટથી પૈસા કપાઈ જશે પણ ટ્રાન્ઝિકશન ફેઈલ આવશે તો દંડ

નવી દિલ્હી, તા.૧૩

ઘણી વખત એવું બને છે કે, ડેબિટ કાર્ડમાંથી ટ્રાન્ઝિકશન ફેઈલ થઈ જાય છે પરંતુ એકાઉન્ટમાંથી પૈસા કપાઈ જાય છે. કપાઈ ગયેલા પૈસા ઘણી વખત રિવર્સ થઈ જાય છે જ્યારે ઘણી વખત આ પ્રક્રિયામાં સમય લાગે છે. રિઝર્વ બેંકે આને લઈને હવે એક પરિપત્ર જારી કર્યો છે જે મુજબ જો રિફંડ પ્રક્રિયામાં સમય કરતા વધારે સમય લાગે છે તો બેંકોને ગ્રાહકોને દંડની રકમ ચૂકવવી પડશે. રિઝર્વ બેંક તરફથી સપ્ટેમ્બરમાં એક પરિપત્ર જારી કરીને એક વાત કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, ફેઈલ ટ્રાન્ઝિકશન ફોમ ડેબિટ કાર્ડના મામલાને પાંચ દિવસમાં ઉકેલવાના રહેશે. સ્વાઈપ મશીન અને આધાર ટ્રાન્ઝિકશનના મામલા પાંચ દિવસમાં ઉકેલવાના રહેશે.

રાષ્ટ્રીય-આં.રા. મહિલા ખેલાડીઓની ઉપસ્થિતિ

હિંમતનગર ખાતે રમાયેલ બહેનોની ફૂટબોલ ફાઈનલમાં પાટણ ચેમ્પિયન

હિંમતનગર,તા.૧૩

હિંમતનગર ખાતે ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત-ગાંધીનગર અંતર્ગત જિલ્લા વહિવટી તંત્ર અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સાબરકાંઠા દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૯ રાજ્યકક્ષાની બહેનો માટેની અંડર-૧૭ ફુટબોલ સ્પર્ધા સ્વામી વિવેકાનંદ જન શક્તિ સ્ટેડીયમ ખાતે ત્રણ દિ' રમાઈ હતી.

આ સ્પર્ધામાં આજે શનિવારે ફાઈનલ સ્પર્ધા એસ.એ.જી. હિંમતનગર અને પાટણની ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં બે ગોલ કરી પાટણની ટીમનો વિજય થયો હતો. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી અંતર ઠાકોરે પોતાની ટીમને વિજેતા બનાવી હતી. આ સ્પર્ધામાં માત્ર બે ગોલ પાટણની ટીમ દ્વારા થયા હતા. જેથી ટીમ પાટણને વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પાટણ અને દ્રિતિય વિજેતા એસ.એ.જી. હિંમતનગરની ટીમ હતી. આ ટીમમોને મહાનુભવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી અને ખેલાડીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ રેફરીઓનુ ખેલ મહાકુંભ સ્ટોલ અને મોમેન્ટોથી સન્માનિત કરાયા હતા.

આ સ્પાર્ધામાં ખેલાડીનું મનોબળ વધારવા ડારેક્ટર જનરલ એસ.એ.જી. શ્રી સી.વી.સોમે (આઈ.એ.એસ) ખેલાડી બહેનોને ભવિષ્યમાં ભારતનું નામ ફુટબોલની રમતમાં સુવર્ણ અક્ષરે લખાય તે માટે ખુબ મહેનત કરવા અને વધુ સારૂ પ્રદર્શન કરવા પ્રેરણા આપી હતી.

આ સ્પર્ધામાં મહિલા ફુટબોલ ઈન્ડિયા ટીમના ખેલાડી કુમારી અંજુ તમંગે બહેનોને પ્રેરણાત્મક શીખ આપી હતી.

આ પ્રસંગે પ્રોજેક્ટ મેનેજર ફિફા અંડર-૧૭ મહિલા વર્લ્ડ કપ ઈન્ડિયા ૨૦૨૦ના શ્રી મનદિપ સાહરન, મહિલા ફુટબોલ ખેલાડી સંજુ ઈન્ડિયન કમીશ્નર ડી.ડી. કાપડિયા, નયન થોરાટ બલદેવભાઈ દેસાઈ તથા અધિકારી હર્શાબેન ઠાકોર, કોચ પરેશભાઈપટેલ, ફુટબોલ એસોશિયેસનના ગુલાબસિંહ ચૌહાન, સિનિયર કોચ સાબરકાંઠા પુનમબેન ફુમાકીયા તથા મોટી સંખ્યામાં ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ઈદે મિલાદુન્નબી ના મૌકા ઉપર

સીરતુલ મુસ્તફા ભાષાંતર, કિંમત રૂા.૨૦૦

ખાનદાને મુસ્તફા

દારૂલ ઉલૂમશાહેઆલમ, ફોન,
ખમાસા, જમાલપુર રોડ, અહમદાબાદ.

છેવાડાના શહેરો સુધી રેલવેની સુવિધાને પહોંચાડવા ૧૫ ઓક્ટોબરથી ૧૦ નવી 'સેવા સર્વિસ' ટ્રેનો શરૂ કરવામાં આવશે : આ રહી વિગતો

(એજન્સી) તા.૧૩

ભારતીય રેલવે પ્રથમવાર સેવા સર્વિસ નામથી ૧૦ નવી ટ્રેનો શરૂ કરવા જઈ રહ્યું છે જે નાના શહેરોને એકબીજા સાથે જોડશે. આમાંથી ૫ ટ્રેનો દરરોજ અને અન્ય ૫ ટ્રેનો અઠવાડિયામાં ૬ દિવસ ચલાવવામાં આવશે. રેલવે મંત્રી પિયુષ ગોયલ ૧૫ ઓક્ટોબરના રોજ દિલ્હી-શામલી સેવા સર્વિસ ટ્રેનને લીલી ઝંડી બતાવી આ પ્રકારની પ્રથમ ટ્રેનની શરૂઆત કરશે. નવી સેવા ટ્રેનોની આ રૂટ પર શરૂઆત કરવામાં આવશે.

૧. મુરકંગસેલેક-દિબ્રુગઢ
૨. દિલ્હી-શામલી
૩. ભુનેશ્વર-નયાગઢનગર
૪. કોટા-ઝાલાવાર સિટી
૫. વડનગર-મહેસાણા
૬. પલની- કોઈમ્બતુર
૭. અસારવા-હિંમતનગર
૮. કરૂર-સાલેમ
૯. યશવંતપુર-તુમકુર
૧૦. કોઈમ્બતુર-પોલ્લાચી

દુનિયામાં સૌથી સુખી મુસ્લિમો ભારતમાં છે, જેનો શ્રેય હિન્દુ સંસ્કૃતિને જાય છે : RSS પ્રમુખ મોહન ભાગવત

(એજન્સી)

ભુવનેશ્વર,તા.૧૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે, દુનિયામાં સૌથી સુખી મુસ્લિમો ભારતમાં જોવા મળે છે, જેનો શ્રેય હિન્દુ સંસ્કૃતિને જાય છે. ભાગવતે કહ્યું કે, હિન્દુએ કોઈ ધર્મ, ભાષા કે દેશનું નામ નથી એ તો ભારતમાં રહેતા તમામ લોકોની સંસ્કૃતિ છે. જયારે પણ કોઈ રાષ્ટ્ર યોગ્ય માર્ગેથી ભટકી ગયો છે, ત્યારે તે સત્યની શોધમાં આપણી પાસે આવ્યો છે, પરંતુ કેટલાક લોકો પોતાની હિન્દુ ઓળખ છતી કરવામાં શરમ અનુભવે છે, જયારે કેટલાક લોકો ગર્વ સાથે પોતાની ઓળખ દર્શાવે છે. તો કેટલાક લોકો પોતાના હીતોને કારણે છુપી રીતે આ વાતનો સ્વીકાર કરે છે.

નિવેદનમાં સંઘ પ્રમુખે કહ્યું કે મારે-મારે યહૂદી ફરતા હતા એકલું ભારત છે જયાં તેમને આશ્રય મળ્યો. પારસીની પૂજા અને મૂળ ધર્મ સુરક્ષિત માત્ર ભારતમાં છે. વિશ્વમાં સૌથી વધુ સુખી મુસલમાન ભારતમાં મળશે. આવું કેમ છે? કારણકે આપણે હિન્દુ છીએ? આની પહેલાં તેમણે કહ્યું કે આપણી ઉન્નતિ અંગ્રેજોના લીધે થઈ એ કહેવું ખોટું છે. આપણે કલાસલેસ સોસાયટીની સ્થાપના વેદોના આધાર પર કરી શકીએ છીએ.

હિન્દુ કોઈ ભાષા કે પ્રાંત નથી આ એક સંસ્કૃતિ છે જે ભારતના લોકોનો સાંસ્કૃતિક વારસો છે. તેમણે કહ્યું કે આરએસએસનું લક્ષ્ય માત્ર હિન્દુ સમુદાયને બદલવાનું નથી પરંતુ દેશમાં આખા સમાજને સંગઠિત કરવાનો છે. સાથો સાથ હિન્દુસ્તાનને શ્રેષ્ઠ ભવિષ્યની તરફ લઈ જવાનું છે. બુદ્ધિજીવીઓની સાથે વાતચીતમાં તેમણે કહ્યું કે સૌથી સારી રીત એ છે કે સારા વ્યક્તિ તૈયાર કરો જે સમાજ અને દેશને બદલવામાં અગત્યની ભૂમિકા નિભાવી શકે. સંઘ પ્રમુખે સમાજમાં બદલાવને જરૂરી ગણાવ્યો અને કહ્યું કે ૧૩૦ કરોડો લોકોને બદલવા શકય નથી. તેમણે કહ્યું કે તેના માટે સારા વ્યક્તિ તૈયાર કરવા જરૂરી છે, જે સ્વચ્છ ચરિત્રનો હોય અને દરેક શેરી દરેક કસબામાં નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવતો હોય. આ અમારી ઈચ્છા છે કે આરએસએસનો ઠપ્પો હટી જાય અને આરએસએસ તથા સમાજ એક સમૂહ તરીકે કામ કરો. ચાલો તમામ શ્રેય સમાજને આપીએ. ભારતની વિવિધતાની પ્રશંસા કરતાં તેઓએ કહ્યુ કે સમગ્ર દેશ એક સૂત્રથી બંધાયેલો છે. તેઓએ કહ્યુ કે, ભારતના લોકો વિવિધ સંસ્કૃતિ, ભાષાઓ, ભૌગોલિક સ્થાનો હોવા છતાંય પોતાને એક માને છે. ઉલ્લેખનીય છે કે સંઘ પ્રમુખ નવ દિવસના પ્રવાસે ઓરિસ્સાના સતરૂદે પહોંચ્યા છે. આ દરમ્યાન ૧૭ થી ૨૦ ઑક્ટોબર સુધી કાર્યકારી મંડળની બેઠક થશે. જેમાં જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવા અને ટ્રિપલ તલાક બિલ જેવા કેન્દ્ર સરકારના પગલાં પર ચર્ચા થવાની આશા છે.

RTI રિપોર્ટ કાર્ડ : માહિતી આયોગમાં ખાલી જગ્યાઓને કારણે આરટીઆઈ ફરિયાદો-અપીલનો જંગી બેકલોગ

RTI એક્ટની રચનાની ૧૪મી વર્ષગાંઠે જારી કરાયેલ એક અભ્યાસ અનુસાર ફેબ્રુ.૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ સૂચના આપી હોવા છતાં કેન્દ્ર કમિશન્સમાં સમયસર નિમણૂંકો કરવામાં સરેઆમ નિષ્ફળ રહી છે

(એજન્સી) તા.૧૩

સુપ્રીમકોર્ટની સ્પષ્ટ સૂચનાઓ છતાં કેન્દ્ર સરકાર સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનમાં (સીઆઈસી) કમિશનરોની સમયસર નિમણૂંક કરવાની બાબતમાં ઉદાસીન છે.એ જ રીતે ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં થયેલ વિલંબને કારણે વિવિધ રાજ્યોમા ઈન્ફર્મેશન કમિશન એટલે કે માહિતી આયોગમાં પડતર કેસોનો ભરાવો વધતો જાય છે.



ભારતમાં ઈન્ફર્મેશન કમિશન્સની કામગિરી પરના ૨૦૧૮-૧૯ પરના રિપોર્ટ કાર્ડમાં કેસોના વધતાં જતાં બેકલોગ માટેનું આ એક પ્રાથમિક કારણ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.સતર્ક નાગરીક સંગઠન (એસએનએસ) અને સેન્ટર ફોર ઈક્વિટીઝ સ્ટડીઝ (સીઈસી) દ્વારા તૈયાર કરવામાં આવેલ રિપોર્ટમાં આરટીઆઈ એક્ટ ૨૦૦૫ હેઠળ સ્થપાયેલ તમામ માહિતી આયોગને આવરી લેવામાં આવ્યાં છે. આ રિપોર્ટ માટે આ કાયદા હેઠળ કુલ ૧૨૯ અરજીઓ કરવામાં આવી હતી. ઈન્ફર્મેશન કમિશન્સ સબંધીત અને અપડેટેડ માહિતી આપે છે કે કેમ તે જોવા માટે ૨૯ ઈન્ફર્મેશન કમિશનની વેબસાઈટનું પણ લિશ્લેષણ કરવામાં આવ્યું હતુ. રિપોર્ટમાં જણાવાયું છે કે દર વર્ષે ૪૦થી ૬૦ લાખ આરટીઆઈ અરજીઓ કરવામાં આવે છે અને દેશભરમાં આ કાયદાનો ઉપયોગ કરવામા આવે છે.રિપોર્ટમાં જણાવાયું છે કે આરટીઆઈ એક્ટ અમલના ૧૪ વર્ષ બાદ ભારત અને રાષ્ટ્રીય મૂલ્યાંકનનો અનુભવ એવો નિર્દેશ આપે છે કે માહિતી કમિશન્સની કામગિરીમાં મુખ્ય અવરોધ આરટીઆઈ કાયદાના અસરકારક અમલમાં રહેલો છે. ફરીયાદો અને અપીલોના જંગી બેકલોગને કારણે કેસોના નિવેડામાં અસામાન્ય વિલંબ થાય છે.રિપોર્ટમા જણાવાયું છે કે બેકલોગ માટેનું મુખ્ય કારણ સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશન અને સ્ટેટ ઈન્ફર્મેશન કમિશન કમિશન્સમાં કમિશનરોની તત્કાળ નિમણૂંક કરવામાં કેન્દ્ર અને રાજય સરકારોની નિષ્ફળતા છે. રિપોર્ટમાં એવું પણ જણાવાયું છે કે કેટલાય માહિતી આયોગો નિષ્ક્રિય છે અથવા તો જંગી બેકલોગ હોવા છતાં ઓછી ક્ષમતામાં કામ કરે છે કારણકે કમિશનર્સ અને ચીફ ઈન્ફર્મેશન કમિશનર્સની જગ્યાઓ ખાલી પડી છે.મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉ.પ્ર., કેરળ, તેલંગણા, ઓરિસ્સા અને પ.બંગાળમાં ઈન્ફર્મેશન કમિશન મંજૂર કરાયેલ ઓછી જગ્યાઓ સાથે કામ કરી રહ્યાં છે.

પટણામાં પ્રચંડ પૂર દરમિયાન RSSના સ્વયંસેવકો ક્યાં ગાયબ થઈ ગયા હતા ? તેઓ સુશીલકુમાર મોદીની વહારે કેમ ન આવ્યા ?

(એજન્સી) તા.૧૩

ગત સપ્તાહે પૂરગ્રસ્ત પટણામાં ફસાયેલા બિહારના નાયબ મુખ્ય પ્રધાન સુશીલકુમાર મોદીની તસવીરો વાયરલ થઈ હતી.ભાજપ વર્તુળોમાં સુમો તરીકે ઓળખાતાં સુશિલકુમાર મોદી એક ફલાયઓવર પર શોટ્ર્સમાં ઊભેલા દેખાય છે. તેમની આજુબાજુ તેમના પરિવારજનો અને કેટલીક શૂટકેસો હતી. રાજેન્દ્રનાગરમાં એનડીઆરએફની ટીમે સુશિલકુમાર માદીને તેમના ઘરેથી રેસ્ક્યુ કર્યા હતા.સુશિલકુમાર મોદીના નિવાસસ્થાનથી આરએસએસનું સ્થાનિક વડુ મથક બહુ દૂર નથી.સુશીલકુમાર મોદી આરએસએસ સાથે મજબૂત કનેક્શન ધરાવે છે અને તેઓ એબીવીપીના પણ સભ્ય હતાં, પરંતુ એ બાબત વિચિત્ર છે કે આરએસએસના સ્વયંસેવકો

કુદરતી આફતો બાદ રાહતકાર્યોમાં હંમેશા અમારા સ્વયંસેવકો પહેલ કરે છે એવો સતત દાવો કરનાર સંઘ પરિવાર પોતાના નાયબ મુખ્ય પ્રધાન સુશીલકુમાર મોદીને પણ રેસ્ક્યુ કરવામાં નિષ્ફળ ગયાં હતા

પૂરમાં ફસાયેલા નાયબ મુખ્ય પ્રધાન સુશીલકુમાર અને તેમના પરિવારની વહારે આવ્યાં ન હતા. સુશીલકુમાર મોદીને રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતાં અને ત્યાર બાદ ૪ ઓક્ટો.પૂર્વ સાંસદ અને જન અધિકાર પાર્ટીના વડા પપ્પુ યાદવ પાણી ખૂંદીને મોદીના ઘરે પહોચ્યાં હતાં કે જયાં તેમના ડ્રાઈવર અને કેટલાક નોકરો હજુ ફસાયાં હતા.પપ્પુ યાદવે તેમને ખોરાક, પાણી અને અન્ય રાહત સામગ્રી પહોચાડીને રેસ્કુય કર્યા હતા.સુશીલકુમારના પડોશીઓએ એવી ફરીયાદ કરી હતી કે તેઓ બધા પૂરમાં ફસાયાં હતાં પરંતુ સુશીલકુમાર મોદીએ પોતે રેસ્ક્યુ થઈ ગયાં બાદ તેમની કોઈ દરકાર લીધી ન હતી. સુશીલકુમારમોદીના રેસ્ક્યુ બાદ ચાર દિવસ સુધી પૂરમાં ફસાયેલ પડોશી મહિલાઓએ કહ્યું હતું કે તેઓ બારીમાંથી બધુ જોતાં હતાં ,વાત કરતાં હતાં પરંતુ એકલા જ નીકળી ગયાં હતા.પપ્પુ યાદવે પણ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે આટલા નિર્દય કઈ રીતે થઈ ગયાં ડેપ્યુટી સીએમ સુશીલકુમાર મોદીજી?આપના પડોશીઓનો પણ એટલો જ શાસન-પ્રશાસન ,રાજયના સંસાધન પર અધિકાર છે જેટલો આપનો છે.એ બધાને મરવા માટે કેમ છોડી દીધા?શું તેમના માટે સામાન્ય લોકોની જીંદગીની કોઈ કિંમત નથી?

ભારત-પાકિસ્તાન કરતાં ભારત-ચીન વચ્ચેનું અણુયુદ્ધ પર્યાવરણ માટે વધુ વિનાશક પુરવાર થશે : નિષ્ણાંત એલાન રોબોક

ભારત-પાકિસ્તાન વચ્ચે ૨૦૨૫માં યુદ્ધ થશે તો ૧૦ કરોડ કરતાં વધુ લોકો મોતને ભેટશે

(એજન્સી) તા.૧૩

પાકિસ્તાન અને ભારતમાં ઝડપથી વધતાં જતાં પરમાણુ શસ્રાગારની સંભવિત અસર પરના એક તાજેતરના અભ્યાસના સહ લેખક એલાન રોબોકે જણાવ્યું હતું કે જો અમેરીકા અને રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળે તો ૧૫૦ મિલીયન ટન ધુમાડો ઊભો થઈ શકે જેના કારણે અણુ શિયાળો ત્રાટકી શકે છે.

હફિંગ્ટન પોસ્ટ સાથેની એક મુલાકાતમાં રોબોકે જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચેનું સંભવિત યુદ્ધ ભારત અને પાકિસ્તાન કરતાં વધુ ધુમાડો પેદા કરી શકે છે.સાયન્સ એડવાન્સીઝ નામના જરનલમાં પ્રસિદ્ધ થયેલ આ અભ્યાસ અહેવાલમાં જણાવ્યું છે કે જો ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૦૨૫માં યુદ્ધ ફાટી નીકળશે તો ૧૦ કરોડ કરતાં વધુ લોકો મોતને ભેટશે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારત અને પાકિસ્તાન પાસે ૨૦૨૫ સુધીમાં ૪૦૦થી ૫૦૦ જેટલા અણુશસ્રો હશે અને અણુ શસ્ત્રોને કારણે ભભુકી ઊઠનાર આગના લીધે ૧૩થી ૩૬ મિલીયન ટન મેશ ઊભી થઈ શકે છે.તેના કારણે સૂર્યપ્રકાશની સપાટી ૨૦થી ૩૫ ટકા જેટલી ઘટી જશે જે વાતાવરણમાં કાતિલ ઠંડી લાવી શકે છે અને ૨થી ૫ ડીગ્રી સે.ગ્રેડ તાપમાન ઘટી શકે છે.

ન્યૂ બ્રન્સવિકમાં રટગેર યુનિવર્સિટી ખાતે કામ કરતા એલાન રોબોકે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના અણુયુદ્ધના પરીણામ અંગે આજથી ૧૦ વર્ષ પહેલા અભ્યાસ શરુ કરી દીધો હતો.હવે ભારત અને પાકિસ્તાન પાસે વધુ શસ્રો છે,વધુ મોટા શસ્ત્રો છે અને સંભવિત નિશાનો પણ મોટા છે અને તેથી અમે નવા માહોલમાં આ સમસ્યાનો ફરી અભ્યાસ શરુ કર્યો છે.

નવી પ્રતિભાઓને તક આપશે કોંગ્રેસ, અમુક લોકોની પકડને નબળી પડાશે : જિતિન પ્રસાદ

(એજન્સી) તા.૧૩

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં યુપી કોંગ્રેસ પાર્ટી પદો માટે નવી પ્રતિભાઓને તક આપશે જે અમુક લોકોના સકંજાને કારણે પહેલા આગળ આવી શક્યા ન હતા. પાર્ટી નેતા જિતિન પ્રસાદે રવિવારે કહ્યું કે, તે પાર્ટીના રાજ્ય એકમમાં ફેરફારની પ્રશંસા કરે છે જે જૂના અને નવાઓનું મિશ્રણ છે.

જિતિન પ્રસાદે કહ્યું કે કોંગ્રેસને આશા છે કે તે યુપીના ભવિષ્યની પાર્ટી છ અને એ લોકોને તક આપી રાજ્યના રાજકારણમાં પરિવર્તન લાવવા તરફ મીટ માંડી રહી છે જેને અગાઉ પારિવારિક પૃષ્ઠભૂમિ કે નાણાંકીય અવરોધના કારણે તે તક ન મળી જેના તે હકદાર હતા.

તેમણે કહ્યું કે યુપીમાં કોંગ્રેસ માટે આગનો રસ્તો અત્યંત લાંબો અને મુશ્કેલ છે પણ પાર્ટી અલ્પકાલિક ઝાટકાથી ડગશે નહીં કેમ કે તેને લોકોનો વિશ્વાસ જીતી લેવાનો ભરોસો છે. કોંગ્રેસે સોમવારે અજય કુમાર લલ્લુને રાજબબ્બરના સ્થાને યુપીના પાર્ટી અધ્યક્ષ બનાવ્યા અને રાજય એકમમાં ફેરફાર કર્યા. આ એકમમાં ચાર ઉપાધ્યક્ષ, ૧૨ મહાસચિવ અને ૨૪ સચિવ સામેલ કરાયા હતા. પાર્ટીના મહાસચિવ માટે એક સલાહ પરિષદની પણ રચના કરાઈ છે જેમાં વરિષ્ઠ નેતા મોહસિના કિદવઈ, પીએલ પુનિયા અને આરપીએન સિંહ સામેલ છે. રણનીતિ અને યોજના માટે આઠ સભ્યોનું એક કાર્યસમૂહ પણ છે. રણનીતિ અને યોજના માટે બનાવેલ કાર્યસમૂહના સભ્ય પ્રસાદે કહ્યું કે મહાસચિવ તરીકે પ્રિયંકા ગાંધી પાર્ટી કાર્યકરોને નિર્દેશ આપી રહ્યા છે કે જે એ લોકોના ખુલાસા કરવા માટે સંકલ્પિત છે જેમણે જૂઠા વિમર્શના સહારે લોકોનું સમર્થન મેળવ્યું.

આ છે એવા સુંદર પાંચ દેશ કે જ્યાં ભારતીયોને વિઝા મુક્ત એન્ટ્રી મળે છે

(એજન્સી) તા.૧૩

સહેલાણીઓ ક્યારેય પોતાને વિવિધ પર્યટન સ્થળોએ જતાં અટકાવી શકતાં નથી.નવા નવા સ્થળો અને સંસ્કૃતિનો લાભ લેવો એ તેમના માટે એક સ્ટાન્ડર્ડ નિયમ છે.જો કે વિઝા મેળવવાની લાંબી પ્રોસીઝર અને કડાકૂટને કારણે ઘણીવાર પ્રવાસીઓને નિરુત્સાહિ કરે છે.

જો કે હવે તમારે એ વાતની ચિંતા કરવાની જરુર નથી કારણ કે એવા કેટલાક સુંદર અને આકર્ષક લોકેશન છે કે જયાં ભારતીયો વિઝા વગર મુલાકાત લઈ શકે છે.આવા પાંચ સુંદર દેશો છે કે જેમાં ભારતીયો વિઝા વગર પ્રવેશ મેળવી શકે છે.

મકાઉ

મકાઉ ચીનનું એક સ્પેશિયલ પ્રશાસનિક ક્ષેત્ર છે.તે પર્લ નદી ડેલ્ટાની પશ્ચિમી બાજુ આવેલ છે.આ એક સુંદર દ્વિપકલ્પ છે.ત્યાં ૩૦ દિવસ સુધી વિઝા વગર રોકાણ કરી શકાય છે.માર્ચથી મે અને સપ્ટે.થી નવે.જવા માટે શ્રેષ્ઠ સમય છે.

ફીજી ટાપુઓ

ફીજી એ ૩૦૦ જેટલા ટાપુઓનો દ્વિપસમુહ છે.સર્ફિંગ ,હાઈકીંગ, સ્કાય ડાઈવિંગ જેવી સાહસિક પ્રવૃત્તિ માટેનું કેન્દ્રસમાન છે.અહીં ૧૨૦ દિવસ વિઝા વગર રોકાઈ શકાય છે.

સમોઆ

સમોઆ એક સ્વતંત્ર રાજ્ય છે.તે ૧૯૬૨માં ન્યૂઝિલેન્ડથી સ્વતંત્ર થયું હતુ. સુંદર ટાપુનો દેશ છે જ્યાં પુરુષો સ્કર્ટ પહેરે છે.અહીં ૬૦ દિવસ વિઝા વગર રહી શકાય છે.

કૂક આઈલેન્ડ

કૂક દ્વિપસમુહ એક દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં આવેલ દ્વિપ દેશ છે જે ન્યૂઝીલેન્ડનું મુક્ત સંઘ છે.૧૫ ટાપુઓ સાથે અહીં સુંદર સમુદ્રકિનારા, જળધોધ, ડાઈવીંગ ,સ્પોટ અને માઉન્ટેન ટ્રેક આવેલા છે.૩૧ દિવસ અહીં વિઝા વગર રહી શકાય છે.

જમૈકા

જમૈકા ગ્રેટર એન્ટિલીજ પર આવેલ એક દ્વિપ રાષ્ટ્ર છે.તેની રાજધાની કિંગ્સ્ટન છે.કેરેબિયન સાગરમાં આવેલ આ દ્વિપ રાષ્ટ્ર છે અહીં વિઝા વગર ૧૪ દિવસ રહી શકાય છે.

ED દ્વારા પૂછપરછ બાદ સપ્તાહો સુધી મૌન ધારણ કરનાર રાજ ઠાકરેએ આખરે ખામોશી તોડી

રાજ ઠાકરે આ વખતે ઈચ્છે છે કે, તેમનો પક્ષ ભાજપ સામે વિશ્વસનીય વિરોધ પક્ષની ગરજ સારશે

(એજન્સી) તા.૧૩

ઓગસ્ટમાં એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી) દ્વારા પૂછપરછ બાદ એક મહિના સુધી મૌન રહ્યાં પછી ગુરુવારે ફાયર બ્રાન્ડ વક્તા એવા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ આખરે એક મહિનાની ખામોશી તોડીને પ્રચાર અભિયાનનો આરંભ કર્યો હતો. હવે જયારે ચૂંટણી આડે ૧૧ દિવસ બાકી છે ત્યારે તેમણે પોતાના સમર્થકોને તેમનો પક્ષ સત્તામાં આવે એટલા માટે મતદાન નહીં કરવા પરંતુ મહારાષ્ટ્રમાં વિશ્વસનીય વિરોધ પક્ષ રહે તે માટે તેમના પક્ષની એટલે કે મનસેની પસંદગી કરવા હાકલ કરી છે.વિશ્વ અંગે તો મને ખબર નથી પરંતુ ભારતમાં અત્યાર સુધી કોઈ રાજકીય પક્ષે ક્યારેય

એવું કહ્યું નથી કે તેમને વિપક્ષમાં બેસવા માટે તેમની તરફેણમાં મતદાન કરીને તેમને ચૂંટી કાઢો. હું તમારી પાસે આજે એક એજન્ડા સાથે આવ્યો છુ અને અમારો એજન્ડા મહારાષ્ટ્રને વિશ્વસનીય વિરોધ પક્ષ પૂરો પાડવાનો છે કારણકે જો વિરોધ પક્ષ નબળો હોય તો શાસકો હાહાકાર મચાવી શકે છે એવું મનસેના વડા રાજ ઠાકરેએ મુંબઈમાં રેલીઓને સંબોધતા જણાવ્યું હતુ.પક્ષની પ્રથમ રેલી બુધવારે પૂણેમાં યોજાવાની હતી પરંતુ ભારે વરસાદને કારણે આ રેલી રદ થઈ હતી. રાજ ઠાકરેએ આરએ જંગલના મુદ્દા સાથે કામ લેવા માટે ન્યાયતંત્રની પણ ટીકા કરી હતી અને રાજયમાં ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી માત્ર ૧૨૪ બેઠકો આપવા છતાં તેમના પિતરાઈ અને શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેની ભાજપ સાથે જોડાણ કરવા બદલ મજાક ઉડીવી હતી.મનસેના વડાની વાચાળતા હવે તેમના સમર્થકો માટે રાહત તરીકે આવી છે કે જેઓ છેલ્લી ઘડી સુધી અનિશ્ચિત હતાં કે તેમને ચૂંટણી લડવાની છે કે નહીં.

આખરે રાજ ઠાકરેના પક્ષ મનસેએ રાજયમાં ૧૧૪ વિધાસનભા બેઠકો પર પોતાના ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.મનસેએ અન્ય કોઈ પક્ષ સાથે ગઠબંધન કર્યુ નથી પરંતુ ખાનગીમાં તેમને આશા છે કે શરદ પવારની એનસીપી કેટલીક બેઠકો પર તેમની સાથે ગર્ભીત સમજૂતિ કરશે.

ઉના હોસ્પિટલ દ્વારા ખિલખિલાટ વાહનનું લોકાર્પણ :-

ઉના સરકારી હોસ્પિટલમાં પ્રસ્સુતા માટે વધુ એક ખિલખિલાટ વાહનનું હોસ્પિટલ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ખિલખિલાટ વાહન ખાસ કરીને મહિલાની ડિલેવરી માટે હોસ્પિટલે લઈ જવા મુકી જવા વિનામુલ્યે સેવા આપવામાં આવે છે. આ ખિલખિલાટનું લોકાર્પણ ડો.જાદવ અને મિશ્રા દ્વારા રિબીન કાપીને કરવામાં આવ્યું હતું.

મહિધરપુરાના પટેલવાડી ખાતે ધૂમ સ્ટાઈલે મહિલાના પર્સની ચીલઝડપ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૩

ડભોલી ચાર રસ્તાથી સુરત રેલવે સ્ટેશન બાઈક ઉપર જઈ રહેલા દંપતિ પૈકી મહિલાના હાથમાં બાઈકર્સ ગેંગે ઝાપટ મારી રોકડા રૂપિયા અને સોનાના દાગીના મળી કુલ્લે રૂા.૫૬ હજારની મતા ભરેલુ પર્સ આંચકી નાસી છૂટ્યા હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

ચોકબજારના ડભોલી ચાર રસ્તા પાસે આવેલ શ્રીરામ સોસાયટીમાં રાકેશભાઈ ડબકર પરિવાર સાથે રહે છે અને કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૨ ઓક્ટોબરની વહેલી સવારે રાકેશભાઈ પોતાની પત્ની સાથે બાઈક પર પોતાના ઘરેથી સુરત સ્ટેશન તરફ જવા માટે નિકળ્યા હતા. તે દરમિયાન મહિધરપુરાના પટેલવાડી ખાતે આવેલ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતી વખતે પાછળથી એક બાઈક ઉપર આવેલા બે અજાણ્યા પૈકી એકે વેપારીની પત્નીના હાથમાં ઝાપટ મારી રોકડા રૂપિયા અને સોનાના દાગીના મળી કુલ રૂા.૫૬ હજારની મતા ભરેલુ પર્સ આંચકી ધૂમ સ્ટાઈલે નાસી છૂટ્યા હતા. બનાવ સંદર્ભે રાકેશભાઈની ફરિયાદના આધારે મહિધરપુરા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પરવટ પાટિયા નજીક કાપડની દુકાનમાં આગ ભભૂકી ઊઠતાં દોડધામ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૩

પરવટ પાટિયા નજીક આવેલા રઘુવીર મોલ માર્કેટમાં કાપડની એક દુકાનમાં ઈલેક્ટ્રિક શોર્ટસર્કીટને કારણે આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

જો કે, ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા જ દુકાનદારે ફાયર એક્સ્ટીંગ્યુશરની મદદથી આગ પર કાબુ મેળવી લીધો હતો. દુકાનમાં એસીમાં શોર્ટસર્કીટને કારણે આગ લાગી હોવાની શક્યતા ફાયર ઓફિસરે વ્યક્ત કરી હતી. આગના અન્ય એક બનાવમાં અમરોલી રઘુવીર ચોકડી પાસે શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં આવેલી નવરંગ કોટન વર્ક્સ નામની દુકાનમાં શનિવારે સાંજે આગ ભભૂકી ઉઠી હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબુ મેળવી લીધો હતો. મશીનમાં શોર્ટસર્કીટને કારણે દુકાનમાં આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. આગની આ ઘટનામાં કાપડનો જથ્થો, ગાદલા ગોદડાં અને ઓશીકા બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે આગના આ બંને બનાવમાં કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી.

વલસાડ : એમ્પ્લોઈઝ યુનિયને કેરેજ વિભાગ સાથે થઈ રહેલાં અન્યાય સામે કહેલ રજૂઆત

વલસાડ,તા૧૨

વલસાડની મુલાકાતે આવેલા રેલવેના ઉચ્ચ અધિકારી સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસરને વેસ્ટર્ન રેલવે એમ્પલોઈઝ યુનિયને એક આવેદનપત્ર પાઠવી કેરેજ વિભાગ સાથે થઈ રહેલા અન્યાય સામે રજૂઆત કરી હતી.

રેલવેના સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર ઉન્મેશ ત્રિવેદીએ વલસાડમાં કેરેજ વિભાગ, રેલવે હોસ્પિટલ વગેરેની મુલાકાત લીધી હતી. ત્યારે વેસ્ટર્ન રેલવે એમ્પલોઈઝ યુનિયનના ડિવિઝનલ ચેરમેન પ્રકાશ સાવલકર, સેક્રેટરી હુસેન બેલીમ, સંજયસિંગ, રોબીનસન, પ્રશાદ કાદલે વગેરેએ મળી કેરેજના વિવિધ પ્રશ્નો સંદર્ભે એક આવેદનપત્ર પાઠવ્યું હતુ. જેમાં તેમણે ખાસ કરીને કેરેજના કર્મચારીની સ્કૂલ ફી, ટ્રાવેલીંગ એલાઉન્સ, ઓવર ટાઈમ, રજાની સમસ્યા તેમજ આસિસ્ટન્ટ લોકો પાઈલોટના પ્રમોશનના મુદ્દે રજૂઆત કરી હતી. તેમણે લોકોશેડ અને કેરેજમાં ચીફ ઓએસની વેકેન્સી પૂરી પાડવા રજૂઆત કરી હતી.

અકસ્માત દરમિયાન કાર્યરત એક્સિડન્ટ રિલીફ ટ્રેનમાં કાર્ય કરતા સુપરવાઈઝરને છ માસથી નહીં મળેલા ઓવરટાઈમ આપવા પણ તેમણે ઉગ્ર રજૂઆત કરી હતી. જેની સામે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસરે યુનિયને જણાવ્યું કે, આ માસના પગારમાં ટ્રાવેલિંગ એલાઉન્સ અને સ્કૂલ ફી આપવાની બાંહેધરી આપી છે.

પ્રજાજનોની હાડમારી નિવારવા

માંગરોળમાં આધારકાર્ડની કીટ વધારવા ક્લેકટરને રજૂઆત

માંગરોળ,તા.૧૨

જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં અરજદારોના ઘસારાને ધ્યાનમાં લઈ આધારકાર્ડની કીટ વધારવા કલેકટર સમક્ષ માંગ કરી છે. સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના ઉપપ્રમુખ અને પૂર્વ ન.પા. પ્રમુખ હાજી મો.હુસેન જેઠવા(ઝાલા)એ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે તાલુકામાં હાલ આધારકાર્ડની ફક્ત એક જ કીટ છે. જેમાં આધારકાર્ડમાં સુધારા, ફેરફાર તથા નવા બનાવવા સબંધિત ૫૦૦જેટલા અરજદારો દરરોજ આવતા હોય છે. હાલમાં સરકાર તરફથી કિસાન સન્માન નિધિ દરેક ખેડુતોના ખાતાંમાં આવતી હોય, પરંતુ નામ અને બેંક પાસબુક મેચ ન થતા નાણાં અટકી ગયા છે. પરિણામે આવી યોજનાઓનો લાભ મળતો નથી. ઉપરાંત ૨૦૨૦માં NPR રાષ્ટ્રીય વસ્તી ગણતરી સંદર્ભે નાની મોટી ભૂલ સ્વીકારતું નથી. આધારકાર્ડની જરૂરિયાતને ધ્યાને લઈ કીટ વધારવા મામલતદારને અવારનવાર મૌખિક રજૂઆતો કરેલી છે. પરંતુ કોઈ કાર્યવાહી ન થતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કીટો વધારવા આદેશ કરવાની માંગ સાથે આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ફરજ પડનાર હોવાનું જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માંગરોળ ટાવર પાસે પોસ્ટ ઓફિસમાં પણ એનરોલમેન્ટ સેન્ટર હોવા છતાં ફક્ત કામગીરી ન કરવી પડે તેવી દાનતે ત્યાં જતા લોકોને અહીં આધાર કાર્ડ બનતા નથી તેવું કહી આધાર કાર્ડની કામગીરી કરી દેવામાં આવતી નથી.

બાબરાના ઉંટવડ ગામે

આશ્રમ પાસે માલઢોર ચરાવવા બાબતે સ્વામી માલધારી વચ્ચે મારામારી

અમરેલી,તા.૧૩

બાબરાના ઉંટવડ ગામે આશ્રમના સ્વામીએ આશ્રમ નજીક ઢોર ચારવા આવતા શખ્સોને નહિ આવવાનું કહેતા ચાર શખ્સોએ સ્વામીને લાકડી વતી મુંઢમાર મારી તેમજ આશ્રમમાં પડેલ ગાડીમાં નુકશાની કરતા સ્વામીએ બાબરા પોલીસમાં ચાર શખ્સો સામે ફરિયાદ નોંધવી જ્યારે સ્વામી સામે પણ સામી ફરિયાદ કરી હતી કે, સ્વામીને આશ્રમ નજીકની ખાલી જગ્યામાં મકાઈ વાવેલ હોઈ જે સારૂ ન લાગતા સ્વામીએ લાકડી વતી મારમાર્યાની ફરિયાદ નોંધાઈ હતી.

બાબરાના ઉંટવડ ગામે આવેલ બદ્રિકા આશ્રમમાં છેલ્લા બે માસથી રહી સેવા પૂજા કરતા સ્વામી ઘનશ્યામપ્રિય ગુરુશાસ્ત્રી શ્રીકૃષ્ણ સ્વામી (ઉ.વ.૪૮)ના એ ઊંટવડ ગામનો વિપુલ આબાભાઈ સોરીયા આશ્રમ નજીક આવેલ જગ્યામાં માલઢોર ચરાવતો હોઈ અને તે ખાલી જગ્યામાં વિપુલભાઈએ મકાઈ વાવેલ હોઈ તેથી સ્વામીએ નહિ આવવા કહેલ જેથી વિપુલ સોરીયા એ તેમજ જયેશ આબાભાઈ સોરીયા તેમજ બે અજાણ્યા માણસોએ સ્વામીને લાકડી વતી મારમારી આશ્રમ ખાલી કરી જતો રે તેવી ધમકી આપતા બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સ્વામી ઘનશ્યામપ્રિય સ્વામી ગુરુ શાસ્ત્રી કૃષ્ણસ્વામી (ઉ.વ.૪૮) ઉપર પણ વિપુલભાઈ આંબાભાઈ સોરીયા એ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આશ્રમ નજીક માલઢોર ચરાવવા જતા હોવાથી સ્વામીને સારૂ ન લાગતા આશ્રમમાં આવવાની ના પાડતા હોઈ જેથી મનદુઃખ રાખી સ્વામીએ વિપુલભાઈ ઉપર લાકડીથી હુમલો કરી ફરિયાદ નોંધાઈ હતી.

સાયલા ફોરેસ્ટ વીડ વિસ્તારમાં

બાવળોની કાંટમાં સંતાડેલ ૧૯ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

વઢવાણ, તા.૧૩

સાયલા ફોરેસ્ટ વીડ તરીકે ઓળખાતા વિસ્તારમાં બાવળોની કાંટમાં છુપાવેલ ગે.કા.વિદેશી દારૂનો જથ્થો લોકલ ક્રાઈમ બ્રાન્ચ સુરેન્દ્રનગરએ ઝડપી પાડ્યો છે. એલ.સી.બી. ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે કોઈ અજાણ્યા ઈસમોએ સાયલા ફોરેસ્ટ તરીકે ઓળખાતા વીડ વિસ્તારમાં બાવળની કાંટમાં બિનવારસી ઈંગ્લિશ દારૂનો જથ્થો ઉતારી સંતાડી રાખેલ છે. જેથી આ જગ્યાએ તાત્કાલિક રેઈડ કરતા ફોરેસ્ટ વિસ્તારમાં બાવળોની કાંટમાંથી પાર્ટી સ્પેશ્યલ ડીલક્ષ વ્હીસ્કી વિદેશી દારૂની ૭૫૦ મીલીની કાચની કંપની સીલ બંધ બોટલો નંગ-૬૬૬૦ કિં.રૂા.૧૯,૯૮,૦૦૦/- નો મુદ્દામાલ બિનવારસી મળી આવતા તમામ મુદ્દામાલ કબજે કરી અજાણ્યા ઈસમો વિરૂદ્ધ પ્રોહી ધારા મુજબ સાયલા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજી કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ગીરગઢડાના પડાપાદર ગામે

રાવલ નદી પર પૂલ બાંધવા નાયબ મુખ્યમંત્રી દ્વારા કાર્યવાહી હાથ ધરવા આદેશ

ઉના, તા.૧૩

ગીરગઢડા તાલુકાના પડાપાદર ગામે છેલ્લા વીસ વર્ષથી આથમણા અને ઉગમણા પડા બંને ગામો વચ્ચેથી રાવલ નદી પસાર થતી હોય આ નદીમાં દર ચોમાસા દરમ્યાન ગામના ખેડૂતો તેમજ બાળકોને શાળાએ જવા આવવા વહેતા પાણીમાંથી જીવના જોખમે પસાર થવું પડતું હતું. જેને લઈ ગ્રામજનો તેમજ ખેડૂતો આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા પૂલ બનાવવાની કોઈ કાર્યવાહી હાથ ધરતું ન હોય. આ બાબતે

તા.૭ સપ્ટે.૨૦૧૯ના અખબારી અહેવાલો પ્રસિદ્ધ કર્યા બાદ અને જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના કાર્યલય ખાતે રજૂઆત કરતા આખરે વર્ષો જૂની સમસ્યા સરકારના કાને સંભળાય હોય તેમ નાયબ મુખ્યમંત્રી કાર્યલય દ્વારા પંચાયત પેટા વિભાગની કચેરીને પૂલ બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવા આદેશ કરાયેલ છે.

આથમણા અને ઉગમણા ગામે અંદાજીત બારસો લોકોની વસ્તી ધરાવતું ગામ હોય અને ગામ બંને કાંઠા પર વહેંચાયેલ હોય બંને ગામ વચ્ચે અવર-જવર કરવા પૂલ આવેલ હતો તે પૂલ વીસ વર્ષ પહેલાં તૂટી ગયેલો અને લોકો નદીમાંથી અવર-જવર કરતા હતા. તેમજ શાળામાં અભ્યાસ કરતા બાળકો તેમજ ખેતીવાડી સાથે જોડાયેલા ખેડૂતોને તેમજ તેમના પરિવારોને રોજિંદા શિક્ષણ, આરોગ્ય તેમજ સામાજિક કામ માટે ચોમાસા દરમ્યાન પૂરનું પાણી નદીમાં આવતા બંને ગામ વિખુટા પડી જતાં હોય જેના કારણે કાયમી સંપર્ક વિહોણા રહેવું પડતું હતું અને જીવના જોખમે ઊંડા પાણી વચ્ચેથી લોકોને અવર-જવર કરવું પડતું હતું. આ બાબત સરકારના વહીવટી વિભાગ દ્વારા લોકો સમસ્યાને હલ કરવા હાલની તકે પત્રથી કાર્યવાહી આગળ વધારવાના આદેશથી ગામ લોકોમાં ખુશી સાથે આશા જાગી છે કે, હવે ગામના પૂલની સમસ્યા ઉકેલ તરફ આગળ વધશે.

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવમાં પરિણીતા સહિત ૩નાં મોત

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં જુદા જુદા બનાવોમાં એક પરિણીતા સહિત ત્રણ મોત નિપજતા અરેરાટી મચી ગઈલ છે, પરિણીતાને માવતરે આટો મારવા જવાની ના પાડતા લાગી આવતા ગળાફાસો ખાઈ લીધો હતો જ્યારે એક શખ્સને વીજ કરન્ટ લાગતા તેમજ એક શખ્સે બીમારીથી કંટાળી આપઘાત કરેલ હતો.

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકના ટીબી ગામે રહેતી રવિના સુરેશભાઈ સોલંકી (ઉ.વ.૨૨)ને પોતાના માવતરે આંટો મારવા જવું હોઈ પરંતુ પતિએ ના પાડતા લાગી આવતા છતના પંખા સાથે સાડી બાંધી ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધેલ હતો, જ્યારે બીજા બનાવમાં ધારી તાલુકાના ઝર ગામે રહેતા વીરજી હરિભાઈ ચાવડા (ઉ.વ.૪૫)ને પાણી ભરવાની ઈલેક્ટ્રિક મોટરમાં વીજ કરન્ટ લાગતા મોત થયેલ હતું, જ્યારે સાવરકુંડલામાં જેસર રોડ ઉપર જીંજુડા વાસમાં રહેતા રાજુભાઈ શશીકાંતભાઈ મારૂ (ઉ.વ.૩૫)ને વાય હીસ્ટેરિયાની બીમારી હોઈ જેનાથી કંટાળી જઈ ઝેરી દવા ગટગટાવી જઈ આપઘાત કરી લીધેલ હતો. ત્રણેય બનાવમાં પોલીસમાં જાહેર થયેલ હતું.

ઉનાના ઓલવાણ ગામ સીસીટીવી કેમેરાથી સજ્જ

ઉના તાલુકાના ઓલવાણ ગામે ૧૪ના નાંણાપંચ વર્ષ ૨૦૧૯-૨૦માં ગામની મુખ્ય બજારો, મંદિરો તેમજ મુખ્ય ચોક વિસ્તારોમાં ૧૫ જેટલા સી.સી. કેમેરા ફિટ કરવામાં આવ્યા હતા. આ કેમેરાના ફુટેજ ગ્રામ પંચાયત કાર્યાલય ઓલવાણમાં જોઈ શકાય છે. આમ ગામની મહિલમ સરપંચ ભાવનાબેન ભાયાભાઈ વાળા દ્વારા ઓલવાણ ગામમાં સીસીટીવી કેમેરા ફુટેજ મેળવનાર પ્રથમ ગામ બન્યુ છે.

પાંડેસરાની મહિલાને હાથ-પગ તોડી નાખવાની ધમકી

વિધવાએ વ્યાજ સહિતની રકમ ચૂકવ્યા પછી પણ વ્યાજખોરોએ મકાનની ફાઈલ પરત ન કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૩

પાંડેસરા વિસ્તારમાં રહેતી એક વિધવાએ બે વ્યાજખોરો પાસેથી રૂા.૫ લાખ લીધા હતા. ત્યારબાદ બંને જણાએ ૩ મહિનામાં ૯૦ હજાર વ્યાજ બળજબરીપૂર્વક વસૂલ કરી મકાનની ફાઈલો પોતાના નામ પર લખાવી લીધી હતી. મહિલાએ પૈસા ચૂકવી દીધા બાદ પણ મકાનની ફાઈલો પરત ન આપી હોવાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાઈ છે.રાજસ્થાન રાજસમદ જિલ્લાના કેલવાડા ગામના વતની અને હાલ પાંડેસરા કૈલાશ નગર ચોકડી નજીક શિવનગર સોસાયટીમાં સોનલબેન મહેશભાઈ દરજી નામની વિધવા મહિલા રહે છે. એક વર્ષ પહેલાં સોનલબેને પાંડેસરા બમરોલી રોડ સાંઈરાજ કન્સલટન્ટ નામથી ધંધો કરતા ગૌરવકુમાર બાબુભાઈ પટેલ અને વિપુલ સોમા પટેલ નામના બે વ્યાજખોરો પાસેથી રૂા.૫ લાખ વ્યાજે લીધા હતા. બંને જણાએ ૩ મહિનામાં બળજબરીપૂર્વક ૯૦ હજાર વ્યાજ પેટે વસૂલ કર્યા હતા. બંને વ્યાજખોરોએ સિક્યુરિટી પેટે સોનલબેનના મકાનની ફાઈલો પોતાના નામ પર લખાવી દીધી હતી. ત્યારબાદ સોનલબેને વ્યાજ સહિતની રકમ પૂરેપૂરી ચૂકવી દીધી હતી. પરંતુ બંને જણાએ મકાનની ફાઈલ પરત આપી ન હતી. સોનલબેને મકાનની ફાઈલો પરત માંગતા હાલના મકાનની બજાર કિંમતના રૂા.૨૫ લાખની માગણી કરી હતી. જો પૈસા નહીં આપે તો હાથ -પગ તોડીને પણ પૈસા વસૂલ કરવાની સાથે આ મકાન અન્યને વેચી દેવાની ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે સોનલબેને પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જૂના સાવર ગામેથી એગ્રોની દુકાનમાંથી ૧.૬૫ લાખની ચોરી

અમરેલી, તા.૧૩

સાવરકુંડલા તાલુકાના જૂના સાવર ગામે એગ્રો તેમજ ગેસના બાટલાની દુકાન ચલાવતા શખ્સની દુકાનમાંથી તસ્કરોએ રોકડ રકમ ૧.૬૫ લાખની ચોરી કરી જતા સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. જૂના સાવર ગામે રહેતા અને રામજી મંદિર પાસે રિલાયન્સ ગેસના બાટલા તેમજ એગ્રોની દુકાન ધરાવતા કિશોરભાઈ હરિભાઈ કાનાણી (ઉ.વ.૬૬)ની દુકાનમાંથી કોઈ તસ્કરોએ દુકાનમાંથી ટેબલના ખાનામાંથી રોકડ રૂા.૧,૬૫,૦૦૦ની ચોરી કરી જતા કિશોરભાઈએ સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

સુરેન્દ્રનગરમાં ધ બર્નિંગ કાર

સુરેન્દ્રનગરના નર્મદા વિભાગમાં બંધ પડેલી ગાડીમાં આગ લાગી હતી. નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. છેલ્લા ઘણા સમયથી બંધ પડેલી નર્મદા વિભાગની કારમાં અચાનક આગ લાગતા આજુબાજુના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો. રહેવાસીઓએ જીવના જોખમે કૂતરાના બચ્ચાને બચાવી લીધો હતો. (તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

અમરોલી પોલીસે દારૂના જથ્થા સાથે ત્રણ બુટલેગરોને ઝડપી પાડ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૩

અમરોલી પોલીસે જુદા જુદા વિસ્તારોમાંથી દારૂના જથ્થા સાથે ત્રણ બુટલેગરોને ઝડપી પાડી રૂા.૩.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે ત્રણ બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા છે.

અમરોલી પોલીસને બાતમી મળી હતી કે તાડવાડી ગુલાબવાડીમાં આવેલા એક મકાનમાં ખુલ્લેઆમ દારૂનો વેપલો ચાલી રહ્યો છે. આ હકીકતના આધારે પોલીસે છાપો મારી ભરત રમેશ પટેલ નામના બુટલેગરને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસને મકાનમાંથી રૂા.૩૩,૬૦૦ની ૪૦૮ નંગ દારૂની બોટલ મળી આવી હતી. આ અંગે પોલીસે ભરતની પુછપરછ કરતાં અમરોલી છાપરાભાઠા રોડ મણીપુરૂષોતમ નગરમાં રહેતો રાજકુમાર , બદ્રી અને સંદીપ નામના બુટલેગરો પાસેથી દારૂનો જથ્થો લાવ્યા હોવાની કબુલાત કરી હતી. પોલીસે દારૂનો જથ્થો અને મોબાઈલ મળી કુલ રૂા.૩૮,૬૦૦ની મત્તા કબજે કરી છે. બીજા બનાવમાં અમરોલી પોલીસે છાપરાભાઠા રોડ સ્વામિ નારાયણ મંદીરની પાછળ તાપી નદીના પાળા પરથી બાતમીના આધારે દારૂ ભરેલી કાર સાથે ત્રણ ખેપિયાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓની પુરપરછ કરતાં જહાંગીરપુરા વિર સાવરકરમાં રહેતો બદ્રી ઉર્ફે રાહુલ હિરાલાલ જાંટ , અમરોલી તાડવાડી સ્થિત ભરવાડવાસમાં રહેતો નિમેશ મહેશ પરમાર અને વરાછા તુલસીવાડીમાં રહેતો સંદીપ ઉર્ફે સંજીત સુભાષ ચૌધરી હોવાનું જણાવ્યુ હતુ. પોલીસે કારની તલાસી લેતાં અંદરથી રૂા.૧.૦૫ લાખની ૧૦૫૬ નંગ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે પુછપરછ કરતાં દમણના મનોજ મરાઠી પાસેથી દારૂનો જથ્થો લાવી અમરોલીમાં રહેતો બુટલેગર રાજકુમારને ડિલીવરી આપવાની હતી. પોલીસે આ હકીકતના આધારે બંનેને વોન્ટેડ જાહેર કરી દારૂનો જથ્થો , મોબાઈલ અને કાર મળી કુલ રૂા.૩.૧૦ લાખની મત્તા કબજે કરી હતી. આમ પોલીસે બે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નોટિસ

ધંધુકાના મહે.એડી.ચીફ.જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન. દવે) સાહેબની કોર્ટમાં મુકામ : ધંધુકા, જિ.અમદાવાદ (ગ્રામ્ય)
મરણ પરચુરણ અરજી નં.૯૫/૨૦૧૯
મુદ્દત તા.૦૭/૧૧/૨૦૧૯
અરજદારના વ.શ્રી એસ.આઈ. બુખારી

અરજદાર :- સોલંકી મંગાભાઈ પથુભાઈ
ઉ.વ.આ.૭૫, ધંધો-મજુરી
રહેવાસી - પચ્છમ, તા.ધંધુકા, જિ.અમદાવાદ.

વિરૂદ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
પચ્છમ ગ્રામ પંચાયત કચેરી
ઠેકાણું - પચ્છમ, તા.ધંધુકા, જિ.અમદાવાદ.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આ કામના **અરજદાર-સોલંકી મંગાભાઈ પથુભાઈ** રહેવાસી- પચ્છમ, તા.ધંધુકા, જિ.અમદાવાદનાઓએ તેમના કાકાની દીકરી **સવિતાબેન નાનુભાઈ સોલંકીનું જન્મ તા.૨૬/૦૧/૧૯૬૪ના** રોજ મું.પચ્છમ, તા.ધંધુકા, જિ.અમદાવાદ મુકામે થયેલ જેની જન્મ નોંધ જન્મ રજિસ્ટરમાં કરવાની રહી ગયેલ છે. જેથી અરજદારે તેમના કાકાની દીકરી જન્મની નોંધ કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જેથી સદર જન્મની નોંધણી સામે કોઈને વાંધો, વિરોધ કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિદ્ધી થયેથી **મુદ્દત તા.૦૭/૧૧/૨૦૧૯ના** રોજ ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં તેઓએ જાતે અગર તેમના વકીલ મારફતે હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે હાજર પક્ષકારોને સાંભળીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૭/૧૦/૨૦૧૯ના રોજ સહી તથા સીક્કો કર્યા.

તૈયાર કરનાર (આર.ટી. ઝાલા) આસિસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી, (ડી.એસ. બીલોચિયા) રજિસ્ટ્રાર
મુકાબલ કરનાર (કે.આર. પરાલિયા) સુપ્રિટેન્ડેન્ટ
એડી.ચીફ.જ્યુડી.મેજી.કોર્ટ, ધંધુકા

જાહેર નોટિસ

ધંધુકાના મહે.એડી.ચીફ.જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન. દવે) સાહેબની કોર્ટમાં મુકામ : ધંધુકા, જિ.અમદાવાદ (ગ્રામ્ય)
મરણ પરચુરણ અરજી નં.૯૯/૨૦૧૯
મુદ્દત તા.૦૮/૧૧/૨૦૧૯
અરજદારના વ.શ્રી એસ.આઈ. બુખારી

અરજદાર :- ગોહિલ મેરૂભાઈ તળશીભાઈ
ઉ.વ.આ.૫૭, ધંધો-નોકરી
રહેવાસી - હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ.

વિરૂદ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
હડાળા ગ્રામ પંચાયત કચેરી
ઠેકાણું - હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આ કામના **અરજદાર-ગોહિલ મેરૂભાઈ તળશીભાઈ** રહેવાસી- હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદનાઓએ તેમના પિતા **ગોહિલ તળશીભાઈ ભુદરભાઈનું મરણ તા.૧૫/૦૬/૨૦૦૪ના** રોજ મું.હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ મુકામે થયેલ જેની મરણ નોંધ મરણ રજિસ્ટરમાં કરવાની રહી ગયેલ છે. જેથી અરજદારે તેમના પિતાશ્રીની મરણ નોંધ કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જેથી સદર મરણની નોંધણી સામે કોઈને વાંધો, વિરોધ કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિદ્ધી થયેથી **મુદ્દત તા.૦૮/૧૧/૨૦૧૯ના** રોજ ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં તેઓએ જાતે અગર તેમના વકીલ મારફતે હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે હાજર પક્ષકારોને સાંભળીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૦/૧૦/૨૦૧૯ના રોજ સહી તથા સિક્કો કર્યા.

તૈયાર કરનાર (આર.ટી. ઝાલા) આસિસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી, (ડી.એસ. બીલોચિયા) રજિસ્ટ્રાર
મુકાબલ કરનાર (કે.આર. પરાલિયા) સુપ્રિટેન્ડેન્ટ
એડી.ચીફ.જ્યુડી.મેજી.કોર્ટ, ધંધુકા

જાહેર નોટિસ

ધંધુકાના મહે.એડી.ચીફ.જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન. દવે) સાહેબની કોર્ટમાં મુકામ : ધંધુકા, જિ.અમદાવાદ (ગ્રામ્ય)
મરણ પરચુરણ અરજી નં.૯૮/૨૦૧૯
મુદ્દત તા.૦૮/૧૧/૨૦૧૯
અરજદારના વ.શ્રી એસ.આઈ. બુખારી

અરજદાર :- ગોહિલ મેરૂભાઈ તળશીભાઈ
ઉ.વ.આ.૫૭, ધંધો-નોકરી
રહેવાસી - હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ.

વિરૂદ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
હડાળા ગ્રામ પંચાયત કચેરી
ઠેકાણું - હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આ કામના **અરજદાર-ગોહિલ મેરૂભાઈ તળશીભાઈ** રહેવાસી- હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદનાઓએ તેમના માતૃશ્રી **ગોહિલ પામુબેન તળશીભાઈનું મરણ તા.૦૯/૧૧/૨૦૦૭ના** રોજ મું.હડાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ મુકામે થયેલ જેની મરણ નોંધ મરણ રજિસ્ટરમાં કરવાની રહી ગયેલ છે. જેથી અરજદારે તેમના માતૃશ્રીની મરણ નોંધ કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જેથી સદર મરણની નોંધણી સામે કોઈને વાંધો, વિરોધ કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિદ્ધી થયેથી **મુદ્દત તા.૦૮/૧૧/૨૦૧૯ના** રોજ ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં તેઓએ જાતે અગર તેમના વકીલ મારફતે હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે હાજર પક્ષકારોને સાંભળીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૦/૧૦/૨૦૧૯ના રોજ સહી તથા સિક્કો કર્યા.

તૈયાર કરનાર (આર.ટી. ઝાલા) આસિસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી, (ડી.એસ. બીલોચિયા) રજિસ્ટ્રાર
મુકાબલ કરનાર (કે.આર. પરાલિયા) સુપ્રિટેન્ડેન્ટ
એડી.ચીફ.જ્યુડી.મેજી.કોર્ટ, ધંધુકા

બનાસકાંઠા જિલ્લાની ત્રણ ગ્રા.પં. અને એક વોર્ડ ચૂંટણીનું મતદાન સંપન્ન

પાલનપુર, તા.૧૩

બનાસકાંઠાની ૩ ગ્રામ પંચાયત અને ૧ વોર્ડની ચૂંટણી માટે મતદાન આજે મતદાન યોજાઈ રહ્યું છે. પાલનપુર તાલુકાની છાપરા અને ધાનેરા તાલુકાની માલોત્રા અને મોટા બેડા ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન જ્યારે વડગામ તાલુકાના સકલાણા ગ્રામ પંચાયતના વોર્ડ નં.૫ની પેટા ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે. બનાસકાંઠામાં ૩ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મતદાન યોજાઈ રહ્યું છે. વહેલી સવારથી જ મતદારો પોતાના ગામના વિકાસ માટે મતદાન માટે ઉત્સુક હતા. વહેલી સવારથી જ મતદારોએ મતદાન મથક પર લાઈનો લગાવી હતી. ગામના વિકાસ માટે રોડ રસ્તા પાણી જેવી સુવિધાઓ માટે યોગ્ય ઉમેદવાર પર મહોર મારવા મતદારો અકળ હતા.

પાંચ વર્ષની મુદત પૂર્ણ થયે બનાસકાંઠાની ૩ ગ્રામ પંચાયતોની આજે ચૂંટણી યોજાઈ છે. આજે વહેલી સવારથી જ મતદારો મતદાન કરવા માટે લાગી ગયા છે કે, ઉમેદવારને પસંદ કરીને પોતાના ગામનો વિકાસ થાય જેને લઈને મતદારો આજે મતદાન કરી રહ્યા છે. ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત છે અને આ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મતદાન થઈ રહ્યું છે.

વડોદરા-હાલોલ રોડ પર કારે રિક્ષાને ટક્કર મારતાં સાત શ્રમજીવીઓને ઈજા

સાત પૈકી ત્રણ જણની હાલત ગંભીર

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૩

વડોદરા-હાલોલ રોડ પર આણંદપુરા ગામ નજીક પૂરપાટ ઝડપે જતી કારે રિક્ષાને જોરદાર ટક્કર મારતાં સર્જાયેલા અકસ્માતમાં ૭ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. પ્રાથમિક સારવાર બાદ તમામ ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૩ જણાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, વડોદરા-હાલોલ રોડ પર આવેલા આણંદપુરા ગામ પાટિયા નજીક એક ખાનગી કંપનીમાં મજૂરી કામ કરતાં શ્રમજીવીઓ રિક્ષામાં બેસી બાસ્કા ગામ તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન વડોદરા તરફથી પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે કાબૂ ગુમાવી દેતા કારે પાછળથી રિક્ષાને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે પાછળના ભાગેથી રિક્ષાનો ડુચો વળી ગયો હતો. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર અંતરભાઈ નાસીંગભાઈ પાવર, શારદાબેન નંદુભાઈ સીંગર, બાબુબેન ગુણવંતભાઈ રાણા, સંતોકબેન અંબાલાલ રાણા, રાધાબેન મધુભાઈ સીંગર, રાજેન્દ્રભાઈ કૈલાસભાઈ ડામોર તથા બાબુભાઈ નબળાભાઈ નીનામાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલીક તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાંથી તમામને વધુ સારવાર અર્થે વડોદરા સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૩ વ્યક્તિઓની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વોટર વેરીફિકેશન કેમ્પ યોજાયો

જમીયત ઉલમા બનાસકાઠા યુવા જમીયત પાલનપુર આયોજીત વોટર વેરીફીકેશન ફી કેમ્પ જીવન પ્રકાશ સ્કૂલમા ૫૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.જેમા ભકતોની લીમડી, ઢાળવાસ, જમાદારવાસ, દેવભાઈ મસ્જદ, ડાયરા વિસ્તારના લોકો સવાર થી સાંજ સુધીમા ફી વેરીફિકેશન કરવામા આવ્યો હતો. આ કેમ્પ હઝરત મૌલાના અબ્દુલ કુદદુસ સાહેબની સુચનાથી કરવામા આવ્યુ હતુ.જે માટે અબ્દુલ કાદરભાઈ સિધી, પરવેઝભાઈ સિધી,તય્યબખાન પઠાણ, રાજુભાઈ સલાટ, ઉસ્માનખાન પઠાણે રફીકભાઈ મોલવી જહુર ભાઈ યુનુસભાઈસિંધી ઉવેશમિરઝા સોયબ વોરા જકિરબાબી જુનેદ સિંધી ફેસલ બુખારી જફર કાદરી ભારે જેહમત ઉપાડી હતી.

(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

ઈકબાલગઢ રેન્જ અભ્યારણમાં

રાજહંસનો શિકાર કરનારા પિતા-પુત્ર સામે ગુનો દાખલ

પાલનપુર, તા.૧૩

બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢ રેન્જ અભ્યારણમાં આવતા સુરજપુરા ગામની સીમમાં સાત માસ અગાઉ પિતા-પુત્રએ રાજહંસનો શિકાર કર્યો હતો. જેમની સામે દાંતીવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં જંગલ વિસ્તારમાં વૃક્ષછેદન પ્રવૃત્તિ બેફામ રીતે ચાલી રહી છે. તેમ છતાં પણ વન વિભાગની ચૂપકીદી અનેક શંકાઓ ઉપજાવી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢ રેન્જ અભ્યારણમાં આવતા સુરજપુરા ગામની સીમમાં સાત માસ અગાઉ બનેલા ઉપરોક્ત બનાવમાં પિતા-પુત્ર સામે આર્મ્સ એક્ટની ફરિયાદ નોંધાવા પામી છે. સુરજપુરા ગામના માધુસિંહ ભવાનસિંહ ચૌહાણે સાત માસ અગાઉ તેના પિતા ભવાનસિંહ ગુલાબસિંહ ચૌહાણની બંદૂકથી રાજહંસનો શિકાર કર્યો હતો. આ અંગે ઈકબાલગઢ પરિક્ષેત્ર વન અધિકારી જીગર કુમાર મોદીએ દાંતીવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પિતા-પુત્ર સામે આર્મ્સ એક્ટનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એ.પી.ચૌધરી ચલાવી રહ્યા છે.

સાવલીના ભગાના મુવાડા ગામમાં લૂંટારૂઓનો આતંક : ચાર જણને માર મારી લૂંટી લીધા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૩

જિલ્લાના સાવલી તાલુકાના ભગાના મુવાડા ગામમાં શનિવારે રાત્રે ત્રાટકેલ ૧૦ બુકાનીધારી લૂંટારૂ ટોળકીએ ચાર લોકોને મારમારી સોના-દાગીના અને રોકડની લૂંટ ચલાવી ફરાર થઈ જવાના બનાવને પગલે ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત થતી વિગત અનુસાર સાવલી તાલુકાના ભગાના મુવાડા ગામમાં શનિવારે રાત્રે ૧૦ જેટલા બુકાનીધારી લૂંટારૂઓ ઘૂસી આવ્યા હતા. લૂંટારૂઓએ એક મકાનનો દરવાજો તોડી મકાનમાં પ્રવેશી અંદર હાજર મકાન માલિક અરવિંદભાઈ પરમાર તેમજ તેમના પુત્ર સચિન પરમાર, પુત્રી રેશ્મા પરમારને માર માર્યો હતો. આ ઉપરાંત લૂંટારૂઓએ ઘરની બહાર ખાટલા પર સૂઈ રહેલા રમણભાઈ રાઠોડને પણ મારમારી ૧૦ હજારની રોકડ રકમ તેમજ સોનાના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મકાનના રહીશોએ બૂમાબૂમ મચાવતા ગામ લોકો એકત્રીત થઈ ગયા હતા. પરંતુ ત્યાં સુધી લૂંટારૂઓ ત્યાંથી ફરાર થવામાં સફળ થયા હતા. બનાવની જાણ થતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. તથા બનાવ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા

આણંદ જિલ્લાના હજ ટ્રેનર તરીકે અબરારહુસૈન અશરફીની નિમણૂક

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૩

ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા આણંદ જિલ્લાનાં માન્ય હજ ટ્રેનર તરીકે હઝરત અબરારહુસૈન અશરફીની નિમણૂક કરવામાં આવતા આણંદ જિલ્લાનાં મુસ્લિમ સમુદાય દ્વારા તેને આવકારવામાં આવી છે.

આણંદ જિલ્લામાંથી હજ યાત્રાએ જતા હજયાત્રીઓને ફોર્મ ભરવા, રસીકરણ સહિતની તમામ કાર્યવાહીમાં સ્થાનિક કક્ષાએ મદદરૂપ બને તેમજ હજનાં અરકાનો અંગે માર્ગદર્શન તેમજ હજ કમિટી અને હજયાત્રી વચ્ચે સેતુ જાળવવામાં મદદરૂપ બને તે માટે ગુજરાત હજ કમિટી દ્વારા આણંદ જિલ્લાનાં હજ ટ્રેનર તરીકે હઝરત સૈયદ મૌલાના અબરારહુસૈન અશરફી ખલીફએ હુઝુર શૈખુલ ઈસ્લામની વરણી કરવામાં આવી છે, જેને મુસ્લિમ સમુદાયએ આવકારી છે,

આ અંગે મૌલાનાં અબરારહુસૈને જણાવ્યું હતું કે હજયાત્રા ૨૦૨૦નાં ફોર્મ ભરાવાની પ્રક્રિયા તા.૧૦-૧૦-૨૦૧૯થી પ્રારંભ થયેલ છે. જેથી ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરવાનાં છે. જેથી તે માટે જરૂરી દસ્તાવેજો અંગે માહિતી અને માર્ગદર્શન મેળવવા તેઓ તેમનો સંપર્ક સાધી શકે છે.

વરસાદથી રોડ/ રસ્તાને નુકસાન થતાં

ડભોઈ નગરપાલિકાને સરકાર તરફથી ત્રણ કરોડની ગ્રાન્ટ ફાળવણી

ડભોઈ, તા.૧૩

ડભોઈ નગરમાં વરસાદી પાણીથી થયેલ ડ્રેનેજ અને રોડ રસ્તાને નુકસાનને પહોચી વળવા નગર પાલીકાને સરકાર તરફથી રૂ. ૩ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

ડભોઈ નગર માં હાલ પડી ગયેલ વરસાદ ને પગલે ઠેર ઠેર ખાળા અને ડ્રેનેજ ઉભરાવાના બનાવો બનતા હતા જે અનુસંધાને નગર પાલીકા ચીફ ઓફીસર ને ધારાસભ્ય દ્વારા ધારધાર રજૂઆત સાથે પત્ર લખાયો હતો કે દિવાળી પહેલા નગર ની સમસ્યાઓનું નિરાકરણ લાવામાં આવે જેના પ્રતીઉત્તર માં ચીફ ઓફેસર જણાવ્યુ હતું કે ગત સિઝન કરતા ચાલુ સાલ વધુ વરસાદ પડવાને કારણે નગર ની ડ્રેનેજ લાઈનો ચોકઅપ થઈ ગઈ છે પાલીકા તંત્ર દ્વારા વરસાદ બંધ રહવાની સાથે નળીયાદ ખાનગી તેમજ ડભોઈ પાલીકાના કર્મચારીઓ ડ્રેનેજ ની સફાઈ માટે કામે લાગી ગયા છે જ્યારે વધુ વરસાદ ને કારણે નગર ના રોડ રસ્તા ઉપર ઠેર ઠેર ખાડા પડી ગયા હોય જેને હાલ કાચી માટી થી પૂરાણ કરવામાં આવી રહ્યા છે ત્યારે હાલ પાલીકા ને ગ્રાન્ટ ફાળવાઈ ન હોવાથી ગ્રાન્ટ મળતા રસ્તાઓ નું રીપેરીંગ કામ ચાલુ કરવામાં આવશે આ પ્રતીઉત્તર સાથે ડભોઈ ધારાસભ્યએ રાજય સરકાર માં રજૂઆત ને પગલે સરકાર માર્ગ મકાન વિભાગ અને ગુજરાત શહેરી વિકાસ મિશન અંતર્ગત રૂ. ૩ કરોડ ની ગ્રાન્ટ નગર પાલીકા ને ફાળાવામાં આવી આ સાથે નગર ના રસ્તા ટેન્ડરીંગ હાથ ધરી ત્વરીત પગલાં લઈ ઝડપી રોડ રસ્તાનું કામ કરવામાં આવશે નું ચીફ ઓફીસરે જણાવ્યુ હતું.

પ્રસુતિનો અસહ્ય દુઃખાવો ઉપડતા

આમોદના ઈટાલો ગામની પ્રસુતાને ૧૦૮ ટીમે અધવચ્ચે પ્રસુતિ કરાવી

ભરૂચ, તા.૧૩

ઈટોલા ગામની મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા મહિલાએ તાત્કાલિક પ્રસુતી માટે ૧૦૮ મા સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી પરંતુ મહિલાને વધુ દુખાવો ઉપડતા ૧૦૮ એમ્બુલન્સ ને માર્ગ પર રોકીને એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શુક્રવારે સાંજે આઠ વાગ્યે આમોદ તાલુકાના ઈટોલા ગામે રહેતા શાંતાબહેન રાઠોડ ને પ્રસૂતિની પીડા ઉપડતાં તેઓને તાત્કાલિક પ્રસૂતિ માટે લઈ જવાની ફરજ પડી હતી જેથી આમોદ ૧૦૮ નો સંપર્ક કરતાં આમોદની એમ્બ્યુલન્સ ના કર્મચારીઓ તાબડતોડ ઈટોલા ગામે પહોંચી ગયા હતા શાંતાબેનને સારવાર માટે આમોદ સરકારી દવાખાને લઈ જતા હતા તે દરમિયાન વધુ દુઃખાવો ઉપડતા તેઓની પ્રસુતિ એમ્બ્યુલન્સમાં જ કરવાની નોબત સર્જાઈ હતી.

જેથી ૧૦૮ એમ્બુલન્સના ઈ એમ ટી પ્રદિપ હડિયોલ અને પાઈલોટ મુકેશભાઈ માંછી એ આછોદ ગામની આગળ એમ્બુલન્સને માર્ગ પર રોકીને શાંતાબેનની સફળ પ્રસુતિ કરાવી માતા અને પુત્રીનો જીવ બચાવ્યો હતો ત્યારબાદ પુત્રીને બેબીકેર માટે શાંતાબેન અને પુત્રીને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

લાંછનપુર ગામ નજીક નદીમાં ડૂબેલા બે યુવાનો પૈકી એકનો મૃતદેહ મળ્યો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૩

વડોદરા જિલ્લાના સાવલી નજીક લાંછનપુર ગામ પાસેથી પસાર થતી મહિસાગર નદીમાં ન્હાવા પડેલા છ યુવાનો પૈકી બે યુવાનો ડૂબી જતાં લાપતા બન્યા હતા. થોડા સમય બાદ એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે બીજા યુવાનની શોધખોળ ચાલી રહી છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, શહેર નજીક આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરતાં છ મિત્રો રવિવારની રજા હોવાથી સાવલી નજીક લાંછનપુરા ગામેથી પસાર થતી મહિસાગર નદીમાં પીકનીક સાથે ન્હાવા ગયા હતા. છ મિત્રો નદીમાં ન્હાઈ મસ્તી કરી રહ્યા હતા. ત્યારે અચાનક છ પૈકી બે યુવાનો ડૂબવા લાગ્યા હતા. જેના પગલે અન્ય મિત્રોએ બૂમાબૂમ કરી મૂકતા સ્થાનિક તરવૈયાઓ સ્થળ પર દોડી આવ્યા હતા તથા નદીમાં ઝંપલાવી બંને યુવાનોની શોધખોળ હાથ ધરી હતી.

બનાવની જાણ થતાં વડોદરા ફાયરબ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. શોધખોળ બાદ મૂળ મુંબઈના અને શહેર નજીક આવેલી એલ એન્ડ ટી કંપનીમાં નોકરી કરતાં ૨૪ વર્ષીય અક્ષય કાંધારનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે તેના સહકર્મચારી અને પાણીમાં લાપતા બનેલ ૨૪ વર્ષીય ચેતન મોરપાણીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા લાપત્તા બનેલા ચેતન મોરપાણીની હજી શોધખોળ કરવામાં આવી રહી છે. બનાવની જાણ થતાં સાવલી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. તેમજ મૃતક યુવાનના પરિવારજનોને જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

છોટાઉદેપુરના વનાર ગામની સીમમાં છકડો રિક્ષામાં દારૂનો જથ્થો ઝડપાયો

છોટાઉદેપુર, તા.૧૩

છોટાઉદેપુર જીલ્લા એલ.સી.બી. પો.સ.ઈ. એ.એસ.સરવૈયા સ્ટાફના માણસો સાથે છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે એક વાદળી કલરની છકડા નં-GJ-06-AW-0161 નો ચાલક છકડામાં પરપ્રાતીય વિદેશી દારૂની બોટલો ભરી અત્રોલી ગામ તરફથી છોટાઉદેપુર તરફ જનાર છે. બાતમી આધારે વનાર ગામની સીમમાં ત્રણ રસ્તા પાસે વોચ નાકાબંધીમાં હાજર હતાં. દરમ્યાન છકડો આવતા રોડ ઉપર આડશ ઉભી કરી કોર્ડન કરી છકડામાં તપાસ કરતા ડ્રાગરની કુસકી ભરેલ કોથળીઓ નીચે ખાખી કરલના પુઠાના બોક્ષમાં વિદેશી દારુ ભરેલ કુલ બોક્ષ નંગ-૨૦ મળી આવેલ જે એક બોક્ષમાં બોટલ નંગ-૧૨ લેખે કુલ બોટલ નંગ-૨૪૦ કુલ કિંમત રૂ-૯૮,૪૦૦/- નો પ્રોહી.મુદ્દામાલ તથા મોબાઈલ ફોન-૧ કિ.રૂ.૫૦૦/- તથા રોકડા રૂ.૫૯૦/- તથા દારૂની હેરાફેરીમા ઉપયોગમાં લીધેલ છકડોની કિ.રૂ.૮૦,૦૦૦/- મળી કુલ કિમત રૂ.૧,૭૯,૪૯૦/- ના મુદ્દામાલ સાથે આરોપી નારસીંગભાઈ ચેમાભાઈ રાઠવા ઉ.વ-૨૫ રહે-દિયાવાટ ચાગડીયા ફળીયા તા.જી-છોટાઉદેપુર ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી અર્થે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ છે.

અવસાન નોંધ

વડોદરાની મસ્જિદના પેશઈમામ મદીના શરીફમાં જન્નતનશીન

નવાયાર્ડ ડી કેબિન મસ્જિદ ખાતેના પેશઈમામ મૌલાના મોહંમદ હુસેન ઉમરાહ માટે મક્કા-મદીના ગયા હતા. ગઈકાલે તેઓને મદીના ખાતે હાર્ટએટેક આવતા તેઓ જન્નતનશીન થયા છે. એમ હાજી ચિરાગશેખે જણાવ્યું હતું.

છોટાઉદેપુરમાં માલવાહન વાહનોને કારણે ભૂગર્ભ ઢાંકણાઓ તૂટી ગયા

રાત્રિના સમયે વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકી

(સંવાદદાતા દ્વારા) છોટાઉદેપુર, તા.૧૩

છોટાઉદેપુર નગરના રેતી ચોરોના પાપે મુખ્ય માર્ગો પડેલા ગાબડાના કારણે લોકો મુશ્કેલીમા મુકાયા છે.

(તસવીર : તૌફિક શેખ, છોટાઉદેપુર)

છોટાઉદેપુર નગરમાં પ્રવેશતા જ મુખ્ય માર્ગ પર મોટા મોટા ખાડા પડી ગયા હોય અવારનવાર મોટરસાયકલ સવાર પડી જવાના બનાવ આમ બન્યા છે, આ માર્ગ પરથી નગરનો ટ્રાફિક વધુ હોય તેમજ નજીકમાં આર ટીઓ કચેરી આવેલી હોવાથી ટ્રાફિકનો ભારણ વધુ છે, વધુમાં રેતી ભરેલા મોટા મોટા ટ્રાલાઓનો પણ આવન જાવન વધેલો છે અને માર્ગ પર આવેલી ભૂગર્ભ ગટરના ઢાંકણા તૂટી ગયા હોય રાત્રીના સમયે વાહન ચાલકો તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે, જે અંગે સંબંધિત વિભાગ દ્વારા સત્વરે જનહિતમાં માર્ગ મરામતની કામગીરી શરૂ કરાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે

જંબુસરના કારેલી ગામ ખાતેથી 'ગાંધી સંકલ્પ યાત્રા'નો પ્રારંભ : અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

જંબુસર , તા.૧૩

૧૫૦મી મહાત્મા ગાંધી જન્મ જયંતી ને અનુલક્ષીને ભરૂચ લોકસભા વિસ્તારથી ગાંધી સંકલ્પ યાત્રાનો પ્રારંભ આજરોજ જંબુસર તાલુકાના કારેલી ગામેથી કરવામાં આવ્યો હતો. ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા આયોજિત ગાંધી સંકલ્પ યાત્રાના પ્રારંભે ઐતિહાસિક કારેલી ગામ સ્થિત ગાંધીજી દાંડીયાત્રા સમયે જે સ્થળે રાત્રી રોકાણ કર્યું હતું તે સ્થળે સાંસદ મનસુખ વસાવા તથા પ્રદેશ ભાજપના મહામંત્રી ભરતસિંહ પરમારે પૂજા કરી બાપુને શ્રદ્ધા-સુમન અર્પણ કર્યા હતા. ત્યારબાદ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા સમારોહમાં સાંસદ મનસુખ વસાવાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ગાંધીજી દાંડીયાત્રામાં કંકાપુરાથી નાવડી દ્વારા મહીસાગર પાર કરીને કારેલી ગામે આવીને ભરૂચ જિલ્લામાં પધાર્યા હતા અને કારેલી ગામે રાત્રી રોકાણ કરીને પોતાની દાંડીયાત્રા આગળ ધપાવી હતી. આજની પેઢી ગાંધીજીના વિચારોમાંથી પ્રેરણા મેળવે તેવા આશયથી ગાંધી સંકલ્પ યાત્રાનું આયોજન દેશભરમાં દરેક લોકસભા વિસ્તારમાં કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત પ્રદેશ ભાજપ મહામંત્રી ભરતસિંહ પરમારે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, બાપુના સત્યના પ્રયોગોની ચોપડી દરેકે વાંચવી જોઈએ. ગાંધીજીએ ખાદીને જીવનમંત્ર બનાવી દીધો છે. સ્વાવલંબન, રોજગારી, ગ્રામોદ્યોગની વાત ગાંધીજી કરતા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ યોગેશ પટેલ (મામા), મહામંત્રી ધર્મેશ ભટ્ટ, ધર્મેશ મિસ્ત્રી, માજી ધારાસભ્ય કિરણિંહ મકવાણા, છત્રસિંહ મોરી, ગાંધી સંકલ્પ યાત્રા ઈન્ચાર્જ રશ્મિકાંત પંડ્યા, દેવેન્દ્રસિંહ સોલંકી, જંબુસર પાલિકા પ્રમુખ કૌશલ્યા દુબે, તાલુકા પંચાયત પ્રમુખ જયાબેન પઢિયાર સહિત ભાજપના પદાધિકારીઓ, અગ્રણીઓ ઉસ્થિત રહ્યા હતા. બાદમાં સંકલ્પ યાત્રા પિલુદ્રા ગામે પહોંચી હતી ત્યાંથી ગજેરા ગામે આવી પહોંચી હતી. જ્યા જળશક્તિ તથા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સાંજે સંકલ્પ યાત્રા ઉચ્છદ થઈને અણખી ગામે પહોંચી હતી, જ્યાં ગામના અગ્રણી નીતિન પટેલ (ભોલો) સહિત સરપંચ તથા ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અણખી ગામે મહિલા શસક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અણખી ગામની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

સંસ્થા સમાચાર

બોડેલીની ખત્રી વિદ્યાલયમાં રાજ્યકક્ષાની વુશુ સ્પર્ધા યોજાઈ

રાજ્યકક્ષાની અંડર-૧૭ ભાઈઓ અને બહેનોની વુશુ સ્પર્ધા ખત્રી વિદ્યાલય બોડેલી મુકામે યોજાઈ હતી. જેમાં ૨૦૦ જેટલા રમતવીરોએ ભાગ લીધો હતો.

આજરોજ કમિશ્નર યુવા સેવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારી ઓફિસ છોટાઉદેપુર અને ખત્રી વિદ્યાલય બોડેલીના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાની અંડર-૧૭ ભાઈઓ અને બહેનોની વુશુ સ્પર્ધા ખત્રી વિદ્યાલય બોડેલી મુકામે યોજાઈ જેમાં ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા રાજયના વિવિધ જિલ્લાઓના ૨૦૦ની આસપાસ રમતવીરો ભાગ લેવા ઉપસ્થિત રહ્યા ગામના બાળકોએ રમતનો ભરપૂર લાભ લીધો હતો.

બરોડા પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓની દોરડા કૂદ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પસંદગી

બરોડા પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્કૂલ ગેમ દોરડાકુદ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ધો.૭માં અભ્યાસ કરતાં તીર્થ શર્મા, ધો.૮ પ્રિશા પટેલ, ધો.૧૧ના કૃતિક રાઠવા, આયુષ શાહ, અદાન મિઠાઈવાલાએ વિજય પ્રાપ્ત કર્યો હતો અને રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે.

હિંમતનગર લાયન્સ ક્લબ દ્વારા કાપડની ૫૦૦ બેગનું વિતરણ કરાયું

લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડિવાઈનના પ્રમુખ અને મનોરપુર અંબિકા માઈ મંડળના પ્રમુખ અને મનોરપુર અંબિકા માઈ મંડળના પ્રમુખ લા મહેન્દ્રભાઈ ડી. પટેલની પ્રેરણાથી અને કેબિનેટ ઓફિસર લા. ડો.ડી.એલ. પટેલ, લા.અર્ચના સોની, લા. ડો.પ્રકાશભાઈ પટેલ, લા.જગદીશભાઈ પટેલ તેમજ લાયન્સ પરિવારના વિશેષ યોગદાનથી મનોરપુર ગામે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને 'સ્વચ્છ ભારત'ને સાર્થક કરવા, પ્લાસ્ટિક મુક્ત સાબરકાંઠાને સાર્થક કરવા લાયન્સ ક્લબ તરફથી કાપડની ૫૦૦ બેગનું વિતરણ કરવામાં આવ્યું. લાયન્સના આ સેવાકીય, જન જાગૃતિના કાર્યને મનોરપુર ગામના યુવક મિત્રો ઈશ્વરભાઈ, મુકેશભાઈ, હિમાન્શુભાઈ અને નરેન્દ્રભાઈ તથા ગ્રામજનો એ લાયન્સ ક્લબની આ સેવાકીય પ્રવૃત્તિઓને ખૂબ-ખૂબ વખાણી, લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડિવાઈન પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજ વૃદ્ધાશ્રમ ખાતે ગરબાનો કાર્યક્રમ યોજાયો

નવરાત્રી દરમ્યાન પ્રાંતિજ માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વૃધ્ધાશ્રમ ખાતે પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપ તથા સિનિયર સિટીઝન મંડળના સહયોગથી વૃદ્ધાશ્રમ ખાતે બપોરે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનિયર સિટીઝન મંડળના સભ્યો, પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપ તથા વૃદ્ધાશ્રમના વૃદ્ધો ગરબે રમતા જોવા મળ્યા હતાં. વૃધ્ધાશ્રમના વૃદ્ધો તો નવરાત્રી પ્રસંગે વૃદ્ધાશ્રમમાં રહેતા ધીરૂભાઈ પટેલે શિવજીનો વેશ ધારણ કર્યો હતો. વૃદ્ધાશ્રમમાં રહેતા અંજનાબેન દ્વારા ફિલ્મનું ગીત ગાઈને ઉપસ્થિત સર્વેનું દિલ જીતી લીધું. આ પ્રસંગે વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી વિભાષભાઈ, નવીનભાઈ શાહ, સિનિયર મંડળના મંત્રી સમિષ્ઠાબેન ખમાર, શરદભાઈપરીખ, ધનજીભાઈ પટેલ નગરપાલિકા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, વજેશભાઈ ભાવસાર સહિત જાયન્ટસ ગ્રુપ તથા સિનિયર સિટીઝન મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગીર-સાસણ સફારી પાર્ક તા.૧૬મી ઓક્ટોબરથી પ્રવાસી માટે ખુલ્લો મૂકાશે

જૂનાગઢ, તા.૧૩

ગીર-સાસણ સફારી પાર્ક વરસાદના કારણે છેલ્લા ચાર મહિનાથી બંધ રાખવામાં આવ્યો હતો. જેને ૧૬મી ઓક્ટોબરથી ખુલ્લો મુકવામાં આવશે વનવિભાગ દ્વારા પાર્ક અંગે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવેથી પ્રવાસીઓને સફારી પાર્કની તથા જંગલ વિચરણ કરવાની મુલાકાત લેવા માટે ઓનલાઈન પરમીટ લેવી પડશે. સિંહના સંવનન કાળ અને વરસાદના કારણે ગીર-સાસણ સફારી પાર્ક ૪ મહિના માટે બંધ રખાયો હતો. જે આગામી તા.૧૬ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ખોલવામાં આવશે. હવેથી સાસણ આવતાં પ્રવાસીઓને વન વિભાગ દ્વારા શરૂ કરાયેલી ઓનલાઈન પરમીટ કઢાવવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મેંદરડા સાસણ વચ્ચે આવેલો પુલ થોડા દિવસ અગાઉ ધરાશાયી થયો હતો. જેથી સાસણ આવતાં પ્રવાસીઓને ૫૦ કિલોમીટર વધુ અંતર કાપવું પડતું હતું. જેના કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. છતાં પણ પ્રવાસીઓના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો ન હતો.

ગટરમાં ઉતરેલા સફાઈ કામદારાનાં મોતનો મામલો

પ્રાંતિજ પોલીસે ચીફ ઓફિસર સામે ફરિયાદ ન નોંધતા અનેક તર્ક વિતર્કો

પોલીસે કોન્ટ્રાકટર અને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટરને આરોપી બનાવ્યા

ચીફ ઓફિસર સામે ફરિયાદ દાખલ ન કરી પોલીસે હાઈકોર્ટના આદેશ અને સરકારના પરિપત્રનું ઉલ્લંઘન કર્યું : પરસોત્તમ વાઘેલા

અમદાવાદ,તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં એક સફાઈ કર્મચારીનું ગટરમાં ગુંગળાઈ જવાથી મોત નીપજયા બાદ હાઈકોર્ટે રાજય સરકારની ઝાટકણી કાઢી. પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર સામે પગલાં લેવા આદેશ જારી કર્યો હતો. તેમ છતાં પ્રાંતિજ પોલીસ દ્વારા કોન્ટ્રાકટર અને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર સામે ફરિયાદ નોધતા વિવાદ ઉભો થયો છે.

આ અંગે માનવગરીમા સંસ્થાના પરસોત્તમ વાઘેલાએ જણાવ્યું હતું કે પ્રાંતિજમાં ગટર કામદારના મૃત્યુ કેસમાં પ્રાંતિજ પોલીસ દ્વારા ગુજરાત હાઈકોર્ટના આદેશ અને ગુજરાત સરકારના પરિપત્રનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. રાજય સરકારે તા.૧૬-૧૨-૨૦૧૬ના રોજ પરિપત્ર જારી કરી નિશ્ચિત કર્યું હતું કે કોઈ સફાઈ કર્મીને ગટર સાફ કરવા ગટરમાં ઉતારવામાં નહીં આવે જો સફાઈ કર્મીને ગટરમાં ઉતારવામાં આવશે અને તેનું મોત થશે તો સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસર કે મહાનગરપાલિકાના નોડલ ઓફિસર સામે ફોજદારી કાર્યવાહી કરવાની રહેશે.

પ્રાંતિજના કેસમાં સરકાર દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરાતા હાઈકોર્ટે રાજય સરકારની ઝાટકણી કાઢી જણાવ્યું હતું કે સરકાર આ વ્યકિતના મૃત્યુના કેસમાં જવાબ અથવા સોગંદનામું રજૂ કરે ઉપરાંત પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર સામે પગલાં ભરે તેવો આદેશ કર્યો હતો. જો કે પ્રાંતિજ પોલીસની કામગીરી સામે શંકા ઉભી કરી પરસોત્તમ વાઘેલાએ જણાવ્યું છે કે આ કેસમાં ચીફ ઓફિસર સામે ફોજદારી ગુનો દાખલ કરવાને બદલે આરોપી તરીકે કોન્ટ્રાકટર કનુભાઈ રામાભાઈ પરમાર અને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર પ્રિયાંક પટેલને આરોપી બનાવાયા છે જે ગંભીર ભૂલ છે જેમની સામે સેકશન ૩૦૪, ૩૩૭,૧૧૪, એસસી, એસટી એકટની કલમ ૩ (૨) (૫) અને મેન્યુઅલ સ્કવેન્જિંગ એકટ કલમ ૭.૯ (૨) ડી લગાવવામાં આવેલ છે. પરંતુ પોલીસ તરફથી સેકશન ૩ (૧) (જે) લગાવવામાં આવી નથી આ અંગે ડીવાયએસપી પી.સી. બારોટ અને એસ.પી. સાથે પણ મારે સંઘર્ષમાં ઉતરવું પડયું હતું તેમ તેમણે જણાવ્યું હતું.

વિશાલા સર્કલથી સરખેજ-સાણંદ રોડ સુધી

મ્યુનિ. દ્વારા રોડની બંને તરફ દબાણ દૂર કરવાની હિલચાલ વિકાસના નામે વિનાશ વેરવા સમાન

૧૫૦ ફૂટનો વિશાળ રોડ હોવા છતાં બંને બાજુ ૨૫-૨૫ ફૂટ દબાણ દૂર કરવાથી ભારે નુકસાન થશે : હાજીભાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા શહેરના મકતમપુરા વોર્ડમાં આવેલ જુહાપુરા વિસ્તારમાં વિશાલ સર્કલથી સાણંદ સર્કલ સુધી ૧૫૦ ફૂટનો વિશાળ રોડ હોવા છતાં ૨૦૦ ફૂટનો રોડ બનાવવા બંને તરફ ૨૫-૨૫ ફૂટનું દબાણ દૂર કરવાની હિલચાલ શરૂ કરવામાં આવી છે. તેનાથી અસંખ્ય રહેઠાણ અને ધંધાકીય એકમો તૂટતા હોવાથી સ્થાનિક કાઉન્સિલરે ઉગ્ર વિરોધ નોંધાવી લોકોના ઘરબાર તૂટતા બચાવવા અને ધંધા-રોજગારથી વંચિત ન કરવા જણાવી વિકાસના નામે વિનાશ ન વેરવા મ્યુનિ. તંત્રને વિનંતી કરી છે. મ્યુનિ. કાઉ. હાજીભાઈ મિરઝાએ જણાવ્યું છે કે, મ્યુનિ. કોર્પો.માં સ્થાનિકોની વર્ષોની માગણી છે કે, વિશાલા સર્કલથી સાણંદ ચોકડી સુધી ઓવરબ્રિજ બનાવવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સર્વિસ રોડની બંને તરફ લોકોના ધંધા-રોજગારની દુકાનો, મસ્જિદો, દરગાહો, કબ્રસ્તાન, મંદિર, મદ્રસાઓ આવેલા છે. ઉપરાંત તત્કાલિન ઓડાના ચેરમેન સુરેન્દ્ર પટેલ દ્વારા હયાત સર્વિસ રોડ ઉપર નેશનલ હાઈવે ઓથોરિટીની મંજૂરી લઈને પીવાના પાણીની અને ગટરની લાઈનો નાખવામાં આવી છે. આથી, જો બંને તરફ ૨૫-૨૫ ફૂટનું દબાણ દૂર કરવામાં આવે તો ઉક્ત તમામ લોકોને અસર થાય તેમ છે. આથી, વિકાસના નામે વિનાશ કરવાનો અમારો સખ્ત વિરોધ છે. હાજી અસરારબેગ મિરઝાએ વધુમાં જણાવ્યું છે કે, મેં છેલ્લી મ્યુનિ. સામાન્ય સભામાં મ્યુનિ. કમિશનરને વિનંતી પણ કરી હતી અને દરખાસ્ત પણ કરવામાં આવી છે કે, ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા નારોલથી વિશાલા સર્કલ તરફ આવતા શાન્ત્રીબ્રિજ પાસે આવેલ કેનાલની સમાંતર બંને તરફ રોડ બનાવવો જોઈએ, જેથી ટ્રાફિક ડાયવર્ઝન કરી શકાય. આ વિસ્તારમાં મેટ્રો રેલ લાઈન માટે ચકાચક રોડ બનાવી દીધો છે તે જ રીતે કેનાલની બંને બાજુ નરીમાનપુરા સુધી રોડ બનાવાય તો આ રોડ રિંગરોડને મળી જાય પરિણામે ધોળકા તરફ જતા ભારે વાહનો આ રસ્તા પર ડાયવર્ટ કરી શકાશે. ઉપરાંત નારોલથી સરખેજ જવા માટે પણ ખૂબ જ સગવડતા રહેશે. પરિણામે જુહાપુરા વિસ્તારમાં છાશવારે થતાં માનવ મોત બચાવી શકાશે.

રામજન્મ ભૂમિ-બાબરી મસ્જિદ કેસમાં

ચુકાદાની અપેક્ષાએ ૧૦મી ડિસેમ્બર સુધી અયોધ્યામાં કલમ ૧૪૪ લાગુ

(એજન્સી)અયોધ્યા, તા.૧૩

રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદના કેસમાં સુપ્રીમકોર્ટના ચુકાદાની અપેક્ષાને ધ્યાનમાં રાખીને અયોધ્યામાં ૧૦મી ડિસેમ્બર સુધી કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હોવાનું અયોધ્યાના જિલ્લા મેજિસ્ટ્રેટ અનુજકુમાર ઝાએ રવિવારે જણાવ્યું છે. આગામી દિવસોમાં આવનારા તહેવારોને પણ ધ્યાનમાં રાખીને અને શાંતિ જાળવી રાખવા માટે જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અયોધ્યા કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અપીલ્સની સુનાવણી ૧૭મી ઓક્ટોબરે પુરી થવાની છે. આ મામલાની સુનાવણી કરી રહેલી પાંચ જજીસની બંધારણીય બેંચે નક્કી કર્યું છે કે ૧૪મી ઓક્ટોબરે મુસ્લિમ પક્ષની દલીલો પુરી થયા બાદ ૧૫ અને ૧૬મી ઓક્ટોબરે હિન્દુ પક્ષકારોને જવાબ આપવાની તક આપવામાં આવશે. ત્યાર પછી ૧૭મી ઓક્ટોબર સુધી સુનાવણીની સંપૂર્ણ કાર્યવાહી પુરી કરી લેવામાં આવશે. નોંધનીય છે કે ૧૪મી નવેમ્બરે સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ નિવૃત્ત થવાના છે અને આશા છે કે ત્યાં સુધીમાં અયોધ્યાના જમીન વિવાદના કેસનો ચુકાદો આવી જશે.

હાલમાં અમદાવાદ શહેરમાં પડેલા વરસાદના કારણે મોટાભાગના રસ્તાઓની હાલત ખરાબ થયેલી છે. કોઈપણ સમયે અકસ્માત થવાનો ખતરો રહેલો છે.

ગીરગઢડાના પડાપાદર ગામે

રાવલ નદી પર પૂલ બાંધવા નાયબ મુખ્યમંત્રી દ્વારા કાર્યવાહી હાથ ધરવા આદેશ

ઉના, તા.૧૩

ગીરગઢડા તાલુકાના પડાપાદર ગામે છેલ્લા વીસ વર્ષથી આથમણા અને ઉગમણા પડા બંને ગામો વચ્ચેથી રાવલ નદી પસાર થતી હોય આ નદીમાં દર ચોમાસા દરમ્યાન ગામના ખેડૂતો તેમજ બાળકોને શાળાએ જવા આવવા વહેતા પાણીમાંથી જીવના જોખમે

પસાર થવું પડતું હતું. જેને લઈ ગ્રામજનો તેમજ ખેડૂતો આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા પૂલ બનાવવાની કોઈ કાર્યવાહી હાથ ધરતું ન હોય. આ બાબતે તા.૭ સપ્ટે.૨૦૧૮ના અખબારી અહેવાલો પ્રસિદ્ધ કર્યા બાદ અને જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના કાર્યલય ખાતે રજૂઆત કરતા આખરે વર્ષો જૂની સમસ્યા સરકારના કાને સંભળાય હોય તેમ નાયબ મુખ્યમંત્રી કાર્યલય દ્વારા પંચાયત પેટા વિભાગની કચેરીને પૂલ બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવા આદેશ કરાયેલ છે. આથમણા અને ઉગમણા ગામે અંદાજીત બારસો લોકોની વસ્તી ધરાવતું ગામ હોય અને ગામ બંને કાંઠા પર વહેંચાયેલ હોય બંને ગામ વચ્ચે અવર-જવર કરવા પૂલ આવેલ હતો તે પૂલ વીસ વર્ષ પહેલાં તૂટી ગયેલો અને લોકો નદીમાંથી અવર-જવર કરતા હતા. તેમજ શાળામાં અભ્યાસ કરતા બાળકો તેમજ ખેતીવાડી સાથે જોડાયેલા ખેડૂતોને તેમજ તેમના પરિવારોને રોજિંદા શિક્ષણ, આરોગ્ય તેમજ સામાજિક કામ માટે ચોમાસા દરમ્યાન પૂરનું પાણી નદીમાં આવતા બંને ગામ વિખુટા પડી જતાં હોય જેના કારણે કાયમી સંપર્કવિહોણા રહેવું પડતું હતું અને જીવના જોખમે ઊંડા પાણી વચ્ચેથી લોકોને અવર-જવર કરવું પડતું હતું. આ બાબત સરકારના વહીવટી વિભાગ દ્વારા લોકો સમસ્યાને હલ કરવા હાલની તકે પત્રથી કાર્યવાહી આગળ વધારવાના આદેશથી ગામ લોકોમાં ખુશી સાથે આશા જાગી છે કે, હવે ગામના પૂલની સમસ્યા ઉકેલ તરફ આગળ વધશે.

નવરાત્રિ પૂર્ણ થતાં જ જીએસટી વિભાગ એકશનમાં

હેરિટેજ ગરબા તથા યુનાઈટેડ-વેની ઓફિસ ખાતે GST વિભાગના દરોડાથી આયોજકોમાં ફફડાટ

એકાઉન્ટ તથા અન્ય મહત્ત્વના દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી સર્વે શરૂ કરાયું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

નવરાત્રી પુર્ણ થતાની સાથે જ જીએસટી વિભાગ એકશનમાં આવી ગયું છે. શહેરમાં યોજાયેલા વિશાળ ગરબા હેરીટેજ ગરબા તેમજ યુનાઈટેડ-વેની ઓફિસ ખાતે જીએસટી વિભાગ દ્વારા એકાઉન્ટ તથા અન્ય મહત્વનાં દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી સર્વે શરૂ કરવામાં આવતા ગરબા આયોજકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. વડોદરા શહેરમાં નવરાત્રી દરમ્યાન મોટા રાજવી પરિવાર દ્વારા શહેરમાં પ્રથમ વખત નવલખી મેદાન ખાતે હેરીટેજ ગરબાનાં નામે મોટાપાયે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ વિશ્વભરમાં પ્રખ્યાત વડોદરાના ગરબા યુનાઈટેડ-વે ના ગરબા આયોજકો દ્વારા મોટાપાયે કમાણી કરવામાં આવી હોવાનું લાગતા જીએસટી વિભાગ દ્વારા હેરીટેજ ગરબા આયોજકો સામે સર્ચની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સર્ચ દરમ્યાન આયોજકો પાસેથી ગરબાની શરૂઆતથી લઈ તમામ ક્ષેત્રે આપેલા કોન્ટ્રાકટ, ખરીદ-વેચાણનાં બીલો, ઈલેકટ્રોનીક રેકોર્ડસ સહિતનાં દસ્તાવેજોની કડક ચકાસણી કરવામાં આવી રહી છે. આયોજકો દ્વારા પણ અધિકારીઓને તમામ માહિતી પુરી પાડી વિગતો સોંપવામાં આવી હતી. બીજી બાજુ પ્રખ્યાત યુનાઈટેડ-વે ઓફ બરોડાનાં આયોજકોની અલકાપુરી ખાતે આવેલી ઓફિસ ખાતે જીએસટી વિભાગની સર્ચ ટીમ પહોંચી હતી. પરંતુ રવિવાર હોવાથી ઓફિસ બંધ હોવાને પગલે સર્ચની કામગીરી સોમવારથી શરૂ કરવામાં આવશે. નવરાત્રી દરમ્યાન વિવિધ ગરબા આયોજકો દ્વારા ગરબા મેદાન ખાતે ગ્રાહકો પાસેથી ઉંચી રકમ વસુલીને ચીજવસ્તુઓ આપવામાં આવી છે કે કેમ અને માલ-સામાનની ખરીદીમાં કે અન્ય કોન્ટ્રાકટમાં ગેરરીતિઓ આચરવામાં આવી છે કે કેમ તે અંગે પણ સર્ચ જીએસટી વિભાગ દ્વારા શરૂ કરાતા અન્ય ગરબા આયોજકો દ્વારા પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ગાંધી વિચારો આજે કેટલા સાર્થક વિષય પર વિશેષ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ,તા.૧૩

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સંકલ્પ ફોર ખાદી ફાઉન્ડેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે રવિવારના રોજ સંકલ્પ ફોર ખાદી એન્ડ બાપુ ૧૫૦ વિશે અનોખા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીજીના વિચારો આધુનિક યુગમાં કેટલા સાર્થક છે તે વિષય પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

એકસ્ટ્રા માર્કસ એજયુ. સંસ્થા દ્વારા ૧૯મીએ કિવઝ સ્પર્ધા યોજાશે

અમદાવાદ,તા.૧૩

એકસ્ટ્રા માર્કસ એજયુકેશન સંસ્થા દ્વારા અર્થપૂર્ણ શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે ડિસ્કવરીંગ મી સીઝન-૨ પ્રત્યાત્મક કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ગ્રાન્ડ ફિનાલેની ઘોષણા અમદાવાદમાં કરવામાં આવી હતી. આ ગ્રાન્ડ ફિનાલેનું આયોજન તા.૧૯ ઓકટોબર ૨૦૧૯ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૨૬થી વધારે સ્કૂલ અને કુલ ટોટલ ૧.૭ લાખ સ્ટુડેન્ટસ દ્વારા ભાગ લેવામાં આવ્યો છે.

કેરળ સરકારની મદદથી એડમ હેરી ભારતનો પહેલો ટ્રાન્સજેન્ડર કોમર્શિયલ પાઈલટ બનશે

તિરૂવનંતપુરમ્, તા.૧૩

કેરળ સરકાર ૨૦ વર્ષના એડમ હેરીને ભારતનો પહેલો ટ્રાન્સજેન્ડર એરલાઈન પાઈલટ બનવા માટે આર્થિક મદદ કરશે. હેરીએ જણાવ્યું હતુ કે, હું દેશનો પહેલો પ્રાઈવેટ પાઈલટ લાયસન્સ ધારક ટ્રાન્સમેન છું. સરકાર મને કોમર્શિયલ પાઈલટની ટ્રેઈનિંગ માટે આર્થિક મદદ કરવાનું વિચારી રહી છે. ઉલ્લેખનીય છે કે, એડમ હેરીએ જો હનિસબર્ગથી પ્રાઈવેટ પાયલોટની ટ્રેઈનીંગ પ્રાપ્ત કરી છે. ત્યાંથી પરત આવી એડમે તેની સ્થિતી અંગે માહિતી આપતા માતા-પિતાએ તેને ઘરમાં બંધ કરી દીધો હતો. પરંતુ એડમ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. તેણે અનેક નોકરીઓ પણ કરી હતી. ચાઈલ્ડ વેલફેર ડિપાર્ટમેન્ટને મીડિયા દ્વારા એડમની જાણ થતાં તેમણે એડમનો સંપર્ક કર્યો હતો.

મુંબઈની ઈમારતમાં આગ લાગતાં એકનું મોત, છ જણને ઈજા

(એજન્સી) મુંબઈ, તા.૧૩

રવિવારે સવારે દક્ષિણ મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં પાંચ માળની એક કોમર્શિયલ ઈમારતમાં આગ લાગતાં એક ૨૨ વર્ષીય યુવાનનું મોત નિપજયું હતું અને છ જણને ઈજા પહોંચી હતી એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બિલ્ડિંગમાંથી દસ વ્યક્તિઓને બચાવવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈમારતના દાદર નજીક એક યુવાન બેભાન હાલતમાં મળી આવ્યો હતો જેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાતાં ડોક્ટરોએ તેને મૃત ઘોષિત કર્યો હતો. રવિવારે સવારે છ વાગ્યે આદિત્ય આરકેડ નામની ઈમારતમાં આગ ફાટી નિકળી હતી. ઈમારતની સીડી નજીકથી પસાર થતાં વીજ વાયરો આગની ઝપટમાં આવી ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂ કરવાની અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

કોંગ્રેસ દ્વારા હેલ્થ અને હોસ્પિટલ કમિટીના શહેર મહામંત્રી પદે બાબુભાઈ અજમેરીની નિમણૂક

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની મંજૂરીથી અને હેલ્થ અને હોસ્પિટલ કમિટી કોંગ્રેસ પ્રદેશના ચેરમેન ભીખુ દવેના આશીર્વાદથી મકતમપુર વોર્ડ કોંગ્રેસના અગ્રણી બાબુભાઈ પીરભાઈ અજમેરીને અમદાવાદ શહેર કોંગ્રેસ હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીના મહામંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. તે બદલ કોંગ્રેસ પક્ષના આગેવાન ઝરીફખાન પઠાણ, મકતમપુર વોર્ડ કોંગ્રેસ સમિતિના પ્રમુખ મોહમદઝાહીદ મેમણ અને કોંગ્રેસ પક્ષ ઝુબેરભાઈ, ફારૂકભાઈ શેખ ઉપરાંત અનેક કાર્યકરોએ બાબુભાઈ અજમેરીની નિમણૂંકથી ખુશી વ્યક્ત કરી છે.

યુએસ-ચીનના ટ્રેડને લઈને અનિશ્ચિતતાની પણ બજાર પર અસર રહેશે

વૈશ્વિક મંદીની દહેશત વચ્ચે હાલ શેરબજારમાં મંદી રહેવાના સંકેત

માઈક્રો ઈકોનોમિક ડેટા, કમાણીના આંકડા, આરબીઆઈ મીટિંગના પરિણામ અને બજેટ કવાયતને લઈને શેરબજારમાં હાલ પ્રવાહી સ્થિતિ રહેવાના સંકેત

મુંબઈ, તા. ૧૩

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેશનમાં અમેરિકા-ચીન વચ્ચેના વેપાર યુદ્ધવિરામ, વૈશ્વિક મંદી, માઈક્રો ડેટા, ત્રિમાસિક ગાળાના પરિણામો સહિતના પરિબળોની સીધી અસર જોવા મળી શકે છે. વૈશ્વિક મંદીની દહેશત અને ટ્રેડવોરને લઈને અનિશ્ચિતતા વચ્ચે શેરબજારમાં હાલ મંદી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. તહેવારની સિઝનમાં દલાલસ્ટ્રીટમાં માહોલ મિશ્ર જોવા મળી શકે છે. છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન સ્થાનિક ઈક્વિટીમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. સેંસેક્સ અને નિફ્ટી બંને ક્રમશઃ ૩૮૧૦૦ અને ૧૧૩૦૦ની સપાટી પર રહ્યા હતા. ટીસીએસ, ઈન્ફોસીસ દ્વારા તેમના ત્રિમાસિક ગાળાના પરિણામો અપેક્ષા મુજબ જ રાખ્યા હતા. આવી સ્થિતિમાં બજારમાં ઉલ્લેખનીય સ્થિતિ રહી હતી. બીજી બાજુ કેટલીક મહત્વપૂર્ણ કંપનીઓ તેમના આંકડા જારી કરનાર છે જેમાં એચયુએલ, એસીસી, અંબુજા સિમેન્ટ, વિપ્રો, એલએન્ડટી ફાઈનાન્સ, ટીવીએસ મોટરનો સમાવેશ થાય છે. આવી જ રીતે ડેલ્ટા કોર્પ, જીટીપીએલ, કર્ણાટકા બેંક, એસબીઆઈ લાઈફ, આદિત્ય બિરલાના પરિણામો પણ જાહેર થનાર છે. અન્ય જે પરિબળ છે જેમાં આરબીઆઈની એનસીપીની બેઠકના પરિણામોની અસર રહેશે. પહેલીથી ચોથી ઓક્ટોબર દરમિયાન આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક યોજાઈ હતી. ભારતીય રિઝર્વ બેંકે ચોથી ઓક્ટોબરે નાણાંકીય વર્ષની તેની ચોથી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. ધારણા પ્રમાણે જ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે રેપો રેટ હવે ઘટીને ૫.૧૫ ટકા થઈ ગયો છે. રેટ ઘટી જતા લોન પણ હવે સસ્તી થઈ રહી છે. જેથી સામાન્ય લોકોને રાહત મળનાર છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટને ઘટાડીને ૪.૯ ટકા કરવામાં આવ્યો છે. છ સભ્યોની કમિટી દ્વારા નાણાંકીય વર્ષ માટે જીડીપી ટાર્ગેટ સુધારીને અગાઉના ૬.૯ ટકાની સરખામણીમાં ૬.૧ ટકા કર્યો છે. તમામ અર્થશાસ્ત્રીઓ પહેલાથી જ કાપની અપેક્ષા રાખી રહ્યા હતા. વિદેશી રોકાણકારોએ ઓક્ટોબર મહિનાના પ્રથમ બે સપ્તાહના ગાળામાં જ ભારતીય મૂડી માર્કેટમાંથી ૬૨૦૦ કરોડથી વધુની રકમ પાછી ખેંચી લીધી છે. વૈશ્વિક મંદીની દહેશત અને ટ્રેડવોરને લઈને ચિંતાની સીધી અસર જોવા મળી રહી છે. પહેલીથી ૧૧મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં વિદેશી મૂડીરોકાણકારોએ ઈક્વિટીમાંથી ૪૯૫૫.૨ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે જ્યારે ડેબ્ટ માર્કેટમાંથી ૧૨૬૧.૯ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. આની સાથે જ કુલ પાછી ખેંચી લેવાયેલી રકમનો આંકડો ૬૨૧૭.૧ કરોડનો રહ્યો છે. બીજી બાજુ ટોચની ૧૦ કંપનીઓ પૈકીની ૮ કંપનીઓની માર્કેટ મૂડીમાં સંયુક્તરીતે ૮૦૯૪૩ રૂપિયાનો વધારો થયો છે. આ સપ્તાહમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડીમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ટીસીએસ અને આઈટીની માર્કેટ મૂડીમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે. રિલાયન્સની માર્કેટ મૂડી સૌથી વધુ વધીને નવી ઉંચી સપાટી ઉપર પહોંચી છે.

૩ ફિલ્મોની ૧૨૦ કરોડની કમાણી દ્વારા અર્થતંત્રનો બચાવ કરનાર રવિશંકર પ્રસાદે નિવેદન પાછું ખેંચ્યું

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદએ અર્થવ્યવસ્થામાં મંદી પર આપેલા પોતાના નિવેદનને પરત લઈ લીધું છે. રવિશંકર પ્રસાદે શનિવારે અર્થવ્યવસ્થામાં મંદીની વાતને સમગ્રપણે ફગાવી દીધી હતી અને પોતાની વાતને પુરવાર કરવા માટે તેઓએ ફિલ્મોની કમાણીનો સહારો લીધો હતો. રવિશંકર પ્રસાદે કહ્યુ છે કે ૨ ઓક્ટોબરે રિલીઝ થયેલી ત્રણ ફિલ્મોએ ૧૨૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. અર્થવયવસ્થા મજબૂત છે ત્યારે જ ફિલ્મોએ આટલી કમાણી કરી છે. રવિશંકર પ્રસાદે કહ્યુ કે, સોશિયલ મીડિયા પર પ્રેસ કોન્ફરન્સનો સમગ્ર વીડિયો ઉપલબ્ધ છે. તેમ છતાંય મને એ જાણની દુઃખ છે કે મારા નિવેદનનો એક હિસ્સો તોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યો છે. હું એક સંવેદનશીલ વ્યક્તિ છું. તેથી હું મારું નિવેદન પરત લઉં છું. મોદી સરકારમાં કાયદા મંત્રાલયની જવાબદારી સંભાળનારા રવિશંકર પ્રસાદે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં બેરોજગારી અને અર્થવ્યવસ્થામાં સુસ્તીને પૂરી રીતે ફગાવી દીધી હતી. તેઓએ અર્થવ્યવસ્થામાં સુસ્તીથી ઈકાર કરતાં કહ્યુ કે, મારો ફિલ્મો સાથે લગાવ છે. ફિલ્મો મોટો કારોબાર કરી રહી છે.

મંત્રીજી ફિલ્મી દુનિયામાંથી બહાર નીકળો અને હકિકતથી મોઢું ન સંતાડો : પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં મંદી મુદ્દે કેન્દ્રીય કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદે આપેલા ફિલ્મના કલેક્શન ડેટા મુદ્દે પ્રિયંકા ગાંધીએ પલટવાર કર્યો છે. રવિશંકર પ્રસાદના નિવેદનની ચોતરફ ટીકા થઈ રહી છે. ત્યારે પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે દેશના લોકોની નોકરીઓ જઈ રહી છે. આવા સંજોગોમાં કેન્દ્રીય પ્રધાને ફિલ્મી દુનિયાની બહાર આવી વાસ્તવિકતા સમજવાની જરૂર છે. પ્રિયંકા ગાંધીએ ટ્વીટર પર જણાવ્યું કે આ બહુ દુઃખની વાત છે કે જ્યારે દેશમાં લાખો લોકો નોકરી ગુમાવી રહ્યા છે. બેંકોમાં પણ તેમના પૈસા સલામત નથી. પરંતુ સરકારને પ્રજાના દુઃખની કોઇ ચિંતા નથી. તેમને ફક્ત ફિલ્મોના નફાની ચિંતા છે. મંત્રીજી ફિલ્મી દુનિયામાંથી બહાર નીકળો. અને હકીકતથી મોઢું ન સંતાડો.

NRC પીડિતોએ પોતાની દુર્દશા વ્યક્ત કરી

આસામ NRC : જન્મની તારીખમાં કે નામની જોડણીમાં નજીવી ભૂલોના કારણે ઘણા લોકોએ વર્ષો અટકાયત કેન્દ્રોમાં પસાર કર્યા : અહેવાલ

સિટીઝન ફોર જસ્ટિસ એન્ડ પીસ તથા પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીએ NRC પીડિતો માટે લડત ચાલુ રાખવાનું જણાવ્યું

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૩

ગોલપરાના અટકાયત કેન્દ્રમાં પોતાનો પુત્ર સુબ્રતાને ગુમાવનાર આસામના અનિમા ડેએ જણાવ્યું હતું કે આ રાજ્યના સૌથી બદતર છ અટકાયત કેન્દ્રોમાંનું એક છે. એકલા આ કેમ્પમાં જ દસ અટકાયતીઓનાં મોત થઈ ચૂક્યા છે. હું જ્યારે પણ તેને મળવા જતી ત્યારે સુરક્ષા દળોની હાજરીના કારણે તેની સાથે મુક્તપણે વાત કરી શકતો ન હતી. તેની મોતના ચાર દિવસ અગાઉ મેં તેને આશ્વાસન આપ્યું હતું કે અમે ગોહાટી હાઈકોર્ટનો દરવાજો ખખડાવીશું અને તેને ખૂબ આશા પણ હતી, એમ અનિમા ડેએ જણાવ્યું હતું.

અનિમા ડેએ જણાવ્યું હતું કે અમને મોતનું અસ્પષ્ટ કારણ જણાવવામાં આવ્યું હતું. તેમજ મોતનું

પ્રમાણપત્ર કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ અપાયો નથી અનિમા ડેની આ મુશ્કેલી આટલેથી જ અટકી નથી. ડેના કુટુંબનું નામ એનઆરસીમાં સામેલ ન હતું તેમને ફોરેન ટ્રિબ્યુનલની કાર્યવાહી માટે ઘણા કિ.મી. સુધી મુસાફરી કરી જવું પડે છે તેમની આર્થિક હાલત પણ બગડી છે. સુબ્રતા આ કુટુંબનો એક માત્ર કમાઉ પુત્ર હતો. સુબ્રતાના પુત્ર બિનીને આર્થિક તંગીના કારણે શિક્ષણ છોડી કુટુંબ માટે મજૂરી કરવી પડી.

આ કહાણીમાં ડે એકમાત્ર કુટુંબ નથી હસન અલીની કહાણી પણ કંઈક આવી જ નથી. એનઆરસીમાંથી નામ બાકાત રહેતા અલીએ ગત વર્ષે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. રેશમીનારા બેગમને જ્યારે અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવી ત્યારે તે ત્રણ માસનો ગર્ભ ધરાવતી હતી તેમની જન્મની તારીખમાં નજીવી ભૂલ હોવાના કારણે તેમને કેમ્પમાં જવું પડ્યું હતું. પોતાના નામની જોડણીમાં સામાન્ય ભૂલ હોવાના કારણે સાકેન અલીને પાંચ વર્ષ સુધી અટકાયત કેન્દ્રમાં રહેવું પડ્યું હતું.

છેલ્લા બે વર્ષથી સિટિઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ તેમજ પીપલ્સ યુનીયન ઓફ સિવિલ લિબર્ટી આ પીડિતો માટે લડત ચલાવે છે. ગત શુક્રવારે આ સંગઠનોએ સદભાવના બેઠક યોજી હતી. સીજેપીએ જણાવ્યું હતું કે તેઓ એનઆરસી અસરગ્રસ્તો માટે લડત ચલાવતા રહેશે. અને સમગ્ર દેશમાં આ પ્રકારની બેઠકો યોજાશે એનઆરસીની બંધારણીય માન્યતા માટે અરજી દાખલ કરાશે. ઉપરાંત સંગઠન આ મામલે અરજીઓ દાખલ કરવા માંગતા લોકોને કાનૂની સહાય પણ પૂરી પાડશે. આ સંગઠનની બેઠકમાં ઘણા માનવતાવાદી સંગઠનો પણ હાજર રહ્યા હતા.

કોઈપણ એન્ટી મિસાઈલ સિસ્ટમને માત આપવાની ક્ષમતા ધરાવતી

દુનિયાની સૌથી ખતરનાક મિસાઈલ બનાવવા જઈ રહ્યા છે પુતિન

(એજન્સી) મોસ્કો, તા.૧૩

રશિયાના રાષ્ટ્રપતિએ મિસાઈલ બનાવવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, તેમનો દેશ એક એવી મિસાઈલ બનાવી રહ્યો છે જેનો દુનિયાની કોઈપણ એન્ટી મિસાઈલ સિસ્ટમ રોકી શકશે નહીં. આ મિસાઈલ એન્ટી મિસાઈલ સિસ્ટમને માત આપવાની યોગ્યતા ધરાવે છે.

તેમણે મડિયાકર્મીઓ સાથેની વાતચીતમાં કહ્યું કે અમે એવા પ્રકારની

મિસાઈલો પર કામ કરીશું, કે જે ચોક્કસપણે દરેક પ્રકારની એન્ટી મિસાઈલ સિસ્ટમને માત આપે અમે આ કામ કરીશું જ !

ઉલ્લેખનીય છે કે પુતિન આગામી ૨૪ ઓક્ટોબરના રોજ સઉદી અરબની મુલાકાતે જશે. આ દરમ્યાન તેઓ સઉદી કિંગ બિન સલમાન અબ્દુલ અઝીઝ અને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે બેઠક યોજશે.

ગત ગુરૂવારે ક્રિમલિન હાઉસના પ્રભારીએ જણાવ્યું હતું કે ત્રીસ કરારને તૈયાર કરી લેવામાં આવ્યા છે અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સઉદીની મુલાકાત દરમ્યાન તેના પર હસ્તાક્ષર કરવામાં આવશે. પુતિન પોતાની સઉદીની મુલાકાત દરમ્યાન રશિયન-સઉદી આર્થિક પરિષદમાં પણ ભાગ લેશે.

ઔદ્યોગિક ઉત્પાદન નકારાત્મકતામાં સરક્યું

(એજન્સી) તા.૧૩

ઓગસ્ટમાં ફેક્ટરીનું ઉત્પાદન ૧.૧ ટકા ઘટ્યું હતું, ભારતની આર્થિક મંદીની તીવ્રતા અંગેની ચિંતા વધી છે અને આ વર્ષે નોકરી અને વેતન વધારો કરી શકે તેવા ઔદ્યોગિક ક્ષેત્રની સ્લાઈડને પકડવાની નરેન્દ્ર મોદી સરકારની ક્ષમતા અંગે પ્રશ્નો ઊભા થયા છે.

રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (એનએસઓ) દ્વારા બહાર પાડવામાં આવેલી સંખ્યામાં ફફડાટ ફેલાયો કારણ કે અર્થશાસ્ત્રીઓની આગાહી છે કે મહિના દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧.૮૬ ટકાનો જ વિકાસ થશે.

કેપિટલ ગુડ્ઝ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના ઉત્પાદનમાં તીવ્ર ઘટાડાને કારણે આઈઆઈપી ગેજે સાત વર્ષમાં સૌથી નબળું પ્રદર્શન નોંધ્યું હતું.

બે વર્ષથી વધુ સમયમાં આ બીજી વખત છે જ્યારે ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ નકારાત્મક ક્ષેત્રમાં આવી ગઈ છે : છેલ્લી વખત આ વર્ષે માર્ચમાં હતી જ્યારે તે ઘટીને ૦.૧ ટકા હતી.

આઈઆઈપીમાં ઓગસ્ટ ૨૦૧૮માં ૮.૮ ટકાનો વૃદ્ધિ નોંધાઈ હતી. આઈઆઈપીમાં અગાઉનો નીચો દર નવેમ્બર ૨૦૧૨માં ૧ ટકા હતો.

વીજળી ઉત્પાદન એક વર્ષ અગાઉના મહિનામાં ૬.૬ ટકાના વિસ્તરણ સામે ૯.૯ ટકા ઘટી ગયું હતું જ્યારે

ખાણકામ ક્ષેત્રમાં વૃદ્ધિદર ૦.૧ ટકા જેટલો હતો.

એપ્રિલથી ઓગસ્ટના સમયગાળા દરમિયાન આઈઆઈપીનો કુલ વિકાસદર ૨.૪ ટકા હતો, જે પાછલા નાણાંકીય વર્ષના સમાન ગાળામાં ૩..૩ ટકા હતો.

એનએસઓના ડેટા દર્શાવે છે કે, સૌથી ખરાબ પ્રદર્શન કેપિટલ ગુડ્ઝ સેગમેન્ટનું આવ્યું છે, જેનું આઉટપુટ ગત વર્ષના ઓગસ્ટમાં ૧૦.૩ ટકાના વધારાની તુલનામાં ૨૧ ટકાથી વધુ ઘટ્યું હતું.

કન્ઝ્યુમર ડ્યુરેબલ્સનું ઉત્પાદન પણ ઓગસ્ટ ૨૦૧૯માં ૯.૧ ટકા ઘટ્યું હતું, જે ૨૦૧૮ના સમાન મહિનામાં ૫.૫ ટકાની વૃદ્ધિ સામે હતું. બીજો સેગમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર / બાંધકામનો માલ પરત ફરયો, જે ઓગસ્ટ ૨૦૧૯માં ૪.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. જે ગયા વર્ષના સમાન મહિનામાં વૃદ્ધિ સામે છે. "મધ્યવર્તી ચીજવસ્તુઓ" ક્ષેત્રે જો કે, તંદુરસ્ત વૃદ્ધિ નોંધાવી છે, જે એક વર્ષ અગાઉના મહિનામાં ૯ ટકા હતી. કન્ઝ્યુમર નોન-ડ્યુરેબલ્સ સેગમેન્ટમાં ઓગસ્ટમાં ૧ ટકાનો વધારો થયો છે. આ ઓગસ્ટ ૨૦૧૮માં ૬.૫ ટકાના વિસ્તરણ સાથે તુલના કરે છે.

ઉદ્યોગોની દૃષ્ટિએ, ઉત્પાદન ક્ષેત્રના ૨૩ ઉદ્યોગ જૂથોમાંથી ૧૫માં અગાઉના વર્ષના સમાન મહિનાની તુલનામાં ઓગસ્ટ ૨૦૧૯ દરમિયાન નકારાત્મક વૃદ્ધિ જોવા મળી હતી.

ઓગસ્ટ ૨૦૧૯માં આઈઆઈપીના પ્રદર્શનમાં વર્ષ-દર-વર્ષે માર્જિનલ ૦.૨ ટકાનો નજીવી અપેક્ષા પણ પાછળ રહી ગઈ, જેમાં ઉત્પાદન અને વીજળી બંને સંકોચનમાં છે, અને વપરાશ આધારિત કેટેગરીમાં વ્યાપક-આધારિત બગાડ,છે "આઈસીઆરએની મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરે કહ્યું. તેમણે જણાવ્યું હતું કે, "મશીનરી અને સાધનોના કેટલાક સેગમેન્ટમાં નબળાઈના બિનતરફેણકારી બેઝ ઈફેક્ટ અને અપ્રમાણસર અસર હોવા છતાં, ઓગસ્ટ ૨૦૧૯માં મૂડી માલના ઉત્પાદનમાં ૨૧ ટકાનો તીવ્ર સંકોચન રોકાણ પ્રવૃત્તિમાં નબળાઈને પ્રકાશિત કરે છે."

નાણાંપ્રધાન નિર્મલા સીતારમણે સપ્ટેમ્બરમાં બિઝનેસ સેન્ટિમેન્ટ વધારવા અને ખાનગી રોકાણને વેગ આપવાના પ્રયાસમાં કોર્પોરેટ ટેક્સના દરોમાં ઘટાડો કર્યો હતો. હાલની કંપનીઓ માટે બેઝ ટેક્સ રેટ ૩૦ ટકાથી ઘટાડીને ૨૨ ટકા અને નવી ઉત્પાદક કંપનીઓના કિસ્સામાં ૨૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરાયો હતો. "એવી શક્યતા વધી રહી છે કે અનુકૂળ બેઝ ઈફેક્ટ હોવા છતાં જીડીપી ગ્રોથ અર્થપૂર્ણરૂપે નાણાંકીય વર્ષ ૨૦૨૦ માં મલ્ટિ-ક્વાર્ટરમાં નીચા ૫ ટકાથી વૃદ્ધિ કરશે નહીં. ઉત્સવના મહિનાઓમાં વપરાશમાં વધારો અને રવિ સિઝનમાં પાકનું ઉત્પાદન સંકેત આપશે કે, માંગમાં આર્થિક પલટો આવે અને આર્થિક વૃદ્ધિ ચાલુ રહેશે''નાયરે ઉમેર્યું. આ અઠવાડિયાની શરૂઆતમાં મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે ભારતની જીડીપી વૃદ્ધિની આગાહી ઘટાડીને ૮. ૫ ટકા કરતા ૫.૮ ટકા કરી દીધી હતી, અને એમ કહ્યું હતું કે, અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર મંદી આવી રહી છે.

(સૌ.ટેલિગ્રાફ ઈન્ડિયા.કોમ)

ઉદ્યોગ પતિઓ માટે લોનની માફી પરંતુ સામાન્ય માણસના હિતોના રક્ષણ માટે કોઈ નીતિ નહીં : HDFC ચેરમેન

(એજન્સી) તા.૧૩

એચડીએફસી બેંકના ચેરમેન દીપક પારેખે દેશની બેંકિંગ સિસ્ટમ અંગે ટીકા કરતા કહ્યું હતું કે, આપણી બેંકો નિયમિત ધોરણે કરોડોની લોન માફી અને દેવા માફી કરે છે કંપનીઓની કરોડોની લોન માંડવાળ કરવામાં આવે છે પણ આમઆદમીની બચતોનું રક્ષણ કરવા માટે કોઈ યોગ્ય સિસ્ટમ

જ નથી. આ આમઆદમીની ક્રૂર મજાક સમાન છે અને તેમને ઘોર અન્યાય થઈ રહ્યો છે. પીએમસી બેંકના કૌભાંડને કારણે કરોડો થાપણદારોનાં કરોડો રૂપિયા બેંકમાં ફસાઈ ગયા છે. મારા મતે આમઆદમીની પરસેવાની કમાણી અને બચતનો દુરૂપયોગ થયાનું આનાથી ખરાબ કોઈ ઉદાહરણ નથી. આપણે છાશવારે કરોડોની લોન માફ કરવાની અને માંડવાળ કરવાની ખરાબ અને ખોટી સિસ્ટમ ઊભી કરી છે. પણ પ્રમાણિક લોકોની બચતનાં રક્ષણ માટે કોઈ વ્યવસ્થા જ નથી. વિશ્વાસ એ કોઈપણ નાણાકીય સિસ્ટમની કરોડરજ્જુ છે. કોઈએ નૈતિક મૂલ્યોની શક્તિને ઓછી આંકવી જોઈએ નહીં.

ગાંધી અને તેમના હત્યારા બંનેની વિરાસત હોવાનો RSSનો દાવો હાસ્યાસ્પદ અને સાથે સાથે આઘાતજનક છે

જો RSS ગાંધીને વટાવવા અને તેઓ તેમની વિરાસત હોવાના દાવા અંગે ગંભીર હોય તો RSSએ મહાત્મા ગાંધીજીએ જે કઈ કહ્યું હતું તેનો અમલ કરવો જોઈએ,ગાંધીજીએ એવું કહ્યું હતું કે સ્વતંત્ર ભારતમાં કોઈ હિંદુરાજ નહીં હોય પરંતુ ભારતીય રાજ હશે જે કોઈ ધાર્મિક સંપ્રદાય કે સમુદાયની બહુમતીને આધારે નહીં હોય પરંતુ ધર્મના ભેદભાવ વગર સમગ્ર લોકોના પ્રતિનિધિના આધારે હશે ધર્મ એ વ્યક્તિગત બાબત છે જેને રાજનીતિમાં સ્થાન હોવું જોઈએ નહીં

RSSના સત્તાવાર મુખપત્ર ધી ઓર્ગેનાઇઝરમાં તાજેતરના એક તંત્રીલેખમાં મહાત્મા ગાંધીની વિરાસત માટે દાવો કરવાના કોંગ્રેસના અધિકાર પરના પ્રશ્નના સ્વાંગમાં આ વિરાસતના ખરા વારસદાર સંઘ પરિવાર હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ જાણે પૂરતુ ન હોય તેમ તંત્રી લેખ સાથે એક નિબંધ રજૂ કરાયો છે જેમાં આરએસએસના વડા મોહન ભાગવતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી છે.કોઇ નિર્દોષ વાચક તો ગાંધીજી અને તેમના મૂલ્યો પ્રત્યે વ્યક્ત કરાયેલ સમર્પણની ભાવનાથી પ્રભાવિત થઇ જાય, પરંતુ આ નિર્દોષ વાચક હજુ એ પ્ર ખ્ન પૂછી શકે છે કે ગાંધીજીના હત્યારા નાથુરામ ગોડ્સેની જાહેરમાં પ્રશંસા કરવા છતા ભાજપના સાંસદ સાધ્વી પ્રજ્ઞાની હકાલપટ્ટી કરવા માટે ભાજપ-આરએસએસએ કેમ હજુ સુધી કોઇ કાર્યવાહી કરી નથી?

શું આરએસએસ અને ભાજપ બંને એટલા બધા લોકતાંત્રીક બની ગયાં છે કે મહાત્માની ભારોભાર સરાહના કરતાં તંત્રી લેખો અને નિબંધો લખનાર આરએસએસના વડા અને વડા પ્રધાન એક સાંસદનો પણ ભોગ આપવા તૈયાર નથી?શું તમે મહાત્મા અને તેમના હત્યારા બંનેની વિરાતનો એક સાથે દાવો કરી શકો ખરા? આરએસએસ અને ભાજપના વિચારકોની એવો દાવો કરવાની આદત બની ગઇ છે કે ગાંધીજીએ અનેકવાર તેમની મુલાકાત લીધી હતી અને આરએસએસની પ્રશંસા કરી હતી.ભાગવત પણ કલેકટેડ વર્કશોપ ઓફ મહાત્મા ગાંધીને ટાંકીને આવું જ કરે છે.

જો આરએસએસ ગાંધીને વટાવવા અને તેઓ તેમની વિરાસત હોવાના દાવા અંગે ગંભીર હોય તો આરએસએસએ મહાત્મા ગાંધીજીએ જે કઇ કહ્યું હતું તેનો અમલ કરવો

જોઇએ.ગાંધીજીએ એવું કહ્યું હતું કે સ્વતંત્ર ભારતમાં કોઇ હિંદુરાજ નહીં હોય પરંતુ ભારતીય રાજ હશે જે કોઇ ધાર્મિક સંપ્રદાય કે સમુદાયની બહુમતીને આધારે નહીં હોય પરંતુ ધર્મના ભેદભાવ વગર સમગ્ર લોકોના પ્રતિનિધિના આધારે હશે.ધર્મ એ વ્યક્તિગત બાબત છે જેને રાજનીતિમાં સ્થાન હોવું જોઇએ નહીં.

આરએસએસએ એવો દાવો કરીને એવું સૂત્ર આપ્યું હતું કે હિંદુસ્તાન માત્ર હિંદુઓનું છે બીજા કોઇનું નથી.ગાંધીજીએ તેની સામે લખ્યું હતું કે આ સૂત્ર ખોટુ છે કારણકે હિંદુસ્તાન એ તમામનું છે કે જેમનો અહીં જન્મ અને ઉછેર થયો છે.જેમને જવા માટે અન્ય કોઇ દેશ નથી આથી હિંદુસ્તાન જેટલું હિંદુઓનું છે એટલુ જ પારસીઓનું ડેની ઇઝરાયેલ અને ભારતીય ખ્રિસ્તીઓ અને મુસ્લિમોનું છે.

ગાંધીજીએ ૨ ફેબ્રુ.૧૯૪૮ના હરીજન સામયિકમાં લખ્યું હતું કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સૌથી જૂનુ રાષ્ટ્રીય રાજકીય સંગઠન છે જેણે સ્વાતંત્ર માટે અહિંસક રીતે અનેક લડતો લડી છે તેને હવે મૃતપાય થવા દેવાય નહીં ,રાષ્ટ્ર સાથે જ તે મૃતપાય બની શકે.

૧૯૨૫ અને ૧૯૪૭ વચ્ચે બે મોટી સામુહિક ચળવળ લડવામાં આવી હતી જેમાં ૧૯૩૦ અને ૧૯૩૨ દરમિયાન સવિનય કાનૂન ભંગ ચળવળ અને ૧૯૪૨માં હિંદ છોડો ચળવળનો સમાવેશ થતો હતો.આ ચળવળમાં સંઘની ભૂમિકા અંગે પૂછતાં તેનો જવાબ એવો આપવામાં આવે છે કે આરએસએસના સંસ્થાપક ડો.હેડગેવારે આ ચળવળમાં ભાગ લીધો હતો અને જેલમાં પણ ગયાં હતાં પરંતુ આરએસએસએ એક સંગઠન તરીકે આ ચળવળમાં કેમ ભાગ લીધો ન હતો? એવા પ્રશ્નનો કોઇ જવાબ આપતું નથી. જ્યારે ગાંધીજી, સરદાર પટેલ, નહેરુ, મૌલાના આઝાદ અને કોંગ્રેસના અન્ય નેતાઓ અને કાર્યકરોને જેલમાં ધકેલી દેવાયાં હતાં ત્યારે આરએસએસએ ગાંધીજીની ધરપકડ સામે વિરોધ વ્યક્ત કરતી એક પણ બેઠક યોજી હતી ખરી કે જેમને અત્યારે પોતાના હોવાનો દાવો કરી રહ્યાં છે?શું બંધારણમાં જમ્મુ અને કાશ્મીરની પ્રજાને આપવામાં આવેલ વચનો અને તેમના નાગરીક સ્વાતંત્રને નાકારવા એ ગાંધીજીની વિરાસતને સુસંગત છે?

—મૃદુલા મુખરજી (નેશનલ હેરાલ્ડઈન્ડિયા.કોમ)

GST : બોગસ બિલિંગને અટકાવવા સરકારનો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ઘટી રહેલી આવકને ઘટતી અટકાવવા માટે આજે દેશના ૨૯ રાજ્યના ચીફ સેક્રેટરીઓ, જીએસટી કમિશનર અને સ્પેશિયલ કમિશનરો વચ્ચે આજે યોજવામાં આવેલી વિડીયો કોન્ફરન્સમાં નવું રજિસ્ટ્રેશન લઈને આરંભમાં જ કરોડો એ અબજોના બોગસ બિલ બનાવીને પછી પોબારા ગણી જનારા કહેવાતા વેપારીઓને અંકુશમા લેવા માટે રજિસ્ટ્રેશન લીધા પછી આરંભમાં મોટી રકમનું ટર્નઓવર કંપનીઓને ન કરવા દેવાય તેવો નિર્ણય લેવામાં આવે તેવી સંભાવના છે. નવા રજિસ્ટ્રેશન લેનારા વેપારીઓના આરંભના બિલિંગ અને તેના કોમ્પ્લાયન્સ પર નજર રાખ્યા બાદ જ તેને ધીમે ધીમે વધુ ટર્નઓવર કરવાની છૂટ આપવામાં આવશે. તેમ જ આરંભમાં જ મોટી રકમના બિલ બનાવવા માંડનારાઓ પર શંકા કરીને તેમને રજિસ્ટ્રેશન મળ્યા બાદ તેમના એડ્રેસ પર જઈને સ્થળ તપાસ પણ કરવામાં આવશે. આજે દેશભરના ચીફ સેક્રેટરીઓની થયેલી વિડિયો કોન્ફરન્સમાં કેન્દ્રના કેબિનેટ સચિવ, પ્રાઈમિનિસ્ટર ઓફિસના અધિકારીઓ, પ્રિન્સિપાલ સેક્રેટરીઓ તથા તમામ રાજ્યના જીએસટી કમિશનરો અને સ્પેશિયલ કમિશનરની કેડરના અધિકારોએ હાજરી આપી હતી. આજે વીડિયો કોન્ફરન્સમાં હાજરી આપનારા સૂત્રોનું કહેવું છે કે નવા રજિસ્ટ્રેશન લેનારાઓના પહેલા ત્રણ મહિનાના વહેવારો પર બારીક નજર રાખવાની સિસ્ટમ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ તેમના વહેવારો ઉચિત જણાય અને કોમ્પ્લાયન્સ યોગ્ય જણાશે તો જ તેમને વધુ ટ્રાન્ઝેક્શન કરવાની છૂટ આપવામાં આવશે. આ જ રીતે એક જ સૃથળ પર અનેક રજિસ્ટ્રેશન લેનારાઓ પર પણ નજર રાખવા જેવી હોવાનું સૂચન કરવામાં આવ્યુ હતું. એક જ નામ પર અનેક રજિસ્ટ્રેશન લેનારાઓ પર પણ નજર રાખવામાં આવે તેવી શક્યતા છે. આ મુદ્દે આજે ખાસ્સી ચર્ચા થઈ હતી.ડિમ્ડ રજિસ્ટ્રેશનના કેસમાં પણ સૃથળ તપાસ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છ. જીએસટીનું રજિસ્ટ્રેશન લેનારા વ્યક્તિના આવકવેરાના ડેટા પણ તત્કાળ જીએસટીની કચેરીને મળી જાય તેવી વ્યવસૃથા કરવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી છે. તેથી બોગસ રજિસ્ટ્રેશન લઈને ફ્રોડ કરનારાઓ પર બ્રેક લાગી શકે છે. તેમ જ અગાઉ થયેલી ચર્ચા મુજબ જીએસટીના રજિસ્ટ્રેશનને આધારકાર્ડ સાથે જોડવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું. નિકાસકારો દ્વારા બોગસ ઈનપુટ ટેક્સ વધુ પ્રમાણમાં લેવાઈ રહી હોવાને મુદ્દે પણ આજની વિડીયો કોન્ફરન્સમાં ચર્ચા વિચારણા થઈ હતી. તેમના દ્વારા લેવામાં આવતી ઈનપુટ ટેક્સ ક્રેડિટ પર નજર રાખવા જણાવ્યું હતું. આ જ રીતે સર્વિસ સેક્ટર સાથે સંકળાયેલા કેટલાક વેપારીઓ દ્વારા પણ ખાસ્સી અનિયમિતતા આચરવામાં આવી રહી હોવાની રજૂઆત આજની વિડીયો કોન્ફરન્સમાં કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાનમાં લઈને સર્વિસ સેક્ટરમાં ગેરરીતિઓ આચરનારાઓ સામે પગલાં લઈ શકાય તે માટે ખાસ આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. તદુપરાંત નોર્થ ઈસ્ટ, તેલંગણા, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં રિટર્ન ફાઈલ કરવાના ઘટી રહેલા આંકડાઓને ધ્યાનમાં લઈને તથા ઈન્વોઈસ અપલોડ કરવામાં પણ થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં લઈને તેમાં સુધારો થાય તે માટે પગલાં લેવાને મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. ઈન્વોઈસ અપલોડ કર્યા વિના જ ઈનપુટ ટેક્સ ક્રેડિટ લઈ લેવાની ચાલી રહેલી પ્રવૃત્તિને અંકુશમા લેવા માટેના પગલાં લેવાને મુદ્દે પણ ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. આ રીતે જ મોટા ફ્રોડ કરવામાં આવી રહ્યા હોવાથી જ સરકારની આવકમાં મોટી રકમના ગાબડાં પડી રહ્યા હોવાની બાબત પરત્વે ધ્યાન દોરવામાં આવ્યુ હોવાનું જાણકાર સૂત્રોનું કહેવું છે. જીએસટીની સિસ્ટમને સ્ટેબલ કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આરંભના કાળમાં તેમાં બહુ બધાં ફેરફાર કરવામાં આવ્યા હોવાથી સિસ્ટમ સ્ટેબલ થઈ શકતી નથી. હવે આ આખી સિસ્ટમ સ્ટેબલ થાય તે પછી તેને સ્ટ્રોન્ગ બનાવવાના પગલાં લઈ શકાય છે. આજની વિડીયો કોન્ફરન્સમાં સાતથી દસ નિષ્ણાતોની કમિટીએ પણ ભાગ લીધો હતો. આ કમિટીના સભ્યો ચર્ચાને અંતે તેમના તારણો રજૂ કરશે. આ તારણોને આધારે જીએસટી કાઉન્સિલ મહિનાથી દોઢ મહિનામાં પગલાં લેવાનું ચાલુ કરી દેશે તેવી સંભાવના છે.

વડાપ્રધાન મોદી સ્વચ્છતાના નામે નાટક કરે છે : દિગ્વિજયસિંહ

ધર્મશાળા, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તામિલનાડુ દ્વારા દરિયા કિનારે કચરો ઉઠાવ્યાનો વીડિયો સોશીયલ મીડિયા વાયરલ થયો છે. જેના પર મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજય સિંઘે ટીપ્પણી કરતા કહ્યું કે, વડાપ્રધાન નાટક કરી રહ્યા છે. તમે બધાએ પણ જોયું હશે કે, વડાપ્રધાન સ્વચ્છતાના નામે કેવી રીતે નાટક કરે છે. દિગ્વિજય સિંહે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાન કોઈપણ વાતમાં નિર્ણય જલ્દી લઈ લે છે. જે વિષય પર જેટલું વિચારવું જોઈએ તેટલું નથી વિચારતા. જુઓને નોટબંધી કરી દીધી, પરંતુ નોટ છાપ્યા નહી. દિગ્વિજયસિંહે કહ્યું કે, હું કોંગ્રેસના નેતા તરીકે વડાપ્રધાનની ટીકા નથી કરી રહ્યો. એક ખાનગી સમારોહમાં ભાગ લેવા માટે ધર્મશાળા પહોંચેલા દિગ્વિજય સિંહને પત્રકારોએ કલમ-૩૭૦ને લઈને પ્રશ્ન કર્યો હતો. જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે, હું અમિત શાહ પર ભરોસો નથી કરી શકતો, તમે કરતા હશો. રાફેલ પર રક્ષા પ્રધાન દ્વારા ઓમ લખી પૂજા કરવા પર તેમણે કહ્યું કે, મને રાફેલ સામે વાંધો નથી.

પીડાદાયક વ્યથા-પરિવારે સાબિત કર્યું કે, યુવક ૧૬ વર્ષનો હતો ના કે ૨૨, PSA રદ FIR દાખલ

(એજન્સી) કાશ્મીર, તા.૧૩

પબ્લિક સેફટી એક્ટ (પીએસએ) હેઠળ નજરકેદથી મુક્ત થયાના બીજા દિવસ, ઉત્તરી કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના એક ગામના ૧૬ વર્ષીય વ્યક્તિને ભેંસો અને બકરીઓ ચરાવતો હતો. મા પોતાના પુત્રની નિર્દોષતા માટે આ વિશે વાત કરી. તે જણાવે છે કે, જે દિવસ તેણે ૨૨ ઓગસ્ટની રાત્રે લઈ જવામાં આવ્યો તે પ્રથમ વખત હતું જ્યારે પોલીસ તેમના ઘર આવી હતી. તે જણાવે છે ‘અમે મજૂરોનો પરિવાર છીએ અને રાજકારણ વિશે કંઈ જાણતા નથી. તેમ છતા અમારા દીકરાને જેલ જવું પડ્યું.. તેની કોઈ પણ મામલામાં કોઈ ભૂમિકા ન હતી. ૩૦ સપ્ટેમ્બરે પરિવારે સાબિત કરી દીધું કે, યુવક ૧૬ વર્ષનો હતો ના કે ૨૨ જેવું કે પોલીસે દાવો કર્યો હતો, જમ્મુ-કાશ્મીર અધિકારીઓએ હાઈકોર્ટને સૂચિત કર્યું કે, તેમણે તેની વિરૂદ્ધ પીએસએ રદ કરી દીધો છે. કસ્ટડી લેવાના એક મહિના પછી તે ઘર પહોંચ્યો.

તેમના માતા-પિતા અને દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના અન્ય એક યુવકની જેને આ જ રીતે પીએસએ હેઠળ પકડવામાં આવ્યો હતો. સગીર સાબિત થયો અને હવે બહાર આવ્યો છે. અત્યાર સુધી પીએસએને કાશ્મીરમાં ત્રણ સગીરોની વિરૂદ્ધ રદ કરી દેવામાં આવ્યા છે. કારણ કે તેમના પરિવારે હાઈકોર્ટનું બારણુ ખખડાવ્યું હતું. એક ચોથા મામલામાં અદાલતે તપાસના આદેશ આપ્યા છે. પીએસએ હેઠળ માત્ર ૧૮ અને તેનાથી વધુ લોકોને કસ્ટડીમાં રાખી શકાય છે. જ્યારે પીએસએ ત્રણેયની વિરૂદ્ધ રદ છે તેમ છતા તેમની પર એફઆઈઆર હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે જેના આધારે કાયદો લગાવવામાં આવ્યો હતો.

પોલીસ સ્ટેશન જઈને પોતાના પુત્રને સોંપી દીધો

અનંતનાગમાં એક સફરજનના ખેડૂતે જણાવ્યું કે, પોલીસે ૧૬ વર્ષીય પોતાના ચાર બાળકોમાંથી એકને સ્થાનિક પોલીસ સ્ટેશન બોલાવ્યો અને તેની પાસેથી તેનો મોબાઈલ ફોન છીનવી લીધો ત્યારબાદ એક સહવિદ્યાર્થી તિૃ ફ્રૂંર્ંછ કરે, ત્નેં ત્રિુંર્ંત્ર અંત છે કે, ત્નેં અંત્નાંકતૂ રૈન્ક્રીંર્દ્રૈ થૈઈ ગૈં] હત્નેં. ૩ ઍંગ્સ્ટૈ ક્રિુંરૈંન્ફરી ઍંર્દ્રત્ર અંર્વે]. ખ્તિં કહે છે કે, ત્રૈંડે જર્ઈને ત્નંર્ ઁંર્ડૈ રૈંપી ટ્રીર્કે, ત્ત]ાં અક્રિકંરીએ ત્ર્ંઅંપૈ] કે, હૈ ટ્રિસ્ટ રૈં ફ્રૂં ર્પ્રત્નં અંતે જી.

હું કેઆઈઈપીએસ અને એસએચઓની ઓફિસોની વચ્ચે ધક્કા ખાતો રહ્યો

જ્યારે કિશોર પરત ના ફર્યો તો તેના પિતા પોલીસ અધિકારીને મળવા ગયા, તેમણે અમને સ્ટેશન હાઉસ અધિકારીને મળવા માટે જણાવ્યું. પિતાનું કહેવું છે કે, એસએચઓએ તેમને ડીવાયએસપીને મળવા માટે કહ્યું, ત્રણ દિવસ માટે આ જ થતું રહ્યું. હું ડીઆઈઈપીએસ અને એસએચઓની ઓફિસોની વચ્ચે ધક્કા ખાતો રહ્યો. ૮ ઓગસ્ટે કાકા જણાવે છે, તેમને સૂચિત કરવામાં આવ્યા હતા કે, તેને સંયુક્ત પૂછપરછ કેન્દ્ર જેઆઈસીમાં સ્થળાંતરિત કરી દેવામાં આવ્યા છે, જ્યાં કસ્ટડીમાં લેવામાં આવેલા આતંકવાદીઓ સાથે પૂછપરછ માટે સુરક્ષા દળો દ્વારા જેઆઈસીનું સંચાલન કરવામાં આવે છે. બીજી સવારે, સૌથી ખરાબ હોવાના ભયથી પરિવાર જેઆઈસીમાં ગયું, અમને જણાવવામાં આવ્યું હતું કે, તે કેન્દ્રીય જેલ, શ્રીનગરમાં સ્થળાંતરિત કરી દેવામાં આવ્યો છે. સમય વેળફયા પછી, અમે ત્યાં ગયા, ત્યાં અમને જણાવવામાં આવ્યું કે, તેને રાજ્યની બહાર સ્થળાંતરિત કરી દેવામાં આવ્યો છે. આગામી ૯ ઓગસ્ટે તેને ઉત્તરપ્રદેશની જિલ્લા જેલ બરેલીમાં ૧૦૦૦ કિ.મી.થી વધુ દૂર લઈ જવામાં આવ્યો. અનંતનાગ એસએસપી અલ્તાફખાન દ્વારા તૈયાર ડોજીયર અને જિલ્લા મેજિસ્ટ્રેટને પ્રસ્તુત કરવામાં આવ્યો. પીએસએ હેઠળ નજરકેદની માંગ કરતા જણાવ્યું, વિષય પેદા થયો છે અને પોતાના પૈતૃક ગામમાં લાવવામાં આવ્યો છે અને યુવક ૨૨ વર્ષનો છે. વિષયે ચરમપંથી વિચારધારા વિકસિત કરી છે અને તે આતંકવાદી સંગઠનની ગેરકાયદેસર ગતિવિધિઓનું સમર્થન કરે છે. મેં બરેલીમાં પોતાના પુત્રને મળવા અને પછી ઝારખંડ જવાનો નિર્ણય કર્યો, પરંતુ જે લોકોના સંબંધી રાજ્યની બહારની જેલોમાં હતા, તેમણે મને જણાવ્યું કે, સભ્યોને તેમને મળવાની પરવાનગી નથી. અંતે પરિવારે હાઈકોર્ટનો બારણો ખખડાવ્યો, જેમાં કિશોરની જન્મતારીખનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં તેને સગીર બતાવવામાં આવ્યો હતો. બારામુલ્લા સ્થિત કિશોરના પિતા જે પોતાના ૪૦ના દશકામાં છે અને પોતાના પરિવારના બાકી સભ્યોની જેમ અભણ છે. અદાલતો વિશે ખૂબ જ ઓછું જાણે છે. કેસ લડવા માટે તેને એક કાકાને આપવામાં આવ્યો હતો. સોપોરના એસએસપી જાવેદ ઈકબાલનું કહેવું છે કે, કિશોર એક પ્રસિદ્ધ સ્ટોન પ્લેટર હતો અને તેનાથી જપ્ત એક આધારકાર્ડમાં તેની ઉંમર ૨૦થી વધુ બતાવવામાં આવી હતી. અનંતનાગ કિશોરના પિતાનું કહેવું છે કે, તેની આંખો સારી રીતે ચમકી રહી છે, તે આશા રાખી રહ્યા છે કે, ધો.૧૨નો વિદ્યાર્થી, જેનું જીવન અભ્યાસની આસપાસ ફરે છે, તે ઘટનાને પોતાની પાછળ રાખી શકે છે, તે મોટા નુકસાન માટે તૈયાર હતા. કારણ કે, તે પોતાના બાગોની સારસંભાળ નથી કરતા. કારણ કે, તે પાકની ઋતુ દરમિયાન અદાલતના ધક્કા ખાઈ રહ્યા હતા, તે જણાવે છે. આ એક યુવક હતો, જે દિવસમાં ત્રણ વખત પોતાના વસ્ત્રો બદલતો હતો. જેલમાં તેને વસ્ત્રો ધોઈને તે જ પહેરવા પડ્યા. જે તેણે ત્યારથી જ પહેર્યા હતા, જ્યારે અમે તેને સાત અઠવાડિયા માટે પોલીસને સોંપી દીધો હતો, તેનું વજન ઘટી ગયું છે અને ખરાબ સ્વપ્ન આવે છે. હું ઈચ્છું છું કે, તે એક ખરાબ સમય તરીકે પોતાની નજરકેદને ભૂલી જાય.

રાજસ્થાનમાં મહિલાએ એક સાથે પાંચ બાળકોને આપ્યો જન્મ, એક બાળકનું મોત

(એજન્સી) જયપુર, તા.૧૩

રાજસ્થાનના જયપુર હોસ્પિટલમાં એક મહિલાએ શનિવારે એક સાથે પાંચ બાળકોને જન્મ આપ્યો છે. મહિલા હોસ્પિટલની સુપ્રીટેન્ડન્ટ લતા રાજોરિયાએ જણાવ્યું કે, તેમના જન્મ દરમ્યાન એક બાળકનું મોત નિપજ્યું, જ્યારે ચાર બાળકો અત્યારે પણ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, “શુક્રવારે રાત્રે રૂકસાના (૨૫)ને પ્રસવ પીડા પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી શનિવારે સવારે તેણે પાંચ પ્રી મેચ્યોર બાળકોને જન્મ આપ્યો. એક બાળક મૃત પેદા થયું હતું.

તેમણે આગળ જણાવ્યું કે, “બે છોકરીઓ અને બે છોકરાઓને ડોક્ટરની દેખરેખમાં રાખવામાં આવ્યા છે. તમામ બાળકોનું વજન ખૂબ જ ઓછું છે. મહિલા સાંગનેરની રહેવાસી છે. મૃતક બાળક છોકરો હતો. ત્યાં ડોક્ટરે જણાવ્યું કે, “આ મામલો કેટલાક દુર્લભ મામલાઓમાંથી એક છે. જો કે, પહેલાં પણ આવા કેસ સામે આવ્યા છે. જેમાં બે, ત્રણ, ચાર અહીં સુધી કે નવ બાળકોનો એક સાથે જન્મ થયો છે.

“કાયદાકીય સંકટના લીધે ૨૨ કિલો વજન ગુમાવ્યું” રામપુરમાં ચૂંટણી રેલી દરમિયાન આઝમખાન ભાવુક થયા

(એજન્સી) રામપુર, તા.૧૩

સમાજવાદી પક્ષના સાંસદ આઝમખાન રામપુરમાં ચૂંટણી પ્રચાર માટે યોજાયેલ જાહેરસભામાં લોકો સામે ભાવુક થયા હતા અહીં આગામી પેટાચૂંટણીઓમાં એમની પત્ની તઝીન ફાતિમાએ ઉમેદવારી નોંધાવી છે જેમના પ્રચાર માટે એ સભાને સંબોધી રહ્યા હતા. સમાજવાદી પક્ષે રામપુર વિધાનસભાની બેઠક ઉપર તઝીન ફાતિમાની પસંદગી કરી છે.

આઝમખાને ચૂંટણી સભામાં એમની સામે દાખલ થયેલ કેસોનો ઉલ્લેખન કરતાં કહ્યું કે, આ પ્રકારની યાતનાઓના લીધે મેં ૨૨ કિલો વજન ગુમાવ્યું છે.

આઝમખાન રામપુરમાંથી લોકસભાની ચૂંટણી જીત્યા પછી દેખાયા ન હતા. એમણે આ અંગે ખુલાસો કરતા કહ્યું કે, કાયદાકીય કેસોએ મને ખૂબ જ વ્યસ્ત રાખ્યું છે.

રામપુરના ખેડૂતોએ આઝમખાનની જૌહર યુનિવર્સિટી સામે કેસો દાખલ કર્યા છે. એ ઉપરાંત અન્ય કેસો પણ એમની સામે દાખલ થયેલ છે. એમણે પત્ની અને પુત્ર સાથે મળી પૂછપરછનો સામનો પણ કરવો પડ્યો હતો.

ચૂંટણી પ્રચાર સભામાં એમણે કહ્યું કે, મને હવે જીવનમાં દેખાય છે કે, મેં કંઈપણ મેળવ્યું નથી પણ એના બદલે ગુમાવ્યું જ છે. જીવનની લાંબી મુસાફરી પછી મેં ૧ કિલો વજન પણ મેળવ્યું નથી પણ ૨૨ કિલો વજન ગુમાવ્યું જ છે જે મેં લોકસભા ચૂંટણી જીત્યા પછી ગુમાવ્યું છે.

પાકિસ્તાન અલ-કાયદાને અફઘાનિસ્તાનમાં સતત ટેકો, આશ્રય આપી રહ્યું છે : ટોચના યુએસ સેનેટર

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૩

યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાં તાલેબાન અને અલ-કાયદાના ત્રાસવાદીઓને પાકિસ્તાન શરણ આપી રહ્યું હોવાનો અમેરિકી સેનેટરે દાવો કર્યો છે. અફઘાન નેતાઓ સાથે વાતચીત દરમિયાન ડેમોક્રેટિક સેનેટર મંત્રી હસ્સાને કહ્યું કે, પાકિસ્તાન સતત તાલેબાનનો અને અલ-કાયદાને મદદ અને તેમને આશ્રય આપે છે. અફઘાનિસ્તાનમાં આઈએસઆઈએસની હાજરી દેશ માટે ખતરારૂપ છે. તેમણે કહ્યું કે, હું ગયા અઠવાડિયે અફઘાનિસ્તાન ગઈ હતી. અફગાન નેતાઓ અને અમેરિકી દળોના કમાન્ડરોને મળી હતી, તેમજ પ્રદેશમાં સ્થિરતા માટે ત્રાસવાદના મુકાબલાના પગલાની ચર્ચા કરી હતી. બે દિવસની અફઘાનિસ્તાનની મુલાકાત બાદ અમેરિકી સેનેટર હસ્સાનનું નિવેદન આવ્યું છે. તેણીએ કહ્યું કે, અફઘાનિસ્તાનમાં તેઓ લોકો અને નેતાઓને મળ્યા હતા. તાલેબાનો સાથે શાંતિ વાર્તા સમયે હિંસા ઘટી હતી. કતારમાં ૯ રાઉન્ડની વાર્તા થઈ હતી. જેનો હેતુ ૧૮ વર્ષથી ચાલતા અફઘાન ગૃહ યુદ્ધને સમાપ્ત કરવાનો હતો.

કેરળની નન મરિયમ થ્રેસિયા સહિત ૪ને પોપ ફ્રાન્સિસે વેટિકન ખાતે સંત જાહેર કર્યા

(એજન્સી) તા.૧૩

કેરળમાં મહિલાઓના શિક્ષણ અને તેમના શસક્તિકરણ માટે ઉત્તમ પ્રયત્નો કરનારા નન મરિયમ થ્રેસિયાને તેમના અવસાનના ૯૯ વર્ષ બાદ આજે ‘સંત’ની ઉપાધિ આપવામાં આવી હતી. રવિવારે આયોજિત એક સમારોહ દરમિયાન પોપ ફ્રાન્સિસે વેટિકનમાં નન મરિયમ થ્રેસિયા સહિત ચાર નને સંત જાહેર કર્યા હતા. ૨૬ એપ્રિલ, ૧૮૭૬ના કેરળના ત્રિશૂર જિલ્લામાં જન્મેલ સિસ્ટર મરિયમ ૫૦ વર્ષની ઉંમરે ૮ જૂન ૧૯૨૬ના રોજ દુનિયાને અલવિદા કહ્યું હતું. સીરિયન-માલાબાર ચર્ચથી સબંધ ધરાવના સિસ્ટર મરિયમના પિતાનું નામ મનકિડિયાન તોમા અને માતાનું નામ તાંડા હતું. સિસ્ટર મરિયમની બે બહેનો પણ હતી. સિસ્ટર મરિયમે હોલી ફેમિલી નામની એક ધર્મસભાની સ્થાપના કરી હતી. વેટિકન સિટિ સ્થિત એક દસ્તાવેજ પ્રમાણે, તેમણે અનેક સ્કૂલ, હોસ્ટેલ, અનાથાશ્રમ અને કૉવેન્ટનું નિર્માણ કરાવ્યું અને તેનું સંચાલન પણ કર્યુ હતું. સિસ્ટર મરિયમે યુવતીઓના શિક્ષણ અને તેમના સશક્તિકરણ માટે કરેલા અનેક કામો માટે પણ યાદ કરવામાં આવે છે. ૧૯૧૪માં તેમના દ્વારા સ્થાપિત આ સંસ્થામાં હાલ અંદાજે ૨૦૦૦ નન છે. પોપ ફ્રાન્સિસે સિસ્ટર મરિયમ ઉપરાંત ૪ અન્ય લોકોને ‘સંત’ની ઉપાધિ આપી હતી. ખુબ જ ધનિક ઘરમાં જન્મેલ સિસ્ટર મરિયમે માત્ર ૮ વર્ષની ઉંમરમાં પોતાને ઈશ્વરને સમર્પિત કરી પ્રાર્થના કરવા લાગ્યા હતા. બાળપણથી જ તેમના મિત્રો તેમને સંત કહીને સંબોધતા હતા. સિસ્ટર મરિયમે કેરળના ગરીબો અને રક્તપિત્તના પીડિત લોકોની સેવા કરી હતી. સિસ્ટર મરિયમ થ્રેસિયાની સેવાના કારણે જ કાયમ તેમની સરખામણી મધર ટેરેસા સાથે કરવામાં આવતી રહી છે. પોતાના ‘મન કી બાત’ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ પણ મરિયમ થ્રેસિયાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આપણા માટે ગર્વની વાત છે કે, તેમને સંત જાહેર કરવામાં આવશે. હોલી ફેમિલી પ્રમાણે, નવ મહિના પહેલા જન્મેલ એક બાળક જીવન અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યું હતું. ડોક્ટરોએ એક વિશેષ વેન્ટિલેટર મારફતે એક ખાસ દવા આપવા માટે જણાવ્યું હતું , જે તે સમયે હોસ્પિટલમાં હાજર નહતી. ત્રીજા દિવસે બાળકને શ્વાસ લેવામાં તકલીફ સર્જાઈ, ત્યારે ડોક્ટરો પણ ગભરાઈ ગયા હતા. તેમણે બાળકના બચવાની આશા જ છોડી દીધી હતી. બાળકનો પરિવાર સિસ્ટર મરિયમનો ભક્ત હતો. બાળકની દાદીઓ તેના ઉપર એક ધાર્મિક ચિહ્ન રાખીને તમામ લોકોને સિસ્ટર મરિયમની પ્રાર્થના કરવા જણાવ્યું. આવું કરવાથી ૨૦-૩૦ મિનિટની અંદર બાળકનું સ્વાસ્થ્ય સુધરી ગયું. આ ઘટના ૯ એપ્રિલ ૨૦૦૯ના રોજની છે. આ દિવસે સિસ્ટર મરિયમને રોમમાં ધન્ય જાહેર કરવામાં આવ્યા હતા. ૨૨ માર્ચ ૨૦૧૮ના રોજ વેટિકને સિસ્ટર મરિયમના આ ચમત્કારનો સ્વીકાર કર્યો અને હવે તેમને પોપ સંતની ઉપાધિ આપવા જઈ રહ્યું છે. આ અવસરની રાહ જોઈ રહેલા કેરળના કેથૉલિક ચર્ચોમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. અગાઉ રાજ્યના ૩ લોકોને સંત જાહેર કરવામાં આવી ચૂક્યા છે. થ્રેસિયાને તેમના અવસાનના ૯૩ વર્ષ બાદ આ ઉપાધી આપવામાં આવી રહી છે. વેટિકનના સેન્ટ પિટર્સ સ્ક્વેરમાં બપોરે ૧:૩૦ કલાકે પોપ ફ્રાન્સિસ નન મરિયમ થ્રેસિયાને સંત જાહેર કરશે. જોકે તેમની સાથે સાથે ઈંગ્લિશ કાર્ડિનલ જોન હેરની ન્યૂમેન, સ્વિસ લેવૂમન માર્ગરેટ બેઝ, બ્રાઝિલિયન સિસ્ટર ડ્યુલેસ લોપ્સ અને ઈટાલિયન સિસ્ટર ગ્યુસેપિની વેનીનીને સંતની ઉપાધિ અપાઈ હતી.

મામલ્લાપુરમ બીચ પરથી કચરો ઉપાડતાં મોદી પર કોંગ્રેસના પ્રહાર, તેને નાટક ગણાવ્યું

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૩

શનિવારે વડાપ્રધાન મમલ્લાપુરમના બીચ પર કચરો વીણતાં જોવા મળ્યા બાદ રવિવારે કોંગ્રેસના તામિલનાડુના એકમે વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કરતાં કહ્યું છે કે, આ તેમનું નવું નાટક છે. કારણ કે, જો તેમની મુલાકાત પહેલા સાફ-સફાઈ કરવા માટે હાઈપાવર એરકમ્પ્રેશર બેઈઝ્ડ ઈક્વિપમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તો બીચ પર આટલો બધો કચરો આવ્યો ક્યાંથી ? બીજી તરફ, ટી.એન.સી.સી.ના પ્રમુખ કે.એસ. અલાગિરિએ બંને નેતાઓની મમલ્લાપુરમ ખાતે યોજાયેલી બેઠક અંગેની બાબતનું સ્વાગત કરતાં કહ્યું હતું કે, આ મુલાકાત બાદ તામિલનાડુ ગૌરવ અનુભવી રહ્યું છે. ત્રણ મિનિટના મોદીના વીડિયોનો ઉલ્લેખ કરતાં અલાગિરિએ કહ્યું કે, વડાપ્રધાને આવું કરીને સ્વચ્છ ભારત પહેલને સફળ બનાવવાની પોતાની ઉત્સુકતા દર્શાવી છે. જો કે, તેમણે જણાવ્યું હતું કે, જે હોટલમાં આ બંને નેતાઓ રોકાવાના હતા. ત્યાંના આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતાના સ્તરનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડનો દાવો : કોર્ટનો નિર્ણય બાબરી મસ્જિદના પક્ષમાં આવશે

(એજન્સી) તા.૧૩

અયોધ્યા કેસની સુપ્રીમ કોર્ટમાં થઈ રહેલી સુનાવણી અંગે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે શનિવારે આશા વ્યક્ત કરી છે કે, નિર્ણય મુસ્લિમોના પક્ષમાં આવશે. બોર્ડની કાર્યકારિણી કમિટીની અહીં નદવતુલ ઉલમામાં થયેલી બેઠકમાં અયોધ્યા મામલે, સમાન નાગરિક સંહિતા અને ત્રણ તલાકના મામલા પર ખૂલીને ચર્ચા થઈ. જો કે, આ બેઠકથી મીડિયાને દૂર રાખવામાં આવી છે. બેઠકમાં હાજર બોર્ડના એક સભ્યએ નામ જાહેર ના કરવાની શરત પર જણાવ્યું કે, બોર્ડના અધ્યક્ષ મૌલાના રાબે હસની નદવીની અધ્યક્ષતામાં થયેલી બેઠકમાં અયોધ્યા પ્રકરણ અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી પર વિશ્વાસ દર્શાવતા પોતાના વકીલોના કામની પ્રશંસા કરવામાં આવી. સમાચાર મુજબ બેઠકમાં જણાવવામાં આવ્યું કે, મુસ્લિમ પક્ષની પાસે મજબૂત દલીલો છે અને આ વાતની આશા પણ છે કે, કેસનો નિર્ણય મુસ્લિમોના પક્ષમાં આવશે. સભ્યએ જણાવ્યું કે, “બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે, બોર્ડ સમાન નાગરિક સંહિતાના મુદ્દા પર પોતાના જૂના વલણ પણ કાયમ રહેશે. આ સંહિતા ભારત માટે લાભકારક નથી અને ના તો જમીની સ્તર પર તેને લાગુ કરી શકાય છે. સભ્યએ જણાવ્યું કે, કમિટીએ સ્વીકાર્યું કે, સમાન નાગરિક સંહિતા ના માત્ર મુસ્લિમો માટે, પરંતુ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમજ આદિવાસીઓ માટે પણ અવ્યવહારિક છે. તેમણે જણાવ્યું કે, બેઠકમાં ત્રણ તલાકના ક્રમમાં બનેલો કાયદો ના માત્ર પતિ, પરંતુ પત્ની અને બાળકોના પણ ભવિષ્ય માટે નુકસાનકારક છે, તેને અદાલતમાં પડકાર આપવો જોઈએ કે નહીં. આ વિશે બોર્ડની લિગલ કમિટી નિર્ણય કરશે. ઉલ્લેખનીય છે કે, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડની કાર્યકારીણીની બેઠકમાં મહાસચિવ મૌલાના વલી રહેમાની, ઉપાધ્યક્ષ ફખરૂદ્દીન અશરફ કિછોછવી, જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના અરશદ મદની, મૌલાના મહમૂદ મદની, જફરયાબ જીલાની, મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાની અને મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલી સહિત અનેક સભ્ય હાજર રહ્યા હતા.

ભાજપ ધારાસભ્યએ મુસ્લિમોની વિરૂદ્ધ ઝેર ઓકતા પાર્ટીએ નોટિસ ફટકારી

(એજન્સી) તા.૧૩

ઉત્તરાખંડના એક ભાજપ ધારાસભ્યને મુસ્લિમોની વિરૂદ્ધ કથિત રીતે ઝેર ઓકવા બદલ પાર્ટીએ નોટિસ ફટકારી છે. રિપોર્ટ્સ મુજબ ઉત્તરાખંડના રૂદ્રપૂરથી ભાજપના ધારાસભ્ય રાજકુમાર ઠુકરાલનો શનિવારે એક કથિત વીડિયો વાયરલ થયો હતો. જેમાં તે મુસ્લિમોની વિરૂદ્ધ ઝેર ઓકી રહ્યા છે. સમાચાર મુજબ આ વીડિયોમાં ધારાસભ્યને આ કહેતા જોઈ શકાય છે કે, તેમને મુસ્લિમોના સમર્થનની જરૂરત નથી. ત્યારબાદ પાર્ટીએ તેમને નોટિસ જારી કરી સ્પષ્ટતા માંગી છે. વીડિયોમાં ધારાસભ્ય રાજકુમાર ઠુકરાલ પોતાના ચૂંટણી ક્ષેત્રમાં લોકોને સંબોધિત કરતા જણાવે છે કે, તેમને મુસ્લિમોના સમર્થનની જરૂરત નથી. ઠુકરાલે જણાવ્યું કે, તે કોઈ મુસ્લિમ અથવા મસ્જિદની આગળ પોતાનું માથું નમાવતા નથી. ધારાસભ્યએ આ પણ જણાવ્યું કે, તે રોઝા-ઈફતાર માટે કોઈ મુસ્લિમના ઘરે જતા નથી. વીડિયોમાં ઠુકરાલે મુસ્લિમોને “દેશદ્રોહી” બતાવ્યા, તે ઉપરાંત તેમણે વીડિયોમાં બીજી વાતો પણ બોલી છે. ઠુકરાલની ટિપ્પણીથી અંતર જાળવતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ અજય ભટ્ટે નિવેદન જારી કરી તેમના વિચારોને અંગત બતાવ્યા અને જણાવ્યું કે, તેનાથી પાર્ટીના કોઈ લેવા-દેવા નથી. તેમણે જણાવ્યું કે, “ભાજપનો વિશ્વાસ સર્વજન હિતાય, સર્વજન સુખાયૂ” પર છે. ભટ્ટના નિર્દેશ પર પ્રદેશ ભાજપ મહાસચિવ અનિલ ગોયલે ઠુકરાલને નોટિસ જારી કરી તેમના આચરણ વિશે સ્પષ્ટતા માંગી છે. નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે, જો ઠુકરાલ એક અઠવાડિયામાં સ્પષ્ટીકરણ નહીં આપે તો તેમની વિરૂદ્ધ અનુશાસનાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ પર કૌભાંડનો આરોપ, આર્થિક અપરાધ બ્યુરો કરી રહ્યું છે તપાસ

(એજન્સી) તા.૧૩

મધ્યપ્રદેશમાં પૂર્વવર્તી સરકારના કાર્યકાળમાં નર્મદા નદીના તટ પર છોડવારોપણના કૌભાંડનો જિન્ન ફરી એક વખત બહાર આવી ગયો છે. આ છોડવારોપણમાં કૌભાંડનો આરોપ લગાવતા વનમંત્રી ઉમંગ સિંઘારે કેસ આર્થિક અપરાધ બ્યુરો (ઈઓડબલ્યુ)ને સોંપી દીધો છે. આ પ્રકરણમાં તત્કાલીન મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, તત્કાલીન વનમંત્રી ગૌરીશંકર રોજેવાર અને કેટલાક બીજા અધિકારીઓના નામ છે. જણાવી દઈએ કે નર્મદા એલોવિયમમાં બે જુલાઈ ૨૦૧૭એ એક દિવસમાં સાત કરોડ ૧૦ લાખથી વધુ છોડવાઓના રોપણનો દાવો કરવામાં આવ્યો હતો. સત્તા બદલાયા પછી કોંગ્રેસની સરકારના વનમંત્રી ઉમંગ સિંઘારે બૈતુલ જિલ્લાના જંગલોની તપાસ કરી તો જાણવા મળ્યું કે જ્યાં ૧૫ હજાર ૫૨૬ છોડવારોપવામાં આવ્યા હતા, ત્યાં ઘટના સ્થળે માત્ર ૧૫ ટકા છોડ જ છે, અને ખાડા માત્ર ૯૦૦૦ મળ્યા હતા. તત્કાલિન સરકારે બે જુલાઈ ૨૦૧૭એ ૭,૧૦,૩૯૭૧૧ છોડરોપવાનો દાવો કર્યો હતો. જ્યારે ગીનીજ બુક ઓફ વર્લ્ડ રિકોર્ડના ચાર્ટર એકાઉન્ટન્ટે ચકાસણી કરી તો ૫૫૪૦ સ્થળો પર રૂા.૨૨.૨૮૯૫૪ છોડ મળી આવ્યા હતા. આ આયોજન પર વિવિધ વિભાગોએ ૪૯૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. કોંગ્રેસ વિધાનસભા ચૂંટણી દરમ્યાન જ છોડરોપણને એક કૌભાંડ બતાવતા સત્તામાં આવવા પર આ કેસની તપાસ કરાવવાનું વચન આપ્યું હતું. રાજ્યના વનમંત્રી ઉમંગ સિંઘારે છોડવારોપણમાં ગડબડનો આરોપ લગાવ્યો, સાથે જ એક દિવસમાં આટલા છોડરોપવાના દાવા પર પણ પ્રશ્ન ઉઠાવ્યા. તેમનું કહેવું છે કે આ કૌભાંડ છે અને માટે આ કેસ ઈઓડબલ્યુને સોંપવામાં આવ્યો છે. સિંઘારનું કહેવું છે કે, તત્કાલીન વન મંત્રી અને મુખ્યમંત્રી દ્વારા સરકારી નાણાનો દુરઉપયોગ કરવામાં આવ્યો છે. વિભાગીય અધિકારીઓ સહિત તેમની વિરૂદ્ધ પણ ઈઓડબલ્યુ તપાસ કરે માટે આ કેસ તેમને સોંપવામાં આવ્યો છે.

બસ ડ્રાઈવરનું આત્મદાહ બાદ મૃત્યુ થતાં ટીએસઆરટીસીની હડતાળે કરૂણ વળાંક લીધો : સાથીઓએ દેખાવો કર્યા

(એજન્સી) ખમન,તા.૧૩

તેલંગાણામાં રાજય પરિવહન નિગમના કર્મચારીઓએ તેમની માગણીઓના સમર્થનમાં પાડેલી હડતાળ બાદ સરકારે કોઈ પ્રતિભાવ ન આપતા એક કર્મચારીએ ખમન ખાતે આત્મદાહની કોશિશ કરી હતી. જેને બાદમાં નજીકમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં તેનું મૃત્યુ થયું હતું. પોલીસે કહ્યું કે પરિવહન નિગમમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રીનિવાસન રેડ્ડી હડતાળમાં જોડાયા હતા. પરંતુ અચાનક તેમણે શરીરે જવલનશીલ પદાર્થ રેડી આત્મદાહની કોશિશ કરી હતી. તરત જ તેમને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ખમનના પોલીસ કમિશનર તફસીર ઈકબાલે કહ્યું કે આ ઘટના બાદ શહેરમાં સ્થિતિ તણાવ પૂર્ણ છે. હડતાળી કર્મચારીઓએ હોસ્પિટલ સામે દેખાવો યોજી સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચારો કર્યા હતા.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓ ‘ભાજપ સુસંગત મુદ્દાઓ નથી ઉઠાવતો’ એમએનએસ અધ્યક્ષ રાજ ઠાકરેનો ભાજપ પર હુમલો

થાણાં,તા.૧૩

થાણાં જિલ્લાના ભીવંડી અને કલ્યાણમાં ચૂંટણી રેલીને સંબોધન કરતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ કહ્યું કે ભાજપના નેતાઓ ચૂંટણી પ્રચારમાં જે મુદ્દાઓ ઉઠાવે છે એ મહારાષ્ટ્ર રાજય સાથે જરા પણ બંધબેસતા નથી. એમણે ભાજપ નેતાઓની આલોચના કરતા કહ્યું કે રાજય વિધાનસભાની ચૂંટણીઓ માટે મહત્વના મુદ્દાઓ રાજયના હોવા જોઈએ. ફકત ૩૭૦ રદ કરવાના મુદ્દાને રજુ કરવાથી મહારાષ્ટ્રના પ્રશ્નો શું ઉકેલી શકાશે. મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યાઓ, ખરાબ રોડ રસ્તાઓનો ઉલ્લેખ સુધ્ધાં કરાતો નથી. થાણાં જિલ્લામાં એમએનએસના ઉમેદવારની તરફે ચૂંટણી પ્રચાર કરી રહેલ રાજ ઠાકરે કહ્યું હતું કે ભાજપના નેતાઓ જે મુદ્દાઓ ઉઠાવે છે એ રાજય સાથે સંબંધ ધરાવતા નથી. મહારાષ્ટ્ર ચૂંટણી પ્રચારમાં ભાજપ નેતાઓ ખાસ કરી અમિત શાહે ચૂંટણી પ્રચારમાં કાશ્મીરમાંથી ૩૭૦ રદ કરવા વિશે જ પ્રચાર કરી રહ્યા હતા. રાજ ઠાકરે કહ્યું કે કેન્દ્રીય નેતાઓ અન્ય પ્રશ્નો ઉપરથી ધ્યાન હટાવવા ફકત ૩૭૦ને રદ કરવાની જ વાતો કરી રહ્યા છે. રાજ ઠાકરે કહ્યું કે સરકારની સામે મજબૂત વિપક્ષ હોવો જ જોઈએ. અન્યથા સરકાર પોતાની મનમાની કરતી રહે છે એમણે મજબૂત વિપક્ષની માગણી સાથે લોકો પાસેથી મતો માગ્યા હતા.

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીની જાહેરસભા દરમિયાન ભાજપના જ કાર્યકરે કરી આત્મહત્યા

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. આ વચ્ચે બુલઢાણા જિલ્લામાંથી આઘાતજનક સમાચાર પ્રાપ્ત થયા છે. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસની જાહેરસભા દરમિયાન ખેડૂતે આત્મહત્યા કરી લીધી હતી. ચોંકાવનારી વાત એ છે કે, આપઘાત કરનાર ખેડુતે સત્તાધારી પક્ષ ભાજપની જ ટી શર્ટ પહેરી હતી. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ભાજપ-શિવસેના ગઠબંધનને ફરીવાર સત્તા અપાવવા પ્રચારમાં વ્યસ્ત છે. ઉપરાછાપરી રેલીઓ અને સભાઓ કરી રહ્યા છે. ૨૧ ઓક્ટોબરે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે. રવિવારે મુખ્યપ્રધાન ફડણવીસ પ્રચાર અર્થે બુલઢાણા જિલ્લાના શેગાંવ ખાતે ગયા હતા. આ સાથે નાંદૂર અને ખામગાવમાં પણ તેમનો પ્રચાર કાર્યક્રમ ગોઠવાયો હતો. દરમિયાન સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ભાજપના કાર્યકર અને ખેડુતે વૃક્ષ ઉપર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક માહિતી અનુસાર મૃતક ખેડૂતનું નામ રાજુ જ્ઞાનદેવ તલવારે છે. તેની ઉંમર ૩૫ વર્ષની છે.

નાની ઉંમરની વ્યક્તિઓમાં કિડની સંબંધિત બિમારીનું પ્રમાણ વધ્યું : રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

હાલની રોજબરોજની જીંદગી ખૂબજ વ્યસ્ત હાડમારી ભરેલી છે. જેમાં તણાવ,વ્યસન,અને અનહેલ્થી ફુડના કારણે વ્યકિતની બીમારીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષો પહેલાના સમયમાં જે બીમારી ખૂબ મોટી ઉંમરે આવતી હતી તે હવે ૩૦ થી ૫૦ વર્ષની વયમાં જ આવી જાય છે તે ખૂબ ચોંકાવનારું છે. જયારે લોકોમાં કિડની સંબંધિત વિવિધ બિમારીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં સંતુલિત આહારનો અભાવ વગેરે પરિબળોને કારણે યુવાનોમાં પણ કિડનીના રોગો વધી રહ્યાં છે. એક અંદાજ મૂજબ શહેરમાં ૫ લાખથી વધુ લોકો કિડનીની બિમારીથી પીડીત છે તેમજ દર વર્ષે લગભગ ૧૫૦૦ જેટલાં દર્દીઓને ડાયાલિસિસ અથવા કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે, જેમાંથી માત્ર ૫૦૦થી૬૦૦ લોકો કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી શકે છે. યુવાનોમાં વ્યસન અને ખાન-પાનની કુટેવને કારણે કિડની બીમારીમાં સતત વધારો થઈ રહ્યો છો.સાથે સાથે મહિલાઓને કિડની રોગનો વધુ ખતરો છે. કેમ કે, કિડનીના રોગનો સીધે સંબંધ વધુ વજન, ડાયાબિટીસ, કાર્ડીયોવસ્કુલર ડિસીઝ અને હાઈપર છે. આ બધા કારણોસર ક્રોનિક સ્ટેજની બિમારીને પ્રોત્સાહન મળે છે. જેથી મહિલાઓને આનો ખતરો વધુ છે.

કિડનીનાં રોગનું પ્રમાણ વધ્યું

આનું કારણ અનિયમિત ખોરાક, અપૂરતી ઉંઘ, વ્યાયામનો અભાવ, હાઈ પ્રોટીન ડાયટ, સપ્લીમેન્ટ્સ, એન્ટી બોયટીક્સનો વધુ પડતો ઉપયોગ વગેરે છે. જેનાથી બચવા માટે ડાયાબિટીસ અને બીપી નિયંત્રણમાં રાખો, દવા લેવામાં લાપરવાહી ન રાખો, નિયમિત કસરત કરો, વેટ લિફટીંગ કરો, ડોક્ટરી સલાહ વગર પેઈન કીલર લેવાનું ટાળવું જરૂરી છે.

મનોજ તિવારીએ “ઘૂસણખોરો” પર દોષારોપણ કર્યા બાદ, દિલ્હી પોલીસે પીએમ મોદીની ભત્રીજીના પર્સને લૂંટનારા એક આરોપી ગૌરવની ધરપકડ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભત્રીજી દમયંતીબેન મોદીનું પર્સ ઝૂંટવીને લૂંટ મચાવનારા બે આરોપીઓમાંથી એકની દિલ્હી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના બાદ દિલ્હીના ભાજપા અધ્યક્ષ મનોજ તિવારીએ ઉગ્ર પ્રતિક્રિયા આપી હતી. જેમાં તેમણે દોષારોપણ કરતા કહ્યું છે કે, આ ઘટના માટે “ઘૂસણખોરો” જવાબદાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી પોલીસે આ લૂંટની ઘટનામાં ૨૧ વર્ષીય ગૌરવ ઉર્ફે નોનૂની ધરપકડ કરી છે. આરોપી નોનૂની પહેલાં પણ ઘણીવાર ધરપકડ કરવામાં આવી છે. ઉત્તરિય દિલ્હીના ડીસીપી મોનિકા ભારદ્વાજે કહ્યું કે, “લૂંટની આ ઘટનાની ફરિયાદ શનિવારે નોંધાઈ હતી. અમે સોનીપતમાંથી આરોપી નોનૂની ધરપકડ કરી છે, જ્યારે અન્ય આરોપી બાદલને ટૂંક સમયમાં જ ઝડપી પાડવામાં આવશે. ઉપરાંત અમે આ ઘટનામાં ઉપયોગમાં લેવાયેલા ટુ-વ્હીલર સહિત લૂંટાયેલી તમામ ચીજ-વસ્તુઓ જપ્ત કરી લીધી છે.”

સારા ચરિત્ર નિર્માણ માટે ઉછેરની ઉત્તમ પદ્ધતિ ખૂબ જરૂરી

યુગોથી ચાલ્યું આવ્યું છે કે, મરઘીનું બચ્ચું મરઘી કે મરઘો બને છે. સમડીનું બચ્ચુ નર કે માદા સમડી, આમ માણસ કરતાં ઓછા કે નહીંવત બુદ્ધિશાળી હોવા છતાં પ્રાણીઓ અને પક્ષીઓમાં બાળ-ઉછેર જ એ રીતે થાય છે કે, બાળ-પક્ષી માતા-પિતાના ગુણો-અવગુણો મુજબ જ વર્તે છે. ત્યારે સારા માણસોના બાળકો પણ જો ગેરમાર્ગે જઈ અસામાજિક પ્રવૃત્તિઓ કરવા લાગે અને સમાજમાં માતા-પિતાને લજવે તો એ માટે ઉછેરની ખામી પણ જવાબદાર હોઈ શકે ! પ્રસ્તુત તસવીરમાં માદા સમડી જાણે કે દુનિયાને બાળ ઉછેરની પદ્ધતિ શીખવતી હોય તેવું દેખાય છે. આજના આધુનિક સમયમાં પ્રતિષ્ઠા, ઉચ્ચ હોદ્દો અને ધન પાછળની આંધળી દોટમાં અનેક માતા-પિતા પોતાના સંતાનોને આયા કે ઘોડિયા ઘરના ભરોસે મૂકી પૂરતો સમય આપતા નથી. જ્યારે ઘણા બાળકોને તો માતાનું ધાવણ પણ પૂરતા પ્રમાણમાં નસીબ થતું નથી. ૨૪ કલાકમાંથી માત્ર ૬થી ૮ કલાક જ બાળકો અને માતા-પિતા એક બીજાને મળી શકે છે. આવી આંધળી દોટમાં આગળ નીકળી જનાર માતા-પિતાએ સંતાનો માટે પણ પૂરતો સમય આપવો જોઈએ એ સમયની માંગ હોય તેવું લાગી રહ્યું છે. આજે ઘરડા ઘરની વધતી જતી સંખ્યા અનેક માતા-પિતા અને સંતાનો વચ્ચે વધતી જતી ખાઈના પાયામાં 'ઉછેરની ખામી' જવાબદાર હોય તેવું લાગી રહ્યું છે.

જામનગર વન વિભાગે મળેલ બાતમીના આધારે છટકું ગોઠવતા

કાળિયાર હરણનો શિકાર કરી તાંત્રિકવિધિ માટે વેચવા જતા આઠ શખ્સો ઝડપાયા

આ રેકેટ આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય હોવાની પણ વન વિભાગને આશંકા

અમદાવાદ, તા.૧૩

બોલીવુડનો અભિનેતા સલમાનખાન કાળિયાર હરણ શિકાર કેસમાં આજે પણ કોર્ટના ચક્કર કાપી રહ્યો છે. ત્યારે એજ કાળિયાર હરણનો શિકાર કરતી ચામડું વેચવા જતી શિકારી ટોળકીને જામનગર વન વિભાગની ટીમે રંગે હાથ ઝડપી લીધી છે. આ શિકારી ટોળકી કાળિયારના અંગો તાંત્રિકવિધિ માટે વેચતા હતા. પકડાયેલા ૮ શખ્સો પૈકી ચાર શખ્સો જામનગરના અને બાકીના ચાર પાનેલી પંથકના હોવાનું જાણવા મળ્યું છે.

જામનગર વન વિભાગને લુપ્ત થતી પ્રજાતિના કાળિયાર હરણનું ચામડું તેમજ શરીરના અન્ય અંગોનો ખાનગીમાં ધીકતો ધંધો ચાલી રહ્યો હોવાની માહિતી મળી હતી. જેના આધારે વન વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું એ સમયે કાળિયારના કિંમતી ચામડાનો શિકાર કરી તાંત્રિકવિધિ માટે વેચવા જનારા ૮ લોકોને વન વિભાગે પકડી પાડ્યા છે. શિકારી ટોળકીના આઠ શખસોને દબોચી લઈ વન વિભાગે આઠેયની રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. જો કે, આ રેકેટ આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય પણ હોવાની શંકા DFOએ દાખવી આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરી છે. વન્ય જીવોથી ભરપૂર સૌરાષ્ટ્રમાં લુપ્ત થતી પ્રજાતિના પશુ-પક્ષીઓનો બેફામપણે શિકાર કરવામાં આવે છે. ઉપલેટા, ધોરાજી પંથકમાં આવેલાં પાનેલીમાં શિકારી ટોળકી દ્વારા બેફામપણે શેડ્યુઅલ-૧માં આવતાં કાળિયાર હરણનો શિકાર કરવામાં આવી રહ્યો છે. બે દિવસ પૂર્વે જામનગર શહેરની હરિયા કોલેજ પાસે સાંઢિયા પુલ નજીક પાનેલી પંથકમાં કાળિયારનો શિકાર કરી આ કાળિયારના ચામડાનું જામનગરમાં વેચાણ કરવા આવેલી ટોળકીને વન વિભાગની ટીમે રંગે હાથ ઝડપી લઈ આઠે-આઠ શખ્સો પાસેથી શિકાર અને શિકાર બાદ કાળિયારના અંગ-ઉપાંગોના કયાં-કયાં વેચાણ કરવામાં આવ્યા છે ? તે સહિતની વિગતો ઓકાવવા તપાસનો ધમધમાટ ચલાવવામાં આવી રહ્યો છે. વધુમાં જાણવા મળતી વિગતો મુજબ પાનેલી પંથકમાં કાળિયારનો શિકાર કરી આ કિંમતી ચામડાને તેમજ અન્ય ચીજ વસ્તુઓને જામનગર તાંત્રિકવિધિ માટે વેચવા આવેલા આઠ શખ્સોમાં ચાર શખ્સો જામનગર શહેરના હોવાનું અને બાકીના અન્ય શખ્સો પાનેલી પંથકના હોવાનું બહાર આવ્યું છે. કુલ આઠ પૈકી ચાર શખ્સો મુસ્લિમ જ્ઞાતિના છે બે શખ્સો રબારી, એક શખ્સ આહિર તેમજ અન્ય એક ગઢિયા કોળી જ્ઞાતિનો હોવાનું જાણવા મળ્યું છે.

ક્લાર્કની પરીક્ષામાં લાયકાત વધારાતાં સોશિયલ મીડિયામાં સરકાર પર પ્રહાર

ક્લાર્ક બનવા ગ્રેજ્યુએટની લાયકાત તો ધારાસભ્ય બનવા પણ લાયકાત રાખો

રાજ્યના ૪૪ ધારાસભ્યો માત્ર ધો.૧૦માં સુધી ભણેલા છે

ગુજરાતના કેટલાય ધારાસભ્યોનો અભ્યાસ ધો.૧૨ કરતાં પણ ઓછો છે, જ્યારે પગાર ક્લાસ-વન અધિકારી જેટલો

અમદાવાદ, તા.૧૩

ગૌણ પસંદગી સેવા મંડળના બિનસચિવાલય ક્લાર્ક અને આસિસ્ટન્ટની જાહેર થયેલી પરીક્ષાઓ રદ કરી દેવાતા સોશિયલ મીડિયામાં વિદ્યાર્થીઓ અનેક સવાલો ઊઠાવી રહ્યા છે. કેમ કે, પરીક્ષા રદ કરીને પરીક્ષામાં ઉમેદવારોની લાયકાત ગ્રેજ્યુએટ સુધીની કરી દેવામાં આવી છે, ત્યારે વિદ્યાર્થીઓ અને પરીક્ષાના ઉમેદવારો સોશિયલ મીડિયામાં સવાલ ઊઠાવ્યો છે કે, જો ક્લાર્કની પરીક્ષામાં ગ્રેજ્યુએટ સુધીના અભ્યાસની લાયકાત નક્કી કરવામાં આવી છે, તો ધારાસભ્યો માટે અભ્યાસની લાયકાત કેમ રખાતી નથી ? તેમના માટે પણ અભ્યાસની લાયકાત રાખોને ? ગુજરાત વિધાનસભામાં બેઠેલા કેટલાય ધારાસભ્યો તો માત્ર ધો.૧૨ સુધી જ ભણેલા છે, ત્યારે આ મામલે પણ ગંભીરતાથી વિચારવું જોઈએ, તેવી ચર્ચા સોશિયલ મીડિયામાં તેજ બની છે. ગૌણ પસંદગી સેવા મંડળના બિન સચિવાલયમાં ક્લાર્ક અને આસિસ્ટન્ટની જાહેર થયેલી પરીક્ષાઓ કેન્સલ થઈ છે અને ઉપરથી તેમાં લાયકાત પણ ગ્રેજ્યુએટ સુધી વધારી દેવામાં આવી છે. ત્યારે સોશિયલ મીડિયામાં અને વિદ્યાર્થીઓમાં પ્રશ્નો ઉઠાવાઈ રહ્યા છે કે સ્ન્છ માટે પણ ભણતરની લાયકાત રાખોને ? ગુજરાતમાં હાલ ધારાસભ્યોને ૧.૨૭ લાખ આસપાસનો પગાર મળે છે જેમાં તેમને તમામ ભથ્થા મળે છે. આ ક્લાસ વનના અધિકારીઓનો પગાર છે. અને તેમના અભ્યાસની વિગતો જાણીને વધુ ત્રાસકો લાગશે કારણ કે અભ્યાસમાં ધારસભ્યો જીપીએસસી અને યુપીસી કે જીએસએસએસબીના પરીક્ષાર્થીઓ કરતા પણ ઓછી છે. આજે યોજાયેલી જીપીએસસીની પરીક્ષામાં લાખો વિદ્યાર્થી વર્ષોની દિવસરાતની તૈયારી કરીને બેઠા હતા પણ ધારાસભ્ય બનવા કોઈ શૈક્ષણિક લાયકાતની જરૂર નથી પડતી આ તે કેવી નવાઈની વાત કહેવાય? ૧૮૨ ધારાસભ્યોમાંથી ૩ ધારાસભ્યો ડોક્ટરેટની પદવી મેળવી છે ૯ ધારાસભ્યોએ પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ મેળવ્યુ છે. ૨૩ ધારાસભ્યોએ પ્રોફેશનલ ગ્રેજ્યુએશન કર્યુ છે. ૩૪ ધારાસભ્યોઓ ગ્રેજ્યુએટ છે. ૩૦ ધારાસભ્યો ધોરણ ૧૨ પાસ છે. ૪૪ ધારસભ્યોએ ધોરણ ૧૦ જ પાસ છે. ૧૫ ધારાસભ્યોએ તો માત્ર ધોરણ ૮ પાસ છે ૭ ધારાસભ્યો માત્ર ધોરણ ૫ જ પાસ છે. ૭ ધારાસભ્યો તો ખાલી અક્ષરજ્ઞાન જ ધરાવે છે. કરોડપતિ ધારસભ્યો મેળવે છે લાખોમાં પગાર ચૂંટાયેલા ધારાસભ્યોની સરેરાશ સંપત્તિ રૂા. ૮.૪૬ કરોડ છે. જેમાં સૌથી ઓછી સંપત્તિ એકમાત્ર જીગ્નેશ મેવાણી ધરાવે છે બાકી બધા લગભગ તમામ ધારાસભ્યો કરોડપતી છે એમ છતાં તેમને ક્લાસ વન અધિકારી જેટલો પગાર ચુકવવામાં આવે છે આ મામલે ભાજપ કોંગ્રેસ અને બીજા પક્ષની પણ મીલીભગત છે ચુપચાપ વિધાનસભામાં પગાર વધારાનું બિલ પાસ કરી દીધુ હતુ. ગયા વર્ષ સુધી ધારાસભ્યોને રૂા. ૭૦,૭૨૭પગાર મળતો હતો જેને બદલે તેમને હવે રૂા. ૧,૧૬,૩૧૪ પગાર મળે છે. એ સિવાય તેમના અંગત મદદનીશનો જે પગાર ૩૦૦૦ હતો તેને બદલે ૨૦,૦૦૦ કરી દેવાયો. ટેલિફોનનું બિલ ૪,૦૦૦થી વધારીને ૫,૫૦૦ કરી દેવાયો. એટલુ જ નહીં પણ સ્ટેશનરી પેટે તેમને રૂા. ૫૦૦૦ ચુકવાય છે. ગયા વર્ષે પગાર વધારાનું આ વિધેયક કોઈ એજન્ડામાં ન હતુ તેમ છતાં તેને વિપક્ષની મંજુરી સાથે ધામધૂમથી પાસ કરી દેવાયુ હતુ. મંત્રીઓ, દંડક અને નાયબ દંડકના પગાર ૧.૩૨ લાખ કરી દેવાયા હતા.

શાળાની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોને લઈ વિવાદ

ગાંધીજીએ આપઘાત કરવા માટે શું કર્યું ?

શિક્ષણ વિભાગની કબૂલાત : આ પ્રકારના પ્રશ્નો પૂછવા યોગ્ય નથી

અમદાવાદ, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે સુક્લામ શાળા વિકાસ સંકુલ દ્વારા તૈયાર કરાયેલા ધો.૯ અને ૧૨ના પ્રશ્નપત્રમાં પૂછાયેલા બે પ્રશ્નોને લઈ વિવાદ ઉભો થયો છે. સોશિયલ મીડિયા પર આ પ્રશ્નપત્રોની કોપી વાયરલ થતાં લોકોમાં મજાકનું કેન્દ્ર બની છે. જો કે, પ્રશ્નના ઊંડાણમાં જઈએ તો ખોટું કશું નથી પરંતુ આવા પ્રશ્નો કુમળા માનસ પર અસર કરતા હોય ત્યારે ન પૂછવા જોઈએ તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે. સુક્લામ્ શાળા વિકાસ સંકુલ દ્વારા પૂછાયેલા ધો.૯ના પ્રશ્નપત્રમાં એક પ્રશ્ન હતો કે, 'ગાંધીજીએ આપઘાત કરવા માટે શું કર્યું' જો કે, પ્રથમ દૃષ્ટિએ સામાન્ય માણસના મગજમાં એ જ પ્રશ્ન થાય કે ગાંધીજીને તો નાથુરામ ગોડસેએ ગોળી મારી હતી તેમણે આપઘાત કર્યો ન હતો. સોશિયલ મીડિયામાં એક યુઝર્સે ખુલાસો કર્યો છે કે, ગાંધીજીએ તેમની નાનીવયમાં ચતુરાના બી ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સાચું ખોટું જે હોય તે પણ જ્યારે કોઈ મહાન વ્યક્તિના સંદર્ભમાં પ્રશ્ન પૂછવાનો હોય ત્યારે બાળકોના મનમાં સારી છાપ પડે તેવા પ્રશ્નો પૂછાય તો સારૂં લાગે. આવા વિવાદિત પ્રશ્નો ન પૂછવા જોઈએ. એ જ રીતે ધો.૧૨ના પ્રશ્નપત્રમાં અરજી લખવાનો પ્રશ્ન હતો જેમાં જણાવ્યું હતું કે, 'તમારા વિસ્તારમાં દારૂ વેચનાર અને દારૂડિયાઓનો ત્રાસ વધી ગયો છે તેની ફરિયાદ કરતો પત્ર જિલ્લા પોલીસ વડાને લખો' આ પ્રશ્ન પણ ખોટો નથી. પરંતુ સોશિયલ મીડિયા પર લોકોએ તેની ભારે ઠેકડી ઉડાડી હતી. શિક્ષણ વિભાગે પણ કબૂલ કર્યું છે કે, આ પ્રકારના પ્રશ્નો પૂછવા તે યોગ્ય નથી આવા પ્રશ્નો કુમળા માનસના વિદ્યાર્થીઓના માનસ પટ પર અસમંજસ ઊભી થાય છે. જો કે, એ પણ ખુલાસો કર્યો હતો કે, આ પ્રશ્નપત્રો શિક્ષણ બોર્ડના નહીં. પરંતુ ખાનગી પેપર સેટર પાસેથી તૈયાર કરાવેલા છે.

રાષ્ટ્રપતિ કોવિંદે પીએમ મોદીની માતા સાથે મુલાકાત કરી : હિરાબાએ ચરખો ભેટમાં આપ્યો

બે દિવસની ગુજરાત મુલાકાત બાદ રાષ્ટ્રપતિ દિલ્હી જવા રવાના

અમદાવાદ,તા.૧૩

ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હિરાબાની મુલાકાત લીધી હતી. ત્યારે હિરાબાએ રાષ્ટ્રપતિ કોવિંદને ભેટમાં ચરખો આપ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવ્યા હતા. ત્યારે એરપોર્ટ પર તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે રવિવારે સવારે રાષ્ટ્રપતિ કોવિંદ ગાંધીનગર નજીક આવેલા રાયરાણ ગામમાં રહેતા પીએમ મોદીના માતા હિરાબાને મળવા ગયા હતા. મુલાકાત દરમ્યાન હિરાબાએ રાષ્ટ્રપતિ કોવિંદને ચરખો ભેટમાં આપ્યો હતો. ત્યાર બાદ રાષ્ટ્રપતિએ ગાંધીનગરના કોબા ખાતે આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે આચાર્ય કૈલાસ સાગરસૂરિ જ્ઞાનમંદિરની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ રાષ્ટ્રપતિ કોવિંદે અમદાવાદ એરપોર્ટથી નવી દિલ્હી પરત જવા રવાના થયા હતા. ત્યારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમને ભાવસભર વિદાય આપી હતી.

શંકરસિંહ દ્વારા શક્તિદળના નામે શક્તિ પ્રદર્શનનો પ્રયાસ

કરાયો પણ દળમાં અગાઉ જેવી શક્તિ જોવા ન મળી

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તેમના જૂના શક્તિદળને પુનઃ જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસમાં હતા ત્યારે શક્તિદળને સજીવન કરવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ વિવાદ થતાં શક્તિદળની શક્તિ છીનવાઈ ગઈ હતી. જો કે ત્યારબાદ અનેક રાજકીય ચડતી પડતી બાદ શંકરસિંહ એનસીપીમાં જોડાયા છે ત્યારે તેમણે શક્તિદળને પુનઃ જીવિત કરી રવિવારે અમદાવાદમાં તાલીમ શિબિર યોજી શક્તિ પ્રદર્શન કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ શક્તિદળમાં અગાઉ જે જોમ જુસ્સો જોવા મળતો હતો તેવો જોમ જુસ્સો હાલ જોવા મળ્યો ન હતો.

ગોધરા સ્વામીનારાયણ મંદિરના સત્સંગીઓને અકસ્માત

ડાકોર-સેવાલિયા રોડ પર અંબાવ નજીક અકસ્માતમાં ચારનાં કરૂણ મોત

લકઝરી બસ સાથે અથડાયા બાદ કારનો ભૂક્કો બોલી જતાં મુસ્લિમ યુવાનો બચાવમાં ઊતર્યા

નડિયાદ,તા.૧૩

ગોધરાથી વડતાલ સ્વામીનારાયણ મંદિર ખાતે શરદ પૂનમ હોઈ દર્શન કરી પરત ફરતા ગોધરા સ્વામીનારાયણ મંદિરના સતસંગીઓને ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના અંબાવ નજીક નડેલા માર્ગ અકસ્માતમાં ચારનાં મોત નીપજયા હતા. જયારે એકને ગંભીર ઈજા થતા તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ગોધરામાં આવેલા સ્વામીનારાયણ મંદિરના સતસંગીઓ આજે પોતાની કાર નં. જી.જે.-૧૭-બીએ-૪૨૨૨ લઈ વડતાલ સ્વામીનારાયણ મંદિરે આજે શરદ પૂનમ હોઈ દર્શન કરવા આવ્યા હતા અને દર્શન કરી પરત ગોધરા જતા હતા. બપોરે ગળતેશ્વર તાલુકાના અંબાવ નજીક તેમની કાર આવી તે વખતે લકઝરી બસ નં. જી.જે.-૦૩-બીવાય-૩૨૫૦ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારનો લોચો વળી ગયો હતો.

ડાકોર સેવાલિયા રોડ પર અંબાવ નજીક લકઝરી બસ અને કાર વચ્ચે અકસ્માત થતા કારનો ભુક્કો બોલી ગયો હતો. કારની હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે કારને કાપવાની નોબત આવી હતી. આથી નજીકમાં કામ કરતા મુસ્લિમ યુવાનો મદદે દોડી આવ્યા હતા અને કટરની મદદથી કારને કાપી લાશ બહાર કાઢવામાં મદદ કરી હતી.

કારમાં બેઠેલી પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજા થઈ હતી. આ બનાવની જાણ થતા આજુબાજુના મુસ્લિમ બિરાદરો દોડી આવી બચાવ કામગીરીમાં લાગી ગયા હતા. જો કે અકસ્માતમાં ચારના ઘટના સ્થળે મોત નીપજયા હતા. જયારે એકની હાલત ગંભીર હોઈ તેને સારવાર માટે આણંદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈજા પામનારમાં હરિપ્રસાદ શંકરલાલ પટેલ હોવાનું જાણવા મળે છે.

અકસ્માતમાં મોતને ભેટેલ લોકો

૧. રસિકભાઈ ચંદુલાલ પટેલ - કાછિયા પટેલ સમાજ મંત્રી, ૨. અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (ભગત)- માજી ટ્રસ્ટી વડતાલ ટેમ્પલ બોર્ડ, ૩. ઘનશ્યામભાઈ નગીનભાઈ પટેલ (કોઠારી)-ગોધરા સ્વામીનારાયણ મંદિર કોઠારી, ૪. સુરેશભાઈ દલસુખભાઈ પટેલ.

અભિનંદન

રિપબ્લિક હાઈસ્કૂલ, અમદાવાદના પ્રિન્સિપાલ
શ્રી રફીકમોહંમદ એ. કોઠારીયાને
સતત ૨૧ વર્ષથી શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ બદલ
AMP- National Award For Excellence in Education-2019 એનાયત થવા બદલ ખૂબ દિલીમુબારકબાદ.

ટીમ મેગા એજ્યુફેસ્ટ
જ. કરીમ લાખાણી, જ. એન. આર. પઠાણ, જ. શરીફભાઈ મેમન, જ. અ.કાદીર મેમન, જ. ઈરફાનબાબા ચિસ્તી, શ્રી આસીફ પઠાણ, જ.રાજુભાઈ બાગબાન, જ. નાસીર ખીલજી, જ. હમીદ મેમન, જ. કાસમભાઈ દાઅવા તથા અન્ય શુભેચ્છકો

અભિનંદન

રિપબ્લિક હાઈસ્કૂલ, અમદાવાદના પ્રિન્સિપાલ
શ્રી રફીકમોહંમદ એ. કોઠારીયાને
સતત ૨૧ વર્ષથી શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ બદલ
AMP- National Award For Excellence in Education-2019 એનાયત થવા બદલ ખૂબ દિલીમુબારકબાદ.
અલ-ઈખ્લાસ ફાઉન્ડેશન અમદાવાદ.

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS